# વ્યભિચારની બુરાઈઓ

## અને

# ઈસ્લામી પર્દાની ખૂબીઓ

**સંપાદક...**


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૦૨ | આવૃત્તિ–૨ | પ્રત : ૪૦૦૦ |
| ૧૦–ઝીલ હજ્જ | હિ.સ. ૧૪૩૪ | સપ્ટેમ્બર–૨૦૧૩ |

નૂરાની આર્ટ<br>દયાદરા

કિંમત<br>રૂા. ૪૦/–


## પ્રકાશકના બે બોલ !

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

આજે જગતભરમાં વ્યભિચારની બદી દિન પ્રતિ દિન તેની ખરાબી ઝડપભેર ફેલાવી રહી છે. પર પુરૂષ પર સ્ત્રીએ એકબીજાને આંખ વડે જોવું એ આંખનો વ્યભિચાર છે. આજે પશ્ચિમી કુસંસ્કૃત કૌમો યહૂદી ઈસાઈએ ગુનાહોનાં કામોને આર્ટ તથા કલાના નામથી ફેલાવવામાં કોઈ કસર છોડી નથી. બિભત્સ તથા નગ્નતા તથા બેહયાઈના પ્રોગ્રામોને સાંસ્કૃતિક કાર્યક્રમોનું રૂડુ રૂપાળુ નામ આપીને જગત આખાની કૌમોને બેવકૂફ બનાવી છે અને જગતભરની અન્ય કૌમો પણ બેવકૂફ બનીને એ બેહયાઈના કામો નાચગાન તથા છૂટછાટમાં પડી ચૂકી છે. અને એવો માહોલ બેશરમ કૌમોએ ઉભો કર્યો છે કે આંખોના વ્યભિચારથી બચવું અતિશય મુશ્કેલ બની ગયું છે. આ ગુનાહમાં પડવું એટલુ સરળ અને બચવું એટલુ મુશ્કેલ બનાવી દીધું કે તક્વાની જિંદગી અપનાવવી સામાન્ય માનવો માટે અતિ કઠિન થઈ ગઈ. ઈલ્લા માશાઅલ્લાહ ! પ્રચાર માધ્યમો (પ્રિન્ટ, ટી.વી., ઈલેક્ટ્રોનિક મીડિયા ઉપરાંત ઈન્ટરનેટે જગતના માનવીઓમાં [illegible] ઘટકના ધજાગરા ઉડાડી મૂક્યા. ઈલ્લા માશાઅલ્લાહ ! જ્યાં જુઓ ત્યાં એડવર્ટાઈઝના નામે નગ્ન અર્ધનગ્ન સ્ત્રીઓ તમારી આંખોને લલચાવી રહી છે. અલ્લાહની પનાહ ! આ જોવું એ ઝિનાનું પ્રથમ પગથિયું છે. ત્યાર પછી સ્પર્શ થકી હાથનો પગનો ઝિના ઉદ્‌ભવે છે ત્યાર બાદ માનવ શરીરનું પૂરુ વજૂદ ઝિનામાં પડીને બંને જહાનની તબાહીના ખાડામાં ડૂબી જાય છે. અલ્લાહની પનાહ !

بسم الله الرحمن الرحيم

આવા નાઝુક સમયે ઝિનાની બુરાઈ સામે ઈસ્લામી આદેશોની વિશિષ્ટતા તથા સ્ત્રીનો પર્દો કેટલો લાભદાયી તથા પવિત્રતાવાળો સમાજ ઉભો કરી શકે તેમ છે તેનો ઉલ્લેખ અત્રેની કિતાબમાં રજૂ થયેલ છે. "બરકાતે ખ્વાજા" માસિકના વિવિધ લેખોને અત્રે આમ લોકોની હિદાયતના માટે રજૂ કર્યા છે જેનો દિલથી અભ્યાસ કરશો અને ઈજ્જત ચાહતો હોવ તો ઈસ્લામની છત્રછાયા હેઠળ આવી જશો ! રબ તઆલા સર્વને નેક હિદાયત બખ્શે. آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰة و التسلیم

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૩–સપ્ટે.–૨૦૧૩, ગુરૂવાર, હિ.સ. ૧૪૩૪, ૧૭ ઝીલ હજ્જ)*

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૧) | |
| ⇨ નવી પેઢીને એજ્યુકેશનના બહાને આવારા થતી રોકો ! | 05 |
| (પ્રકરણ : ૨) | |
| ⇨ બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડનો સંબંધ એટલે જહન્નમમાં જવાનો સરળ માર્ગ | 16 |
| (પ્રકરણ : ૩) | |
| ⇨ ઝિના (વ્યભિચાર) | 22 |
| (પ્રકરણ : ૪) | |
| ⇨ એઈડ્ઝથી બચવું છે ?! તો ઈસ્લામની પનાહમાં આવો ! | 28 |
| (પ્રકરણ : ૫) | |
| ⇨ સ્ત્રી એજ્યુકેશન જરૂરી છે, પરંતુ... | 36 |
| (પ્રકરણ : ૬) | |
| ⇨ મુસ્લિમ યુવાન યુવતીઓ તથા મા બાપોને ઈસ્લામી સંદેશ ! | 41 |
| (પ્રકરણ : ૭) | |
| ⇨ નિકાહના દુનિયાવી તથા આખેરતના લાભાલાભની બશારતો | 53 |
| (પ્રકરણ : ૮) | |
| ⇨ જગતમાં બળાત્કારના બનાવો, સબબો અને તેનો ઈલાજ | 56 |
| (પ્રકરણ : ૯) | |
| ⇨ બુરખાને ગુલામીનું પ્રતીક કહેનારાઓની વાતોનું ઓપરેશન ! | 69 |
| (પ્રકરણ : ૧૦) | |
| ⇨ ઝહેર પણ પીવું છે અને ઝિંદા પણ રહેવું છે ! | 74 |




## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૧૧) | |
| ⇨ ઈસ્લામી પર્દો અને પશ્ચિમી દિમાગોના ખોટા વહેમો | 77 |
| (પ્રકરણ : ૧૨) | |
| ⇨ બેપર્દગીની ભયાનક સજાઓ | 84 |
| (પ્રકરણ : ૧૩) | |
| ⇨ ઈસ્લામી પર્દા વિરુદ્ધ યૂરોપનો સાંસ્કૃતિક આંતકવાદ ! | 87 |
| (પ્રકરણ : ૧૪) | |
| ⇨ ઈસ્લામી લિબાસ અને આજની યુવા પેઢી | 96 |
| (પ્રકરણ : ૧૫) | |
| ⇨ પર્દાના વિરોધી મુસલમાન પોતાના ઈમાનની જાંચ કરે ! | 106 |
| (પ્રકરણ : ૧૬) | |
| ⇨ સ્ત્રી માટે સંપૂર્ણ પર્દો શરીઅતથી સાબિત છે અને છે જ ! | 117 |
| (પ્રકરણ : ૧૭) | |
| ⇨ હે બહેનો ! બંને જહાનમાં સુકૂન ચાહો છો ! તો પર્દો કરી લો ! | 126 |
| (પ્રકરણ : ૧૮) | |
| ⇨ છેડતી તથા બળાત્કારને રોકવાનો ઈલાજ ઈસ્લામી પર્દો ! | 139 |
| (પ્રકરણ : ૧૯) | |
| ⇨ વિશ્વમાં પ્રસરતુ બેહયાઈનું કાબૂ બહાર પુર ! | 155 |
| (પ્રકરણ : ૨૦) | |
| ⇨ આગલી શરીઅતોમાં ઝિનાની સજાઓ | 159 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

...પ્રકરણ : ૧

## નવી પેઢીને એજ્યુકેશનના બહાને આવારા થતી રોકો !

એક મુસ્લિમ કોલેજિયન યુવતી અઢારેક વરસની જિન્સનું પેન્ટ, ટી શર્ટ પહેરીને ફેશનમાં લટક મટક ચાલે ચાલતી ખભે પર્સ ભેરવી કાને મોબાઈલ ધરીને તથા ટુકડા જેટલી ઓઢણીના કટકા વડે મોઢાને પર્દા જેમ ઢાંકીને (મેકઅપ પર ધૂળ ન લાગે અથવા કોઈ ઓળખે નહીં એટલે હશે !) બસ સ્ટેન્ડ પર આવે છે, તેણીની ફોન પર વાત ચાલુ છે. ઈસ્લામી પર્દાની જાણે હાંસી ઉડાડતી હોય તેમ ટાંચી બાંયવાળુ ટી શર્ટ જેનાથી હાથો ખુલ્લા છે અને ફિટોફિટ જિન્સ પેન્ટ, આમ તેણીની શારીરિક રચનાનું પ્રદર્શન કરી રહ્યો હોય તેવો ડ્રેસ છે અને ઉપરથી કેવળ મોઢાને ઢાંક્યું છે ! તેણી બસમાં બેસે છે, વાત ચાલુ છે, અડધા કલાકે બસ ડેપોએ ઉતરી વાત પણ હજી ચાલુ છે, ડેપો પર ઉતરીને કોલેજ જવાને બદલે ત્યાં જ જાણે કોઈકની રાહ જોતી બેસે છે. થોડીવારે એક નવયુવાન આવે છે તો ખુશીના આવેશમાં ''હાય ! હાય !'' કરતી ઉભી થઈ જાય છે અને તેની બાઈક પર બેસીને ક્યાંક ગુમ થઈ જાય છે ! તે કઈ ક઼ૌમનો છે ખબર નથી ! અને આ તેણીની જાતિ પણ ઓળખાય તેવી નથી ! હવે એ ક્યાં જશે ? કોલેજ જશે, પિકનિક પર જશે, થિયેટરમાં જશે કે પાર્ટીમાં કે હોટલમાં જશે ?! કોને ખબર ! બસ ઘરેથી નીકળેલુ મુક્ત





પંછી છે, આઝાદ છે, જ્યાં જવું હોય ત્યાં, જેની સાથે જવું હોય જાય ! કોઈ પૂછનાર કહેનાર નથી. આ તો એક દષ્ટાંત છે, આ અને આવી સ્ટાઈલમાં પુષ્કળ યુવાન યુવતીઓ એજ્યુકેશનને બહાને ભટકતાં હોય છે અને મા બાપો ફખ્ર કરતાં હોય છે કે મારો પુત્ર કે મારી પુત્રી કેટલી આગળ વધી ગઈ કે કોલેજ કરી રહી છે ! અંગ્રેજીમાં પણ ફટાફટ વાત કરે છે ! પણ જતા દિવસે આવી જ આઝાદ થયેલી યુવતીઓ મા બાપને માથે હાથ મૂકાવે છે અને મુસ્લિમ ક઼ૌમની ઈજ્જતને પણ લિલામ કરે છે.

### ★ યુવાપેઢીનું દીનને ભૂલીને બર્બાદી તરફ પ્રયાણ ! ★

કોલજમાં પણ યુવક યુવતીઓ પહોંચે છે તો સામાન્યતઃ આપસમાં છોકરા છોકરી શેક હેન્ડ કરે છે, ગમે તે ક઼ૌમના છોકરાઓ સાથે મુસ્લિમ યુવતીઓ ફ્રેન્ડશીપ કરે છે, વેલેન્ટાઈન ડે તથા અન્ય વિવિધ ડે ઉજવે છે. સૌ ગાર્ડનમાં કેન્ટિનમાં ભેગાં કપલ બનાવીને અડોઅડ બેસીને અથવા સમૂહમાં સ્ત્રી પુરૂષના કશાય ભેદ વિના શર્મો હયાને ઝાટકી દઈને બેસે છે, લચ્છેદાર વાતો થાય છે, મજાક મસ્તી થાય છે. વળી ઘરોમાં પણ ટી.વી.ની અભદ્ર ચેનલો અને સંસ્કારનું ખૂન કરતી સીરિયલો તેમજ ઈન્ટરનેટ પરની બિભત્સ સામગ્રીઓને ''ક્લિક'' કરવાનું એ પરિણામ છે કે જેમ રિમોટથી બોમ્બ ફૂટતાં જ ક્ષણવારમાં માહોલમાં ખાકો ખૂનમાં લાશો તડપવા લાગે છે અને માનવ અંગો ઉડવા લાગે છે તેમ એ ''ક્લિક'' પણ પળવારમાં સંસ્કારી યુવાન યુવતીની શરમ હયા, દિલી સુકૂન, શાંતિ તથા સંસ્કારના ધજાગરા ઉડાડી મૂકે છે અને તેનું દિમાગ આવારગી તથા અજંપાવાળુ બની જાય છે. મા બાપોના અતિશય લાડ પ્યાર અને હદ ઉપરાંતનો ઔલાદ પરનો આંધળો વિશ્વાસ કે નિષ્કાળજીનું એ પરિણામ આવે છે કે મોબાઈલ પર કે કોમ્પ્યુટર પર ચેટીંગ કરીને ઘરના ખૂણામાં બેસીને દુનિયાના ગમે તે ખૂણાના ગમે તે ક઼ૌમના યુવક યુવતી સાથે કે કોઈ ધોકાબાઝ સાથે ફ્રેન્ડશીપ કરીને કે પછી લવ કરીને ઔલાદ ઘરવાળાં માટે મુસીબતનો સામાન બની જાય છે. અને કેટલાં તો ગૈરક઼ૌમ સાથે ભાગી જાય છે અને દીન ઈમાનથી પણ નીકળી જાય છે ! **એક માહિતી પ્રમાણે જ્યાં એજ્યુકેશન વધુ છે ત્યાં એટલે કે કર્નાટકના ગુલબર્ગામાંથી લગભગ ૧૫૦ મુસ્લિમ છોકરીઓ તથા હોસ્પેટમાંથી લગભગ ૧૦૦ મુસ્લિમ છોકરીઓ ગૈર ક઼ૌમના છોકરાઓ સાથે ભાગી ગઈ છે !** અને

આવા કિસ્સાઓમાં તેણીઓ મોટાભાગે છેતરાતી હોય છે કે થોડો સમય તેણીનું શારીરિક આર્થિક શોષણ કર્યા બાદ તેને ફરતી કરી દેવામાં આવે છે પછી તે બીચારી ન ઘરની રહે છે ન ઘાટની ! જેથી ખાસ કરીને યુવતીઓ ચેતે અને આ માર્ગે ન જાય, અને ફક્ત ભણવા પાછળ જ ધ્યાન આપે, ખોટાં ઝાંઝવાના જળો પાછળ ન ભાગે, બલ્કે મા બાપની આજ્ઞા પ્રમાણે અને ઈસ્લામિક દષ્ટિનું સંસ્કારી જીવન જીવે તેમાં જ ભલાઈ તથા સલામતી છે.

### ★ એ એજ્યુકેશન શું કામનું જે ઈસ્લામના બાગી બનાવે ! ★

*વો અંધેરે હી ભલે થે કે ક઼દમ રાહ પર થે*
*રોશની લાઈ હૈ મંઝિલસે બહોત દૂર હમેં*

મુસલમાનો ! ''તલબુલ ઈલ્મિ ફરીદ઼તુન અલા કુલ્લિ મુસ્લિમ'' (ઈલ્મનું શીખવું દરેક મુસલમાન પર ફર્ઝ છે) આ હદીષનો ઉલ્લેખ ''મુસ્લિમોની પ્રગતિ'' માટે જ્યાં જ્યાં મુસ્લિમોને દુનિયાવી શિક્ષણથી સજ્જ થવા અને દુનિયવી એજ્યુકેશન તરફ આકર્ષવાના સંમેલનો ભરાય છે અને ''સ્ત્રી શિક્ષણ''ની વાતો થાય છે ત્યાં કહેવાતા મુસ્લિમ લીડર ભાઈઓ તથા બેપર્દા લેક્ચર આપતી મુસ્લિમ બહેનો (!), બલ્કે ગૈરક઼ૌમના લીડરો પણ ત્યાં આવીને પોતાની ભાષામાં એને રટીને આ વાત કરતા રહે છે. વાત સાચી કે મુસ્લિમ યુવાનો તથા યુવતીઓ એજ્યુકેશન મેળવે, પણ અમારો એક સવાલ છે કે વર્તમાન કાળમાં ''મોટા ભાગે'' જે યુવાન કે યુવતી બે ચોપડી શું ભણી કે ઈસ્લામથી દૂર, ક઼ૌમી ઓળખથી ભાગતી અને ઈસ્લામના દુશ્મનોના જેવો ફેશનેબલ લિબાસ, તેવી બોલી, તેવી અદાઓ, તેવા વિચારો..... ધરાવતી થઈ જાય છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) અને ઈસ્લામી અખ્લાક઼ તથા હયાથી દૂર થઈ જાય છે અને શરીઅતના ક઼ાનૂનોનું સરે આમ ઉલ્લંઘન કરતાં તેમને જરાય સંકોચ કે એહસાસ થતો નથી. ત્યારે ખરેખર ઉપરોક્ત શેઅર સાચો લાગે છે. શું લાભ થયો મુસ્લિમોને આવા એજ્યુકેશનથી ?! મુસલમાન માટે દીન ઈમાનથી વધીને કોઈ ચીજ નથી. અને ઉપરોક્ત હદીષ પર અમલના નામે એવું એજ્યુકેશન મેળવવું કે આપવું કે જેના થકી ઈસ્લામથી તથા એ જ હદીષ કહેનાર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ના દર્શાવેલા ક઼ાનૂનોથી બગાવત કરનારી કહેવાતી મુસ્લિમ ક઼ૌમ પેદા થાય તો મુસ્લિમોનું ભલુ થશે કે બુરુ ?! મુસ્લિમોની પ્રગતિ શું એવા એજ્યુકેશનમાં છે કે કહેવાતા એજ્યુકેટેડો ઈસ્લામી





ક઼ાનૂનોથી બેઅમલ જ નહીં બલ્કે તેના સામે બગાવત પર ઉતરે ?! ક્યાંક ઈસ્લામી પર્દા વિશે ગલત બક્વાસ કરવા લાગે, તો ક્યાંક તલાક઼ના મસ્અલામાં ઈસ્લામ વિરુદ્ધ બોલે તેમજ ક્યારેક ઉલમા  વિરુદ્ધ બોલે......વગેરે. હા ! દુનિયાવી એજ્યુકેશન જરૂર શીખવું જોઈએ પણ દીનના ભોગે નહીં ! બલ્કે દીન તથા ઈસ્લામ પર મજબૂતીથી રહી શકે તો દુનિયાવી શિક્ષણ પ્રાપ્તિમાં વાંધો નથી. અને એ રીતે એજ્યુકેશન પામનારા મુસલમાન પણ દુનિયામાં છે જ. આવો ! સાથોસાથ એ હદીષનો હક઼ીક઼ી ભાવાર્થ પણ સમજી લઈએ.

### ★ હદીષમાં ''ફર્ઝ'' ઈલ્મથી મુરાદ ક્યો ઈલ્મ છે ? ★

ઉપરોક્ત હદીષ વિશે હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ લખે છે : શારેહીને હદીષ (હદીષની સમજૂતી દર્શાવનાર વિધ્વાનો)એ ફર્માવ્યું, ''ઈલ્મથી મુરાદ મઝહબી ઈલ્મ છે.'' જેને હાંસલ કરવું બંદાના માટે જરૂરી છે, જેમ કે ખુદા તઆલાને ઓળખવું, તેની વહદાનિયત (એક હોવું) અને રસૂલની નબુવ્વતની ઓળખ (અન્ય જરૂરી મસાઈલ સાથે), નમાઝ પઢવાનો તરીક઼ો જાણવો, એટલા માટે કે આ ચીજોનો ઈલ્મે ''ફર્ઝે અયન'' છે, અને ફત્વા તથા ઈજતેહાદના રૂત્બાને ઓળખવો ''ફર્ઝે કિફાયહ'' છે. *(મિર્ક઼ાત શરહે મિશ્કાત, ૧/૨૩૩, બહવાલા અન્વારુલ હદીષ)*

અને હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ એ હદીષ હેઠળ ફર્માવે છે :–

''ઈલ્મથી મુરાદ આ હદીષમાં તે ઈલ્મ છે જે મુસલમાનોને સમય આવ્યે જરૂરી છે. દા.ત. ''જ્યારે ઈસ્લામમાં દાખલ થાય તો'' તેના માટે ખુદા તઆલાની ઝાત તથા સિફતોને ઓળખવી અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની નબુવ્વતને જાણવી વાજિબ થઈ ગઈ. અને દરેક તે ચીજનો ઈલ્મ જરૂરી થઈ ગયો કે જેના વિના ઈમાન સહીહ નથી અને જ્યારે નમાઝનો સમય આવી ગયો તો તેના માટે નમાઝના હુકમોનું જાણવું વાજિબ થઈ ગયું અને જ્યારે રમઝાનનો મહીનો આવી ગયો તો રોઝાના હુકમો શીખવા જરૂરી થઈ ગયા અને જ્યાર માલિકે નિસાબ થઈ ગયો તો ઝકાતના મસ્અલા જાણવા વાજિબ થઈ ગયું. અને જો સાહિબે નિસાબ થતાં અગાઉ મૃત્યુ પામ્યો અને ઝકાતના મસ્અલા ન શીખ્યો તો તો ગુનેહગાર ન થયો અને જ્યારે સ્ત્રીને (નિકાહમાં) લાવ્યો તો ''હૈઝ'' તથા ''નિફાસ'' વગેરે જેટલા મસાઈલ પતિ પત્નીના સંબંધે

છે તેને જાણવું વાજિબ થઈ જાય છે. એ પ્રમાણે અન્ય કામોમાં કયાસ કરી લેવો (એટલે વેપાર કરે તો વેપારના મસાઈલ, ખેતી કરે તો તેના વગેરે....) *(અશિઅતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૧૬૧)*

સારાંશ કે આ દર્શાવેલ ચીજોનો ઈલ્મ કે જેની જરૂરત પડે તે શીખવો "ફર્ઝ" છે, નહીં કે હાલના સ્કૂલ કોલેજોના, યુનિવર્સિટીઓના જે કોર્સ છે તેનો ઈલ્મ જાણવો ફર્ઝ છે ! હા, ઈસ્લામી વર્તુળમાં રહીને દરેક ઈલ્મ શીખી શકાય, મુબાહ છે, ના નથી. પણ દીની મઝહબી ઈલ્મ જે ફર્ઝ છે તેને અભરાઈએ ચઢાવી સ્કૂલ, કોલેજો, યુનિવર્સિટીઓના ઈલ્મો શીખવાથી ઈસ્લામબેઝારી તથા ગુમરાહી ન આવે તો બીજુ શું આવશે ?! બીજું કે "ઈક઼રા"વાળી કુર્આની આયતનો ઉલ્લેખ કરીને પણ જે ઈલ્મ શીખવાની વાત થાય છે તેમાં પણ આ જ વાત છે કે ઈસ્લામનો દામન થામી રાખવો જરૂરી છે, દીનના ભોગે કહેવાતા એજ્યુકેટેડ (શિક્ષિત) બનવાથી કૌમને શો લાભ થવાનો છે ?!

**★ આધુનિક એજ્યુકેશનનું ફળ શરાબ શબાબની રેવપાર્ટીઓ ! ★**

એજ્યુકેશનના બહાને ઘરેથી નીકળનારા ઘણાખરા યુવાન યુવતીઓ મુક્ત વાતાવરણ મળતાં સ્વચ્છંદી બની જાય છે અને મોજ મજા તથા મનોરંજન તથા નાચકૂદના જલસા કરવા પ્રેરાયને એવી પાર્ટીઓમાં જાય છે જ્યાં ડાન્સ, નશો તથા વ્યભિચાર પણ થાય છે. મા બાપ જાણે કે બેટો કે બેટી કોલેજ કે ટયૂશને કે મિત્રને ત્યાં ગયાં છે, પણ અહીં તો પાર્ટીઓમાં મા બાપની આરઝૂઓનાં ખૂનો થતાં હોય છે ! મા બાપ જાણે કે ભણી ગણીને મારી ઔલાદ ઉચ્ચ સ્થાન મેળવે, તેમનું નામ કાઢે પણ તેને બદલે ઔલાદ તો અવળા રવાડે ચઢી ગઈ હોય છે. જો મા બાપ સાચી હક઼ીક઼ત જાણી લે તો તેમની છાતીના પાટીયાં જ બેસી જાય !

મહિના દોઢ મહિના પહેલાં અમદાવાદમાં શીલજ–થલતેજ તરફ એક ફાર્મહાઉસમાં કોઈએ આવી પાર્ટી રાખેલી અને પોલીસે દરોડો પાડેલો. હાલ ૨૫ જૂને મુંબઈ–પૂના રોડ પર કર્જત નજીક હોટલ બ્લ્યૂ માઉન્ટેનમાં "રેવ પાર્ટી" રાખવામાં આવેલી. આવી પાર્ટીઓમાં SMS થકી કે ફેસબુક દ્વારા આમંત્રણો આપવામાં આવેલાં. એન્ટ્રી ફી રૂા. ૧૦૦૦/– હતી. પાર્ટીમાં કાન તથા મગજ ફાટી જાય એવું લાઉડ ટ્રાન્સ મ્યુઝીક, આછા અંધારા જેવી રોશની,





હાથમાં સિગારેટ અને શરાબની બોટલ, રગોમાં દોડતુ એલએસડીનું ડ્રગ અને ઝુમતી કાયા ! ચરસ ગાંજાનો નશો તો રેવ પાર્ટીઓનું આકર્ષણ છે જ પણ બીજુ ખાસ આકર્ષણ છોકરાને છોકરીનું અને છોકરીને છોકરાનુ હોય છે !

આવી રેવપાર્ટીઓ પર પહેલાં પણ પોલીસના કેટલીક વાર દરોડા પડેલા જેમાં કોલેજનાં સ્ટુડન્ટ છોકરા છોકરીઓ પકડાયાં, સાથે કોલગર્લો પણ તથા વિદેશી દારૂ, કોન્ડમ તથા હેરોઈન, કોકીન, હશીશ વગેરે નશાકારક ડ્રગ્સ્ પણ પકડાયાં. આવી મોટામાં મોટી રેવ પાર્ટી ૪–૮–૨૦૧૦ના રોજ પૂનામાં થયેલી જેમાં ૨૫૪ છોકરા અને ૨૩૫ છોકરીઓ હતી, બધાને પોલીસે અટકાયતમાં લીધેલાં. *(ગુ. સ., ૧૨–૭–૨૦૧૧)*

આ રેવ પાર્ટીઓ ઉપરાંત અન્ય ડાન્સ પાર્ટીઓ તથા હરવા ફરવાના પ્રોગ્રામોમાં યુવાન યુવતીઓ ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડ બનાવીને તેમની સંગાથે છૂટછાટથી ઘુમતાં રહે છે. હદ તો એ છે કે હાલમાં ૧૨મા ધોરણમાં ભણતી છોકરીઓ એક ઠેકાણે નશાની હાલતમાં સ્કૂલમાં પકડાઈ ! આ બધું પશ્ચિમી કલ્ચરનું આંધળુ અનુકરણ તથા ટી.વી.ની તા'લીમનું તથા મા બાપના અતિશય લાડ પ્યારનું પરિણામ છે. જેથી આવા ભયાનક માહોલમાં મા બાપોએ આ બાબતે ગંભીર બનીને પોતાની ઔલાદ આવા ખોટા માર્ગે જઈને બર્બાદ ન થઈ જાય તેના માટે શક્ય તે દેખરેખ રાખવી તથા તેને સહી માર્ગે રાખવા સતત પ્રયત્નો કરવા જોઈએ.

**★ એજ્યુકેશન જરૂરી પણ સાથે દીન તથા અખ્લાક઼ પણ બચાવો ! ★**

અમો યુવાન યુવતીઓના દુનિયવી એજ્યુકેશનના વિરોધી નથી, યક઼ીનન આપણી કૌમના યુવાનો યુવતીઓ ડોકટરો, એંજીનિયર, વૈજ્ઞાનિક વગેરે બને પણ તેનામાં ઈસ્લામી સહીહ અક઼ીદો તથા ઈસ્લામી અખ્લાક઼ બાકી રહે એ અનિવાર્ય છે, જો એ જ નહીં રહે તો તેનાથી ઈસ્લામને નુકસાન થશે કે ફાયદો ?! જેથી બાળકોની દીની સમજ બાકી રહે, પોતે મુસલમાન છે અને મુસલમાન મર્દ તથા ખાતૂન કેટલી ઈજ્જતદાર હોય છે તે સમજે, અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની અદબ તથા ખૌફે ખુદા દિલમાં હોવો જોઈએ, શરમ તથા હયાનું ઈસ્લામમાં શું મહત્વ છે, પરપુરૂષથી દૂર રહેવું તથા પર્દો કેટલો જરૂરી છે, અને તેના વિશે કુર્આન તથા હદીષમાં શું આદેશો

આપણા ખાલિક઼ તથા માલિક અલ્લાહના તથા તેના પ્યારા મહબૂબ ﷺના છે....વગેરેની સમજ તેના દિલો દિમાગમાં બેસાડવામાં આવે. અને એના માટે અનિવાર્ય છે કે **તમારા ઘરનો માહોલ દીની માહોલ બનાવો ! જો તમે ઈસ્લામને જ ચાહો છો અને ચાહો છો કે તમારી ઔલાદ સાચા અર્થમાં મુસલમાન રહે તો ઘરમાંથી ઈસ્લામ વિરુદ્ધ થતાં કામોને જાકારો આપો ! નમાઝોની સૌ મર્દ ઔરત પાબંદી કરે, દીની મસાઈલની કિતાબો ઘરમાં રાખે, વાંચે, વંચાવે, તેની ચર્ચા કરે, ઘરમાં પણ પર્દાનો માહોલ બનાવે, ગૈર મર્દોની નજરોથી બચવા દરવાજે પર્દાની વ્યવસ્થા રાખે, ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના ઔરતોના મર્દોના ઈજતેમાઓમાં તથા ઈમાન અને અખ્લાક઼ની તા'લીમ આપતા દીની જલસાઓમાં બાળકો સાથે હાજરી આપે, સુન્ની ઉલમાનાં ઈમાની અખ્લાક઼ી તા'લીમ આપતાં અસરકારક બયાનોની CDઓ સાંભળે સંભળાવે તો જરૂર ઔલાદ નેક રાહે રહી શકે છે.** આપણી પ્યારી દીકરીઓને જિન્સ, ટી શર્ટ કે શોર્ટ ટોપ..... વગેરે ઈસાઈ યહૂદીઓ જેવો નગ્નતા દર્શાવતો પોશાક પહેરવાની રજા ન આપો, બલ્કે આખી બાંયોવાળો ખુલતો ડ્રેસ જે પારદર્શક ન હોય જેથી અંગો જાહેર ન થાય અને વાળો, ગળુ, છાતી ઢંકાય તેવી ઓઢણીઓ અને ગૈરોની નજરોથી બચવા ચહેરો ઢાંકવા મહોબ્બતથી સમજાવો. હિદાયત આપનાર અલ્લાહ છે પણ ઘરવાળાંઓના પ્રયત્નો તથા તકેદારી પણ જરૂરી છે. નહીં કે તેણીને આઝાદ છોડી મૂકો અને ક્યાં જાય છે, આવે છે, કોને મળે છે, શું કરે છે, કાંઈ પરવા ન કરવામાં આવે ?! વળી કેટલાક યુવાનો પણ ફેશનમાં બેહયા ફાસિક઼ોની જેમ ચડ્ડા (હાફ પેન્ટ) પહેરીને ફરવાને ફખ્ર સમજે છે ! તો ખુદારા એ કામોથી દૂર રહી ઈસ્લામી અદબથી જીવે, મા બાપો તેમને મહોબ્બતથી ઈસ્લામી સુસસ્કાર અપનાવવા સમજાવે.

**★ હે યુવાનો ! જો તમો અલ્લાહ વ રસૂલને ચાહો છો તો આટલુ માનો ! ★**

હે મુસ્લિમ યુવાનો યુવતીઓ ! તમો અલ્લાહનો શુક્ર અદા કરો કે તમને તે દીન મળ્યો છે કે જે અલ્લાહનો પસંદીદા દીન છે એટલે કે તમે ઈસ્લામના અનુયાયી છો. જ્યારે ઈસ્લામ પર ઈમાન ધરાવો છો તો ગૈરોની તરફ નજરો ન દોડાવો, ગૈરોનું અનુકરણ ન કરો બલ્કે અલ્લાહ વ રસૂલ





عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَએ જે રીતે જીવન જીવવા આદેશો આપ્યા છે તેવી જીવનપદ્ધતિ અપનાવો. **અલ્લાહ તે છે કે જે તમને તમારાં મા બાપ કરતાંય અધિક ચાહે છે, અને રસૂલ તે છે કે જેમને પોતાના ઉમ્મતીને તકલીફ પડે એ જરાય પસંદ નથી. જેથી તેમના જે આદેશો છે તે તમારી ભલાઈના માટે જ છે,** એનાથી ઉલ્ટી જે વાતો હશે તે યક઼ીનન તમારી બર્બાદીની જ હશે, માટે ખુલૂસ દિલથી ઈમાન રાખી એ વાતોને અપનાવી લો.

રબ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે, **وَلَا تَقْرَبُوا الزِّنٰى اِنَّهٗ كَانَ فَاحِشَةً** ''ઝિનાની નજીક પણ ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે.'' *(પારા : ૧૫, સૂરએ બની ઈસ્રાઈલ, આયત : ૩૨)* **હે યુવાનો ! વિચારો ! રબ ખૂદ ચેતવણી આપે છે કે, ''ઝિના-વ્યભિચારની નજીક પણ ન જાવ !'' તો એમાં દુનિયા તથા આખેરતની કેટલી બર્બાદીઓ સમાયેલી હશે ?** માટે તમારી અક્કલને ઠેકાણે લાવો. ઝિના કરવાની વાત તો બહુ દૂરની છે ! અહીં તો નજીક પણ ન જાવ ! નો હુકમ છે. હવે વિચારો કે ઝિનાની નજીક જવું એટલે ગૈર મર્દ સ્ત્રીનું એકબીજાને જોવું, ઈશારા કરવા, હસવું, સ્પર્શવું, ફોન પર બિનજરૂરી તથા બિભત્સ વાતો કરવી વગેરે...... જેથી તમારી બુદ્ધિ ઠેકાણે હોય તો આ કામોથી અવશ્ય દૂર રહેશો.

તેમજ જેમની મહોબ્બત આપણામાં આપણી જાન કરતાં પણ વધુ હશે તો જ આપણે મો'મિન કહેવાશું ! તે રસૂલે પાક ﷺ જે કાંઈ ફર્માવે તેમની વાત તો સ્વીકારવી જ પડશે ને ! ફર્માવે છે, ઔરત (સ્ત્રી) **ઔરત છે એટલે કે પર્દામાં રાખવાની ચીજ છે,** જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે. એટલે કોઈ અજનબી (જેના પોતે મહરમ નથી તેવી) સ્ત્રીને જોવું ''શૈતાની કૃત્ય'' છે. *(તિર્મિઝી શરીફ)*

બીજી હદીષ સાંભળો ! હઝરત ઉમ્મે સલમહ رضی اللہ عنہا થી રિવાયત છે કે, હું અને હઝરત મૈમૂનહ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં, એવામાં (એક નાબીના સહાબી) હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ رضی اللہ عنہ સામેથી હુઝૂરની ખિદમતમાં આવી રહ્યા હતા. તો સરકારે (અમને બંનેને) ફર્માવ્યું કે, પર્દો કરી લો ! (હઝરત ઉમ્મે સલમા ફર્માવે છે કે) મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ? તે અમને જોઈ શકશે નહીં. ફર્માવ્યું, શું તમે બંનેવ

પણ નાબીના છો ? શું તમે નહીં જુઓ ! *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)* એટલે કે,"પુરૂષે જેવી રીતે અજનબી ઔરતને જોવી જાઈઝ નથી એ જ રીતે સ્ત્રીએ અજનબી (નામહરમ) પુરૂષને જોવો પણ જાઈઝ નથી."

એક હદીષમાં છે : હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં હુઝૂર ﷺ ને અચાનક નજર પડી જવા વિશે પૂછયું તો હુઝૂર ﷺ એ મને નજર ફેરવી લેવાનો હુકમ ફર્માવ્યો. *(મુસ્લિમ શરીફ)*

બીજી હદીષમાં છે : હઝરત બુરીદહ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર ﷺ એ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને ફર્માવ્યું કે, હે અલી ! (અજનબી ઔરત પર) એક નજર પછી બીજી નજર ન નાખો કે અચાનક પડી જનારી પ્રથમ નિગાહ તમારા માટે માફ છે, બીજી વખતે જોવું જાઈઝ નથી. *(તિર્મિઝી શરીફ)*

હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, કોઈ મર્દ કોઈ અજનબી ઔરત (જેનો પોતે મહરમ નથી તેવી દરેક સ્ત્રી)ની સાથે એકાંતમાં મળતો નથી, પરંતુ એ હાલતમાં કે ત્યાં બંને સિવાય ત્રીજો શૈતાન પણ હોય છે. *(તિર્મિઝી શરીફ)*

મારી બહેનો તથા ભાઈઓ ! સારાંશ કે પરપુરૂષનો સહવાશ તથા આ ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડ બનાવવાળી વાત એ વ્યભિચારનું પ્રથમ પગથિયુ છે અને તમારી તબાહી તથા બર્બાદીનું દ્વાર છે. ઈસ્લામે એની ઈજાઝત નથી આપી. પર પુરૂષ પર સ્ત્રી એકબીજાને માટે નિકાહ વિના જોવા, સ્પર્શવા, એકાંતમાં મળવા માટે હરગિઝ હલાલ થશે નહીં.

### ★ નિકાહ વિના એકબીજાને જોનાર સ્પર્શનારનો અંજામ ! ★

હદીષે પાકમાં છે કે, "જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં કાલે કયામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે. તથા જે ગૈર મેહરમને જુએ અને જેના તરફ જોવામાં આવે બંને પર અલ્લાહની લઅનત છે."

તેમજ ફર્માવ્યું, "કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી." *(તિબ્રાની તથા બયહકી)*

એક ઠેકાણે ફર્માવ્યું, કોઈ ગૈર સ્ત્રીના ખભાથી ખભો લગાડવો એ એનાથી બુરુ છે કે તમે કોઈ ભૂંડ સાથે શરીર લગાડો. તેમજ એક હદીષ પાકમાં છે :





"જહન્નમમાં એક ભઠ્ઠી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ જ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતાં રહી ભઠ્ઠીના મુખ સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ૧/૧૮૫)*

મુસ્લિમ યુવાનો યુવતીઓ અલ્લાહ વ રસૂલના ફર્માનોને લક્ષમાં રાખે અને દુનિયાની બેઈજ્જતી તથા આખેરતના અઝાબથી બચવા માટે એજ્યુકેશનના ઓઠા હેઠળ સ્વચ્છંદતાભરી આવારા જિંદગીથી બચે અને ઈસ્લામી તૌર તરીકાથી જીવન જીવીને બંને જહાનમાં ઈજ્જત પામે અને પોતાનાં મા બાપની આંખોની ઠંડક બને. અને જેમણે ભૂલથી ગલત કામો કર્યા હોય તો આજથી સાચા દિલથી તૌબા કરી લે તો ખુદા જરૂર માફ કરી આપશે. કેમ કે હદીષે પાકમાં છે કે, "અલ્લાહ તઆલા કોઈ બંદાના ગુનાહો પર પસ્તાવાને તથા શરમાવાને જુએ છે તો તેને બખ્શિશ માગતા પહેલાં બખ્શી આપે છે. *(મુકાશફતુલ કુલૂબ)*

## ...પ્રકરણ : ૨

## બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડનો સંબંધ એટલે જહન્નમમાં જવાનો સરળ માર્ગ

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આજે વર્તમાન પત્ર ખોલો તો રોજ કોઈ ન કોઈ સમાચાર એવા જોવા મળે છે કે, ''પ્રેમીએ લગ્ન કરવાની ના પાડતાં કન્યાનો ઝેર પીને આપઘાત !'' કારણ ?! પ્રથમ છોકરા છોકરીમાં મિત્રતા થઈ જે પ્રેમમાં પરિણમી પછી વગર નિકાહે પતિ પત્ની જેમ સુખ માણ્યું અને ગર્ભ રહી જતાં બોયફ્રેન્ડે લગ્નની ના પાડી દૂર થઈ ગયો ! અથવા એવા સમાચાર પણ આવે છે કે, ''બે વરસ સુધી લગ્નની લાલચ આપી શરીર સંબંધ રાખી ગર્ભ રહી જતાં લગ્નની ના પાડતાં યુવાન સામે બળાત્કારની ફરિયાદ !'' આજ સુધી સર્વ થયું રાજીખુશીથી ! અને હવે બળાત્કારની ફરિયાદ ! કોઈ યુવતી ટ્રેનની નીચે કપાઈ મરે છે, તો કોઈ સળગી મરે છે તો કોઈ બહુમાળી બિલ્ડિંગ પરથી મૌતનો ભૂસ્કો મારે છે તો કોઈ કૂવો પૂરે છે, તો કોઈ ઝાડ પર કે પંખા સાથે લટકીને મરે છે તો વળી કોઈને મારી નાખવામાં આવે છે ! આવા સમાચારો અવાર નવાર અખ્બારોમાં વાંચવા મળે છે અને બદ્‌માશ યુવાનોનું મોટાભાગે કોઈ કાંઈ બગાડી શક્તુ નથી ! પણ ભોગ બનનાર કન્યા તથા તેનાં કુટુંબીઓનું જીવન ઝેર સમાન બની જાય છે. તેમની ઈજ્જત આબરૂનું લિલામ થાય છે.

મુસલમાનો ! આવું શાથી થાય છે ? આ છે મા બાપોની ઉદારતાનું પરિણામ ! પુત્ર તથા પુત્રી ક્યાં જાય છે, કોને મળે છે, રાત્રે કેમ બહાર રહે છે, ટી.વી. પર શું જુએ છે ?! તેના પર કોઈ રોક ટોક કે સારી શીખામણ તથા જિંદગીની વાસ્તવિક્તાની સમજ આપવાની દરકાર ન રાખવાનું પરિણામ ! પુત્રી કે પુત્ર બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ બનાવે તેને ગર્વની વાત સમજી પોતાની ઔલાદ એડવાન્સ તથા ખૂબ જ હોશિયાર અને ચાલાક બની ગઈ, ખૂબ જ એજ્યુકેટેડ અને અક્કલવાળી થઈ ગઈ તેમ સમજી માં બાપ ફૂલાય છે ! પણ જ્યારે ઉપર જણાવી તેવી આફત આવે છે તો ન સમાજમાં મોં દેખાડવા લાયક રહે છે ન ઘરમાં ચેન મેળવી શકે છે અને ઘુંટાઈ ઘુંટાઈને દિવસો કાઢવાના થાય છે.





ઈસ્લામ દરેકની ભલાઈ ચાહે છે અને એના જે નિયમો છે તેના પર જો ચાલવામાં આવે તો અમ્ન શાંતિ અને સુઘડ તથા સભ્ય સમાજની એવી રચના થાય કે જાણે દુનિયા જન્નત બની જાય ! સર્વત્ર ચૈન સુકૂનનો માહોલ હોય. અને એની જ રચના કરવા માટે રબ તબારક તઆલા ફર્માવે છે, **(અર્થ)** : ''હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના બીવી બચ્ચાંઓને જહન્નમની આગથી બચાવો !'' *(કુર્આન)*

જહન્નમથી બચવાનો તથા બચાવવાનો માર્ગ કયો ?! શું પોતે તથા ઔલાદ પર પુરૂષો પર સ્ત્રીઓ સાથે મિત્રતા રાખે ? દોસ્તી કરે ? સાથે સાથે હરે ફરે ? હાથમાં હાથ રાખી પાર્કોમાં, હોટલોમાં, કોલેજોમાં, દરિયા કાંઠે મોજ મજા કરે ?! لَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ હરગિઝ નહીં ! **પર પુરૂષ પર સ્ત્રી નિકાહ વિના આવો સંબંધ રાખે તો તેને ''આડો વહેવાર'' એટલે ''નાજાઈઝ સંબંધ'' કહેવાશે અને એ સખત હરામ છે.** પર પુરૂષ પર સ્ત્રીને આંખ વડે જોવું આંખનો ઝિના, હાથથી સ્પર્શવું હાથનો ઝિના, કાનથી એવી બેહયાઈની વાત સાંભળવી કાનનો ઝિના.... સારાંશ એ કે **બોયફ્રેન્ડ તથા ગર્લ ફ્રેન્ડ કરવું એટલે પળ પળ ઝિનાનો ગુનોહ કરવો** અને અંતે હદ વટી જાય તો ઝિનાકારીમાં બંનેવ સપડાય જાય છે અને પછી એનાં બુરાં પરિણામોથી સમાજમાં ગંદકી ફેલાય છે જેનાથી સમાજમાં શરમ, હયા તથા ઈજ્જતનો જનાઝો નીકળી જાય છે. એટલે જ કુર્આને પાકમાં રબ તઆલાએ ફર્માવ્યું, **(અર્થ)** : ''અને ઝિનાની નજીક પણ ન જાવ ! યક઼ીનન ! તે **બેહયાઈ** છે અને **ઘણો જ બુરો રસ્તો** છે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૨)*

આ કોણ કહે છે ? તમારો ખાલિક઼, માલિક, પરવરદિગાર જે તમને તમારાં માંબાપ કરતાંય અધિક ચાહે છે ! તેનું તો માનો ! હવે વિચારો કે ઝિનાની નજીક પણ જવાની અલ્લાહ جل جلاله એ ના પાડી, તો ઝિનાની નજીક કોને કહેવાય ?! (૧) નજરો વડે જોવું (૨) વાસનામય ચેનચાળા કરવા (૩) પુરૂષ સ્ત્રી મિત્ર સામે હસવું, (૪) અંગો ઉપાંગોને શરીરના ઉભારોને જોવા (૫) હાથ પગથી સ્પર્શવું (૬) બિભત્સ તથા દ્વિઅર્થી વાતો કરવી (૭) છેડછાડ કરવી (૮) સામ સામે હુસ્નની જમાલની પ્રશંસા કરવી... વગેરે. આ સર્વ ''બેહયાઈ'' છે એવું અલ્લાહ عزوجل ફર્માવે છે અને ''ઘણો જ બુરો રસ્તો'' છે

એવું ફર્માવે છે. વિચારો ! **અલ્લાહ જેને ઘણો જ બુરો રસ્તો કહે તે કેટલો બુરો રસ્તો હશે ?** અને રબ જેને બુરો રસ્તો કહે તે યક઼ીનન ! જહન્નમની આગમાં પડવાનો રસ્તો છે. તો હે મુસલમાનો ! તમે અલ્લાહ جل جلاله પર ઈમાન ધરાવતા હોઉ તો દુનિયાની આગને એકવાર પકડી જુઓ અને પછી જોઈએ તે ધંધા કરો ! જો તમારામાં એનાથી સિત્તેર ગણી સખત ગરમ આગમાં શેકાવાની હિંમત હોય તો ! જેમ ફાવે તેમ કરો ! ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે, ''(જન્નતી તેઓ છે) જેઓ વ્યભિચાર નથી કરતા અને જે એ કામ કરશે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ ક઼િયામતના દિવસે, અને તે હમેશાં તેમાં બેઈજ્જતીની સાથે રહેશે.'' *(સૂ. અલ ફુર્કાન, આ. ૬૮, ૬૯)*

અને અલ્લાહ તઆલા عزوجل તેના મહબૂબ صلی اللہ علیہ وسلمની ઉમ્મતને જહન્નમમાં સળગાવવા નથી ચાહતો એટલા જ માટે ફર્માવે છે કે, ''મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે.'' (કુર્આન) એટલે કે (જેનાથી નિકાહ નથી થયો તે) પર સ્ત્રી તથા પુરૂષ તરફ ન જુએ અને નજરો નમાવી લે અને પોતાનાં ગુપ્તાંગોની રક્ષા કરે, ખોટાં કામો ન કરે, હરામકારીમાં ન પડે.

હવે જેઓ બોય ફ્રેન્ડ, ગર્લ ફ્રેન્ડ બને, બનાવે તથા એ વાતને અયબ તથા બુરી વાત નથી સમજતા તેઓ ગંભીરતાથી વિચારે અને ઉપરોક્ત કુર્આની આદેશોનો અભ્યાસ કરે અને કહે કે તેઓ અલ્લાહ પર કેવુંક ઈમાન રાખે છે ! અથવા શું જહન્નમનો અઝાબ વેઠવાની ક્ષમતા પોતે ધરાવે છે ?!

વળી કેટલાક પોતાને બુદ્ધિશાળી તથા પોતાને સમાજની બુદ્ધિજીવી વ્યક્તિ સમજતા, બે ચોપડી ભણીને એજ્યુકેટેડ હોવાના ભ્રમમાં રાચનારા એવું વિચારે છે કે આ બધા **જૂનવાણી** તથા **રૂઢીચુસ્ત** તથા **કટ્ટરવાદી** વિચારો છે ! વર્તમાનકાળમાં દુનિયા ચંદ્ર તથા મંગળ પર પગલાં પાડી રહી છે તેવા સમયે આવું વલણ કે નિયમ અપનાવવા કહેવું એ **કટ્ટરવાદ** છે અને બુદ્ધિમાં ન સમાય તેવી વાતો છે. તો અમે તેમને કહીશું કે નીચેનું લખાણ વાંચો અને તમારી બુદ્ધિ સડેલી છે કે નહીં તે તમો જાતે જ નક્કી કરી લો !

ઈસ્લામના ક઼ાનૂનો ક઼યામત સુધીના છે, હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمઅંતિમ નબી છે હવે કોઈ નબી આવશે નહીં ન કોઈ નવી શરીઅત ન નવા ક઼ાનૂન. ઉપરોક્ત



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

આયતોના આદેશો ક઼યામત સુધીના લોકો માટે છે એ વાત પર આપણુ ઈમાન છે તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનાં ફર્માનો પણ વહીએ ખુદા જ છે અને એ પણ ક઼યામત સુધીનાં છે. શું એઓ (ખુદા વ રસૂલ) કટ્ટરવાદી છે ? અને એમના આ હુકમોમાં આ બુદ્ધિશાળીભાઈ કોઈ અપવાદ કે છૂટછાટ આજના એડવાન્સ યુગ માટે શોધી આપે ! અને એ પણ જાણી લે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની બુદ્ધિ કેટલી છે ? અને બુદ્ધિનો આંક તેનો પોતાનો ક્યાં સુધીનો છે ?!

''વહબ બિન મુનબ્બિહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મેં ઈકોત્તેર પુસ્તકોમાં એ વાંચ્યું છે કે, જ્યારથી દુનિયા અસ્તિત્વમાં આવી છે તે સમયથી ક઼યામત સુધી તમામ માનવીઓની બુદ્ધિઓની જો હુઝૂર صلی اللہ علیہ وسلمની બુદ્ધિ સાથે તુલના કરવામાં આવે તો બધા જ માનવીઓની બુદ્ધિઓને હુઝૂર صلی اللہ علیہ وسلم ની બુદ્ધિ સાથે એ જ સંબંધ હશે જે રેતીના એક કણને દુનિયાના તમામ રણો સાથે જે સંબંધ છે. અર્થાત : **બધા જ માનવીઓની બુદ્ધિઓ એક રેતીના કણ બરાબર છે અને હુઝૂર صلی اللہ علیہ وسلم ની બુદ્ધિમત્તા દુનિયાના તમામ રણો બરાબર છે.** આ હદીષને અબૂ નુઐમ મુહદ્દિષે હિલિયામાં વર્ણન કરી છે અને મુહદ્દિષ ઈબ્ને અસાકિરે પણ એને રિવાયત કરી છે. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૫૦, અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૪૨)*

તો આ સર્વ શ્રેષ્ઠ બુદ્ધિશાળી નબી કરીમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, ''સ્ત્રી જ્યારે (બેપર્દા) બહાર નીકળે છે તો શૈતાન તેને તાકી તાકીને જુએ છે.'' અને બીજી હદીષમાં છે, ''એકવાર ઉઠયા બાદ બીજી નજર ન ઉઠવી જોઈએ, પ્રથમવારની અકસ્માતે ઉઠેલી નજર માફ છે અને બીજીવાર જાઈઝ નથી.'' *(તિર્મિઝી)*

આ તો પર સ્ત્રી પર નજર કરવાની મનાઈ છે પણ સ્પર્શવા સંબંધે શું નબી કરીમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે તે પણ જોઈ લો :–

★ જે ગૈર મેહરમ (મા, બહેન, દાદી, નાની તેમની ઉપર નીચે સિવાયની પર સ્ત્રી, નિકાહમાં નથી તે) સ્ત્રી સાથે હાથ મિલાવે તો કાલે ક઼યામતના દિવસે બંનેના તે **હાથોને આગની બેડીઓ વડે બાંધવામાં આવશે,** અને આ હાથનો ઝિના છે.

★ જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે **આંખોમાં** કાલે ક઼યામતના દિવસે **આગના સળીયા** નાખવામાં આવશે.

★ ગૈર મેહરમને જુએ તેની ઉપર અને જેના તરફ જોવામાં આવે બંનેવ પર અલ્લાહની લઅનત છે.

★ કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી. *(તિબ્રાની તથા બયહકી)*

★ કોઈ ગૈર સ્ત્રીના ખભાથી ખભો લગાડવો એ એનાથી પણ બુરુ છે કે તમે કોઈ ભૂંડ સાથે શરીર લગાડો.

હવે એ પોતાને બુદ્ધિજીવી ગણતો માનવી સ્વીકારશે કે પોતાની બુદ્ધિ સડેલી છે અને રસૂલુલ્લાહ ﷺ કે જેમની બુદ્ધિ સર્વ શ્રેષ્ઠ છે તેમની વાત જ સાચી ?! અને વિચારે કે ગર્લ ફ્રેન્ડ બોય ફ્રેન્ડ મળે તો શું કરતાં હોય છે ? હંસી મજાક, મસ્તી, સ્પર્શ, નખરાં, છેડછાડ, તાક ઝાંક અને છેવટે ન થવાનું થઈ જાય છે ! અને પછી તેનાં બુરાં પરિણામો દુનિયામાં તથા સમાજમાં પણ ગંદકી ફેલાવે જ છે જેને આપણે જોઈ રહ્યા છીએ.

કેટલાક માનસો એવાં થઈ ગયાં છે કે જાણે રીઢો ગુનેગાર ! તેમને ભલા બુરાની, જહન્નમના અઝાબની કે જન્નતની બશારતોની, ઈસ્લામના ફર્માનોની કે શરીઅતના હુકમોની કાંઈ જ પરવા નથી હોતી. તો એમનું દષ્ટાંત એવું છે કે કોઈ ડ્રાઈવર આંખો બંધ કરીને મોટર દોડાવી રહ્યો છે તો એનો અંજામ નક્કી જ છે !

બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડ મિત્રતાના ઓઠા હેઠળ કુકર્મો કરી બેસે છે તો દુનિયામાં તો બેઈજ્જત થાય જ છે પણ આખેરતના શું અઝાબો છે તેની પણ ઝલક જોતા ચાલો :–

હદીષે પાકમાં છે કે, "જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ જ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

રબ તઆલાનું ફર્માન છે કે, (અર્થ) : "જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે." *(કુર્આન)* કહેવામાં આવ્યું છે કે, 'અષામ' જહન્નમની એક ગુફા છે તેનું દ્વાર જ્યારે ખોલવામાં આવશે તો તેની દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે."





એક હદીષમાં છે કે, "શિર્ક પછી અલ્લાહની નજીક એ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી સ્ત્રીના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી." એટલે કે તેના નિકાહમાં નથી.

કેટલાક લોકો પોતાની હોશિયારીમાં બહાદુર બની બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડના સંબંધો તથા પરસ્ત્રીઓ સાથે આડા સંબંધો રાખે છે અને ઉપરથી મહાનતા કરી હોય તેમ ગર્વથી બિન્દાસ થઈને ફરે છે, તેઓ અલ્લાહ ﷻથી ડરે અને રસૂલે પાક ﷺના આદેશો પર ઈમાન હોય તો આજે જ તૌબા કરી લે. નહીં તો આજે પર્દા પાછળ છુપાઈ છુપાઈને મોઢાં કાળાં કરી લો ! કાલે કયામતમાં આખી મખ્લૂક સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે સમજશો ! પણ ત્યારનું સમજેલું ફાયદો નહીં આપે !

હદીષમાં છે, "જે શખ્સ કોઈ પર સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે."

આ સિવાય પુષ્કળ ચેતવણીઓ "આડો વહેવાર" રાખનારાઓ માટે કુર્આન હદીષમાં આવેલી છે. વળી જે નાલાયક કૌમ પશ્ચિમી તથા યૂરોપી દેશોનું તમે અનુસરણ કરી રહ્યા છો ત્યાંના સમાજની હાલત પણ તો જુઓ કે ત્યાં માં, માસી, બહેન, ફોઈ, ભત્રીજી, ભાણકી, બેટી જેવા સંબંધોની ઈજ્જત ક્રમે ક્રમે ખત્મ થઈ રહી છે, હરામની પુષ્કળ ઔલાદ થઈ છે જેમના માટે ગવર્નમેન્ટ અનાથાશ્રમો ચલાવે છે અને 'એઈડ્સ' જેવી ભયાનક બીમારીઓની ભેટ પણ એ જ છૂટછાટવાળી બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડવાળા કલ્ચરની જ દૈન છે.

જેથી હે મુસલમાનો ! તમારી ઔલાદને ઈસ્લામની તા'લીમ શરૂથી જ આપો અને તેમના દિલમાં શરીઅતના હુકમોનું સન્માન અતિશય કક્ષાનું હોય એવી તેમની તર્બિયત તથા કેળવણી કરો, નહીં તો એ જો ભટકશે તો કયામતમાં તમારી પણ સખત પકડ થશે ! તથા હે મારા નવયુવાન ભાઈઓ ! તથા બહેનો ! "બોય ફ્રેન્ડ–ગર્લ ફ્રેન્ડ"એ સંસ્કૃતિ અધર્મીઓની તથા નાસ્તિકોની છે અને તમે તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને ચાહનાર છો તો અધર્મીઓની વાતો પર ન જાવ અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના કહ્યા પર ચાલો એમાં જ બંનેવ જહાનમાં તમારી

ભલાઈ તથા ઈજ્જત છે. ઈસ્લામમાં દરેક પરાયી સ્ત્રી જ્યાં સુધી તમારા નિકાહમાં નથી ત્યાં સુધી તે તમારી માં, બહેન તથા બેટી સમાન છે એવી જ તેણીની ઈજ્જત થવી જોઈએ. તેણી સાથે કોઈ હલકો અભદ્ર વહેવાર કે છૂટછાટ એ જહન્નમમાં જવાનો સરળ માર્ગ છે. માટે એવાં કુકર્મોથી બચો અને કર્યાં હોય તો આજે જ તૌબા કરી લો !

હા ! પ્રકૃતિ તથા ફિતરતનો તકાઝો છે કે સ્ત્રીને પુરૂષના તથા પુરૂષને સ્ત્રીના સહારાની પુખ્ત થતાં જરૂરત ઉભી થાય છે, તો ઈસ્લામે તેનો જાઈઝ માર્ગ દર્શાવ્યો છે કે નિકાહ કરી લો. અને નિકાહની ફઝીલતમાં સરકારે દો જહાં ﷺનું ફર્માન જુઓ : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **"જ્યારે બંદાએ નિકાહ કરી લીધા તો પોતાનો અડધો દીન મુકમ્મલ કરી લીધો,** પછી બાકી અડધા દીનમાં અલ્લાહ તઆલાથી ડરે." *(બયહકી, મિશ્કાત, ઝિયાઉલ હદીષ, પેજ–૧૧૧)*

અને જેઓ નિકાહ નથી કરી શકતા તેમને ગુનાહોથી બચવાનો ઈલાજ દર્શાવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે નૂરે મુજસ્સમ ﷺએ ફર્માવ્યું, "હે નવયુવાનો ! તમારામાંથી જે નિકાહ માટે શક્તિમાન હોય તે જરૂર નિકાહ કરે, કેમ કે નિકાહ નિગાહ નીચી કરનાર છે અને શર્મગાહનો મુહાફિઝ છે, અને જે એની શક્તિ ન ધરાવતો હોય તે રોઝા લાઝિમ કરી લે તો એ રોઝા એની હિફાઝત છે." (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ) એટલે કે રોઝા વાસનાને તોડે છે.

રબ તઆલા મુસલમાનોને નેક સમજ આપે અને ઈસ્લામથી મહોબ્બત રાખી સરકારે દો જહાં ﷺની સુન્નતો મુજબ, તેમના આદેશો પ્રમાણે ઈજ્જતભેર જિંદગી જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૦૮,*
*રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવીપ તંત્રી લેખ)*





**...પ્રકરણ : 3**

# ઝિના (વ્યભિચાર)

મોટા ગુનાહો (કબીરા ગુનાહો)માં ઝિના (વ્યભિચાર) પણ મોટો ગુનોહ છે. પર સ્ત્રી સાથે ગેરકાયદેસર રીતે સહચાર સંભોગ કરવો એનું નામ તો ઝિના (વ્યભિચાર) છે જ પરંતુ ! એ રીતે લોંડાબાઝી (અગ્લામ) Sodomy, સ્ત્રીએ સ્ત્રી સાથેનો વ્યભિચાર (સહક) Lesbian, પુરૂષોમાં પ્રકૃતિ વિરૂધ્ધ (લવાતત) Homosexual નું કૃત્ય, આ પ્રકારે પરાઈ સ્ત્રી પુરૂષને ઈરાદાપૂર્વક કુદષ્ટિથી જોવું, નગ્ન તસ્વીરો જોવી, કામવાસના જાગૃત કરે એવી વાર્તાઓ વાંચવી કે શરીરના અંગ ઉપાંગોને જોઈને કે સિનેમા નાટિકાના ગીત કે દશ્યોના વિચારો મનમાં જમાવી આનંદ માણવો, તે પછી બાહ્ય (જાહેરી) રીતે હોય કે આંતરિક (બાતિની) બંનેવ સામેલ છે. કારણ કે એમાં આંખ, કાન, નાક, કાન, હાથ, પગ, મોઢું, મન અને વિચારો એક યા બીજી રીતે પ્રવૃત્ત હોય છે. એનાથી બચવું જોઈએ.

હઝરત નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું છે કે, પરાઈ સ્ત્રીને કુદષ્ટિએ જોવું આંખનો ગુનોહ છે. તેનું ગીત ગાન સાંભળવું કાનનો ગુનોહ છે, તેનાથી બદ્ઈરાદે વાત કરવી જીભનો ગુનોહ છે, તેને સ્પર્શવું હાથનો ગુનોહ છે, એવા ઈરાદાથી તેના તરફ જવું પગનો ગુનોહ છે, એવા કોઈ પાપની ઈચ્છા રાખવી દિલનો ગુનોહ છે અને અગર એવો કોઈ ગુનોહ કરી ચૂક્યા તો એની સાબિતી શર્મગાહ આપે છે. *(મિશ્કાત શરીફ)*

આમ આ દરેક ગુનોહ ઝિના (વ્યભિચાર)માં લેખાય છે.

વળી આ પ્રકારના માનસિક રોગમાં પિડાતા લોકોને શૈતાન તરફથી પણ પૂરો સાથ મળે છે. પરિણામે એવા લોકો નિર્લજ્જ (બેશરમ) થઈને ઉઘાડે છોગે પણ એવાં કૃત્યો કરતાં અચકાતા નથી. જ્યારે કેટલાક એવા પણ હોય છે કે સમાજમાં કે લોકોની દષ્ટિએ અપમાનિત કે બદનામ થવાની બ્હીકે જાહેરમાં તો આવાં કૃત્યોથી અળગા રહે છે, પરંતુ દિલમાં કામવાસનાના વિચારોને વેગ આપી આનંદ માણતા હોય છે. તેઓના માટે ખાસ ચેતવણી આપવામાં આવી છે કે :–

"વહુવ યઅલમુ ખાઈન તલ અઅયુનિંવ વમા તુખ્ફીસ્સુદુર" **અલ્લાહ તઆલા ખ્યાનત કરનાર કુદષ્ટિભરી આંખને જાણે છે અને તમારા દિલોમાં છુપાએલી વાતને પણ.**

તો જે રીતે બાહ્ય ઝિનાથી બચવાની જરૂર છે એ રીતે આંતરિક ઝિનાથી અળગા રહેવાની જરૂર છે અને જો એમ નહીં કરો તો એ પણ યાદ રાખજો કે, તમારી આત્મા (રૂહ) અંધકારમય બની જશે. પરિણામે ખુદાઈ ક્રોધ, કોપને નોતરવાના હક્કદાર બનશો.

કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે, (ભાવાર્થ) : (હે રસૂલુલ્લાહ ! صلى الله تعالى عليه وسلم) મો'મિનોને કહો કે, તેઓ તેમની આંખો નીચી રાખે. અને પોતાના ગુપ્તાંગ (સતર)ને ગુનાહથી બચાવે. આ તેમના માટે તકવા (પરહેઝગારી, પાકીઝગી, પવિત્રાઈ) ભર્યું છે. નિઃશંક ! તેઓ જે કાંઈ કરતા રહે છે તેનાથી અલ્લાહ ત્આલા સારી પેઠે ખબરદાર છે. *(સૂરએ નૂર, આયત–૩૦)*

એજ રીતે સ્ત્રીઓ માટે પણ તે પછીની આયતે કરીમામાં ફર્માવ્યું છે કે, (ભાવાર્થ) : અને મો'મિન સ્ત્રીઓને પણ કહી દો કે, તેણીઓ પોતાની દષ્ટિ નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોને (બીજાઓની નજરોથી) બચાવે અને પોતાના બનાવ–શણગાર કે જે પોતે મેળે જાહેર થાય છે તે સિવાય (જાણી જોઈને) જાહેર (કરવાના પ્રયત્નો) ન કરે. અને તેમને જોઈએ કે પોતાની ઓઢણી પોતાની છાતી પર નાંખી રાખે....... *(આયત–૩૧, સૂરએ નૂર)*

હઝરત નબીએ પાક صلى الله تعالى عليه وسلم નું ફર્માન છે કે, પરાઈ સ્ત્રીને જાણીબુઝીને જોવું, કિશોરવયના છોકરાને ભરપુર નજરથી જોવું ફિત્નાનું કારણ બની શકે છે. શૈતાન એનો દાવ અજમાવી નજરબાઝી માટે પૂરો સહકાર આપી બુરા કૃત્ય તરફ દોરી જાય છે. તેમાં તે નજર, દિલ અને ગૃપ્ત ભાગોને ઉશ્કેરે છે, જેથી એવી બાબતોથી બચતા રહો.

હદીષ શરીફની વિ□ાસપાત્ર કિતાબ "મુસ્લિમ શરીફ"ની શરહ લખનારા હઝરત ઈમામ નવવી رحمة الله عليه એ લખ્યું છે કે તરૂણ વય (દાઢી મૂછ વિનાના કિશોર)ના છોકરા જે ખૂબસૂરત હોય તેમના તરફ ભરપૂર નજર નાંખી જોવું હરામ છે. હઝરત ઈમામ શાફઈ رحمة الله عليه તેમજ હઝરત મુલ્લા અલી કારી رحمة الله عليهએ પણ ઉપરોક્ત મંતવ્યને સમર્થન આપ્યું છે. આ





બાબતે દીનના અનેક મહાનુભાવોએ પણ આ વિષયને લગતી વિશેષ ચર્ચા કરી છે. તરૂણ (યુવાન) છોકરાને પણ સ્ત્રીના હુકમમાં ગણવામાં આવ્યો છે.

**ઈસ્લામ ધર્મમાં માનવજીવનની ભલાઈ માટે જન્મથી માંડી મૃત્યુ સુધીના ઉચ્ચ ચારિત્ર માટે નિતિ નિયમનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે.** જેમાં સતરે ઔરત (દૂંટીથી માંડી ઘુટણ સુધીનો ભાગ) જોવાનીયે સખ્ત મનાઈ કરવામાં આવી છે. જેમાં ન સ્ત્રી સ્ત્રીના સતરને જુઓ, ન મર્દ મર્દના સતરને જુએ. ત્યાં સુધી કે ન સ્ત્રી સ્ત્રીની સાથે પથારીમાં સૂએ ન મર્દ મર્દની સાથે એક પથારીમાં સૂએ. સતરે ઔરત જોવું હરામ છે, એટલું જ એને છુપાવવું જરૂરી છે એ છૂપા ભાગમાં એ તાસીર છે કે, એને જોવાથી માનવની વાસના ઉત્તેજીત થાય છે ને શારીરિક ભૂખ ભડકે છે એ માનવ પ્રકૃતિનો તકાઝો છે. ભલે ને તે નેક હોય કે બુરો પણ પરિણામ ખોટું જ આવે છે.

વળી બે સ્ત્રીઓના એક જ પથારીમાં સૂવાના કારણે તેમનામાં વાસના ઉત્તેજીત થતાં "સહક" (Lesbian) જેવી બિમારી થવાનો ભય રહે છે. જ્યારે પુરૂષોમાં "લવાતત" પ્રકૃતિ વિરૂધ્ધનું કૃત્ય (Homosexual)ની બુરી આદતનો ભય ઉભો થાય છે. આને સજાતિય શારીરિક સંબંધ કહેવામાં આવે છે.

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمة الله عليه લખે છે કે, એક જ પથારીમાં બે પુરૂષો કે બે સ્ત્રીઓએ સાથે સૂવું જાઈઝ નથી. ભલેને તેઓ એક જ પથારીના બે છેડાઓ પર સૂવે. ઈસ્લામે તો ત્યાં સુધીની તાકીદ કરી છે કે, તમારી ઔલાદ દસ વરસની ઉંમર થઈ જાય તો તેમની પથારી અલગ કરી દો, કારણ કે આ ઉંમરે એમનામાં શારીરિક સમાગમનો શઉર (શાન) આવી જાય છે. *(દુર્રે મુખ્તાર, શર્હતુલ ઈસ્લામ (શામી), રદ્દુલ મુહ્તાર)*

**વળી કોઈ તરુણ વયના છોકરા કે છોકરીએ પુખ્ત વયના સાથે મિત્રતા બાંધી હરવું ફરવું એ ભયથી ખાલી નથી.** ત્યાં સુધી કે ખૂબસૂરત છોકરો હોય અને જેના દાઢી મૂછ ફૂટયાં પણ ન હોય તેવાને બીજાની સાથે "હજ્જ" જેવી પવિત્ર ફર્ઝ પર જતાં તેના માં બાપ રોકી શકે છે. પુત્રની પણ ફર્ઝ બને છે કે માં બાપના હુકમની અવગણના ન કરે. *(રદ્દુલ મુખ્તાર)*

કુર્આને પાકમાં પણ આ પ્રમાણે ઈશારો કરવામાં આવ્યો છે : "વલા

તકરબુઝ્ઝીના" **ઝિના (વ્યભિચાર)ની પાસે પણ ન જશો (એ ભારે બેશરમી અને ખોટો માર્ગ છે.)**

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ લખે છે કે ઝિના (વ્યભિચાર)ને કારણે કુટુંબ, સમાજમાં અનેક દુષણો પેદા થાય છે. પરિણામે લડાઈ, ઝઘડા, ફસાદ, મારા મારી, ખૂનામરકી કે કુટુંબ, સમાજ, સંસારનીયે બરબાદી થાય છે, ઝિનાકાર (વ્યભિચારી) સ્ત્રી પુરૂષને સમાજના લોકો નફરતની દૃષ્ટિએ જુએ છે. વળી તેઓના લગ્ન (શાદી) માટે અનેક અડચણો ઉભી થતી હોય છે. ઝિના (વ્યભિચાર)ને કારણે જન્મેલ શંકાસ્પદ સંતાનની લાવરિશ પાલક સંસ્થાઓ કે રિમાન્ડ હોમ કબજો લે છે. ક્યારેક તો સમાજમાં હરામીના નામે ઓળખાય છે પરિણામે તેની યથા યોગ્ય દેખભાળ થતી નથી, તેના ધર્મ (મઝહબ)નું યે કોઈ ઠેકાણું રહેતું નથી. આવા અનેક કારણોને ધ્યાનમાં લઈ ઝિના (વ્યભિચાર) હરામ ઠરાવવામાં આવી છે કે જેથી સ્ત્રી પુરૂષ એક બીજાના સુખ દુઃખના ભાગીદાર બને, ઘરસંસાર, બાળકોના પાલનપોષણ, ઉછેરમાં કુટુંબ, સમાજ સાથેના વ્યવહારમાં પરસ્પર એકબીજાના વફાદાર સાથી બની આદર્શ જીવન જીવી શકે છે માટે "નિકાહ" જેવી એક અજોડ સગવડ કરી દેવામાં આવી છે એક "સુન્નત" છે અને એક "સુન્નત"ને જીવંત રાખનારને સો શહીદોનો સવાબ મળે છે. અને આ ત્યારે જ બની શકે કે પતિ પત્ની એક બીજાને વફાદાર રહી પવિત્ર જીવન જીવે. નહીંતર ! બેવફાઈ બેહયાઈનું જીવન કુદરતનો કોપ નોંતરવાથી ઓછું નથી. *(તફસીરે કબીર, ભાગ–૫)*

પરિણામે ઝિનાકાર (વ્યભિચાર)ની રોજીમાંથી બરકત ઉઠી જાય છે. નેકીઓથી મેહરૂમ થઈ જાય છે. નેક કામ કરવાનીયે તૌફીક મળતી નથી, ઉંમર (આયુષ્ય) ઘટી જાય છે, લોકોના દિલોમાં તેના પ્રત્યે નફરત પેદા થાય છે અને આખેરતમાં પણ એનો હિસાબ સખ્તાઈથી લેવામાં આવશે.

આ મહાન લઅનતી અઝાબી કૃત્યોથી બચવા ઈસ્લામે લગ્ન (શાદી) માટેની ખાસ હાકલ કરી છે. તેના સમર્થનમાં અનેક હદીષો પણ આવી છે. ઉલમાએ કિરામે લખ્યું છે કે શારીરિક મેળાપ બરદાશ્ત કરવાની હદથી બહાર થઈ જવાનો કે શરઈ હદ ઓળંગી જવાનો ભય હોય, કામવાસના (શહવત)નો ગલ્બો તીવ્ર હોય તો મો'મિનના માટે નિકાહ કરવું વાજિબ છે. અગર આ





પ્રકારનો ભય ન હોય તો નિકાહ કરવું સુન્નતે મુઅક્કેદહ્ છે. લગ્ન (શાદી) પછીની ફર્ઝો અદા નહીં કરી શકે એવો ભય હોય તે લગ્ન (શાદી) કરવાથી દૂર રહેતો હોય તો એ કાર્ય મકરૂહ છે. પત્નીના અધિકારો પરિપૂર્ણ કરવાને શક્તિમાન ન હોય તો નિકાહ કરવો સદંતર હરામ છે. વળી નિકાહ કરવાની શક્તિ ધરાવતો હોય તે નિકાહ કરે કે જેથી પરાઈ, સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિએ જોવાથી બચી જાય અને નિકાહ કરવાની શક્તિ ન રાખતો હોય તે રોઝા રાખે, અને રોઝો હવસને તોડે છે.

"જે વ્યક્તિ વાસનાની જગ્યાને સુરક્ષિત રાખશે (વ્યભિચારથી દૂર રહેશે) તેના માટે જન્નત છે." *(હદીષ શરીફ)*

દીને ઈસ્લામમાં જીવન વ્યવસ્થાના દરેક પાસાંઓ પર સંપૂર્ણ પ્રકાશ નાખવામાં આવ્યો છે, જેમાં દીન અને દુનિયાની ભલાઈ બંનેવ સમાયેલ છે. અગર કોઈ મુસલમાન એ તા'લીમથી બગાવત (વિદ્રોહ) કરી પોતાની અંગત ઈચ્છાઓ (મહેચ્છાઓ)ને શરણે થઈ જાય તો તે કુદરતના કાનૂનનો ભંગ છે.

**આજકાલ રહેણીકરણી કે શોધખોળની દૃષ્ટિએ પ્રગતિવાદી દેશો ભલે આગળ પડતા ગણાતા હોય પરંતુ ઈસ્લામે અખ્લાકી અને નૈતિકતાની દૃષ્ટિએ શ્રેષ્ઠતાનું જે ધોરણ નક્કી કર્યું છે તેની સરખામણીમાં કહેવાતા એ પ્રગતિવાદી દેશો અધોગતિની દિશામાં ઘસડાઈ રહ્યા છે.**

"લોંડા બાઝી" (અગ્લામ બાઝી) પ્રકૃતિ વિરૂધ્ધના હિન કૃત્યો, સજાતિય વ્યભિચાર (સહોદર), હસ્ત મૈથુનની વિકૃત ટેવ, **AIDS., H.I.V.**, ચાંદી, મધુપ્રમેહ, વારસાગત બિમારીને કારણે હજારો બાળકોના બાળ મૃત્યુ, નાબાલિગ (કુંવારી) યુવતીઓના ગર્ભપાત અને શારીરિક અવયવોની શસ્ત્રક્રિયા તેમજ એવા પ્રકારની બીમારીઓના આંખો ફાડી નાંખે એવા આંકડા દર્શાવતા અહેવાલ દર વર્ષે યૂરોપના પત્રોમાં બહાર પડતા હોય છે. એ રીતે જોતાં **ઝિના (વ્યભિચાર)ને કારણે થતા નુકસાનનો ઈસ્લામે જે ચિતાર આપ્યો તથા એનાથી બચવા નિકાહ કરીને પત્ની તરીકે રાખી સ્ત્રીની ઈજ્જતથી જે માવજત કરવાની તાલીમ આપી છે એ માનવજગત પર મોટો ઉપકાર છે, તે વાત ભૂલવા જેવી નથી.**

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૦૭,*

*અઝ : જનાબ 'જિગર' નબીપુરી, લંડન)*

...પ્રકરણ : ૪

# એઈડ્ઝથી બચવું છે ?!

## તો ઈસ્લામની પનાહમાં આવો !

**"એઈડ્ઝ" એકવાયર્ડ ઈમ્યુનો ડેફીસીયન્સી સીન્ડ્રમ**ને ટૂંકાણમાં એઈડ્ઝ કહે છે. આ ચાર શબ્દોના પ્રથમ અક્ષરો **A.I.D.S.** એટલે એઈડ્ઝ.

આ રોગના નામનું ગુજરાતીકરણ મુશ્કેલ છે, પરંતુ પ્રાપ્ત કરેલો (**Acquired**) રોગપ્રતિકારક શક્તિમાં ખામી ઉત્પન્ન કરતો (**Immuno Deficiency**) અનેક ફરિયાદોનો સમૂહ (**Syndrum**) એટલે **AIDS**.

"એઈડ્ઝ" એ ઘણી ખતરનાક જીવલેણ બીમારી છે. એનું નામ પડતાં જ એક પ્રકારની ભયજનક લાગણી અંતરમાં જાગી ઉઠે છે અને એ પણ મશહૂર થઈ ચૂક્યું છે કે આ બીમારી જાનવરો જેમ અમર્યાદિત વ્યભિચારમાં તેમજ સૃષ્ટિ વિરૂધ્ધનાં કૃત્યોમાં પડેલા, શરાબી, ડ્રગિસ્ટ, જંગલી માનવોથી પણ ગયા ગુજરેલા પણ કહેવાતા ફોરવર્ડ ! ઐયાશ સ્ત્રી પુરૂષોને થાય છે. આપણો દેશ ભારત એ યૂરોપ, અમેરિકા તેમજ અન્ય વિકસિત તથા ફેશનમાં ખૂબ જ આગળ નીકળી ગયેલા (આદીમાનવ જેવી ફેશને પહોંચેલા !) દેશો કરતાં, આજના પશ્ચિમી હવાએ રંગાયેલા માહોલમાં પણ કાંઈક અંશે હજી સંસ્કાર તથા સંસ્કૃતિ અને શરમ તથા હયા તથા મર્યાદાને સાચવીને રહેલો છે, તેમ છતાં પશ્ચિમીઓનું, યૂરોપ અમેરિકાનું અનુકરણ કરવાના સબબે ક્રમે ક્રમે વ્યભિચારની બુરાઈઓમાં ખરડાતો જઈ રહ્યો છે અને ચિંતાજનક બાબત એ છે કે ખૂબ જ ઝડપથી ખરાબીના પંથે જઈ રહ્યો છે. ટી.વી. થકી સપ્લાય થતી પશ્ચિમી બેશરમ ગંદી કુસંસ્કૃતિ રોજ બરોજ આપણા ઘરોમાં ઠલવાઈ રહી છે, જેના માટે કોઈ રજમાત્ર ચિંતિત હોય તેવું જણાતુ નથી ! અને બુરાઈઓ તથા બેહયાઈઓનું બજાર ગરમ થતુ જાય છે. જેના પરિણામે આ પરદેશી બીમારી **"એઈડ્ઝ"**ની ભેટ આપણા ભારતને કેટલા પ્રમાણમાં સાંપડી રહી છે એનો ચિતાર પણ સંક્ષિપ્તમાં જોઈ લો :–





## ★ એઈડ્ઝની હિંદમાં સ્થિતિ ★

"અત્યારે એઈડ્ઝનો પંજો વિકાસશીલ રાષ્ટ્રોમાં ધીમે ધીમે વિકરાળ બનતો જાય છે. જેમાં આફ્રિકન રાષ્ટ્રો મોખરે છે, તે પછી નંબર આવે છે ભારત અને ચીન જેવા દેશનો. જો કે આ રોગ ગુપ્ત રીતે શરીરમાં ફેલાતો હોવાને કારણે તત્કાલ તેની જાણકારી દર્દી કે ડોક્ટર બેમાંથી એકેયને થતી નથી. કેમ કે આ રોગમાં સપડાયા બાદ આ રોગ ધીમે ધીમે શરીરમાં ફેલાવાનું શરૂ કરે છે તે સમયે આ રોગના ચિન્હો નહિવત જણાતા હોવાથી તે દર્દ પકડી શકાતું નથી. આ ગાળાને મેડીકો–ભાષામાં "વીન્ડો પીરીયડ" કહે છે. અને જ્યારે આ રોગ પોતાના લક્ષણો ખૂબ દર્શાવવાનું શરૂ કરે ત્યારે તો આ રોગ પૂરો ફેલાઈ ચૂક્યો હોય છે. જો કે ગમે તે સ્ટેજ પર આ રોગ અસાધ્ય તો છે જ.

ભારતમાં વર્ષ ૨૦૦૪ના અંત સુધીમાં એઈડ્ઝના ચેપ (સંક્રમણ)ના કુલ ૨૮,૦૦૦ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે. આ જાણકારી અત્રે આયોજિત એક પત્રકાર પરિષદમાં આરોગ્યપ્રધાન ડો. અંબુમણી રામદોસે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારના વિવિધ કાર્યક્રમો અને દેખરેખના કારણે તેમજ આ અંગે સતત જાણકારીનો મારો ચલાવાયો હોવાને કારણે વર્ષ ૨૦૦૪માં એચઆઈવી એઈડ્ઝમાં ખાસ કોઈ વૃદ્ધિ થઈ નથી. વર્ષ ૨૦૦૩માં ૫૧ લાખ ૬૦ હજાર એઈડ્ઝના કેસ હતા. જ્યારે વર્ષ ૨૦૦૪માં એઈડ્ઝના ૫૧ લાખ ૪૦ હજાર કેસ નોંધાયા છે. દેશમાં એઈડ્ઝની મહામારીના દરમાં ૨૦૦૪માં ખાસ કોઈ વૃદ્ધિ થઈ નથી.

તેમણે વિશેષ માહિતી આપતાં ઉમેર્યું હતું કે, કેટલાક રાજ્યોમાં આ રોગના દર્દીઓમાં વૃદ્ધિ થઈ છે તો કેટલાક રાજયો એવા પણ છે જ્યાં આ રોગના દર્દીઓનું પ્રમાણ ઘટયું છે. પણ રાષ્ટ્રીય સ્તરે સ્થિતિમાં ખાસ હોઈ પરિવર્તન નથી. એઈડ્ઝના ૨૪.૪ ટકા રોગીઓ શહેરી વિસ્તારમાં રહે છે. જ્યારે ૫૭.૬ ટકા રોગીઓ આ દેશના ગ્રામીણ ક્ષેત્રમાં રહે છે. તેમણે આ આંકડાઓને એકદમ વાજબી ગણાવતાં કહ્યું હતું કે, આ ગણતરી વિ□ આરોગ્ય સંગઠન અને સંયુક્ત રાષ્ટ્ર એઈડઝ વિભાગના માપદંડ અનુસાર કરાઈ છે. સ્વાસ્થય મંત્રીએ જણાવ્યું હતું કે, એચઆઈવી એઈડ્ઝનું સંક્રમણ દેશના પ્રૌઢોમાં ૯.૧૬ છે. જ્યારે સંપૂર્ણ વસ્તીની દષ્ટિએ આનાથી ઘેરાયેલા લોકોની સંખ્યા ૦.૯૧ ટકા છે." –*(ગુજરાત ટુ ડે, તા. ૨૭–૫–૦૫)*

## ★ એઈડ્ઝ ફેલાવનારા તેને શું રોકી શકે ?! ★

આશ્ચર્યની વાત એ છે કે જે લોકો "એઈડ્ઝ"ની બીમારીના જન્મદાતા છે એટલે કે સ્ત્રી આઝાદીના નામ પર સ્ત્રીઓને જાહેરમાં નગ્ન કરીને રૂપિયા રળીને પબ્લિકને વ્યભિચાર પ્રતિ આકર્ષી રહ્યા છે અને સ્ત્રીને બજારમાં વેચાતી કરી તેની આબરૂની લિલામ કરી રહ્યા છે તેઓ જ "એઈડ્ઝ"થી બચવાના પ્રોગ્રામો તથા અવનવા તુક્કાઓ દર્શાવી રહ્યા છે. અને વિ□ભરમાં **"એઈડ્ઝ ડે"** મનાવી રહ્યા છે **જેમાં એ નથી દર્શાવતા કે વ્યભિચારથી દૂર રહો, નિકાહ કરીને પવિત્ર જીવન જીવો, પર પુરૂષોથી પર સ્ત્રીઓથી મેળ મેળાપ બંધ કરો..... બલ્કે એવાં શરમજનક વ્યભિચારના માર્ગો દિવાલો પર ઠેર ઠેર ચિતરે છે કે જે કોઈ પણ કૌમના સભ્ય સમાજને શોભે નહીં, અને જેનામાં થોડી ગૈરત હોય તે પણ એ લખાણોથી ઘૃણા અનુભવશે.** વળી એઈડ્ઝથી બચવા બચાવવા અભિયાન ચલાવાય છે, સેમિનારો યોજાય છે, લેક્ચરો થાય છે.... પણ ક્યાંય વ્યભિચારથી દૂર રહેવા અને આપણા પૂર્વજો જેવી સભ્ય સંસ્કૃતિવાળી જિંદગી જીવવા ક્યાંય કોઈ સમજાવતુ નથી !! શું આ રીતે એઈડ્ઝને રોકી શકાશે ?! કદાપી નહીં !

## ★ એઈડ્ઝના બીમારની શું હાલત થાય છે ? ★

"એઈડ્ઝ" એવી ભયાનક જીવલેણ બીમારી છે કે તેનાં જંતુઓ શરીરમાંની રોગપ્રતિકારક શક્તિને નષ્ટ કરી દે છે જેથી માનવ શરીર કોઈપણ પ્રકારના ઈન્ફેકશન તથા રોગના પ્રતિકાર માટે લાયક નથી રહેતું. જે કોઈને "એઈડ્ઝ"નો રોગ લાગી જાય છે તે થોડાક જ વરસોમાં ઈબ્રતનાક મૌતનો શિકાર થઈ જાય છે. એઈડ્ઝની બીમારી સામાન્યતઃ આડા સંબંધો, નાજાઈઝ સેક્સ સંબંધો, ઐયાશી, સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્યો અને સજાતિયો સંબંધોની અતિશયતાના કારણે લાગુ પડે છે. એઈડ્ઝની બીમારીવાળી વ્યક્તિ સાથે સંભોગ કરવાથી કે તેવાનું લોહી અન્યને આપવાથી બીમારી ફેલાતી ચાલે છે. હજી સુધી આ બીમારીનો ઈલાજ શોધી શકાયો નથી, કેવળ એનાથી બચવાના માર્ગો અપનાવવાથી એ બીમારીથી બચી શકાય છે. મુદ્દલે આ બીમારીનું કારણ અનૈતિક સંબંધોની બોલબાલા છે એટલે આ બીમારી એક અઝાબ સમાન છે એટલા માટે એના પાયાના સબબો દૂર કર્યા વિના તેનાથી





છૂટકારો પામવો શક્ય નથી.

## ★ કેવળ ઈસ્લામ એઈડ્ઝ રોકી શકે છે ! ★

નગ્નતા, બિભત્સપણુ, ઐયાશી તથા સંસ્કારમય બંધનોની પાયમાલી તથા નશાખોરીની લા'નત, શરાબની અસરો, નિકાહ વિનાના આડા વહેવારોએ પશ્ચિમી સમાજને તબાહીના ઘાટે પહોંચાડી દીધો છે અને ત્યાંથી જ "એઈડ્ઝ" જન્મ પામ્યો છે. આ આઝાદખયાલ તથા સ્વચ્છંદી પશ્ચિમીઓ એઈડ્ઝને રોકવા કે તેના ઈલાજ કરવાથી લાચાર બની ગયા છે. પણ ઈસ્લામે એ બીમારીથી બચવાના માર્ગો સૂચવ્યા છે. **ઈસ્લામે જે નિયંત્રણો તથા બંધનો નિશ્ચિત કર્યા છે એના પર અમલ કરીને અને પોતાનામાં ખુદાનો ડર પેદા કરીને જ ઈન્સાન આ બુરાઈઓથી દૂર રહી શકે છે અને એઈડ્ઝથી મેહફૂઝ રહી છે સાથોસાથ અન્ય લોકોને પણ સુરક્ષિત રાખી શકે છે.** આજના આધુનિક યુગમાં ચોતરફ મોર્ડનાઈઝમ અને એડવાન્સ (પ્રગતિ)ના મોહમાં બુરાઈઓનું પુર ઉમટી ઉઠયું છે, બિભત્સતા તથા સ્વચ્છંદીપણાની ભરમાર છે. ફિલ્મો, ટી.વી.થી લઈને વર્તમાન પત્રો તથા મેગેઝિનો સુદ્ધાં આ બુરાઈઓના અડ્ડા બની ચૂકેલ છે. ફેશન અને ખૂબસૂરતીના નામ પર શરીરનું પ્રદર્શન, નશાખોરી તથા મોજમસ્તીના નામ પર ઐયાશીની ચોતરફ બોલબાલા છે. તમામ ધર્મવાળા આજે આ બુરાઈઓને રોકવા અસમર્થ જણાય છે બલ્કે કેટલાય ધર્મગુરૂ કહેવાતા લોકોના (સ્વામીઓના) સેક્સ સ્કેન્ડલ રોજબરોજ બહાર પડી રહ્યાં છે ! મંદીરે દર્શનના નામે સાધુ સ્વામી સાથે ઐયાશીના ખેલો ખેલાતા હોવાના ન્યૂઝ અખબારોમાં અવાર નવાર આવી રહ્યા છે.

રોજ બરોજ સુંદરી હરીફાઈના પ્રોગ્રામો વિ□ભરમાં ઠેરે ઠેર યોજાઈ રહ્યા છે, તથા બિઝનેશમેનો તથા વિવિધ કંપનીઓવાળા સ્ત્રીને સુંદર મજાનું રમકડુ સમજીને આઝાદીના નામે કપડાંથી આઝાદ કરી દઈને એડવર્ટાઈઝના નામે વિ□ભરના લોકો સમક્ષ નગ્ન પરેડ કરાવી રહ્યા છે.... જેની અસર એ થઈ રહી છે સ્ત્રીઓ તથા તદ્દન ઓછી વયની નવયુવતીઓ તેમની નકલ કરવામાં મોડેલની જેમ પોતે પણ મોડેલ બની રહી છે ! નવી પેઢીનું એવું બ્રેઈન વોશિંગ થઈ રહ્યું છે કે શરમ હયાને ફંગોટીને સૌ યુવાન યુવતીઓ સ્વચ્છંદીપણુ અપનાવી વ્યભિચાર પ્રતિ વળી રહેલ છે.

કેવળ ઈસ્લામ જ એક એવો મઝહબ છે કે જે આ ગલત રાહ પ્રતિ પુરની જેમ ભાગી રહેલી યુવાનીને રોકવા સમર્થ છે, જો એનો યોગ્ય પ્રચાર તથા અભ્યાસ કરવામાં આવે જે કુર્આન હદીષમાં બિભત્સતા તથા વ્યભિચારની બુરાઈઓ તથા તેનાથી બચનારને થતા દુનિયા તથા આખેરતના ફાયદાઓ દર્શાવ્યા છે. એટલે જ આ બુરાઈઓના થકી દૌલત કમાવા માંગતા દુનિયાના કૂતરાઓ અને એ બુરાઈઓમાં મજા માણવા ઈચ્છનારા નાલાયકો ઈસ્લામને પોતાના માટે ખતરો સમજીને ઈસ્લામ વિરૂધ્ધ ખડા થઈ ગયા છે, અને ઈસ્લામના પાબંદ મુસ્લિમોને રૂઢી ચુસ્ત, જૂનવાણી તથા ત્રાસવાદી સુદ્ધાંનું લેબલ લગાડી રહ્યા છે. જેમને ત્યાં ઈજ્જત તથા આબરૂ નામનો શબ્દ જ નથી રહ્યો, તેમની પત્નીઓ, દીકરીઓ તથા પુત્રો સૌ જાનવરો જેમ વ્યભિચારમાં પડી ચૂક્યાં છે તેઓ સર્વને એ રંગમાં રંગી દેવા માટે ઈસ્લામ વિરૂધ્ધ પ્રચાર કરી ''સ્ત્રી આઝાદી'ના નામે દુનિયાની સર્વ સ્ત્રીઓને ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓને ઉશ્કેરીને દીનથી બગાવત કરવા પ્રેરી રહ્યા છે.

### ★ આ સ્ત્રીઓની આઝાદી છે કે સ્ત્રીઓની તબાહી ! ★

આજે પશ્ચિમના આઝાદ ખયાલ માહોલની સ્થિતિ એ છે કે દરરોજ દર મિનિટે સેંકડો સ્ત્રીઓ પર બળાત્કારના બનાવો બની રહ્યા છે અને સ્વેચ્છીક રીતે વ્યભિચાર જે થતો હોય છે તેની તો ગણત્રી જ કરી શકાય તેમ નથી ! જેની સાથે ફાવે તેની સાથે આડો સંબંધ જોડી દેવો એ ફેશન બની ચૂકી છે અને નબાપા બાળકોની માંઓની સંખ્યા વધી રહી છે. સંસ્કાર તથા પવિત્ર સંસ્કૃતિનો જનાઝો ઉઠી ગયો છે, અને કૌટુંબિક જીવન બંધારણ વિખેરાઈ રહ્યું છે.

હદ તો એ છે કે સજાતિય સંબંધો સ્ત્રી સ્ત્રી સાથે તથા પુરૂષ પુરૂષ સાથે કરવામાં આવે તે પશ્ચિમીઓને ત્યાં શરમની કે નવાઈની વાત નથી રહી ! નશાખોરી, ડ્રગબાજી, સજાતિય સંબંધો કે આડા વહેવારની ઈસ્લામમાં સખ્ત મનાઈ છે અને તેનાથી બચવા સખત તાકીદો કુર્આન હદીષમાં કરવામાં આવેલી છે.

એઈડ્ઝનો જન્મ એવાં જ કાળાં કરતૂતોની અતિશયતાને કારણે જ થાય છે. એટલે જ કુર્આને "**ઝિનાની નજીક પણ ન જાવ !**" એવો હુકમો આપેલો છે. એટલે કે જે ચીજો ઝિનામાં સપડાવી દે તેવી હોય તેનાથી પણ





સખ્ત દૂર રહેવા તાકીદ કરવામાં આવેલી છે. આજે દરેક દિમાગ રાખનાર સમજી શકે છે કે વર્તમાન સમયમાં શરમ હયા ઉઠી જવાનું કારણ તથા વ્યભિચારની બદી ફેલાવવાનું કારણ આપણા સમાજની સ્ત્રીઓનું પશ્ચિમીઓનું તથા ફિલ્મી હસ્તીઓનું અનુસરણ છે કે તેઓ જાતિય લાગણી ઉશ્કેરે તેવાં કપડાં પહેરીને નગ્નતાભર્યી દશામાં ઘુમવા લાગી છે. એવા ભડકીલા ચુસ્ત તથા પારદર્શક પોશાકો પહેરીને પોતાના અંગોનું પ્રદર્શન કરતી સ્ત્રીઓ પોતાના પ્રતિ ગેરમર્દોને આકર્ષવાનું કામ કરી રહી છે અને આ બધાને અંતે આડા સંબંધો અસ્તિત્વ પામે છે જેનાથી કાંઈ કેટલાયની દુનિયા તથા આખેરત ખરાબ થાય છે અને એઈડ્ઝ જેવી જીવલેણ બીમારી ઉદ્ભવ પામે છે.

એટલા જ માટે ઈસ્લામે સ્ત્રીઓને પર્દો અપનાવવાનો હુકમ કર્યો છે કે જેનાથી ન શરીરો જાહેર થઈ શકે ન આંખો ભટકે ન દિલો બહેકે ન વ્યભિચાર જન્મ પામે અને પરિણામે એક સુઘડ અને તંદુરસ્ત સમાજ અસ્તિત્વમાં આવે.

### ★ દુનિયાના અઝાબ એઈડ્ઝ અને આખેરતના અઝાબ જહન્નમથી બચવા ઈસ્લામની ચેતવણીઓ ! ★

કુર્આને પાકમાં છે :–

وقـرن فـى بيـوتكن ولا تبـرجن تبـرج
الجاهالية الاولىٰ۔

**તર્જુમો : "અને તમારાં ઘરોમાં રોકાયેલી રહો તથા બેપર્દા ન રહો જેવી કે અગાઉની જાહિલિયત (અજ્ઞાનતા)ની બેપર્દગી."** *(કન્ઝુલ ઈમાન, પારા–૨૨)*

જોયું તમે ? કુર્આન સ્ત્રીઓને ઘરોમાં રહેવાનો હુકમ આપે છે અને અભણતાભરી, અજ્ઞાનતાભરી બેપર્દગી ન કરવાનો હુકમ આપે છે. જ્યારે આજે તો બેપર્દા ફરવાને પ્રગતિ તથા મહાનતા સમજવામાં આવે છે અને સહેજ એજ્યુકેશન મેળવ્યું તો શરમ હયાને નેવે મૂકી દેવામાં આવે છે. બેપર્દા રહેવાને કુર્આન અભણતા (જાહિલિયત) કહે છે, જ્યારે આજની બે ચોપડી ભણી લેનારી જાણે પોતાને શું ને શું સમજી બેસીને ઓઢણી, સ્કાર્ફ સર્વ ત્યજીને

મોડેલ બનીને ફરવા લાગે છે અને પોતાની સુંદરતાનું પ્રદર્શન કરવા માંડે છે અને લોકોની નજરો પોતાના પ્રતિ પડે તેને ગર્વ સમજે છે ! જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે :

**“જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ જુએ તો વ્યભિચારીણી છે.”** –*(હદીષ)*

રસૂલે પાક ﷺ ની ઝબાની વ્યભિચારીણી ઠરવું એ કેટલી મહાન બદ્‌બખ્તી છે ! એને તેનો અંજામ કેટલો ભયાનક થશે !(અલ્લાહની પનાહ !)

### ★ રસૂલે પાક તરફથી જન્નતની ઝમાનત ! ★

આ આંખ જ ફિત્નાની પ્રથમ સીડી છે, એટલા જ માટે રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું :

**જો કોઈ નામહરમ (પર સ્ત્રી) પર અચાનક નજર પડી જાય તો તુરત જ નજર ફેરવી લો.** *(મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ)*

એ જ ઠેકાણે ફર્માવ્યું :–

**નિગાહ રોકવાથી ઈમાનની મીઠાશ નસીબ થાય છે.**

એક હદીષમાં છે : **જે શખ્સ પોતાની જીભ તથા પોતાની શર્મગાહની ઝમાનત આપે તેને હું જન્નતની ઝમાનત આપુ છું.** *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

### ★ બેપર્દગીની ભયાનક સજાઓ ! ★

હું મારા મુસલમાન ભાઈ બહેનોને **અતિ ગંભીરપણે વિનંતિ** કરું છું કે તમે ખરેખર રસૂલે પાક ﷺ પર ઈમાન ધરાવો છો તો આ પ્રસંગને દિલની આંખોથી વાંચો અને સબક લો ! :–

''હઝરત મૌલાએ કાઈનાત અલી મુશ્કિલ કુશા كرم الله وجهه الكريم ફર્માવે છે કે એકવાર હું બીબી ફાતિમા رضی اللہ عنہا ની સાથે હુઝૂર અકરમ ﷺ ની બારગાહમાં હાજર થયો. આકાએ નામદાર ﷺ ની આંખોએથી આંસૂ વહી રહ્યાં હતાં. અમે કારણ પૂછ્યું તો જણાવ્યું કે, મેં શબે મેઅરાજમાં સ્ત્રીઓના અઝાબો જોયા હતા, આજે તે દશ્યો ફરી યાદ આવી ગયાં એટલા માટે રડવું આવી ગયું.... અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમને પણ





જણાવો કે આપે શું શું જોયું ?! ઈર્શાદે ફર્માવ્યો :–

★ મેં જોયું કે એક સ્ત્રી વાળોએથી લટકેલી છે અને તેનું ભેજુ ઉકળી રહ્યું છે. **આ તે સ્ત્રીની સજા હતી જે પોતાના વાળો ગૈર મર્દોથી છુપાવતી ન હતી.**

**ચેતવણી** : આજે ઓઢણી પણ લોકો ભૂલી ગયા અને સ્કાર્ફ હાથ રૂમાલ જેટલા ! જે ન વાળો ઢાંકે છે ન છાતી ઢાંકે છે, બલ્કે આજે ઘર બહાર નીકળીને કે બાલ્કનીમાં વાળોને ઝુલાવીને સૂકવવામાં તથા ઓઢવામાં આવે છે, તો એ બહેનો આ હદીષ પર ઈમાન ધરાવતી હોય તો માથુ ઢાંકતાં શીખે, બહાર નીકળે ત્યારે પણ વાળોને સંપૂર્ણપણે આગળ પાછળથી ઢાંકે. વાળોને લહેરાવી પ્રદર્શન ન કરે.

★ રસૂલે પાક ﷺ એ ફર્માવ્યું કે એક સ્ત્રીને જોઈ કે એ રીતે લટકાવવામાં આવી છે કે ચારેવ હાથો પગો પેશાની તરફ બાંધવામાં આવેલી છે અને સાપ તથા વિછીઓ તેના પર ચઢેલા છે. **આ સ્ત્રી પોતાના પતિની રજા વિના ઘરથી બહાર નીકળતી હતી તેમજ હૈઝ તથા નિફાસથી ગુસલ કરતી ન હતી.**

**ચેતવણી** : તે તેણીઓ સબક લે જેઓ પતિને કાંઈ ગણતી જ નથી ! તથા નીલ પોલીશ કરે છે કેમ કે તેનાથી વુઝૂ કે ગુસલ ઉતરતુ નથી અને સ્ત્રી નાપાક જ રહે છે.

★ ફર્માવ્યું : એક સ્ત્રીને જોઈ કે પોતાનું જ શરીર ખાઈ રહી છે અને તેણીની નીચે આગ ભડકી રહી છે. **આ સ્ત્રી પર પુરૂષો માટે સજી ધજીને નીકળતી હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણીનું શરીર આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યું હતું. **એ તે સ્ત્રીની સજા હતી જે પરાયા મર્દો સમક્ષ શણગાર કરી પોતે અંગપ્રદર્શન કરતી હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણીનું માથુ સુવ્વર (ભૂંડ)જેવું અને ધડ ગધેડાનીજેમ છે અને વિવિધ અઝાબો તેણીના ઉપર થતા હતા. **આ જૂઠુ બોલનારી અને ચુગલખોર હતી.**

★ એક સ્ત્રીને જોઈ કે તેણી કૂતરાની જેવી છે, સાપ તથા વિછી તેની આગળ

થી ઘુસે છે અને પાછળથી નીકળે છે સાથોસાથ ફરિશ્તા આગના હથોડા પણ તેણીને મારી રહ્યા છે. **આ સ્ત્રી પોતાના પતિથી નફરત ધરાવનારી હતી.**

*–(**હદીષોનો હવાલો** : દુર્રતુન્નાસિહીન બહવાલા ઉર્દૂ માસિક અલજામિઆ–રોનાહી, યુ.પી.)*

હે મુસલમાન બહેનો ! તથા ભાઈઓ ! એઈડ્ઝની બીમારી લાવનાર આ જ ચીજો છે, પણ એ બીમારીથી તો મૃત્યુ થતાં છૂટકારો મળી જશે, પણ આખેરતના આ કેટલા ભયાનક અઝાબો હશે કે જેની યાદ આવતાં આપણા નબી કરીમ ﷺ ની આંખોએથી આંસૂ વહેવા લાગે ! આટલી વાતો વાંચ્યા પછી પણ બહેનો તમે પર્દો નહીં અપનાવો, વ્યવસ્થિત જાડી ઓઢણીઓ નહીં ઓઢો અને વાળો તથા અંગ પ્રદર્શન કરતી રહેશો તો ઈમાન કોને કહેવાશે ?! હે ભાઈઓ ! તમે કેવા રસૂલેપાક ﷺ ના ચાહક છો કે આ બધું જાણીને પણ તમારી સ્ત્રીઓને આરપાર દેખાતાં તથા ચુસ્ત કપડાં પહેરી બેહયા જેમ ફરતી જોઈને કાંઈ નહીં કહો ! તેણીઓને પ્યાર મહોબ્બતથી સમજાવો, ઈસ્લામની મહોબ્બત તેમના દિલોમાં જગાડો ! ખૂદ પણ ઈસ્લામ પર ચાલો અને બહેનોને ચાલવા સમજાવો. એમાં જ બંને જહાનમાં ઈજ્જત તથા બંને જહાનમાં ભલાઈ છે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૦૫,*

*રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી –તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક)*





## ...પ્રકરણ : ૫

# સ્ત્રી એજ્યુકેશન જરૂરી છે, પરંતુ...

મુસલમાન સ્ત્રીઓને એ વિચારવું જરૂરી છે કે પોતે અને બીજી સ્ત્રીઓમાં જેઓ ઈસ્લામથી કોઈ સંબંધ નથી ધરાવતી, ન ખુદા અને રસૂલ પર તેમનું ઈમાન છે તેમનામાં કોઈ તફાવત હોવો જોઈએ કે નહીં ? થોડીક પણ ઈસ્લામી શરમ હોત તો બધી જ ઈસ્લામી બહેનો પોતાના નબીનો કલમો પઢવાવાળી અને હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત ફાતિમા رضی اللہ عنہاના નામ પર જાન આપવાવાળી સ્ત્રીઓ જરૂર એવું કહેવા અને માનવા માટે મજબૂર સમજતી કે ખરેખર ! મુસલમાન સ્ત્રીઓ અને બીજી સ્ત્રીઓમાં કાંઈક ફર્ક હોવો જોઈએ. બધી જ સ્ત્રીઓ બરાબર નથી થઈ શકતી.

મુસલમાન સ્ત્રી અને કાફિર સ્ત્રીનું ઉદાહરણ એ રીતે સમજો કે એક માણસ જેલમાં છે અને બીજો માણસ જેલની બહાર છે, બંનેના કામકાજમાં જરૂર ફર્ક હશે. જે માણસ જેલથી આઝાદ છે એ પોતાની આદત પ્રમાણે હરે ફરે છે, ખાઈ છે, પીએ છે, હસે છે અને બોલે છે, તે અલગ રીતનો માલિક છે. અને જે જેલમાં બંધ છે તે બિલ્કુલ જુદી રીતે જીવન પસાર કરે છે, તેનું ખાવાનું અલગ છે, જે પણ મળે તે ખાય છે, જ્યાં રાખવામાં આવે છે ત્યાં રહે છે, જે કામ કરાવવામાં આવે છે તે કરે છે અને જે કામથી રોકવામાં આવે છે તેનાથી રોકાઈ જાય છે. જ્યારે પણ જ્યાં જવું હોય ત્યાં જઈ નથી શકતો, જ્યારે પણ જેની સાથે મળવા ચાહે તેને મળી નથી શકતો. જ્યારે કે ખાવાનુ, પીવાનુ, રહેવાનુ, સેહવાનુ, મળવાનુ, જુલ્વાનુ એને પણ છે પરંતુ બધી જ રીતે જેલના ક઼ાનૂનનો પાબંદ છે. આ જ મુસલમાનનો પણ હાલ છે, ચાહે તે સ્ત્રી હોય કે પુરૂષ આપણે આપણી રીતે આઝાદ નથી કે જ્યારે પણ જે વસ્તુ ચાહીએ ખાઈએ પીએ, જ્યાં જવુ હોય ત્યાં જઈએ અને આવીએ, પરંતુ આપણે તો અલ્લાહ તઆલાના કેદી છીએ, તેના રસૂલના ગુલામ છીએ, ખુદા અને તેના રસૂલના ક઼ાનૂનનાં બધી જ રીતે પાબંદ છીએ. જેમ કે હદીષે પાક છે : **(તર્જુમો)** : "દુનિયા મો'મિનો માટે જેલખાનુ છે અને કાફિરો માટે જન્નતના જેમ છે." *(જામે સગીર, સુયૂતી, હદીષ : ૪૨૭૭, પેજ–૨૬૦)*

જેથી કાફિર અહીંયાં આઝાદ છે અને મો'મિન આઝાદ નથી. જે અહીંયા આઝાદ છે તે આખેરતમાં આઝાદ નથી બલ્કે જહન્નમમાં નાંખવામાં આવશે

અને મો'મિન જન્નતની બહારોમાં ખુશહાલ અને આઝાદ હશે.

હવે જો કોઈ મુસલમાન સ્ત્રી પોતાને કાફિરા સ્ત્રીની જેમ આઝાદ સમજે અને ધર્મને છોડીને ફેશનના પાછળ દોડે તો તે પોતાને ખરેખર આઝાદ સમજે છે. અને જે સ્ત્રી પોતાને આઝાદ ગણાવણી હોય તો તે મો'મિના, પારસા, ખુદાની બંદી અને રસૂલની કનીઝ કઈ રીતે થઈ શકે છે ? કારણ કે તેણે તો કાફિરા સ્ત્રીઓનું ચાલ ચલન અપનાવી લીધું છે અને ખુદા ﷻ તથા તેના રસૂલ ﷺના નિયમોને તથા બંધારણોને પીઠ પાછળ નાખી દીધાં છે અને જેઓ ખુદા અને રસૂલના ખુલ્લમ ખુલ્લા નાફર્માન હશે તેમનો અંજામ શું થશે તે જાતે જ વિચારવું જોઈએ. હવે એ પણ વિચારીએ કે જે માણસ જિમ્મેદાર હોય છે તે વિચારીને કદમ રાખે છે, સોચી વિચારીને જિંદગી વિતાવે છે, પરંતુ જે માણસ ગેર જિમ્મેદાર હોય છે તેને કાંઈ સોચવું પડતું નથી. અને મુસલમાન એક જિમ્મેદાર કૌમ છે, મુસલમાન પુરૂષ હોય કે સ્ત્રી તેમણે આઝાદ થઈને નહીં પણ પાબંદ રહીને જિંદગી ગુજારવાની છે, જિમ્મેદારીનો રવૈયો અપનાવાનો છે. પોતાની આબરૂ અને ઈજ્જતનો ખયાલ કરવાનો છે, બેપર્દગીનો રવૈયો અપનાવવાનો નથી. ખુદા ﷻ અને તેના પ્યારા રસૂલ ﷺને નારાજ નથી કરવાના એટલા માટે કે મુસલમાનોની કામયાબી એમાં જ છે કે તે અલ્લાહ ﷻ અને તેના પ્યારા રસૂલ ﷺની ફર્માંબરદારી કરીને જિંદગી પસાર કરે. **(તર્જુમો)** : ''અલ્લાહ અને તેના રસૂલના ફર્માંબરદાર થઈ જાવ એ અપેક્ષા કરીને કે તે તમારા ઉપર રહમ કરે.'' *(સૂરએ આલે ઈમ્રાન, ૩/૧૨૩)*

એટલે કે તમે અલ્લાહ ﷻના રહમો કરમની ભીખ માંગવાવાળા હોઉ તો તેની અને તેના પ્યારા રસૂલ ﷺની ફર્માંબરદારીમાં લાગી જાવ. જો તેમાં ગફલત કરી અને નાફર્માનીને પોતાની આદત બનાવી લીધી તો પછી તમે તેના રહમો કરમથી દૂર થઈ જશો. અને દુનિયા તથા આખિરતમાં કામયાબ કઈ રીતે થશો ? મુસલમાન માં બહેનો માટે પ્યારા આકા ﷺનું ફર્માન છે : **(તર્જુમો)** : સ્ત્રી પર્દાની ચીજ છે જ્યારે પણ પર્દા વગર નીકળે છે ત્યારે શૈતાન તેના તરફ તાકે છે.''

સરકારે દો આલમ ﷺનું દર્દભર્યું ફર્માન કોના માટે છે ? મુસલમાન સ્ત્રીઓ માટે જ તો છે ! હવે આ મુસલમાન સ્ત્રીઓ બીજા લોકોના જેમ ફેશનનો શૃંગાર કરીને નીકળે તો શું અંજામ થશે ? શું એ અંજામ નહીં થાય જે





વર્તમાન ન્યુઝ પેપરોમાં (બળાત્કાર, આપઘાત વગેરે વિશે) વાંચવામાં આવે છે ? શું ન્યુઝ પેપરમાં છપાઈને આવતી ભયાનક ખબરો આપણી આંખો ખોલવા માટે કાફી નથી ? શું જ્યારે બધાની ઈજ્જત લૂટાઈ જશે ત્યારે હોશ આવશે ?!

આજે તા'લીમ અને પ્રગતિના નામે આપણી જુવાન છોકરીઓ બેશર્મી (બેહયાઈ)ના કેવાં કરતૂતો રચી રહી છે તે આપણી આંખોથી છુપાયેલુ નથી.

આજની ફેશનેબલ ટુકડી અને પશ્ચિમી દેશોની આશિક઼ વ્યક્તિ પર્દા વિશે વાતો સાંભળીને કહે છે કે આ મૌલ્વીઓ છોકરીઓને શિક્ષણ (એજ્યુકેશન)થી રોકે છે !

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! મૌલ્વી હઝરાત શિક્ષણથી નથી રોકતા, પરંતુ પર્દા સાથે નીકળવાની તાકીદ કરે છે, અને તે પણ પોતાના તરફથી નહીં ! હમણા આપણે પ્યારા રસૂલ ﷺનું ફર્માન વાંચ્યું તો શું આ મૌલ્વીઓની પોતાની વાત છે ? ના ! ના ! પરંતુ તે રસૂલ ﷺની વાત છે જે ઈન્સાનોની ભલાઈ અને માર્ગદર્શન માટે દુનિયામાં આવ્યા, જેમની આદત અને ચાલ ચલન અપનાવવુ આપણા માટે નેકબખ્તી (સદ્નસીબી) છે.

જેમ કે અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : **(તર્જુમો)** : ''અને અમે કોઈ રસૂલને નથી મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહ તઆલાના હુકમથી તેમનું આજ્ઞાપાલન કરવામાં આવે.''

આથી બે વાતોની બિલ્કુલ સાફ રીતે જાણ થઈ કે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને મોકલવાનો મક઼સદ એ હતો કે તેમની ઉમ્મત એમની ફર્માંબરદારી કરે.

બીજી વાત એ કે આ ફર્માંબરદારી તમારે તમારી રીતે નથી કરવાની પરંતુ એ સમજીને કરવાની છે કે એમનું આજ્ઞાપાલન કરવાનો હુકમ અલ્લાહ તબારક વ તઆલાએ આપેલો છે, બીજા કોઈએ નથી આપ્યો.

હવે એ લોકો વિચાર કરે જેઓ શરીઅતના હુકમ અને રસૂલુલ્લાહ ﷺના ફર્માનો જણાવવામાં આવે ત્યારે કહે છે કે, ''આ બધું મૌલ્વીઓએ કાઢેલું છે !'' આ કેટલી ખરાબ વાત છે ? તે લોકો ખુદાની બારગાહમાં શું જવાબ આપશે ? જ્યારે તે ફર્માવશે, ''અમે રસૂલોને ફર્માંબરદારી માટે જ તો મોકલ્યા હતા પછી તમે શા માટે ફર્માંબરદારી ન કરી ?!''

પ્યારા વાંચકો ! પર્દા વિશે હું કાંઈ લાંબી વાત નથી કરવા માંગતો. એના માટે ફુક઼હાના કથનો મૌજૂદ છે જે તેમણે રસૂલે પાક ﷺની હદીષને સામે

રાખીને આપણી સમક્ષ રજૂ કર્યા છે. મારે અહીંયા માત્ર એટલું જ જણાવવું છે કે આજે મુસલમાન ભાઈ બહેનોને શું થઈ ગયું છે કે શરઈ અને જરૂરી પર્દાને પણ ભૂલાવી દીધો છે. દિલોમાંથી ખુદાનો ખૌફ (ડર) શા માટે નીકળી ગયો ? આજે માત્ર શિક્ષણ અને પ્રગતિને બહાનું શા માટે બનાવવામાં આવે છે ? શું ભૂતકાળમાં બુઝુર્ગોની પત્નીઓ જ્ઞાનવાળી વિદ્વાન ન હતી ? તેમનામાં ફક઼ીહા, આલિમા, મુહદ્દિષા ન હતી ? પરંતુ તેમણે શરીઅતની હદ પાર કરીને ઈલ્મ હાંસલ નથી કર્યો ! બલ્કે ખુદા અને રસૂલના હુકમો પર ચાલીને ઈલ્મી સફર પાર કર્યો હતો. **આજે પણ સ્ત્રીઓ પર્દો કરીને શરીઅતની હદમાં રહીને ઈલ્મ (વિદ્યા)થી સંવરી શકે છે. શું પ્રગતિ અને તા'લીમમાં આગળ વધવા માટે છોકરીઓનું બની ઠનીને રૂપની રાણી બનીને નીકળવું જરૂરી છે ? શું (ચુસ્ત) કપડાં ધારણ કરીને જ શિક્ષણ મળી શકે છે ? શું જવાન છોકરાઓ સાથે દોસ્તી કરીને જ પ્રગતિના મેદાનમાં પગ મૂકી શકાય છે ? શું પોતાની ઝીનતની જગા (ફીગર) અને શરમજનક જગાઓને દેખાડવાથી જ શિક્ષણ (ઈલ્મ) અને નોલેજમાં આગળ આવી શકાય છે ? શું છોકરાઓ તથા છોકરીઓની મિશ્ર શાળાઓ જ શિક્ષણ (તા'લીમ) મેળવવાનો એક રસ્તો છે ? શું રસ્તામાં મેકઅપ તથા સેટની ખૂશ્બુ લહેરાવીને ચાલવું એ જ તા'લીમ મેળવવાનો એક રસ્તો છે ? શું રસ્તામાં જોર જોરથી વાતો કરીને ચાલવાથી જ સ્કૂલનો રસ્તો કપાઈ છે ? શું છોકરા છોકરીઓના પહેરવેશ, ચાલ–ચલન, વાતચીત અને વાતો કરવાના અંદાજમાં કંઈ ફર્ક (તફાવત) હોવો જોઈએ કે નહીં ?**

હું તો સમજું છું કે જે માં તથા બાપમાં ખુદાનો ડર તથા પરહેઝગારીની થોડીક પણ ઝલક હશે તે પોતાની છોકરીઓને જરૂર બાહયા તેમજ પારસા (પવિત્ર) બનાવવામાં દિલચસ્પી લેશે. સાંભળો ! હદીષે પાકમાં છે : ''હયા (શર્મ) ઈમાનનો એક હિસ્સો છે.''

જો શરમ નથી તો એ ઈમાનની કમજોરી છે અને જ્યારે ઈમાન કમજોર હશે તો બધી જ બુરાઈઓના દરવાજા ખુલતા જશે.

આજે ઘણા જાણકાર મુસલમાન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ તથા કોલેજ ખોલે છે, પરંતુ તેમના અને યૂરોપિયન સ્કૂલોના માહોલમાં થોડોક પણ તફાવત નજર નથી આવતો. તે લોકો પોતાના નક્કી કરેલા ડ્રેસની તો ખૂબ જ પાબંદી કરે છે પણ મુસલમાન જુવાન છોકરીઓના પર્દા વિશે કાંઈ વિચારતા નથી !





તે સ્કૂલોમાં અભ્યાસ આપવાવાળી મેડમો જાતે જ બેહયા અને પર્દા વગરની હોય છે તો પછી તે પોતાની વિદ્યાર્થીનીઓને પર્દા અને હયાની તા'લીમ કઈ રીતે આપે શકે ?! કેટલીક જગાઓ પર જુવાન છોકરીઓને જુવાન પુરૂષ ટીચર પર્દા વગર પઢાવે છે. આ કઈ રીતે મુસ્લિમ સ્કૂલ છે જ્યાં ઈસ્લામની જરૂરી તા'લીમને જ પડતી મૂકવામાં આવે છે ! અને નામ રાખવામાં આવે છે, ''મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ ! મુસ્લિમ કોલેજ વગેરે.''

પ્યારા વાંચકો ! છોકરી બાલિગ છે અથવા બાલિગ થવાની નજીક છે તો તેના ઉપર એટલો પર્દો જરૂરી છે કે હાથની હથેળી અને કાંડા સિવાય કોઈ પણ અંગ ખુલ્લુ ન રહેવું જોઈએ. વાળો સર્વ તથા માથુ આખુ પર્દામાં હોય, કાન, કાનપટ્ટી અને ગળુ બિલ્કુલ ઢાંકેલુ હોય, પણ ગુંટી સુધી ઢાંકેલાં હોવાં જોઈએ, ચેહરો પણ જમાનાની હાલતને સામે રાખીને ઢાંકેલો હોય તો બેહતર છે. એટલા માટે કે બીમાર દિલોને ખરાબ નજર નાખવાનો અવસર ન મળે. અને બાહયા સ્ત્રીઓ જાતે જ એવું નહીં ચાહે કે બીજાઓને એવો અવસર મળે અને પોતાની ઈજ્જત પર આંચ આવે. તેમજ સીના (છાતી)ની હિફાઝત એ રીતે કે પર્દા ઉપર પણ પર્દો હોય એ પણ જરૂરી છે, અને એમાં જ ફિત્નાથી વધારે બચાવ છે. એ પણ જાણી લોકે જુવાન સ્ત્રીઓ અથવા છોકરીના ચેહરા પર શેહવત (વાસના)ની નિય્યતથી નજર નાખવી એ તો હરામ જ છે, પણ તેના સિવાય જરૂરત ન હોય તો મના છે.

અહાદીષ અને ફુક઼હાએ કિરામના અક઼વાલની રોશનીમાં પર્દાનો ઘણો સારો હુકમ મેં વર્ણન કર્યો. ઈમાનવાળાભાઈઓથી મને એ ઉમ્મીદ છે કે પોતાની છોકરીઓને તેના પ્રમાણે રહેવાની ટકોર કરશે.

અને અંતમાં એ પણ વર્ણન કરતો ચાલુ કે પોતાની છોકરીઓને ''જન્નતી ઝેવર'' જે શૈખુલ હદીષ અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ અથવા ''સુન્ની બહિશ્તી ઝેવર'' જે મુફતી ખલીલ ખાન બરકાતીએ લખેલી છે તેનો અભ્યાસ જરૂર કરાવે, એટલા માટે કે તેમને ઈસ્લામનું જરૂરી શિક્ષણ મળી શકે અને પર્દા વિશે પણ વિગતથી જાણી શકે અને યાદ રાખો.

**તા'લીમ લળકિયોં કી ઝરૂરી તો હૈ મગર**
**ખાતૂને ખાના હો, વો સભા કી પરી નહીં !**

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૮, રજૂકર્તા :ઈમ્તિયાઝ અલ્વી કુરચણવી)*

...પ્રકરણ : ૬

# મુસ્લિમ યુવાન યુવતીઓ તથા મા બાપોને ઈસ્લામી સંદેશ !

હે મારા નવયુવાન ભાઈઓ તથા બહેનો ! તથા હે મારા વડીલ બંધુઓ ! અલ્લાહે મને તમને સૌને આંખો આપી છે, અક્કલ આપી છે એ એનું એહસાન છે. તો આપણે એ આંખો તથા દિમાગ તથા બુદ્ધિને કામે લગાડી આપણી ભલાઈ માટે પ્રયત્નો કરવા જોઈએ. આજે કોઈ પણ દૈનિક અખ્બાર ઉઠાવો તો તેમાં કમસે કમ ત્રણ ચાર સમાચારો તમને કુમળી કિશોરીઓ પર કે કોઈની પત્ની પર કે નાદાન બાળકીઓ પર બળાત્કારના વાંચવા મળશે, છેડતી થતાં લડાઈઓ, ખૂન થવાના તથા હોસ્પિટલમાં નવજાત શિશુ ત્યજી ભાગી જવાના કે ઉકરડામાંથી નવ જન્મેલ બાળક મળવાના સમાચારો દિવસે દિવસે વધી રહ્યા છે, વળી લગ્નની લાલચે ચાર વરસ સુધી બળાત્કાર કર્યો, લગ્નની લાલચે સગીર બાળાને ઉઠાવી ગયા, હોટલના રૂમમાં સામુહિક બળાત્કાર પછી ખૂન !!..... વગેરે બનાવો હવે જાણે રોજનીશી બની ગયા છે.

## ★ કુકર્મો થવાના સબબો શું છે ? ★

અમારો પ્રશ્ન એ છે કે આ કુકર્મો કરનારા નરાધમો પુરૂષના રૂપમાં શૈતાન તો છે જ, જરૂર તેઓ ખૂબ જ મહાન મુજરિમ છે, પણ શું દરેક કેસમાં ફક્ત એ પુરૂષોનો જ એકલો વાંક છે કે પછી સ્ત્રીઓનો પણ એમાં કોઈ વાંક છે ?! આજે નગ્નતા દર્શાવતા પોશાકો, અંગ પ્રદર્શન કરતા ભડકાવનારા ડ્રેસો પહેરવાની ફેશન તથા 'બોય ફ્રેન્ડ' બનાવવાની જે યૂરોપી ગંદી પદ્ધતિ આપણા સમાજમાં ઘુસી રહી છે એનાં પરિણામો શું ઉપર દર્શાવ્યાં તે થઈ શકે છે કે નહીં ? અથવા રાજીખુશીથી ઝિનાકારી થશે કે નહીં ?! બળાત્કારો થવાના સમાચારો ત્યારે જ બને છે જ્યારે બંને પક્ષની રઝામંદી નથી હોતી, નહીં તો પશ્ચિમી સંસ્કૃતિના કુછંદે ચાલીને ન જાણે કેટલો વ્યભિચાર સમાજમાં ફલી ફૂલી રહ્યો છે, અને શરમ તથા હયા અને ઈસ્લામી હુકમો તથા કાનૂનોનું સરેઆમ ઉલ્લંઘન થતું આપણે સૌ જોઈ રહ્યા છીએ, છતાં આપણે ચૂપ છીએ ! ન કોઈ એને રોકવાની તજવીઝ થાય છે, ન કોઈ પ્લાન ન કોઈ યોજના ! સૌ





આંખ આડા કાન કરીને ચાલી રહ્યા છે, બલ્કે કેટલાક 'દય્યૂષ' જેમ કહી રહ્યા છે કે, "હવે એ તો ચાલે ! સમય જ એવો છે પછી આપણે શું કરવાના ?" આ બોલી મુસલમાનની હરગિઝ ન હોવી જોઈએ.

**રૂહમેં સોઝ નહીં ક઼લ્બમેં એહસાસ નહીં**
**કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસ નહીં**
**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ**
**યહ મુસલમાં હૈ જિન્હે દેખકે શરમાએ યહૂદ !**

પશ્ચિમી, યૂરોપી તથા અમેરિકી યહૂદી–નસ્રાની સંસ્કૃતિ તો સદીઓથી બેહયાઈનો પ્રચાર કરી રહેલ છે, પહેલાં નાટકઘરો હતાં પછી સીનેમા ઘરો થયાં અને ફિલ્મો થકી બેહયાઈનો પ્રચાર થતો રહ્યો. પણ આપણા પૂર્વજોમાં ભલે ઈલ્મ ઓછો હતો છતાં ખુદાનો ખૌફ હતો, એક મુસલમાન હોવા વિશે દિલો દિમાગમાં ખુમારી હતી, ગુનાહોથી નફરત હતી, દીનની ભરપૂર મહોબ્બત દિલોમાં હતી જેથી સીનેમા ઘરો પર જતાં સમાજની શરમ તથા ખુદાનો ખૌફ બંનેવ અનુભવતા અને કોઈક જુજ લોકો જતા હતા તો તેઓ પણ દિલમાં ઈસ્લામનો કાનૂન તોડયાનો રંજ તથા ખુદાનો ખૌફ મેહસૂસ કરતા હતા, ઔરતોને તો ભાગ્યે જ જવા દેતા ! પણ એ ટોકીઝો તથા સીનેમા ઘરોમાં દર્શાવાતી પૂરાણી ફિલ્મો કરતાંય અતિ શરમજનક તથા હયાસોઝ દશ્યો દર્શાવતા ટી.વી.ને આપણી પેઢીએ ખુશી ખુશી ઘરમાં લાવી કાઢયું અને શરમ હયાનો જનાઝો જ કાઢી નાખ્યો ! આજે મુસ્લિમોએ પોતાની ઓળખ જ ખોઈ નાખી છે, એક મુસ્લિમ તરીકેના સર્વ એહસાસો ખતમ થઈ ચૂક્યા છે. ઈલ્લા માશા અલ્લાહ !

## ★ ટી.વી.ને રહબર બનાવવાનું પરિણામ ! ★

આજે આપણે ટી.વી.ને આપણો ગુરૂ, આપણો ઉસ્તાદ, આપણો રહબર સમજી લીધો છે, જે એના પર આવે તેવા વિચારો, તેવાં વર્તનો, તેવા ડ્રેસો ફટાફટ અપનાવવામાં લોકો ફખ્ર અનુભવે છે. જ્યારે કે એક મુસલમાન માટે એ શરમજનક વાત છે કે કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો તથા આદેશોને ત્યજીને યૂરોપી બેહયા સંસ્કૃતિ તથા ઈસ્લામના દુશ્મનોના ફેલાવેલા હયાસોઝ ડ્રેસો પહેરી મુસ્લિમ યુવાનો, ખાતૂનો ફિલ્મી હિરો–હિરોઈનો જેમ છાકટાં બનીને સ્વચ્છંદી આઝાદીભર્યું જીવન જીવવા લાગે. આપણા રેહબર ટી.વી

કે તેના પર આવતાં હિરો–હિરોઈનો નથી, બલ્કે આપણુ રહબર કુર્આન છે, આપણા આઈડિયલ અલ્લાહના પ્યારા હબીબ નબી કરીમ ﷺ છે, આપણા આઈડિયલ સહાબાએ કિરામ છે, આપણી બહેનો માટે આઈડિયલ હઝરત ફાતેમાઝહરા رضی اللہ عنہا ની જાત છે, આપણા માટે બુઝુર્ગાને દીન તથા ઈસ્લામની નેક ખાતૂનો જે થઈ ગઈ તે સહી રાહ પામવા માટે દીવાદાંડી સમાન છે, તેમના જ માર્ગે ચાલવામાં બંને જહાનમાં ઈજ્જત તથા સલામતી છે. આજે ક્ષણિક આનંદથી લલચાઈને કાફિરો જેમ મુસ્લિમ યુવાનો–યુવતીઓ તે નાલાયકોના માર્ગે ચાલી નીકળ્યાં છે જેમને ન કોઈ ધરમ છે ન કોઈ શરમ છે ! તેઓ તો બિભત્સ કાર્યો કરીને પૈસા કમાઈ રહ્યાં છે અને જગતના લોકોને મૂર્ખ બનાવી રહેલ છે. જ્યારે કે માણસની અસલ દૌલત તો તેનું ચારિત્ર છે, તેનું દીન ઈમાન છે. પણ આ બધું ક્યારે સમજાશે જ્યારે કે દીનનો ઈલ્મ શીખવામાં આવે, તેને દિલમાં ઉતારવામાં આવે.

## ★ ઈલ્મે દીનની અધધ ફઝીલત ! ★

ઈલ્મે દીનની ફઝીલત તો સમજો ! અલ્લામા ઈસ્માઈલ હક્કીએ (કુર્આનની તફસીરની મશહૂર તથા મક્‌બૂલ કિતાબ રૂહુલ બયાનમાં) એક હદીષ નકલ કરી છે, નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે એવા લોકોને જોવા ઈચ્છે જેને જહન્નમથી મુક્તિનો પરવાનો મળી ચૂક્યો હોય તો તે ઈસ્લામી ઈલ્મોના તલબા (વિદ્યાર્થીઓ)ને જોઈ લે."** વધુમાં આવ્યું છે કે : "જે તાલિબે ઈલ્મ કોઈ આલિમના દરવાજા પર આવજા કરે છે તેના **દરેક ક઼દમના બદલે અલ્લાહ તઆલા એક સાલની ઈબાદત** લખે છે, અને **દરેક ડગલાના બદલામાં તેના માટે જન્નતમાં એક શહેર બાંધે છે.** તે તાલિબે ઈલ્મ જમીન પર ચાલે છે અને **જમીન તેના માટે મગફેરતની દુઆ કરે છે** અને તે સવાર સાંજ એ હાલતમાં હોય છે કે તેની બખ્શિશ થઈ ચૂકેલી હોય છે." *(રૂહુલ બયાન, ભાગ–૧, પેજ–૧૦૩)*

આવી તો અગણિત ફઝીલતો ઈલ્મે દીનની કુર્આન–હદીષમાં દર્શાવવામાં આવેલી છે. તો આ ફઝીલતોનો સબબ શો છે ? એ જ છે કે અલ્લાહ વ રસૂલ તરફથી જે આદેશો આવેલા છે તે સમગ્ર માનવજાતની ભલાઈ માટેના છે અને એ આદેશો કોઈ ટેમ્પરરી નથી બલ્કે ક઼યામત સુધીના લોકો માટેના છે જેથી જો આપણે આપણી ભલાઈ ચાહતા હોઈએ તો એ આદેશો કયા છે





તેનો અભ્યાસ કરવો જોઈએ તથા બાળકોને પણ એ આદેશો શીખવાડવા જોઈએ, નહીં તો ક઼યામતમાં આપણી પણ સખત પકડ થશે.

## ★ તમારી ઔલાદ તમારા માટે જહન્નમમાં જવાનો સબબ થશે ! ★

કુર્આનનો આદેશ છે કે, "હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં બીવી બચ્ચાંઓને જહન્નમથી બચાવો ! *(કુર્આન)*

હદીષે પાકમાં છે કે, ક઼યામતના દિવસે એક શખ્સ રજૂ થશે જેની પાસે નેકીઓના પહાડ હશે. તેની ઔલાદમાંથી તેનો પુત્ર ઉભો થશે અને અલ્લાહની બારગાહમાં ફરિયાદ કરશે કે, હે રબ ! આ શખ્સે અમારો હક્ક઼ માર્યો છે ! તો તે શખ્સ કહેશે કે, મેં તેમના સર્વ હક્ક઼ો અદા કર્યા છે, તેમને રહેવાની, જમવાની, સર્વ સાધન સામગ્રી, સર્વ સગવડો પૂરી પાડી છે. તો તે પુત્ર કહેશે કે, "એણે અમને ઈલ્મે દીનથી વંચિત રાખ્યાં અને અમને હરામ માલ ખવડાવ્યો છે !" તો એના હક્ક઼ના બદલાની નેકીઓ પેલા નેકીઓના પહાડોમાંથી તે પુત્રને આપવામાં આવશે. એ જ પ્રમાણે તેની પત્ની તથા અન્ય ઔલાદ પણ બારગાહે રબમાં ફરિયાદ કરશે અને તેની નેકીઓના પહાડો ખત્મ થતાં તેમના ગુનાહો તે શખ્સના માથે નાખવામાં આવશે. અંતે તેના માટે જહન્નમનો ફૈંસલો સંભળાવવામાં આવશે. અને ફરિશ્તા એલાન કરશે કે ફલાણાના પુત્ર ફલાણાને ઘરવાળાંઓનો હક્ક઼ અદા ન કરવાના કારણે, ઈલ્મે દીનથી તેઓને વંચિત રાખવાના કારણે જહન્નમમાં ફેંકવામાં આવે છે !

## ★ બાળકો આમ જ કુછંદે નથી જતાં ! ★

જો તમે તમારાં બાળકોને તા'લીમ આપી હોત કે, "માંના કદમો નીચે જન્નત છે." તમે શીખવાડયું હોત કે, "બાપ જન્નતની ચોખટ છે." તો બાળકો કુછંદે ચઢી કોઈ આવારા સાથે ભાગી જઈને ગૃહ ત્યાગ કરતાં પહેલાં હજારવાર વિચાર કરત.

જો તમે બાળકોને આ હદીષની તા'લીમ આપી હોત કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે **લોકોમાં કોણ મહોબ્બતનું અધિક હક્ક઼દાર** છે ?! તો આપે ત્રણ વાર ફર્માવ્યું, માં ! અને ચોથી વારના પ્રશ્નમાં જણાવ્યું કે "બાપ !"

સારાંશ કે માં સૌથી વધુ મહોબ્બતની હક્ક઼દાર છે પછી બાપ અને ત્યાર

પછી અન્ય લોકો આવે છે. તો આવી તા'લીમ બાળકોને મળી હોય તો માં બાપને દુઃખી કરીને કોઈ અન્યની મહોબ્બતમાં ન પડત, ન તમારી આબરૂને ઠેકાણે પાડી દેત !

જો તમે તેમને શીખવાડયું હોત કે પર સ્ત્રી તરફ નજર કરવી હરામ છે ! હદીષમાં છે કે, **"જે જુએ અને જેના તરફ જોવામાં આવે બંનેવ પર અલ્લાહની લઅનત છે."** પણ તમે તો જાતે જ ઘરમાં રંગીન ટી.વી. લાવીને મૂક્યું અને એના પ્રોગ્રામોમાં પર સ્ત્રી, પર પુરૂષોના બેહયાઈભર્યાં નગ્ન નાચ, નખરાં તથા વ્યભિચાર તરફ દોરી જતા ડ્રામાઓ સતત નદીના પાણીના વહેણની જેમ ચાલુ જ રહે છે જેથી ઉપરોક્ત હદીષ હેઠળ ઘર તથા ઘરવાળાંઓ પણ સતત લઅનત વરસતી જ રહે છે ! અને નવયુવાનો યુવતીઓમાં વાસનાની ભૂખ જાગૃત થતી રહે છે તે જ્યારે કાબૂ બહાર જાય છે તો લફરાં ઉભાં થાય છે જેનાથી સમાજમાં ઝઘડા તથા બદ્નામી તથા આફતો ઉભી થાય છે.

એવા પણ બનાવો બન્યા છે કે ઘરના ગંદા માહોલને કારણે નાદાન છોકરી આવારા છોકરાઓ સાથે હોટલોમાં જાય છે, એ બદ્માશો તેણી સાથે વ્યભિચાર કરી તેની C.D. બનાવીને વેચતા હોય છે. એવા જ એક બનાવમાં બ્લૂ ફિલ્મ જોવા ગયેલો પિતા પોતાની જ પુત્રીની બ્લૂ ફિલ્મ જોઈને ચોંકી ઉઠયો હતો! હવે તેની શી હાલત થઈ હશે તે તમે કલ્પી શકો છો! પછી તેણે પોલીસ કાર્યવાહી કરી હતી.

### ★ વ્યભિચાર સંબંધે ઈસ્લામી આદેશો ! ★

કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે કે, **"અને ઝિનાની નજીક ન જાવ, યક઼ીનન ! તે બેહયાઈ (નિર્લજ્જતા) છે અને ઘણો જ બુરો માર્ગ છે."** *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત–૩૨)*

બીજે ઠેકાણે રબે ફર્માવ્યું, **"મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે (હરામ ન જૂએ) અને પોતાની શર્મગાહોની રક્ષા કરે."** *(સૂરએ અલ્ ફુર્કાન, આયત–૬૮, ૬૯)*

એક રિવાયતમાં છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના





મુખ ઉપર સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે કે, "નાના મોટા, જાહેર છુપા કોઈપણ ગુનાહની નજીક ન જાવ." *(કુર્આન)*

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ ચુંબન, બુરી નજરથી જોવું અને સ્પર્શવું છે. જેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, "હાથ ઝિના કરે છે, પગ ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે."

રબ તઆલાનું ફર્માન છે કે, "જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે." *(કુર્આન)*

'અષામ'ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢું ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે."

### ★ શિર્ક પછી સૌથી મહાન ગુનો કયો ?! ★

સરકારે દો જહાં ﷺ એ ફર્માવ્યું કે, "શિર્ક પછી અલ્લાહની નજીક એ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ગુપ્તાંગને એવી સ્ત્રીના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી, એટલે કે જાઈઝ કાયદેસરની પત્ની નથી."

### ★ વ્યભિચારીના ભયાનક અઝાબો ★

"વ્યભિચારી પુરૂષ તથા સ્ત્રીને ક઼યામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે તેમના ચહેરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે." *(હદીષ)*

હે વ્યભિચારીઓ ! આજે પર્દા પાછળ કુકર્મો કરી મોઢાં કાળાં કરી લો ! કાલે કયામતના દિવસે આખી મખ્લૂક સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે ખબર પડશે ! હદીષોમાં આવ્યું છે કે :–

સાતેવ આસ્માન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃદ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે અને કિયામતના દિવસે ઝિનાકાર મર્દ અને ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા

જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ થશે.

જે શખ્સ પરાઈ સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.

મેઅરાજની રાત્રે હુઝૂર ﷺએ જોયું કે એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહ્યા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, **આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા,** તેની આ સજા તેમને મળી રહી છે.

હે પ્યારા નવયુવાન ભાઈઓ તથા બહેનો ! તમને તે કલ્માનો વાસ્તો કે જેના પર ઈમાન લાવ્યા વિના જહન્નમથી નજાત અશક્ય છે, જ્યારે તમે કલ્મો પઢયો છે, મુસલમાન છો તો પછી શા માટે ઈસ્લામના દુશ્મનોના તરીકા અપનાવી બેહયાઈમાં પડી જહન્નમમાં જવાનો માર્ગ મોકળો કરી રહ્યાં છો ! જાણો છો **જહન્નમનો હલકામાં હલકો અઝાબ** કેવો હશે ? **"આગના જોડા પહેરાવવામાં આવશે જેનાથી ખોપડી ઉકળતા તેલની જેમ ખદબદી ઉઠશે !"** છે આ અઝાબ વેઠવાની તમારામાં હિંમત ?! અને યકીનન ! નથી જ ! તો પછી ક્ષણિક આંનદ ખાતર શા માટે તમારા ખાનદાનનું તમારી કૌમનું તથા ગૈરો સમક્ષ ઈસ્લામનું નામ બદનામ કરી રહ્યાં છો ?! સમજો અને ગુનાહોથી તૌબા કરી લો અને ઈજ્જતદાર ઈસ્લામી જિંદગીને અપનાવી લો.

## ★ માં બાપો ધ્યાન કરશે કે ઔલાદના હાલ શા છે ?! ★

હે આજની મોડર્ન યુવતીઓનાં માં બાપો ! તથા ભાઈઓ ! તથા પતિઓ ! આ તમારી પ્યારી દીકરી, બહેન તથા પત્નીએ માંસલ હાથો દેખાય એવો તથા શરીરનાં ઉત્તેજક અંગો જાહેર થાય તેવો સ્લીવ લેસ, ટોપ લેસ ડ્રેસ પહેર્યો છે, આ ટી શર્ટ પહેર્યું છે અને ઓઢણીને તિલાંજલી આપી રાખી છે, આ ઊંચો ડ્રેસ, આ ફીટ પેન્ટ અને આ શૈતાનને લોભાવનારી ચાલે બજારોમાં તે ઘૂમી રહી છે તો શું તમને એ દેખાતું નથી કે તેણી શા માટે એવાં કપડાં પહેરે છે તથા નખરાં કરે છે ? આખી દુનિયાનું નિરીક્ષણ કરી રહ્યા છો, સેંકડો લોકોની ખામીઓ કાઢી તેમની ફિકર ચિંતામાં દુબળા થઈ રહ્યા છો, તો તમારી ઔલાદ કયા માર્ગે જઈ રહી છે એ તમને નથી દેખાતું ?! સાંભળી લો ! હદીષે





પાકમાં છે કે, "દરેક પુરૂષ તેના ઘરનો હાકિમ છે અને દરેક હાકિમને તેના હાથ નીચેનાં વિશે સવાલ થશે." શું જવાબ આપશો રબની બારગાહમાં ?!

સારાંશ એ કે મૂળ તા'લીમ જે આપવાની ફર્ઝ છે, જે વાજિબ છે તે દીનની તા'લીમ છે, ગુનાહોથી ઔલાદ બચે અને ઈસ્લામના માર્ગે ચાલે અને જહન્નમથી બચી જન્નતની રાહે કદમ મૂકે એ જ મહત્વની તા'લીમ છે બાકીની દુનિયવી તા'લીમ જે છે તે ગૌણ છે, તે નહીં આપો તો કિયામતમાં પકડ થશે નહીં, કે તમે તમારી પુત્રીને કે પુત્રને વકીલ કે ડોકટર કે એંજીનીયર કેમ ન બનાવ્યાં ? પણ દીની તા'લીમ ન શીખવાડી, ગુનાહોથી બચવાનો પ્રબંધ ન કર્યો તો તેની શિક્ષા પોતે પણ ભોગવવી પડશે. માટે બાળકોને શરીઅતના વર્તુળમાં રહે એ રીતે દુનિયવી શિક્ષણ પણ આપો, પણ એવી રીતનું શિક્ષણ ન આપો કે તેઓ દીનનાં બાગી બની જાય, નહીં તો એ રાજ્યમાં કે દેશમાં કે વર્લ્ડમાં ફસ્ટ નંબર લાવે અને જગતભરના મેડલો મેળવે, છતાં દીનથી બગાવત, શરીઅતના નિયમોની અવગણના તેને ચોક્કસ જહન્નમમાં ખેંચી જશે.

એ દુનિયાવી શિક્ષણ શું કામનું ? એ જગતભરમાં નામના તથા વાહ વાહ શા કામની ? આ પૈસાનો વરસતો ધોધ શા કામનો ? કે આ સર્વ મેળવનાર તમારી પુત્રી અલ્લાહના રસૂલ ﷺની પ્યારી પ્યારી સુન્નત મુબારક દાઢીને નફરતની નજરથી જુએ ! દાઢીવાળા સાથે શાદી કરવાને નાનમ સમજે ! જો એ તેણી સુન્નતને હલકી સમજે છે તો એમાં ઈમાનનો પ્રશ્ન આવીને ખડો છે ! ઈસ્લામી પર્દાથી તેણીને નફરત હોય તો તેણીની ડોકટરની ડિગ્રી કે એણે મેળવેલા ગોલ્ડ મેડલો ધૂળમાં ગયા બરાબર છે ! કેમ કે ઈસ્લામી રીત ભાત, ઈસ્લામી જિંદગીથી તેણીને નફરત છે તો પછી એ નામની મુસલમાન રહી ! એનો અંજામ જહન્નમ સિવાય કાંઈ જ નથી. એ જ પ્રમાણે તમારો પુત્ર પણ **C.A.** બને કે **M.D.** બને પણ ઈસ્લામી નિયમોની કદર એનામાં નથી તો તમારે ખુશ થવાને બદલે માથે હાથ મૂકવાનો સમય છે ! મારી નજરો સમક્ષનો દાખલો છે કે **U.K.**ની એક મોડર્ન સુંદર છોકરીને નમાઝ માટે કહેવામાં આવ્યું તો તેણીએ કહ્યું કે, "હું તો નમાઝ નથી પઢતી કેમ કે મારી નાક બગડી જાય તો !" આવી ઔલાદ દુનિયામાં લાખ તરક્કી કરે પણ શું કામની ?! જરા ઠંડા દિલે વિચારો ! આવું શાથી થયું ?!

## ★ ઈસ્લામી બહેનોને પ્યારભરી વિનંતિ ! ★

હે મારી ઈસ્લામી બહેનો ! સ્વભાવિક છે કે ટૂંકા, પારદર્શક તથા ચુસ્ત ડ્રેસો પર પુરૂષોને આંજી દેવા તથા આકર્ષવા માટે જ પહેરાતા હોય છે. પણ જો તમે મુસલમાન છો તો સમજી લો કે તમારા પ્યારા રસૂલ ﷺએ ફર્માવ્યું કે,

"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેણી પ્રતિ આકર્ષાય તો તે ઝાનિયા (વ્યભિચારીણી, બદ્‌ચલન) છે." તથા ફર્માવ્યું કે, "જે સ્ત્રી અત્તર (ખુશ્બુ) લગાડીને કોઈ મેહફિલેથી પસાર થાય છે તે તેણી ઝાનિયા (બદ્‌ચલન) છે." *(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, મિશ્કાત, પેજ-૯૬)*

વિચારો ! આવું કોણ કહે છે ? શું તમે પસંદ કરો છો કે રસૂલુલ્લાહ ﷺના શબ્દોમાં તમે 'બદચલન', 'વ્યભિચારીણી' હોઉ ?! જો નહીં, તો મારી બહેનો ! ફુલ બાંયવાળાં, ખુલતાં, નીચાં, અપારદર્શક એવાં કપડાં પહેરો કે જે શરીરને ઢાંકે. ભવાં તથા વાળો કાપનારી સ્ત્રીઓ પર અલ્લાહની લઅનત વરસે છે તથા વાળોને પણ ખુલ્લા કરી પર પુરૂષોને ન દેખાડો, નહીં તો એ વાળો તમારા માટે અઝાબનો સબબ બની જશે. જેમ કે, "મેઅરાજની રાત્રે હુઝૂરે અકરમ ﷺએ વાળોથી લટકેલી સ્ત્રીઓને જોઈ જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં ! જિબ્રઈલે કહ્યું, **આ તે બેપર્દા સ્ત્રીઓ છે જે ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી."** *(હિજાઝ જદીદ, ફેબ્રુઆરી-૧૯૯૨)* કમસે કમ એટલુ તો કરો કે માથા પર એક વાળ ન દેખાય તેવી મોટી અપારદર્શક ઓઢણીઓ ઓઢો જે માથુ તથા નીચેનું શરીર છુપાવી શકે. કેવળ હાથ રૂમાલ જેવા ફેશનેબલ સ્કાર્ફ ન બાંધો. અને સંપૂર્ણ પર્દો કરો તો એમાં તમારી જ ઈજ્જત છે.

અને હે મારાં દીની ભાઈ બહેનો ! હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું કે સુંદર પરાયી સ્ત્રીને વાસનાભરી નજરે જોનારની આંખોને કિયામતના દિવસે સીસા વડે ભરી દેવામાં આવશે." *(હિદાયહ, ભાગ-૪, પેજ-૪૪૨)*

**જ્યારે પર સ્ત્રીને જોવાની આ સજા છે કે ગરમ ગરમ પીગળેલું સીસુ આંખમાં નાંખવામાં આવશે તો ખૂદ તે સ્ત્રીનો શો અઝાબ હશે કે જે પોતે શરીરને પ્રદર્શનમાં મૂકે ?!**





આજે ટી.વી.ના પ્રોગ્રામોમાં, ક્રિકેટ મેચમાં બેહયા, અર્ધનગ્ન સ્ત્રી પ્રેક્ષકોની હાજરી તથા એડવર્ટાઈઝના હયાસોઝ સીનો, મોડેલોના પ્રદર્શનો અને ટેનીસ તથા અન્ય રમતો રમતી સુંદરીઓ પોતાનાં અંગોને જાહેર કરી રહી હોય છે અને ઘરનાં સર્વ યુવાન, યુવતીઓ, વડીલો સ્તબ્ધ બનીને સૌ જોઈ રહ્યા હોય છે ! તો વળી ક્યાંક શાદીના પ્રસંગે બેન્ડ બાજા, પાર્ટીમાં મ્યૂઝિક તથા ડાન્સની ધૂમ, અને યહૂદ તથા ક્રિશ્ચનની નકલ કરતા સ્ટેજ પર દુલ્હા દુલ્હનના થતા ડ્રામા તથા સ્ત્રી પુરૂષોની ભેળસેળવાળો આ માહોલ શું તમને જરાય ડંખતો નથી ?! **તમારા અંદરનો મુસલમાન તમને સહેજ પ્રશ્ન નથી કરતો ? આટલી બધી મુર્દા દિલી તમારામાં છવાઈ ગઈ છે ?! આ ક્યાંની મુસલમાની છે ?!** હે ભાઈઓ તથા બહેનો ! હે વડીલો ! તમારી શરમ ક્યાં ગઈ ?! તૌબા કરો ! તૌબા કરો ! અને પલટી આવો ઈસ્લામની રાહ પર ! નહીં તો, ન તો આ જિંદગીમાં ચૈન મળશે ન તો આખેરતમાં ચૈન પામશો.

## ★ આવા હતા બુઝુર્ગો ! જ્યારે આપણે ?! ★

એક બુઝુર્ગનો વાક્યો છે કે તેમની નજર એક સુંદર સ્ત્રી પર પડી તો તેમનો કદમ તેના તરફ જવા માટે ઉઠયો. તરત જ ખુદાનો ડર તેમનામાં છવાઈ ગયો અને તેમણે તે પગને જ કાપી નાખ્યો અને રબની બારગાહમાં તૌબા કરી કે જે પગ જહન્નમ તરફ લઈ જાય તે શા કામનો ! *(મુકાશફતુલ કુલૂબ)* આજે આપણુ અંગે અંગે, રવે રવું જહન્નમ તરફ પ્રમાણ કરી રહ્યું છે અને આપણને એહસાસ પણ નથી થતો !

હે વડીલો ! હે માં બાપો ! તમારી ઘણી જ મોટી જિમ્મેદારી છે કે તમે ઔલાદને નેક માર્ગે, ઈજ્જતના માર્ગે જીવતાં શીખવાડો ! એ ક્યારે બનશે જ્યારે કે તમો પોતે પણ એ માર્ગે ચાલો ! તમે ખૂદ નેક બનો, ઘરના માહોલને ઈસ્લામી માહોલ બનાવો, નમાઝોની પાબંદી અને અલ્લાહ વ રસૂલની નારાજગી થાય તેવાં કામો, તેવા પ્રોગ્રામોને ઘરમાંથી દૂર કરો, કુર્આન શરીફની તિલાવત, તેના તર્જુમા તથા તફસીરનું સમૂહમાં વાંચન, દીની કિતાબોનું વાંચન, દીની ચર્ચાઓને ઘરમાં સ્થાન આપો તો આપો આપ ઘરનો માહોલ સુધરી જશે. માં બાપની આદતોની બાળકો પર અચૂક અસર પડે છે અને માં બાપની આદતોની અસર ગર્ભમાંના બાળક પર પણ પડે છે. શું તમને ખબર નથી ?

ગૌષ પાક સરકારે બગદાદ رضی اللہ عنہની બિસ્મિલ્લાહખ્વાની થઈ તો ઉસ્તાદે કહ્યું, પઢો ! બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ ! તો આપે બિસ્મિલ્લાહ સાથે ૧૭ પારા પૂરા પઢી કાઢયા ! આપનાં વાલિદા ૧૭ પારાનાં હાફિઝા હતાં જે સતત પઢયા કરતાં હતાં તો એની અસર એ થઈ કે આપ ૧૭ પારા હાફિઝ બનીને પેદા થયા ! જયારે માંઓ આવી હોય તો બેટા ગૌષે આ'ઝમ પેદા થાય છે ! આ કોઈ અજબની વાત નથી ! બલ્કે આજના મનોવૈજ્ઞાનિકો પણ એ વાત સ્વીકારી રહ્યા છે કે ગર્ભમાંના બાળક પર માંબાપની આદતોની ગાઢ અસર પડે છે.

## ★ નબીએ ૧૪૦૦ વર્ષ પહેલાં કહેલું તે વિજ્ઞાન આજે કહે છે ! ★

મનોવૈજ્ઞાનિક એક ડોકટરનું બયાન છે કે માં બાપની અસરો ઔલાદમાં આવે છે. વર્ણવે છે કે એક છોકરાના ખભે ઘાના નિશાન હતાં. તે ડોકટરે પૂછયું કે આ નિશાન શાથી છે ? તો તેણે કહ્યું કે મારો બાપ એક યુવાન શિકારી હતો જેમણે ૯૯ સિંહોનો શિકાર કર્યો હતો. તેમણે ઈચ્છયું કે એક અધિક સિંહનો શિકાર કરું તો એક સો સિંહોના શિકાર કરનાર તરીકે પ્રખ્યાત થઈ જાઉં. તેમણે એક સ્થળે જંગલમાં પડાવ નાખ્યો જ્યાં એક ખતરનાક આદમખોર સિંહ રહેતો હતો. ત્યાં માંડવો બનાવ્યો, ખાઈ ખોદી. જયારે સિંહ આવી ચઢયો તો મારા બાપ બંદૂક ઉઠાવે તે પહેલાં સિંહે હુમ્લો કરી દીધો અને ખભા પરથી માંસનો લોચો ખેંચી કાઢયો. જો કે અન્ય લોકોએ ગોળી મારી સિંહને પતાવી દીધો. પણ મારા બાપમાં એવો ડર બેસી ગયો કે તે કેટલીયે વાર ગભરાઈને એ "આવ્યો ! એ આવ્યો !" બૂમો પાડતા હતા અને તે અરસામાં એમની શાદી થઈ પછી હું જન્મ્યો તો મારામાં એની અસરો રહી ગઈ અને આ નિશાન પણ મારા બાપના નિશાન પરથી જ છે તથા હું પણ ક્યારેક એવી બૂમો પાડી બેસુ છું.

સારાંશ કે બાળકમાં માં બાપની અસરો રહે છે એટલા માટે જ હુઝૂર ﷺએ આદેશ આપ્યો છે કે, **"તમારી ઔલાદને નેકોની સાથે પરણાવો."** માં બાપ નેક હશે તો ઔલાદ નેક પેદા થશે. અને ખરેખર સત્ય છે કે જયારે સિંહનો ડર બાપમાંથી બાળકમાં આવી શકે છે તો અલ્લાહનો ડર કેમ ન





આવી શકે, રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત કેમ ન આવી શકે ! માં બાપની હયા કેમ બાળકમાં ન આવી શકે ! મનોવૈજ્ઞાનિક ડોકટરો આજે તે વાતો સ્વીકારે છે જેનો ઈલ્મ સરકાર ﷺએ ૧૪૦૦ વર્ષ પહેલાં જાહેર કર્યો હતો !

સારાંશ કે માં બાપ નેક હશે, નેક અમલો કરશે તો ઔલાદ પણ નેક પેદા થશે માટે માં બાપ માટે જરૂરી છે કે ખુદાના ખૌફ સાથે જીવે, ગુનાહોથી બચીને રહે અને તકવા પરહેઝગારીવાળી જિંદગી જીવે તો ઔલાદ પણ નેક બનશે. પણ માં જો ગર્ભવતી હોય અને ઉઠે ત્યાંથી સૂતા સુધી ટી.વી. જોતી રહે, ગંદા દશ્યો જોતી રહે, ગુનાહોમાં મસ્ત તથા મગ્ન રહે, બાળક પેદા થાય તો તેને પણ સાથે રાખીને એ જ કામો કરે, તેના હાથે જ ફિલ્મી કેસેટો મંગાવે, ચાલુ કરાવે પછી કઈ રીતે નેક ઔલાદની આશા રાખી શકાય છે. માં બાપોને વિનંતિ કે ખુદાને ખાતર પોતાની ઔલાદ માટે સમય કાઢે, તેમની સાથે બેસી મહોબ્બતપૂર્ણ રીતે વાતો કરે, દીન તથા ઈસ્લામનું મહત્વ તેમના દિલોમાં બેસે એવી વાતો, કિસ્સા, હદીષો સંભળાવે. ચારિત્ર તથા ઈજ્જત આબરૂનું મહત્વ સમજાવે અને યૂરોપી ગંદી સંસ્કૃતિથી તેમને સાવચેત કરીને પ્યારપૂર્વક ઈસ્લામી તરીકાથી લગાવ રાખવા સમજાવે તો જરૂર ફાયદો થશે. ઈન્શાઅલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં સૌને નેક તૌફીક આપે. (આમીન) –*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૦૭)*

...પ્રકરણ : ૭

## નિકાહના દુનિયાવી તથા આખેરતના લાભાલાભની બશારતો

"નિકાહ" વિના સ્ત્રી આઝાદીનાં ઢોંગી ઝંડાધારીઓ પશ્ચિમી જગતમાં મોજ મજાથી પરાયા સ્ત્રી તથા પુરૂષ એકબીજા સાથે દોસ્તી રાખી વ્યભિચાર (ઝિના)માં ખદબદતા રહી ગંદકીભરી, બેશરમીભરી, નીચ જિંદગી ગુજારીને અસંખ્ય આપત્તિઓને બીમારીઓને દુનિયામાં ફેલાવી રહ્યા છે. પણ એ કામ મુસલમાનનું હરગિઝ નથી ! નિકાહ વિના પર સ્ત્રી સાથે હરવા, ફરવા, એકાંતમાં બેસવાની કે એકબીજા પ્રતિ જોવાની પણ આ પવિત્ર મઝહબમાં ઈજાઝત નથી, જેથી મુસલમાન થઈને કેટલાક લોકો મંગની થતાં જ હરવા ફરવા ઉપરાંત એક પછી એક મર્યાદાઓ તોડી નાખી દુનિયા તથા આખેરતનો અઝાબ નોંતરે છે તેઓ ખરેખર અલ્લાહ વ રસૂલને ચાહતા હોય તો એનાથી સખ્ત પરહેઝ કરે.

નિકાહની કેટલી ફઝીલત છે તે જુએ કે નિકાહ સ્ત્રી પુરૂષ એકબીજાના અંગત લાભ માટે જ કરે છે કે બંનેને સહજીવનમાં સંતોષ મળતો રહે તથા ઔલાદ જે થાય તેનાથી તેમનો વંશવેલો આગળ વધે અને તે ઔલાદને સારી ઈસ્લામી તા'લીમ મળે તો માં બાપની આજ્ઞાંક્તિ રહી તેમની જીવનભર સેવા ચાકરી પણ કરે. આમ સ્ત્રી પુરૂષનો અંગત ફાયદો છે, છતાં અલ્લાહની રહમત જુઓ કે તેમાં કેવા કેવા દીની દુનિયવી ફાયદાઓ છે.

### ★ પત્નીવાળાની ઈબાદત અને બિનપત્નીવાળાની ઈબાદત ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું : **"નિકાહવાળાની નમાઝ વિના નિકાહવાળાની નમાઝ કરતાં ૪૦ ગણી અધિક અફઝલ છે."** વળી ફર્માવ્યું : **"નિકાહ કરો ! કેમ કે નિકાહવાળાની એક દિવસની ઈબાદત એક હજાર વરસની ઈબાદતથી બેહતર છે."**



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ અમુક સહાબાએ કિરામને પૂછયું, શું તમે નિકાહ કરી ચૂક્યા છો ?! તેમણે અર્ઝ કરી કે, "નહીં !"...... પછી આપે ફર્માવ્યું કે તમારી પાસે માલ વગેરે છે ? તેમણે અર્ઝ કરી કે, "હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم" તો આપે ફર્માવ્યું કે, **"નિકાહ વિનાના મર્દો શૈતાનોના ભાઈ છે ! જો નસરાની હોત તો વાત જૂદી હતી પણ મુસલમાને તો મારી સુન્નતના પ્રમાણે નિકાહ કરવો જોઈએ."** *(નુઝહતુલ મજાલિસ, ઉર્દૂ, પેજ–૪૮)*

### ★ નિકાહ ન કરનારને રોજીમાં તંગીની ચેતવણી ! ★

તે માણસો સારા નથી જેઓ નિકાહ વિના જિંદગી પસાર કરે છે અને મૃત્યુ પામે છે ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જે (સ્થિતિ હોવા છતાં) ગરીબ થઈ જવાની બીકે નિકાહ ત્યજી દે તે અમારામાંથી નથી, તેમ જ અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને તેની પેશાની પર એવું લખવાનો હુકમ ફર્માવશે કે, "રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلمની સુન્નત છોડનાર ! તને રોજીમાં તંગીની ખુશખબર થજો !" *(કિતાબુલ્ બરકત)*

હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہના બારામાં કહેવામાં આવ્યું છે કે આપની વફાત પછી કોઈકે ખ્વાબમાં પૂછયું કે, "તમારી સાથે અલ્લાહે કેવો વર્તાવ કર્યો ?!" આપે કહ્યું, "મારો મહેલ નિકાહવાળાઓના મહેલથી ઘણો જ નીચે છે." અમુક ઉલ્માએ કિરામે ફર્માવ્યું કે આ ઔલિયાએ કિરામના મર્તબાના એતેબારથી છે, રહ્યો મામલો સામાન્ય લોકોનો, તો તેમના એતબારથી તો બિશ્ર હાફી અતિ ઉચ્ચ મકામ પર બિરાજમાન છે.

શિફા શરીફમાં છે કે મોટા ભાગના ઉલમાએ કિરામ ફર્માવે છે કે, "એ અમલ ઘણો જ મકરૂહ છે કે કોઈ શખ્સ અપરિણત રહીને અલ્લાહ તઆલાથી મળે."

હઝરત સુફયાન થૌરી رحمۃ اللہ علیہએ કોઈ વ્યક્તિને પૂછયું કે તું પરણિત છે ? તેણે કહ્યું કે, "નહીં !" આપે ફર્માવ્યું કે, "ન જાણે તો પછી તું કેવી રીતે ભલાઈથી રહી શકે છે ?!" *(નુઝહતુલ મજાલિસ)*

### ★ ....પણ નિકાહ દરેક માટે સુન્નત નથી ! ★

આ નિકાહનું મહત્વ તથા ફઝીલત છે. પણ નિકાહના માટે શરીઅતમાં નિકાહ કરવા ક્યારેક ફર્ઝ, ક્યારેક વાજિબ, ક્યારેક સુન્નતે મોઅક્કદા તો

ક્યારેક જાઈઝ છે, વળી કોઈના માટે મકરૂહ તથા કોઈના માટે હરામ પણ છે, જેથી કોઈ બુઝુર્ગ હસ્તીએ નિકાહ ન કર્યો હોય તો એઓ કોઈ ટીકાને પાત્ર નથી કેમ કે એમના શું સંજોગો હશે તે તેઓ જ જાણે. માટે કોઈએ કોઈ ગલત ફહમીમાં ન રહેવું. *–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪)*





**...પ્રકરણ : ૮**

# જગતમાં બળાત્કારના બનાવો, સબબો અને તેનો ઈલાજ

વર્તમાનપત્રોમાં છે કે, ''સૂરત શહેરમાં ત્રણ મુસ્લિમ યુવાનોએ સગીર વિદ્યાર્થીનીને તેના મિત્ર સાથે કારમાં ઉઠાવી જઈ ચાલુ કારે તેના પર પાશવી બળાત્કાર ગુજાર્યો અને મોબાઈલ દ્વારા તેની વિડિયો ક્લિપિંગ ઉતારી વિકૃતિની અને હવસખોરીની તમામ સીમાઓ વટાવી દીધી હોવા છતાં તેમને તાત્કાલિક સજા થાય તે અંગે કંઈ નથી થતું, જ્યારે સઊદી અરબિયામાં બનેલી આવી જ ઘટનામાં સંડોવાયેલા પાંચ પાકિસ્તાની હવસખોરો સામે ત્યાંની સરકારે ગણતરીના દિવસોમાં જ કેસ ચલાવી તેમને જાહેરમાં ફાંસી આપી દીધી. સૂરતની ઘટનામાં પોલીસ હજી પુરાવા એકત્ર કરવાની મથામણમાં પડી છે ત્યારે સઊદીમાં આરોપીઓને જાહેરમાં ફાંસી પર લટકાવી દેવાયા કે જેથી ભવિષ્યમાં કોઈ હવસખોર આવુ કામ કરતાં પહેલાં લાખ વાર વિચાર કરે.'' *(સંદેશ, ૧૬–૬–૨૦૦૯)*

સંદેશ દૈનિક પત્ર આગળ લખે છે : ''આપણે ભલે મુસ્લિમ દેશોના જંગલી કાયદાઓની ટીકા કરીએ પણ આ ઘટનાને જોયા પછી લાગે છે કે **સૂરતની ઘટના જેવા ગુનાઓમાં સંડોવાયેલા લોકો મુસ્લિમ દેશોના કાયદાઓને જ લાયક છે.....''** *(સંદેશ, ૧૬–૬–૦૯)*

### ★ જંગલીપણુ કોને કહેવાશે ? ★

જંગલીપણુ તેને કહેવાય કે વિના વાંક ગુને કોઈને ફટકારવામાં આવે કે સજા આપવામાં આવે. જેમ કે ફેબ્રુ.–માર્ચ ૨૦૦૨માં ગુજરાતમાં ગોધરાકાંડ બાદ હજારો નિર્દોષ મુસ્લિમોને કત્લ કરાયા, જીવતા સળગાવાયા તથા સ્ત્રીઓ પર બળાત્કારો કરાયા હતા. જ્યારે અહીં પોતે કબૂલે છે કે, ''વિકૃતિ તથા હવસખોરીની તમામ સીમાઓ સૂરતના બળાત્કારીઓએ વટાવી દીધી.'' તો એવાને ઈસ્લામી કાનૂન જ્યાં ચાલતો હોય ત્યાં ગુનો પુરવાર થતાં સંગસાર કરીને (પથ્થરો મારીને) ખત્મ કરવાની કે કોરડા મારવાની સજા છે, અને ખૂન કરનારને કત્લની સજા છે. એક તરફ એ સજાને જંગલીપણુ કહે છે અને

વળી ઉપરથી એવું પણ કહે છે કે એવા લોકો એ સજાને જ લાયક છે ! પોતાની માં કે બહેન કે પુત્રી પર કોઈ બળાત્કાર કરી જાય તેવાને માટે તેમને હક્ક આપવામાં આવે તો પૂછો એમને શું સજા કરે ?! (શું જંગલીપણુ કરે ?!) તો જેવી આપણી માં દીકરી તેવી સર્વ સમાજની સ્ત્રીઓ પુત્રીઓ એ આપણી માં, બહેન, દીકરીઓ જ છે, જેથી તેમની ઈજ્જતની રક્ષા જળવાય એટલે જ ઈસ્લામમાં આ સખત સજા છે, એ જંગલીપણુ નથી. એક બદ્‌માશને આ રીતે ખતમ કરવામાં આવે તો હજારો ખાતૂનો ચૈનથી જીવી શકે છે, અને બીજો કોઈ એવું બદ્‌માશપણુ કરવાની હિંમત કરી શકતો નથી. આજે યૂરોપ, અમેરિકા વગેરે દેશોમાં બળાત્કારોના જે બનાવો ખૂબ બને છે તેનું કારણ એ જ છે કે ત્યાં માહોલ સ્વચ્છંદી છે અને કાયદામાં આવી કોઈ કડકાઈ છે જ નથી જેથી બળાત્કારીમાં હિંમત આવી જાય છે.

### ★ કહેવાતા સભ્ય દેશોનું આ છે જંગલીપણુ ! ★

**અમેરિકા**માં ૧૯૭૭ સુધી બળાત્કારીને મૌતની સજાની જોગવાઈ હતી પરંતુ ત્યારબાદ તેને આજીવન કેદમાં ફેરવી દેવામાં આવી અને અમેરિકા, યૂરોપના દેશોમાં કેદમાં પણ ઘર જેવી સગવડો હોય છે ! એ જ **અમેરિકામાં દર વર્ષે ૬,૮૩,૦૦૦ મહિલાઓ પર બળાત્કાર થાય છે** જે મુજબ **દર ત્રણ મિનિટે એક, એક કલાકમાં ૭૮** અને **દિવસના ૧૮૭૧** બળાત્કાર થાય છે. આને કહે છે જંગલીઓનો દેશ ! આ છે જંગલીપણુ !

એક સર્વે મુજબ પાપુઆ ન્યુગીનીમાં ગ્રામ્ય વિસ્તારની ૬૭ ટકા અને શહેરી વિસ્તારની ૫૭ ટકા મહિલાઓ શારીરિક શોષણનો ભોગ બની ચૂકી છે.

**ફ્રાન્સ** જ્યાં હાલમાં જ સ્ત્રીના પર્દાને ''ગુલામીનું પ્રતીક'' કહેનારા વાસનાના ગુલામ ત્યાંના હાલના અતિ બેહયા વડા પ્રધાન નિકોલ્સ સરકોઝીના દેશમાં પણ બળાત્કારના બનાવોનો એ જ હાલ છે છતાં પણ ત્યાં બળાત્કારી માટે વધુમાં વધુ ૧૫ વર્ષની જેલની સજા છે. ભોગ બનનારી સગીર વયની હોય તો ૨૦ વર્ષની સજા અને બળાત્કારના કારણે મૃત્યુ પામે તો ૩૦ વર્ષની સજા છે. આશ્ચર્યની વાત છે કે આપણા દેશમાં કોઈ સામાન્ય પ્રધાનમંત્રીનું પણ જો કોઈ લફરૂ બહાર પડે તો અહીંની સંસ્કૃતિ તેને સહન કરતી નથી અને હોબાળો મચી જાય છે ! જ્યારે એ દેશની પ્રજા કેટલી બેહયા હશે કે દેશની





ટોચની વ્યક્તિ વડાપ્રધાન પોતાની રખાત કે જેણે મોડેલ તરીકે રહી વેશ્યા કક્ષાનું જીવન જીવીને શરીર પ્રદર્શનનો ધંધો ૩૯ વરસની વય સુધી કર્યો અને હજી એવું અંગ પ્રદર્શન પ્રસંગોપાત કરતી રહે છે તેવી બેહયા સ્ત્રી કાર્લા બ્રૂની સાથે આડા સંબંધો બાંધ્યા અને શરમને નેવે મૂકીને અમુક દેશો મિસર વગેરેમાં તે રખાતને સાથે લઈને સફરો પણ કરી અને ત્યાં પણ બેહયાઈનાં દશ્યો દરિયાકાંઠે રજૂ કર્યાં જે વર્તમાનપત્રોમાં છપાયાં ! અને છેક ગયા વરસે પોતાની પુત્રીની ઉંમરની આ મોડેલ સાથે ૫૫ વરસના આ વૃદ્ધ યુવાન વડાપ્રધાને લગ્ન કર્યાં ! આવો લફરાબાઝ બેશરમ શખ્સ જે દેશનો ''વડા પ્રધાન'' હોય તે દેશની પ્રજાની બેહયાઈની શું હાલત હશે ?! આવી બેહયા વ્યક્તિને કોણ સમજાવી શકે કે ઈજ્જત, ચારિત્ર તથા સંસ્કાર શું ચીજ છે ?! આને કહે છે જંગલીપણુ ! માં, બહેન કે પુત્રી તરીકે કોઈને માન આપવા ન ટેવાયેલા આવા જાનવર પ્રકૃતિવાળા હવસખોરને પર્દો કઈ રીતે પસંદ પડે !

વળી જ્યાં પુષ્કળ બળાત્કારના બનાવો બને છે તે દેશ **ઇંગ્લેન્ડ**માં બળાત્કારીની સજા વધુમાં વધુ આજીવન કેદ છે, વળી અહીં બળાત્કારના ૫.૬ ટકા કેસમાં જ આરોપીને સજા થાય છે, બાકીના છટકી જાય છે.

**દક્ષિણ આફ્રિકામાં પ્રત્યેક ચાર પૈકી એક પુરૂષે કોઈ ન કોઈ સ્ત્રી પર બળાત્કાર કર્યો છે.** તેમાંય **૫૦% પુરૂષોએ** તો એવું પણ કબૂલ્યું કે તેમણે **એકથી વધુ સ્ત્રીઓ પર બળાત્કાર** કર્યા છે. એ જ પ્રમાણે જ્યાં ખૂબ બળાત્કારો થતા રહે છે એવા દેશો જેમ કે **નોર્વે**માં બળાત્કારી માટે ૨ વર્ષથી ૧૫ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. **યુએઈ**માં ૧૫ વર્ષ, **ચીન**માં દસ વર્ષથી લઈને મૃત્યુદંડ સુધીની, **ઈઝરાઈલ** જે બેહયાઈમાં ડૂબી ગયું છે ત્યાં ૨૦ વર્ષની, **રશિયા**માં વધુમાં વધુ ૧૫ વર્ષની સજાની જોગવાઈ છે. દુનિયામાં શરીફ તથા સભ્ય તથા સુંવાળા બનીને ફરતા દેશોની આ છે જંગલીપણાની ઓછરી ઝલક !

### ★ બળાત્કારના બનાવોમાં આપણા દેશની સ્થિતિ ! ★

વર્તમાનપત્રોમાં છે કે, ''ભારતમાં બળાત્કારના કેસોમાં તાજેતરના સમયમાં જે અસાધારણ વધારો થયો છે તે ચોંકાવનારો છે. એક પછી એક બળાત્કાર તથા તેનાથી વધીને ગેંગ રેપ (સામૂહિક બળાત્કાર)ના વધતા જતા કિસ્સાઓથી સરકાર પણ ચિંતામાં પડી ગઈ છે.

દેશમાં બળાત્કારના કેસને લગતા આંકડાનો રેકોર્ડ રાખવાની શરૂઆત ક્રાઈમ રેકોર્ડસ્ બ્યૂરો (**NCRB**) દ્વારા ૧૯૭૧થી થઈ હતી, ત્યારથી ૨૦૦૮ સુધીમાં બળાત્કારના કેસમાં ૭૦૦ ટકાનો ભયાનક વધારો થઈ ગયો હતો. **ગયા વર્ષે જ દેશમાં બળાત્કારના ૨૦,૦૦૦ કેસ** નોંધાયા હતા. અનેક કિસ્સામાં તો યુવતી કે મહિલા ભય અને બદ્‌નામીના કારણે પોલીસને તો ઠીક, ઘરના સભ્યોને પણ આવી ઘટનાની જાણ કરતી નથી.

દેશમાં **દર ૩૦ મિનિટે એક બળાત્કાર** થાય છે. અને કુલ થતા કેસોના ૨૭% કેસમાં જ આ જઘન્ય અપરાધના ગુનેગારોને સજા થાય છે. દેશમાં લગ્નની લાલચ આપીને ભગાડી જઈને બળાત્કાર ગુજારવાના કેસ મોટી સંખ્યામાં જોવા મળે છે. આજે પણ દેશના બળાત્કારના ૬૦,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે. બળાત્કારના કેસની સુનાવણી માટે ૧૫૦૦ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે છતાં આ સ્થિતિ છે ! *(સંદેશ, ૨૬–૬–૦૯)*

## ★ શું આ વિરોધમાં નિખાલસતા છે ખરી ?! ★

ગત મહિને સૂરતમાં ઉપર વર્ણન થયું તેમ ગેંગ રેપનો બનાવ બન્યો તેને અમે સખત શબ્દોમાં વખોડીએ છીએ અને તેઓને વહેલી તકે કડકથી કડક સજા થવી જોઈએ એવી અમારી માંગ છે કે જેથી એવા નાલાયકો સબક લઈને કોઈની બહેન દીકરી પર નજર ન બગાડી શકે ન હાથ ઉઠાવી શકે. પણ સૂરત ખાતે એ બનાવના વિરોધમાં વિહિપે જે બંધનું એલાન આપ્યું હતું, તો શું ગુજરાતમાં આ પ્રથમ જ આવો બનાવ હતો કે જેનો વિરોધ તેમના થકી આટલી ઉગ્રતાથી કરવામાં આવ્યો ? અગાઉ આવા રેપના કે ગેંગ રેપના બનાવો નથી બન્યા ? સાંભળો ! ગુજરાતમાં છેલ્લા ત્રણ વરસમાં બળાત્કારના કુલ ૧૦૬૯ બનાવો અને છેડતીના ૨૦૨૬ કેસો નોંધાયા છે. (વણનોંધાયેલા બનાવો તો અસંખ્ય હશે !) હાલમાં જ થોડા સમય પર ઝઘડિયા (જિ. ભરૂચ) ખાતે આદિવાસી કન્યા પર લગભગ ૧૨ નાલાયકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો તેમજ અન્ય ઠેકાણે આવા બનાવો બનતા રહ્યા ત્યારે એઓ ચૂપ હતા, પણ સૂરત ખાતે એવું જણાય છે કે બળાત્કારીઓ મુસ્લિમ નામધારી હોવાથી આ ધાંધલ મચાવાઈ છે ! તો એવું ન હોવું જોઈએ. વળી ૨૭–ફેબ્રુઆરી–૨૦૦૨માં ગોધરાકાંડ પછી નિર્દોષ મુસ્લિમ સ્ત્રીઓ પર ઠેરઠેર બળાત્કાર કરી મારી નાખવાના બનાવો બન્યા, કહેવાય છે કે એક



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

સગર્ભા સ્ત્રીના ગર્ભમાં તલ્વાર મારી બાળકને ઉછાળી તલ્વાર પર ઝીલવામાં આવ્યું, પણ આજ સુધી તેના વિરુધ્ધમાં ન કોઈ સંસ્થા કે ન મિડિયાએ તેના માટે કાંઈ કર્યું કે કહ્યું છે ! **તો શું એ દલીત તથા મુસ્લિમ યુવતીઓ પર સામૂહિક બળાત્કારના ગુનેગારો ધન્યવાદને પાત્ર હતા ?! અને આ જ કેવળ મુજરિમો છે ?!** નહીં ! **બળાત્કારી કોઈ પણ જાતિનો હોય તેની સામે સખત કાર્યવાહી થવી જ જોઈએ** અને તેને સખતથી સખત સજા થવી જ જોઈએ એનું નામ "માનવતા" છે અને એથી ઉલ્ટુ કરવું એ "જંગલીપણુ" છે.

## ★ બળાત્કાર તથા છેડતી થવાના સબબો ★

બેશક ! સઊદી અરબમાં હાલમાં જે એક સ્ત્રી પર ગેંગ રેપ તથા ખૂનનો બનાવ બન્યો તે અતિ બુરો તથા ધૃણાજનક બન્યો અને જે સજા પાંચ નરાધમોને જાહેરમાં ફાંસીએ ટીંગાડવાની કરવામાં આવી તે યોગ્ય જ છે. પણ વર્તમાનપત્રોમાં દર્શાવ્યા મુજબ એ યુવતી એ બળાત્કારી યુવાનો સાથે જ નોકરી કરતી હતી. તેણી યુવાનો સાથે પાર્ટીમાં ગઈ અને ત્યાં યુવાનો સામે ગેલમાં આવીને ડાન્સ કરવા લાગી, તો એ બધા યુવાનો તેણી સાથે ડાન્સ કરવા લાગ્યા અને તેને મોબાઈલમાં ઉતારવા લાગ્યા. એમાંથી એક જણ જોશમાં આવી ગયો તો તેણે તેણી સાથે ચાલુ ડાન્સમાં છેડતી શરૂ કરી જેથી તે યુવતીએ તેને ધક્કો માર્યો. પણ પછી ગેલમાં આવેલા યુવાનોએ તેણીને નીચે પાડી નિર્વસ્ત્ર કરી દીધી અને પછી સામૂહિક બળાત્કાર કર્યો અને તેણી ફરિયાદ ન કરે માટે તેનું ડોકુ ધડથી અલગ પાડી દીધું. પણ ગમે તે રીતે તેઓ પકડાઈ ગયા અને સત્વરે ત્યાંની ગવર્નમેન્ટે મોબાઈલમાં સર્વ બનાવ એક જણે ક્લિપ કરેલો હતો તેના પરથી ગુનો પુરવાર થતાં સૌને ફાંસીએ લટકાવી દીધા. સર્વ ફોટા વર્તમાન પત્રમાં આપ્યા છે. આ તે બનાવની હકીકત છે. *(સંદેશ, ૨૬–૬–૦૯ના આધારે)*

હવે ઠંડા કલેજે વિચારો કે જો એ યુવતી યુવાનો સાથે પાર્ટીમાં ન જાત અને ડાન્સ કરીને તેમને ન લોભાવત કે લલચાવત તો આ પ્રસંગ જ બન્યો ન હોત, એ વાત સો ટકા સાચી છે કે નહીં ?! હવે જેમણે પછીથી બળાત્કાર તથા ખૂનનો ગુનો કર્યો તેઓ ગુનેગાર તો ખરા જ ! પણ યુવતીએ પણ પોતાની મર્યાદા વટાવવી જોઈતી ન હતી એ પણ હકીકત છે.

બસ, આ જ પ્રમાણે જ્યાં જ્યાં સ્ત્રી પુરૂષોની ભેળસેળના પ્રોગ્રામો થવા લાગ્યા, ફિલ્મોમાં નગ્નતા તથા બળાત્કારનાં દશ્યો મનોરંજનરૂપે દેખાડવામાં આવવાં લાગ્યાં તેમ બળાત્કારી શૈતાનો જન્મ લેવા માંડયા, નહીં તો પહેલાંના સમયમાં આવા બનાવો લગભગ થતા ન હતા. ફિલ્મોમાં બળાત્કારનાં દશ્યો જોનારો ગંદા દિમાગવાળો હોય તો તે શું તેને મનગમતી યુવતી પ્રતિ સભ્ય બની જશે કે તેણે જોયેલાનું અનુકરણ કરશે ?

વળી હવે તો ટીવી વિડિઓ આમ છે, જેમાં એવી એવી ચેનલો નીકળી છે જે નગ્નતાભર્યાં બેહયાઈભર્યાં દશ્યો રજૂ કરે છે જેણે આપણા દેશના યુવાન, યુવતીઓ, વડીલોમાં રહેલી શરાફત, સભ્યતા તથા શરમને નીચોવીને કાઢી નાખી છે અને પૂરા માહોલને બેહયા તથા બુરી નજર કરનારો તથા વ્યભિચારમાં સંકોચ ન પામનારો બનાવી દીધો છે. (ઈલ્લા માશાઅલ્લાહ !)

એટલું જ નહીં ! ઈન્ટરનેટ પર તો કરોડો નગ્નતા તથા બેહયાઈભરી વેબસાઈટોનો રાફડો ફાટેલો છે જેને જોનાર યુવાન યુવતીઓ તો ઠીક તરૂણો નાબાલિગ બાળકોનાં દિમાગો ખરાબ થઈ જાય છે અને તેઓ પણ કુછંદે ચઢ ી જાય છે. અને જ્યારે વાસના બેકાબૂ બને છે તો વ્યભિચારના બનાવો ઠેર ઠેર બને છે, આડા સંબંધો આમ થઈ રહ્યા છે તો વળી કોઈ ન હાથમાં આવે તો ક્યાંક બળાત્કાર અને ગેંગ રેપના બનાવો પણ પુષ્કળ થવા લાગ્યા છે. બલ્કે ક્યારેક ત્રણથી પાંચ સાત વરસની કુમળી બાળકીઓ પર બળાત્કાર થવાના બનાવો પણ બને છે !

## ★ કલાના નામે બેહયાઈનો પ્રચાર ★

આજે યુવતીઓને સુંદર કઈ રીતે દેખાવું ? લોકો તમારા પ્રતિ કઈ રીતે આકર્ષાય ? શરીરમાં ચહેરો આકર્ષક કઈ રીતે બનાવવો, સીનો આકર્ષક કઈ રીતે બનાવવો, બેક, કમર તથા પીઠનો દેખાવ કોઈને આકર્ષી લે તે માટે કેવો ડ્રેસ પહેરવો ? પોતે સેક્સી સ્ત્રી લાગવા માટે હોઠ કેવા બનાવવા, વાળો કેવા રાખવા ? વગેરે...વગેરે વાતો વર્તમાનપત્રોમાં તથા એવું બધું શીખવાડતું સાહિત્ય પુષ્કળ છપાતુ રહે છે, બ્યૂટી પાર્લરોની સગવડો થઈ ગઈ છે જ્યાં જાત જાતનું મેકઅપ કરીને યુવતીઓ લોકોને આકર્ષક લાગે તેવી બની ઠનીને મોડેલ જેમ બહાર ફરતી થાય છે. તેમજ ફિલ્મી કલાકારો થકી ફિલ્મોમાં ટીવી સિરિયલોમાં, સુંદરી હરીફાઈના વિશ્વભરમાં થતા





પ્રોગ્રામો વગેરેમાં એવી જ અર્ધ નગ્ન સ્ત્રીઓ તથા ક્રિકેટના મેદાનમાં ચિયર્સ ગર્લ્સના મનોરંજનના કાર્યક્રમો આ બધું સતત દેખાડવામાં આવતું રહે છે. સૌંદર્ય પ્રશાધનો બનાવતી કંપનીઓ પોતાના ધંધા માટે ખૂબ જ બેહયાઈભરી આવી જાહેરાતો આપતી રહે છે જેથી કાચી વયની તથા કાચા મનની યુવતીઓ પર ખૂબ જ જલ્દી અસર પડે છે અને પછી તે યુવતીઓ પણ નગ્નતા દર્શાવતા ફેશનેબલ ડ્રેસો સીવડાવી પહેરીને બહાર નીકળે છે, લોકોની નજરોનું કેન્દ્ર બની મનોમન ખુશ થાય છે. પણ આવા વલણથી શૈતાની ખયાલવાળા યુવાનોમાં વાસના પેદા થાય છે અને જો યુવાન યુવતીઓનો મેળાપ થાય છે તો પછી તેઓ દોસ્તીના નામે આગળ વધી વ્યભિચારમાં સપડાય છે અને ક્યારેક બળાત્કાર તથા સામૂહિક બળાત્કારના આવા બનાવો ઉદ્‌ભવ પામે છે.

આ સર્વ બાબતો યૂરોપ અમેરિકી જંગલીપણા તથા નીચતાવાળા પોતાને એડવાન્સ ગણતા પણ ખરેખર પછાત કલ્ચર (કુસંસ્કૃતિ)ની દૈન છે કે જ્યાં આ બધું સામાન્ય છે અને પુરૂષ તથા સ્ત્રીમાં પવિત્રતા, શીલ તથા ઈજ્જત આબરૂ જેવી કોઈ ચીજ નથી, જ્યાં વ્યભિચાર આમ છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) જ્યારે આપણો દેશ હજી સુસંસ્કૃતિવાળો છે, શરમો હયામાં માનનારો છે જેથી અહીં એ બધી ચીજો, એવી ચેનલો, એવા પ્રોગ્રામો પર ગવર્નમેન્ટ થકી પાબંદી જરૂરી છે. કમસે કમ ટીવી પર કે વર્તમાનપત્રોમાં એનાં પ્રદર્શનો પર પ્રતિબંધ હોવો જોઈએ જેથી એક સુઘડ સુસંસ્કૃત સમાજ બાકી રહે અને બેશરમીના માહોલને કારણે થતા આવા ગુનાહો પર બ્રેક લાગે.

## ★ મિશ્ર ભણતર સંસ્કૃતિને નુકસાનકર્તા છે ★

સ્કૂલો ખાસ કરીને કોલેજોમાં યુવાનો યુવતીઓ મિશ્ર હોય છે અને મુક્ત વાતાવરણ હોય છે જેથી ત્યાં ફેશન પરેડો યોજાય તેટલી ફેશનો યુવતીઓ કરે છે, ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડના સંબંધો બંધાય છે, પછી ગૃપ ડાન્સની પાર્ટીના પ્રોગ્રામો, મનોરંજનના વિવિધ પ્રોગ્રામો વારંવાર થાય છે જેમાંથી આડા સંબંધો ખીલે છે અને આમાંથી ઘણીવાર બળાત્કારના પણ બનાવો બને છે જેમાંથી અમુક જ બહાર પડે છે, જેમ કે ઉપર દર્શાવ્યા. જેવી રીતે આગ અને પેટ્રોલ સાથે સાથે રહે તેમાં ગમે તેટલી સાવચેતી વર્તાય પણ ભડકો થવાનો જ છે, તેમ પર પુરૂષ પર સ્ત્રી, યુવાન યુવતીઓનો મેળાપ થાય તો વાસના

જન્મ લેવાની જ છે, એમાં કોઈ પોતાની શરાફત પર ફખ્ર કરી શકતો નથી, અને જે શરીફ હશે તે એવા પ્રોગ્રામોના સ્થળોએ રહી શકશે નહીં.

સારાંશ કે આ બધી ચીજો માનવીની વાસનાને ઉશ્કેરે છે અને તેના કારણે ન થવાના બનાવો વ્યભિચાર, બળાત્કાર પછી તેના પ્રત્યાઘાતમાં ખૂન, આત્મહત્યા, હુલ્લડો વગેરે જન્મ પામે છે અને સામાન્ય માનવ જીવનની શાંતિ પણ જોખમાય છે.

## ★ એજ્યુકેશન માટે શું આ બધું જરૂરી છે ? ★

આજકાલ એજ્યુકેશન મેળવવાનો મતલબ એ થઈ ગયો કે કોલેજો–સ્કૂલોમાં યુવાનોએ ફેશનેબલ કપડાં પહેરીને જવું અને યુવતીઓ ગેર મર્દોની નજરોનું કેન્દ્ર બની જાય એવા અંગ ઉપાંગોને ઉભારનાર, નગ્નતા પ્રદર્શિત કરનાર ડ્રેસીસ પહેરીને જાય, તો જ તે એજ્યુકેટેડ ગણાય ! તો શું આપણા બાપદાદાઓની શર્મો હયાવાળી, ચારિત્રવાન સંસ્કૃતિ સાથે સ્ટડી ન થઈ શકે ? ઈસ્લામી લિબાસ સાથે સ્ટડી ન થઈ શકે ? જરૂર થઈ શકે ! જ્ઞાન તો કોઈ પણ ડ્રેસમાં સભ્યતાથી રહીને મેળવી શકાય છે. 'વેલેન્ટાઈન ડે' જેવા આપણી સંસ્કૃતિ વિરુદ્ધના ડે મનાવ્યા સિવાય એજ્યુકેટેડ ન થવાય ? શું ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડના નામે અય્યાશી કરવામાં જ્ઞાન મળી શકે કે એક ચિત્તે અભ્યાસમાં પરોવાઈને આગળ આવી શકાય ? હા, કામ પૂરતો વહેવાર ક્યાંક રાખવો પડે તો અલગ વાત છે, પણ એજ્યુકેટેડ થવા માટે સ્વચ્છંદી બની, આવારા બની પારકા યુવાનો યુવતીઓ સાથે પાર્ટીઓ માણવી, ડાન્સ કલબોમાં જવું એ કાંઈ જરૂરી નથી, બલ્કે એ અભ્યાસ માટે તથા તમારી તેમજ તમારા ખાનદાનની ઈજ્જત માટે ખતરારૂપ છે. જેથી યુવાનો યુવતીઓએ એવા મર્યાદા બહારના સંબંધો રાખી હરવા ફરવાથી બચવું જેથી ઘણા બધા ફિત્નાઓથી બચી જવાશે. તથા શક્ય હોય ત્યાં સુધી ગર્લ્સ તથા બોયઝ મિશ્ર સ્કૂલ કોલેજોને બદલે બંને અલગ હોવાં જોઈએ.

## ★ સ્ત્રી પુરૂષની ભેળસેળ સંબંધે ઈસ્લામની ચેતવણીઓ ★

ઈસ્લામમાં તો આ બાબતે ખૂબ જ ચેતવણીઓ આપવામાં આવેલી છે. જેમ કે કુર્આને પાકમાં રબ તઆલાનું ફર્માન છે : وَلَا تَقْرَبُوا الزِّنَا **"વ્યભિચારની નજીક પણ ન જાવ !"** વ્યભિચારની નજીક શું કહેવાય ? નિકાહ વિના





એકબીજાને કારણ વિના જોતા રહેવું, પછી અવારનવાર મળવું, પાર્ટીઓમાં જવું, ઠઠ્ઠા મશ્કરી કરવી, ડાન્સ કરવા, એકાંતમાં મળવું, સ્પર્શવું વગેરે...... આ બાબતો છેવટે વ્યભિચારમાં સપડાવે છે અને ક્યાંક બળાત્કાર પણ થાય છે.

એટલા જ માટે રસૂલે પાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "દરેક સવારે બે ફરિશ્તા પોકારે છે કે પુરૂષો માટે સ્ત્રીઓ તબાહ કરનાર છે અને સ્ત્રીઓ માટે પુરૂષ." *(મુસ્તદરક બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

સારાંશ કે મેહરમો સિવાય ગૈર મર્દોથી સ્ત્રીઓએ બચીને રહેવું, એ જ પ્રમાણે પુરૂષોએ બચવું, નહીં તો શૈતાની કરતૂતો ઉદ્ભવ પામવાનાં જ છે જે માનવીની જિંદગીને બર્બાદ કરી નાખે છે.

પુરૂષોને ચેતવતાં રસૂલેપાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "દુનિયા મીઠી તથા હરીયાળી ચીજ છે અને અલ્લાહ તમને એના માલિક બનાવીને જુએ (પરીક્ષા કરે) છે કે તમે શું કરો છો ? જેથી તમે **દુનિયાની રંગીનીઓથી બચો** અને **ઔરતોના ફિત્નાથી બચો.** *(સુનને ઈબ્ને માજહ બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

## ★ હે નવયુવાનો તથા યુવતીઓ સાવધાન થઈ જાવ ! ★

હે મારા પ્રિય નવયુવાન ભાઈઓ તથા બહેનો ! સાંભળો તે યૂરોપ અમેરિકા વગેરે દેશો જ્યાં સ્ત્રી પુરૂષો સ્વતંત્રતાના નામે કશીય મર્યાદા વિના જીવી રહ્યાં છે ત્યાંની હાલત જોઈ લો કે પુષ્કળ આત્મહત્યાના તથા બળાત્કારના બનાવો બને છે, ત્યાં કપડાં જેમ બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડ બદલતા યુવાનો યુવતીઓની હાલત અતિ કફોડી થઈ જાય છે, કુદરતના નિયમ વિરુદ્ધ જીવન જીવવાથી તેઓ માનસિક શાંતિ ગુમાવી બેસે છે, કેટલાય માનસિક રોગોમાં તેઓ પીડાય છે, અય્યાશીમાં પડી ડ્રગ વગેરે નશાકારક ચીજોની આદત પાડી પોતાનું જીવન તબાહ કરે છે, તો ક્યાંક એઈડઝ જેવી ભયાનક જીવલેણ બીમારીઓમાં સપડાય જાય છે. ન તેમની દેખરેખ માટે માં, બાપ, ભાઈ હોય છે ન તેમના કોઈ ધણી ! કોઈનો સાયો તેમના સર પર નથી રહેતો અને તે વેશ્યા જેવું જીવન જીવવા છેવટે મજબૂર થાય છે. આમ જીવન હતાશા તથા તબાહીથી ભરપુર થઈ જાય છે.

હાલમાં જ અમારા એક મિત્ર યુ.કે.થી પધાર્યા તેમણે જણાવ્યું કે અસંખ્ય

નાની વયની તરૂણીઓ ત્યાં રખડેલ બની ડ્રગના રવાડે ચઢી ગઈ અને પછી પૈસા ન મળતાં પોતાનું શરીર વેચીને ડ્રગ માટે પૈસા કમાય છે ! સ્થિતિ એટલી ગંભીર બની છે કે સિગ્નલ પર ગાડી ઉભી રહે અને દરવાજો લોક ન હોય તો અંદર ઘુસી જઈને પૈસા માટે સેક્સની ઓફર કરે છે ! તમે ના પાડો તો પોલીસને ખોટો કેસ કરવાની ધમકી આપે છે, જેથી તમારે આમ જ કાંઈ આપી જેમ તેમ કરીને જાન છોડાવવી પડે છે. આ છે સભ્ય કહેવાતા, એડવાન્સ દેશની સંસ્કૃતિનું તથા નવી પેઢીનું અધઃપતન ! આ છે સ્ત્રી આઝાદીનું પરિણામ !

હે યુવાનો ! શું તમે આવી કૂતરાં જેવી જિંદગી પસંદ કરો છો ? માટે તમે સંસ્કારી બનો અને માંબાપ રાજી રહે તેવી રીતે દીનદાર છોકરી છોકરાને પસંદ કરીને નિકાહ કરો અને અલ્લાહને રાજી કરવા ઈસ્લામી નીતિ નિયમવાળુ સંતોષનું સલામતીનું સામાજિક જીવન જીવો ! જો તમો આ યૂરોપી કલ્ચરને અનુસર્યા તો તમારા પણ એ જ ભૂંડા હાલ થશે અને જાનવર કરતાંય બદ્તર તમારું જીવન થઈ જશે.

## ★ વ્યભિચાર સંબંધી ઈસ્લામી આદેશો ★

હે મુસલમાનો ! તમને તો શું શીખવાડવું પડે ! તમારા પ્યારા નબી ﷺએ જ તો ફર્માવ્યું છે કે, "આંખોનો ઝિના (વ્યભિચાર) જોવું, કાનોનો ઝિના સાંભળવું, જીભનો ઝિના વાત કરવી, હાથનો ઝિના પકડવું, પગોનો ઝિના ચાલવું અને દિલ ખ્વાહિશ તથા તમન્ના કરે છે પછી શર્મગાહ (ગુપ્તાંગ) તેને સાચુ કે જૂઠુ કરે છે." *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૦)*

સારાંશ કે માણસ આંખ વડે પર સ્ત્રીને, પર પુરૂષને જુએ તે આંખનો ઝિના, કાનોથી બિભત્સ વાતો સાંભળે, જીભથી ગુનાહની વાસનાની વાત કરે, હાથથી પર સ્ત્રી કે પુરૂષને સ્પર્શે એ રીતે દરેક અંગ ઝિનામાં પડે છે, છેવટે ભાન ગુમાવતાં પૂરેપૂરાં ઝિનામાં સપડાય છે કે જે મહાન (કબીરા) ગુનોહ છે. મુસલમાનો ! ઝિનાને ઈસ્લામે ખૂબ જ ગંભીરતાથી લીધેલ છે જેથી તમે મુસલમાન છો તો તમારા પ્યારા રસૂલે પાક ﷺની ચેતવણીઓ સાંભળો અને કાંપી ઉઠો !

- ✪ જે ગૈર મેહરમ (પર સ્ત્રી) સાથે હાથ મિલાવે તો કાલે ક઼યામતના દિવસે બંનેના એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે, અને એ





હાથનો ઝિના છે. *(મુસ્લિમ, બુખારી)*

- ✪ જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તે ઝાનિયા (વ્યભિચારીણી) છે.
- ✪ જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં ક઼યામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે.
- ✪ જે ગૈર મેહરમને જુએ અને જેના તરફ જોવામાં આવે બંને પર અલ્લાહની લઅનત છે.
- ✪ કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ (નિકાહમાં) નથી. *(તિબ્રાની વ બયહકી)*
- ✪ કોઈ ગૈર ઔરતના ખભાથી ખભો લગાડવો એ એનાથી બુરું છે કે તું કોઈ સુવ્વર સાથે શરીર લગાડે. *(તિબ્રાની વ તરગીબ બહવાલા કિતાબ "ઝિના ગુનાહે કબીરા")*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! તમારાં દિલોમાં ઈમાની ગૈરત (શરમ)ને જાગૃત કરો અને ઉપરોક્ત ચેતવણીથી સાવધાન થઈને પર સ્ત્રીઓ સાથે ઉઠક બેઠક મેળ મેળાપને ત્યજી દો તો બંને જહાનમાં સલામત થઈ જશો. નામેહરમ સ્ત્રીઓથી બચીને દૂર રહેવાનો કેટલો મહાન બદલો છે તે જુઓ : હુઝૂર ﷺ ફર્માવે છે કે, "સાત માણસોને અલ્લાહ તઆલા **ક઼યામતના દિવસે અર્શના સાયામાં** જગા આપશે (તેઓ પર અઝાબ નહીં થાય) અને તે દિવસે અર્શે ઈલાહી સિવાય ક્યાંય સાયો નહીં હોય. એમાં એક શખ્સ તે પણ હશે **જેને કોઈ ખૂબસૂરત સુંદર (રૂપાંગના)**, હસબ તથા નસબવાળી **સ્ત્રી પોતાની તરફ બોલાવે** અને તે જવાબમાં કહે કે, **"બેશક ! હું બંને જહાનના રબથી ડરું છું !"** *(ઈસ્લામ અને વિશ્વશાંતિ)* અને જે ગલત કામોમાં પડશે તેના માટે આખેરતમાં ભયંકર અઝાબો છે.

## ★ ઈસ્લામમાં નજરોની હિફાઝતનું મહત્વ ★

એક બેબાક માહોલનો તર્જુમાન આંખોના બારામાં લખે છે :–

**હોતા હૈ રાઝે ઈશ્ક઼ો મહબ્બત ઉન્હીંસે ફાશ**
**આંખેં ઝબાન નહીં પર બેઝબાન નહીં !**

સ્ત્રી પુરૂષમાં જે જાતિય આકર્ષણ રહેલું છે તેના પ્રારંભનો ઝરીયો આંખો જ છે. પ્રથમ નજર બહેકે છે પછી દિલ બહેકે છે અંતે આખુ વજૂદ બહકે છે. એટલા માટે ફિત્નાને જન્મતો જ ડામવા માટે રબ તઆલાનો કુર્આનમાં આદેશ છે : "મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નિગાહો કાંઈક નીચી રાખે અને પોતાનાં ગુપ્તાંગોની હિફાઝત કરે એ તેમના માટે ખૂબ જ સુથરુ છે. બેશક ! અલ્લાહને તેમનાં કામોની ખબર છે." *(સૂરએ નૂર, ૩૦/૨૪)*

મુસ્લિમ શરીફમાં જરીર ઈબ્ને અબ્દુલ્લાહ ફર્માવે છે કે મેં અજનબી (નામહરમ) સ્ત્રી પર નજર પડી જવાના બારામાં પૂછયું તો આપ ﷺએ ફર્માવ્યું, **"નજર ફેરવી લો !** આગળ ફર્માવ્યું છે કે અચાનક પડી જતી પ્રથમ નજર માફ છે પણ બીજીવાર (ઈરાદાપૂર્વક) પડતી નજર પર રબ તરફથી શિક્ષા થશે. પુરૂષો જેમ સ્ત્રીઓને પણ પર પુરૂષો પર નજર ન ફેંકવાનો હુકમ અલ્લાહ તઆલા કરે છે : "અને મુસલમાન સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને ગુપ્તાંગોની રક્ષા કરે." *(સૂ. નૂર, ૩૦/૨૧)*

સ્ત્રીઓ નાઝુક સ્વભાવની નરમવૃત્તિવાળી હોય છે અને તેમના પર માહોલની ખરાબીની અસર જલ્દી થાય છે એટલા માટે ઈસ્લામે ખાસ પર્દામાં રહેવાની અને નામેહરમોથી (પર પુરૂષોથી) નજરો મિલાવવાની કે નજર ફેંકવાની મના કરી છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا બયાન કરે છે કે, હું અને મૈમૂના હુઝૂરની પાસે હતાં. હુઝૂરના એક નાબીના સહાબી ઉમ્મે મક્તૂમ કોઈ જરૂરત હેઠળ હુઝૂરની પાસે આવ્યા તો હુઝૂરે અમને બંનેને પર્દામાં જવાનો હુકમ કર્યો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું ઉમ્મે મકતૂમ નાબીના નથી ? હુઝૂરે ફર્માવ્યું, શું તમે બંને પણ આંધળી છો ? એમને જોતી નથી ! *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૬૯, બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

### ★ ઈસ્લામી અખ્લાક઼માં સર્વ બુરાઈઓનું નિવારણ છે ! ★

ઈસ્લામમાં પોતાનો શણગાર ગૈરો સમક્ષ પ્રદર્શિત ન કરવાનો આદેશ છે, ગૈર મર્દો સાથે આકર્ષણ ઉપજે છે તેવા લહેજામાં વાત કરવાની મના છે કે ક્યાંક તે લલચાય ન જાય ! કોઈ ચીજની લેવડ દેવડ ગૈર મર્દ સાથે કરવાની થાય તો પર્દામાં રહીને જ કરવામાં આવે અને એને દિલની અધિક પવિત્રતામાં





ગણાવેલ છે. અને ઘર બહાર નીકળે તો શરીર ઢાંકી મોઢા પર ચાદર (નિકાબ) રાખવાનો આદેશ છે કે જેથી તેણીની ઈજ્જત બચેલી રહેશે. ઉપરાંત યુવાન થતાં વહેલી તકે નિકાહ કરાવી દેવાનો આદેશ છે. ઈસ્લામમાં આબરૂ જાનથી અધિક કિંમતી છે. જો એના પર ચાલવામાં આવે તો કોઈ બુરાઈ માથુ ઉઠાવી શકે જ નહીં.

સારાંશ કે ઈસ્લામ જ આ વ્યભિચાર તથા બળાત્કારની બદીને દૂર કરવાનો ઈલાજ છે. ઈસ્લામના સૂચવેલા આ સર્વ આદેશો તથા અમલો એ સમગ્ર માનવજાત માટે ભલાઈનો તથા ચૈન સૂકૂન પામવાનો માર્ગ છે જેથી જો એના પર ચાલવામાં આવે તો વ્યભિચાર તથા બળાત્કારની બુરાઈ જન્મ જ ન લઈ શકે અને વિશ્વમાં પવિત્રતા તથા અમ્નો સલામતીનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકે. જેથી હે મુસલમાનો ! તમો પણ એના પર અમલ કરો. અને હે માં બાપો ! રાત્રે યુવાનો યુવતીઓને ઘરથી બહાર ભટકવા ન દો, તેમના મિત્રો કોણ છે તે જુઓ, ક્યાં જાય છે તે જોતા રહો, ખોટા માર્ગે ચઢેલી સહેલી કે મિત્ર હોય તો તેનાથી દૂર થવા તમારી અવલાદને પ્રેમથી સમજાવો અને તમારી ઔલાદ પુત્રો પુત્રીઓને ઈસ્લામી તા'લીમ શીખવાડો, ખુદાના ડરની વાતો સમજાવો, આખેરતનું મહત્વ સમજે તેવું સાહિત્ય ઘરમાં સમૂહમાં બેસી વાંચો, વંચાવો, ખૌફે ખુદાવાળા પૂર્વજ બુઝુર્ગો તથા નેક ખાતૂનોનાં જીવન ચરિત્રોની માહિતી શીખવાડો, જૂઠ, ગીબત, ચુગલી વગેરેની બુરાઈ સમજાવી તેમનાથી બચી નમાઝ, રોઝા, વગેરે ઈબાદતોની પાબંદી સાથે સ્વચ્છ પવિત્ર જીવન જીવવા સમજાવો. દીનની મહોબ્બત, અલ્લાહ વ રસૂલની મહોબ્બત દિલોમાં બેસે એવો માહોલ ઘરનો બનાવો, ટીવી, વિડિયો, ઈન્ટરનેટ તથા બિભત્સ સાહિત્યોની સોહબતમાં છોડી ન મૂકો, નહીં તો આવનારું ભવિષ્ય તમારું બેચૈનીમય બની જશે અને આખેરતમાં પણ સજા મળશે, અને ઈસ્લામ પર ચાલશો ચલાવશો તો બંને જહાનમાં ચૈન તથા સુકૂન મળશે. ઈન્શાઅલ્લાહ ! –*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૦૯)*

## ...પ્રકરણ : ૯

# બુરખાને ગુલામીનું પ્રતીક કહેનારાઓની વાતોનું ઓપરેશન !

થોડાક સમય પહેલાં ફ્રાન્સના વડાપ્રધાન પદે બિરાજેલ નિકોલ્સ સાર્કોઝી એ તે વ્યક્તિ જેણે અલલ એલાન કાર્લા બ્રુની નામની મોડેલ સાથે શાદી કરતા પહેલાં કેટલા સમય સુધી વ્યભિચારમાં સંડોવાયેલ રહી દેશ વિદેશની સફરોમાં તેણીને સાથે રાખી નાજાઈઝ સંબંધની મજાઓ માણી. આવી બેશરમ વ્યક્તિ જે સ્ત્રીઓને 'મા–બહેન' તરીકે નહીં પણ 'મેડમ' તથા મનોરંજનનું સાધન સમજી દરેક તેણીને આરપાર જોવાના શોખિન હોય, જેમ કે કાર્લા બ્રુની સાથેની ટૂરના બંનેના મનોરંજન માણતા તદ્દન નગ્ન ફોટાઓ પણ અખ્બારોમાં પ્રગટ થયા છે, તો તેવી 'અય્યાશ' અને 'વ્યભિચારી' વ્યક્તિને કોઈ બાઈજ્જત ઔરત પોતાના શરીરને ઢાંકી દે તો તેને અકળામણ ન થાય તો શું થાય ? અને એ પર્દા વિરૂદ્ધ ન બોલે તો શું બોલે ? સ્વભાવિક છે કે જેમના કલ્ચરમાં જ સ્ત્રીનાં ઝાઝાં કપડાં જે તેના અંગને છુપાવે તેની સાથે અદાવત હોય તે તેની ગંદી સોચ તથા સમજ પ્રમાણે પર્દાને "ગુલામીનું પ્રતીક" કહે તેમાં આપણે કાંઈ જ નવાઈ પામવાનું નથી, જેમ કે જેને હરામની કમાણી કરીને તંદૂરી ચિકન ખાવાની ટેવ પડી ગઈ હોય તેને હલાલ કમાઈનો સૂકો રોટલો ગળે ક્યાંથી ઉતરે ?! અને એ રીતે રહેનારને તે મૂર્ખ જ સમજશે.

પણ આવા નગ્નતાપ્રિય કુસંસ્કારી દેશના વડા પ્રધાનના નિવેદન પછી ઘણા ઈસ્લામ વિરોધીઓ ગેલમાં આવી ગયા, જાણે કે વાંદરાને દારૂ મળી ગયો ! અને મીડિયાવાળાને મસાલો મળી ગયો ! તો કેટલા સમયથી એ વાતને ટી.વી. પર અને પ્રિન્ટ મીડિયાવાળાઓએ અવનવા તુક્કાઓ રજૂ કરી ચગાવ્યે રાખી છે. સંદેશ, દૈનિક તા. ૧૯–૭–૨૦૦૯માં પણ એક લેખ વાંચવા મળ્યો જેમાં લાકડે માંકડાં બેસાડી અવનવી વાતો જોડી છે તેમાંની એક વાત સાંભળો !

"....... પર્દા પ્રથા નીતિષોષક નહીં પણ નીતિઘાતક છે. પુરૂષોની કુદષ્ટિથી બચવા માટે આ પ્રથા દાખલ કરવામાં આવી હતી. માટે જરૂરિયાત





એ છે કે પુરૂષ જાતિની દષ્ટિ બદલાય. ફક્ત લાજ કાઢવાથી કે બુરખામાં રહેવાથી જ મર્યાદાનાં ધોરણો જળવાતાં નથી......." *–આનંદીબહેન પટેલ*

અત્રે અમને એક મૂર્ખ રાજાની રમૂજી વાત યાદ આવે છે. સાર કાંઈક એવો છે કે પહેલાંના જમાનામાં ચંપલ જોડાનો રિવાજ ન હતો તો ધૂળથી બચવા રાજાએ ચમારને હુકમ આપ્યો કે બધી જ જમીન પર ચામડુ પાથરી દેવામાં આવે જેથી મારા પગો ખરાબ ન થાય. તો ચમારે રાજાને કહ્યું કે રાજા સાહબ ! નારાજ ન થાવ તો એક વાત કહું ?! કહ્યું, બોલો ! તો ચમારે કહ્યું કે, તમારા પગો મારા સમક્ષ લાવો ! તો રાજાએ પગો લાંબા કર્યા તો તેને માપીને ચમારે પગની આસપાસ ચામડુ સાંધી આપ્યું. પછી રાજાને કહ્યું, હવે તમે ગમે ત્યાં ફરશો તમારા પગ ખરાબ થશે નહીં ! રાજાએ મહાન ઝંઝટથી તથા ખર્ચથી મુક્તિ મેળવી અને ચમારને શાબાશી આપી.

સમજદારો માટે આમાં ઘણુ સમજવાનું છે ! વર્તનમાનકાળમાં તો પુરૂષ જાતિની દષ્ટિ બદલવાની વાત કોઈ એકનાય ગળે ઉતરે એવી નથી, કારણ કે દિવસે દિવસે વધતી ફેશન અને નગ્નતા અનાયાસે પુરૂષોની નજરો પોતાના પ્રતિ આકર્ષે છે ! હા, એનાથી તે જ બચી શકે જે ખુદાનો ડર રાખી ઈસ્લામી કાનૂનને અનુસરી પર સ્ત્રી પર નજર કરવાથી બચે. જેથી ભલાઈ એમાં જ છે કે સ્ત્રી જાતે જ પોતાને છુપાવી લે તો સેંકડો બદ નજરોથી બચી જશે. આટલી સાદી વાત સમજમાં ન આવે તો પછી આવા લેખકોએ તત્વચિંતક બનવાનો ડોળ કરી ગમે તેવા તુક્કા લખી પેપરો કાળાં ન કરવાં જોઈએ.

એ જ સંદેશ દૈનિક તા. ૧૯–૭–૨૦૦૯માં બીજાં એક બહેન "વર્ષા અડાલજા" નામનાં છે જે સાહિત્યકાર કહેવાય છે. તેમણે આ વિષયે અજ્ઞાન હોવા છતાં 'સાહિત્યકાર' નું ટાઈટલ સાચવી રાખવા માટે આશરે ઠોકી આપ્યું કે,

"........મુહમ્મદ પયગંબરના પત્ની ક્યારેય બુરખો પહેરતા ન હતા અને ઘણા વ્યવહાર કુશળ પણ હતા. પરંતુ સમય જતાં ધર્મગુરૂઓએ આને રૂઢિ બનાવી દીધી." *–વર્ષા અડાલજા*

આવું લખીને તેમણે પોતાની અજ્ઞાનતા વિશેનું જ્ઞાન આખા જગતમાં આ લેખ વાંચનારાઓને કરી આપ્યું ! આ છે આપણા સાહિત્યકારો ! લખતાં પહેલાં સહેજ કુર્આનનો અભ્યાસ કોકથી મેળવ્યો હોત તો આવા લચ્છા તેમનાથી ન વાગત. સાંભળો !

"કુર્આનમાં ક્યાંય પર્દાનું વર્ણન નથી" એવું કહેનારાઓ પણ જોઈ લે ! અલ્લાહ તઆલાનો પર્દા માટે હુકમ કુર્આનમાં આવ્યો છે તે આ રહ્યો ! :–

"અને ન જાહેર કરો પોતાનો શણગાર પણ જે પોતે જ જાહેર છે, એટલે ચહેરો તથા હથેળીઓ." *(કુર્આન, પારા–૧૮)* "ચહેરો" એટલે એક કાનની પટ્ટીથી બીજા કાનની પટ્ટી સુધી અને પેશાની પર વાળની જડથી હડપચીની (દાઢીની) નીચે સુધી, જેથી વાળ, ગળુ તથા આખુ શરીર હાથના પંજા સિવાય ઢાંકવું. આને જ પર્દો કહે છે.

અને બીજો હુકમ પર્દા માટે કુર્આનનો હવે સાંભળો !

"અય નબી ! (પયગંબર) પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે **પોતાના ચહેરા પર ચાદર નાખેલ (સ્થિતિમાં) રહે,** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ માફી આપનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ–૫)*

હવે એ સાહિત્યકાર બહેનને તો શું પૂછીએ કે શું પયગંબરનાં પત્ની કુર્આન પર અમલ કરતાં ન હતાં ?! એમને પૂછવાનો અર્થ નથી, કારણ કે એમને આપણે મઅઝૂર (લાચાર) ગણી લઈશું એટલા માટે કે તેણી ઈસ્લામના નૂરથી વંચિત છે. પણ આવો ! હવે એ જ સંદેશ દૈનિક તા.૧૯–૭–૨૦૦૯ ના એ જ લેખમાં એક કહેવાતાં મુસ્લિમ સાહિત્યકાર "શરીફા વીજળીવાળા" શું લખે છે તેને જોઈએ :–

"આજના સમયમાં કે કોઈ પણ સમયમાં બુરખા પ્રથા અને ઘૂંઘટ પ્રથા નકામી છે......." *–(શરીફા વીજળીવાળા)*

નામ પરથી તો આ બહેન મુસ્લિમ જણાય છે પણ ઈસ્લામની હવાથી મેહરૂમ જણાય છે. એ જો મુસલમાન હોવાનો દાવો કરતાં હોય તો અમને એક મુસલમાન તરીકે જણાવે કે શું તેણીની બુધ્ધિ તથા સમજ કુર્આનના અલ્લાહના ઉપરોક્ત બંને આદેશો કરતાંય વિશેષ ચડિયાતી છે ? આજના સમયમાં કે કોઈ પણ સમયમાં પર્દો નિરર્થક છે તો એક મુસ્લિમ તરીકે બતાવે કે **અલ્લાહે કુર્આનમાં ઉપરોક્ત આદેશો ફોગટ તથા નિરર્થક આપ્યા છે ? તમારી વાત સ્વીકારીએ તો અલ્લાહ પર નિરર્થક આદેશ આપવાનો આક્ષેપ જાય છે !** બહેનો ! મંતવ્યો આપવાના અને લેખ





લખવાના અભરખા બહુ હોય તો જેમાં ચાંચ ડૂબે ને તે વિષય પસંદ કરો ! અલ્લાહ પર આક્ષેપ કરનાર ઈસ્લામના વર્તુળથી નીકળી જાય છે એ યાદ રાખો ! હજીય કાંઈ સમજ આવે તો સાહિત્યકાર બહેનજી અલ્લાહના ગઝબની વીજળી પડે તે પહેલાં તૌબા કરી નવેસરથી કલ્મો પઢી લેજો !

વળી એ જ પ્રમાણે દિવ્યભાસ્કર દૈનિક તા. ૧૯–૮–૨૦૦૯માં 'તડ ને ફડ' કોલમમાં એ જ વ્યભિચારી કલ્ચરમાં ઉછરેલ ફ્રાંસના વ્યભિચારી વડા પ્રધાન સારકોઝીની વાત નકલ કરી છે કે, "મુસ્લિમ સ્ત્રીઓ સ્વેચ્છાએ બુરખો પહેરતી નથી પણ ધાર્મિક આગેવાનો અને કુટુંબના વડીલો તેમને બુરખો પહેરવાની ફરજ પાડે છે. બુરખા પર પ્રતિબંધ મૂકવામાં આવે તો સ્ત્રીઓ આ જબરદસ્તીમાંથી છૂટકારો મેળવી શકે." પછી કોલમ લખનારે સાર્કોઝીને આવું કહેવા બદલ શાબાશી આપી છે. ખૈર ! એના જવાબમાં અમો બહુ આગળ નથી જતા, અહીં અમે ગુજરાત સમાચાર દૈનિક, તા. ૨૫–૬–૨૦૦૯ ની "ન્યુઝ ફોકસ" કોલમ આ જ વિષયની ચર્ચામાં છે તેમનું નિષ્પક્ષ મંતવ્ય સાભાર રજૂ કરી દઈએ છીએ.

"...... શું જે મુસ્લિમ મહિલાઓ બુરખો પરિધાન કરે છે, તેમની ઉપર કોઈ બળજબરી કરવામાં આવી છે ખરી ? બુરખો પહેરનારી મુસ્લિમ સ્ત્રીઓ કહે છે કે તેમની ઉપર કોઈ બળજબરી કરવામાં આવતી નથી. આ રીતે કરોડો સ્ત્રીઓ ઉપર બળજબરી કરી શકાય તે શક્ય જ નથી. આ સ્ત્રીઓ ઈસ્લામમાં શ્રધ્ધા ધરાવે છે, માટે બુરખો પહેરે છે. જે રીતે સ્ત્રીઓ ઉપર બુરખો પહેરવા માટે બળજબરી ન કરી શકાય તે રીતે તેમની ઉપર બુરખો ન પહેરવાની બળજબરી પણ કરી શકાય નહીં. આ વાત સાથે તો ફ્રાંસના પ્રમુખે સંમત થવું જ પડશે." *(ગુજરાત સમાચાર, ૨૫–૬–૨૦૦૯)*

પણ અમો સામો આક્ષેપ કરીએ છીએ કે વર્તમાનકાળમાં નગ્નતા દર્શાવતી ફિલ્મો, સીરીયલો તથા સુંદર મોડેલોનો ફેશન શોમાં રેમ્પ પર અર્ધનગ્ન કેડવોક એ બળજબરીથી તેમને નગ્ન બનાવીને થાય છે. નાણાની લાલચ આપીને તેમના પર માનસિક બળજબરી જ થઈ રહી છે કે મજબૂરન્ એ સ્ત્રીઓ પૈસાની લાલચે લાચાર બનીને નગ્નતાભર્યો દેખાવ કરી કેડવોક કરે છે બલ્કે શરીરના સોદા પણ કરે છે ! આને કહે છે બળજબરી ! આ લાચાર સ્ત્રીઓની લાગણી કેમ કોઈને થતી નથી ?

અને અસલ હકીકત તો એ છે કે ફ્રાંસમાં મુસ્લિમોની વસ્તી પચાસ લાખે પહોંચી છે અને અધિક્તર સ્ત્રીઓ જ એ નગ્નતાભર્યા કામો કરાવવામાં થતા જુલ્મથી ત્રાસીને માનસિક શાંતિ શોધી રહી છે જે તેમને ઈસ્લામમાં મળી રહી છે, જેથી તેણીઓ ખૂબ મુસલમાન થઈ રહી છે. તેનાથી રઘવાયા બની જતાં ફ્રાંસના બદચલન વડાપ્રધાનનું યહૂદી માનસ જાગી ઉઠયું અને ઈસ્લામ દુશ્મનીમાં ઉપરોક્ત બકવાસ તેમણે કર્યો.

આ મુસ્લિમ સ્ત્રીઓની લાગણીમાં મગરનાં આંસૂ સારતાં વર્તમાન પત્રો સંદેશ કે દિવ્યભાસ્કર વગેરે લખે છે કે, "પર્દામાં મુસ્લિમ સ્ત્રીને આ તકલીફ પડે છે ને તે તકલીફ પડે છે !" તો મિત્રો ! કેવળ આ પર્દાથી જ મુસ્લિમ સ્ત્રીઓ પર આભ નથી તૂટી પડયું ! મુસીબતોનું આભ તો ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ ના ગોધરા કાંડ પછી ગુજરાતમાં જે મુસ્લિમોની કત્લેઆમ થઈ, સ્ત્રીઓના પતિઓ, બેટાઓ, બાપો, ભાઈઓને જીવતા સળગાવાયા, મહિનાઓ સુધી કત્લેઆમ ચાલી, મુસ્લિમ બહેનો ઘરથી બેઘર થઈ ગઈ, તેણીઓ પર બળાત્કારો થયા પણ તેમની વહારે કોઈ આમાંનો ધાયો નથી કે એ નિરાધાર બેઘર મુસ્લિમ બહેનો તથા વિધવા થનારી બહેનોના શા હાલ છે ? ખાસ લાગણી તો આવા પ્રસંગે બતાવવાની હોય છે ! ત્યારે કેમ ચૂપ રહ્યા ?! વાંચકો ! આ પરથી જણાય છે કે "દાળમાં કાંઈક કાળુ છે !" વાત એવી જણાય છે કે, "દુ:ખે છે પેટ અને કૂટી રહ્યા છે માથુ !" અસલ કીનો એમને કાંઈક બીજો છે જેને શાણા વાંચકો સમજી શકે છે જેથી અધ્યાહન રાખુ છું.

ચાલો ! એને છોડો પણ છેલ્લા ત્રણ વરસમાં આપણા જ ગુજરાતમાં સ્ત્રીઓ પર કેવા જુલ્મો થયા તે જુઓ કે છેલ્લા ત્રણ વરસ દરમ્યાન સ્ત્રીઓ પર બળાત્કારના ૧૦૬૫ અને યુવતીઓની છેડતીના ૨૦૨૬ બનાવો બન્યા જેમાં સૌથી વધુ કેસો છેલ્લા બે વરસમાં અમદાવાદ અને સૂરતમાં નોંધાયા છે. અને જે કેસો મા બાપે પોતાની આબરૂ સાચવવા નહીં નોંધાવ્યા હોય એવા કેટલાય હશે, તો બતાવો ! આની સામે સ્ત્રીઓની લાગણી દર્શાવી કોણે અવાજ ઉઠાવ્યો છે ?! કોણે ગવર્નમેન્ટને આ બાબતે કડક થવા આંદોલનો કર્યા કે ફક્ત લેખો પણ એના વિરૂદ્ધ લખ્યા તે બતાવો ?!

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓક્ટોબર–૨૦૦૯)*



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

## ...પ્રકરણ : ૧૦

## ઝહેર પણ પીવું છે અને ઝિંદા પણ રહેવું છે !

જુલ્મનો પંજો હમેશાં વાસ્તવિક્તાની ગરદનને ભીંસતો આવ્યો છે જેમાંથી નીકળતો સત્યનો અવાજ એટલો દબાયને રૂંધાયને ખોખરો નીકળે છે કે તેને પહેચાનવો મુશ્કેલ બની જાય છે ! પણ સત્ય સત્ય જ છે તેને જગત સમજી તો જાય જ છે, ભલે જુલ્મના પ્રતાપ સામે તે અમલી સ્વરૂપ ન ધારણ કરી શકે, અને તેને અમલી સ્વરૂપ ન મળતાં ન થવાનાં કામો તથા પરિણામો સતત આવ્યા જ કરે.

બસ ! આ જ બાબત હિંદુસ્તાનમાં બલ્કે જગતભરમાં સ્ત્રીઓ પર થતા બળાત્કારના બનાવોમાં બની રહી છે. જેમ કે આજકાલ દિલ્હીમાં એક મેડિકલ સ્ટુડન્ટ યુવતીના પર કેટલાક નરાધમોએ ચાલુ બસે બળાત્કાર કર્યો જેના કારણે શારીરિક ઈજાઓથી તે છેવટે મૃત્યુ પામી. જો કે હિંદમાં કે દિલ્હીમાં આ પ્રથમ બનાવ નથી, આવા જ બલ્કે આથી પણ અધિક ક્રૂરતાપૂર્વક બળાત્કારના બનાવો બન્યા છે પણ તેના માટે આ રીતે હિંદભરમાં પબ્લિકે વિરોધ પ્રદર્શનો કર્યા નથી, આખરે એવું શાથી થયું ? તો એવું સમજાય છે કે આ યુવતી મેડિકલ સ્ટુડન્ટ હતી જેથી તેની લાગણીમાં સ્કૂલ કોલેજોના યુવાન યુવતીઓએ સહાનુભૂતિમાં કે દેખાદેખીમાં વિરોધ પ્રદર્શનો દેશભરમાં સતત ચાલુ રાખ્યાં, જેના સમર્થનમાં કે પ્રદર્શન ખાતર અન્ય પબ્લિક પણ જોડાતી રહી, ક્યાંક રાજકરણ પણ ખેલાયું...વગેરે. નહીં તો ગુજરાતમાં ફેબ્રુઆરી માર્ચ ૨૦૦૨માં ગોધરાકાંડ પછી જે બળાત્કારના તથા ખૂના મરકીના બનાવો ઠેરઠેર બન્યા જેના સમાચારો જગતભરમાં ફેલાયા, ટી.વી. પર દેખાયા છતાં આવો ઉહાપોહ દેશની જનતાએ નથી કર્યો. તેમજ કાશ્મીરમાં પણ આવા બનાવો બન્યા, જ્યાં મિલ્ટ્રીમેનો થકી કુમળી કળીઓ બળાત્કારનો ભોગ બની છે ! છતાં પબ્લિક તેમજ રાજકરણીઓ આજેય ખામોશ રહ્યા છે ! તો આ ખામોશી પાછળ શું રાઝ છે ?! એ સ્ત્રીઓ નથી ?!

બીજું કે જ્યારે ખૂબસૂરત યંગ યુવતી જેની યુવાની સોળે કળાએ ખીલેલી હોય તે જો તેના શરીરને છુપાવવાને બદલે લોકો સમક્ષ અંગો અધિક જાહેર

થાય તે રીતે ફરશે તો સ્વભાવિક છે કે બદ્‌માશ નજરો તેના પાછળ દોડતી રહેશે અને ક્યાંક મોક઼ો મળે તો બદ્‌માશ પ્રકૃતિના માણસો તેને ઉઠાવી જઈ શકે છે અને ન થવાનું થઈ શકે છે. આ વાત એકદમ વાસ્તવિક હક઼ીક઼ત છે. તો પછી શા માટે તેણીઓ એવા પોશાકો જે નગ્નતા જાહેર કરે તેને પહેરીને જાહેરમાં પોતાની સુંદરતાનું પ્રદર્શન કરી રહી છે ?! અને જ્યારે તેણીઓને કહેવામાં આવે છે કે, ''સ્ત્રીઓ પોતાના પોશાકનો ખયાલ રાખે અને શરીરને ઢાંકીને નીકળે'' ત્યારે તેના સામે પણ વિરોધ પ્રદર્શનો થાય છે, યુવતીઓ અધિક નગ્ન પોશાકો પહેરી રેલીઓ કાઢે છે !

આ રીતે થતા બળાત્કારો કે છેડતીના બનાવોથી દરેક દિલ રાખનાર વ્યક્તિને દુઃખ થાય છે અને તે તેણીઓની લાગણીમાં ગમ કે ગુસ્સો દર્શાવીને પોતાના તરફથી સૂચનો બળાત્કાર રોકવા સંબંધે આપે છે. જેમ કે ગુજરાત ટુ ડે તા. ૧–૧–૨૦૧૩માં છે કે સ્કર્ટ (કે જેનાથી સ્ત્રીની જાંગો ખુલ્લી દેખાય છે) પહેરવા પર પ્રતિબંધની માગ કરનાર ભાજપના નેતા અલ્વરના ધારાસભ્ય બનવારીલાલ સિંઘલના નિવેદન સામે સ્કૂલની કન્યાઓએ વિરોધમાં દેખાવ કર્યો અને તેમના પર સ્કર્ટ ભેટ મોકલ્યું તથા માફીની માંગણી કરી ! તે ઉપરાંત એક કોંગ્રેસી ધારા સભ્ય રાષ્ટ્રપતિના પુત્રએ એવી જ સત્ય વાત કહી દીધી તો એવો વિરોધ મહિલા સંગઠનોએ કર્યો કે તેમણે તો માફી માગવી પડી. અગાઉ પણ આવી સાચી વાત કહેનારાઓના વિરોધ થયા છે. આ સ્થિતિ હિંદમાં જ નહીં અમેરિકામાં ન્યુયોર્ક પોલીસ કમિશનરથી બોલાય ગયું કે, ''બળાત્કારના બનાવો રોકવામાં યુવતીઓ પોલીસને સહકાર કરે કે પોતે પોતાના પોશાકનો ખયાલ રાખે, શરીરને પૂરતું ઢાંકે.'' તો પૂરા અમેરિકા બલ્કે વિશ્વભરમાં કોલેજ કન્યાઓએ મહિલા સંગઠનોએ (દિલ્હીમાં પણ) શરમજનક ડ્રેસો પહેરીને એના સામે વિરોધ પ્રદર્શનો કર્યાં ! આ બધું શું છે ? એમાં સત્ય સિવાય શું છે ? તેમની પાસે પણ બુદ્ધિ તો છે જ શું એ નથી સમજતી કે જો રૂપિયા, પૈસા, સોનાને ખુલ્લુ કરીને દેખાડતા દેખાડતા ચાલો તો લૂટારા ગમે ત્યાં દાવ બેસાડી લૂટી લેવાના છે જ ! તેમ આ પણ એવું જ છે. તો બહેનોએ વાસ્તવિક્તા સમજવી જોઈએ. પશ્ચિમની ગંદી સંસ્કૃતિના રવાડે નગ્નતા અપનાવશે તો હજી બુરા દિવસો આવી શકે છે, જે આપણા સૌના માટે દુઃખ તથા શરમની વાત હશે. દુનિયા લાખ જાહેરી તૌર પર ઈન્કાર





કરતી રહે પણ **સ્ત્રીની ઈજ્જતનો જામિન કોઈ હોય તો કેવળ અને કેવળ ઈસ્લામ જ છે** કે જે સ્ત્રીને ગૈર મર્દોથી પર્દાનો હુકમ આપે છે જેથી તેના પર બદ્‌માશોની નજરો પડશે નહીં અને કાંઈ થશે નહીં. તેમજ **બદ્‌માશોને કંટ્રોલ કરવાનો ઈલાજ ઈસ્લામી આદેશો મુજબ** કે હરામ દ્દશ્યોને જોવાથી રોક લગાડો, ફિલ્મો, સીરીયલો, એડવર્ટાઈઝો, પોસ્ટરોમાં નગ્ન સ્ત્રીઓને દેખાડવું બંધ કરો તથા **બળાત્કારીઓને સત્વરે ફેંસલો કરીને જાહેરમાં કોરડાની કે સંગસારીની સજા કરો** તો તાત્કાલિક ધોરણે માહોલમાં સુધાર આવી શકે. બળાત્કારના બનાવો ટાળવા મદુરાઈ મઠના મહંત અરૂણ ગીરીનાથે પણ મહિલાઓએ ફેશનના નામે અભદ્ર વસ્ત્રો પહેરવાથી દૂર રહેવું જોઈએ ઘરની બહાર નીકળે ત્યારે મુસ્લિમ મહિલાઓ જેમ જ પર્દો કરવો જોઈએ એવી અપીલ કરી છે. *(ગુજરાત ટુ ડે, તા. ૨–૧–૨૦૧૩)*

કોઈ પણ ધર્મ, કોઈપણ સંસ્કૃતિ કે કોઈપણ સમાજ તથા દરેક સમજદાર માનવી એ વાત સમજે જ છે કે નગ્નતા, બેશરમી બુરી ચીજ છે જેમાં માનવ ભલાઈ હરગિઝ નથી, તો પછી એના માટે સરકારી ધોરણે પગલાં લેવાવાં જોઈએ અને એવું થશે તો જ સભ્ય સમાજનું અસ્તિત્વ બાકી રહી શક્શે. એટલું તો થવું જ જોઈએ કે કોઈ ક઼ાનૂન ડ્રેસની મર્યાદાનો બને જેનાથી કાંઈક રાહત થાય, નહીં તો એવું જ થશે કે, *ઝહેર પણ પીવું છે ને ઝિંદા પણ રહેવું છે ! તો એ શક્ય નથી.*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૧૩)*

...પ્રકરણ : ૧૧

# ઈસ્લામી પર્દો

## અને પશ્ચિમી દિમાગોના ખોટા વહેમો

વર્તમાનકાળમાં પર્દો અને નકાબનો મસ્અલો લોકોની જીભો ઉપર આવી ચઢયો છે. પર્દાના વિરોધીઓ એવું ચાહી રહ્યા છે કે ઔરતો મર્દોની જેમ ઘરેથી બહાર નીકળી દરેક કામમાં હિસ્સો નહીં લે તો દેશની પ્રગતિની ચાલ મંદ પડી જશે. તા'લીમ, રાજકરણ અને વેપારની સાથે સાથે ગીત, સંગીત અને ડાન્સબારો સુધી તેણીઓને લઈ જવા માંગે છે, એમના માટે યૂરોપ અને અમેરિકાની ઔરતોની જિંદગી અનુસરણના લાયક છે. જ્યારે બીજી તરફ પર્દામાં રાખવાની વકાલત કરવાવાળા ઔરતોને ઘરની ચાર દિવારીમાં ઘેરી રાખીને જરૂરી અને બીજા જાઈઝ હક્કોથી મહરૂમ કરવા માંગે છે. વકાલત કરવાવાળાની દલીલ એ છે કે રસૂલે અકરમ ﷺના જમાનામાં ઔરતો જંગ અને નમાઝ વગેરે માટે ઘરેથી બહાર એટલા માટે નીકળતી હતી કે એ જમાનામાં ફિત્ના, ફસાદ તથા કોઈપણ જાતની બુરાઈનો અંદેશો ન હતો, પરંતુ જ્યારે ઈસ્લામી સલ્તનતની સરહદો વધારે થવા લાગી અને વિવિધ ખયાલવાળા લોકો ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા તો માહોલની પાકીઝગી ખતમ થઈ ગઈ અને ચારે બાજુ ફિત્ના તથા ફસાદના અંદેશા વધવા માંડયા એટલા માટે ઔરતને મુનાસિબ નથી કે એ ઘરેથી બહાર નીકળે.

આ સાવધાનીવાળી સોચ અને પાબંદીનો નતીજો એ નીકળ્યો કે અમુક લોકોએ ઔરતોને મર્દોના બરાબર હક્કો આપવાની વકાલત કરી અને એ વાત પર જોર આપ્યું કે ઔરતો સાથે કોઈપણ જાતનો ભેદભાવ ન કરવો જોઈએ. પણ આમાં ઊંડો અભ્યાસ કરવામાં આવે તો પર્દો તથા નકાબને માનવાવાળા તેમજ એનો વિરોધ કરવાવાળા બંનેવ હદથી વધી ગયા છે.

કિતાબ તથા સુન્નતના અંદર ઔરતોને ન તો પૂરે પૂરી આઝાદી આપી છે અને ન તો મકાનોમાં કેદીની જેમ બંધ રહેવાનો હુકમ છે, બલ્કે સંજોગો પ્રમાણે ઘરના ઉપરાંત બહારની જિમ્મેદારી પૂરી કરવાની પણ ઈજાઝત આપવામાં





આવી છે એ શરત પર કે એમાં કિતાબ તથા સુન્નતના બતાવ્યા મુજબ કાયદા કાનૂનનો લિહાઝ રાખવામાં આવે.

### ★ પર્દો અને પહેરવેશ કેવો હોવો જોઈએ ? ★

મશ્હૂર મુહદ્દિષ નાસિરુદ્દીન ઈલ્યાનીએ પોતાની કિતાબ 'હિજાબુલ મરઅતીલ મુસ્લેમહ'માં પર્દો અને લિબાસની શરતો પર વિગતવાર ચર્ચા કરી છે જેનો ખુલાસો નીચે પ્રમાણે છે. અહીંયા આઠ શરતો પર ચર્ચા થયેલ છે. એમાંથી પહેલી પાંચ એ ઔરતો માટે છે કે ઔરત જ્યારે ઘરથી બહાર નીકળે અને બાકીની બીજી ત્રણ શરતો એ ઔરતના બારામાં છે જે ઘરમાં અથવા બહાર હોય.

**પહેલી શરત** : એ છે કે પહેરવેશ અથવા પર્દો એવો હોવો જોઈએ કે આખા શરીરને ઢાંકી લે. રહ્યો એ સવાલ કે ઔરત પોતાનું મોઢું અથવા હાથ ખોલી શકે છે કે નહીં ? ક્યારે ખોલી શકે છે અને ક્યારે ખોલી નથી શકતી ? અને ક્યાં સુધી ખોલી શકે છે અને ક્યાં સુધી નથી ખોલી શકતી ? તો એના બારામાં ઉલમા ફર્માવે છે :–

જો કે સ્ત્રીનો ચેહરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે. જેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

يَآاَيُّهَا النَّبِىُّ قُلْ لِاَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ
يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا
يُؤْذَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

આ આયત તે આઝાદ ખયાલ કુબુદ્ધિજીવી સ્ત્રી પુરૂષોના મોઢા પર તમાચા સમાન છે જેઓ એકદમ કહી આપે છે કે, "કુર્આનમાં ક્યાંય ચેહરો ઢાંકવાનો હુકમ જ નથી!" અને વર્તમાનકાળમાં તો ખરાબીઓ એટલી વધી કે ચહેરો ઢાંકવો અનિવાર્ય બની જાય છે એ દરેક બુદ્ધિવાળો સમજી શકે છે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ لِلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ -- એટલે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને આ હુકમ ફર્માવ્યો કે આપ મુસલમાન મર્દોને કહી આપો કે પોતાની નિગાહ નીચી રાખે અને પોતાની શર્મગાહની હિફાઝત કરે આ એમના માટે ઘણી સફાઈની વાત છે. લોકો કોઈ પણ કામ કરે અલ્લાહ તઆલા બધાથી ખબરદાર છે અને એવી જ રીતે ઔરતોને પણ કહી આપો કે તેણીઓ પોતાની નિગાહોને નીચી રાખે અને પોતાની ઈજ્જતમાં કોઈ પણ જાતનો ફર્ક ન આવવા દે અને પોતાની ખૂબસૂરતીને જાહેર ન કરે સિવાય એના કે જે જાહેર છે, અને પોતાના ચહેરાઓ પર પોતાની ઓઢણીઓ નાખે અને પોતાના શણગારને કોઈની સામે જાહેર ન કરે સિવાય પોતાના પતિઓ અથવા પોતાના પિતા અથવા સસરા અથવા પોતાના પુત્રો અથવા પોતાના માલિકના છોકરા અથવા પોતાના ભાઈઓ અથવા પોતાના ભત્રીજા અથવા પોતાના મેહરમ કુટુંબીઓ.

ઉપરની બંનેવ આયતોમાં અલ્લાહ તઆલાએ મર્દ અને ઔરત બંનેવને પોતાની નિગાહો અને ઈજ્જતોની હિફાઝતનો હુકમ આપ્યો છે, અને ઔરતો માટે એ હુકમ છે કે તે મેહરમો (એટલે કે જેમની સાથે નિકાહ જાઈઝ નથી)ના સિવાય અન્ય લોકો સામે શણગાર જાહેર ન કરે અને એ બધાથી પરહેઝ કરે.

**બીજી શરત** : એ છે કે પહેરવેશ અથવા પર્દો એવો ન હોવો જોઈએ જે અજનબી મર્દોને પોતાના તરફ જોવાના માટે આકર્ષિત કરે.

**ત્રીજી શરત** : એ છે કે કપડું જાડુ હોવું જોઈએ કે જેનાથી શરીરનું કોઈપણ અંગ જોવામાં ન આવે, કારણ કે પહેરવેશ અથવા પર્દાનો મક્સદ જ એ છે કે શરીરને ઢાંકી લે, પરંતુ પહેરવેશ ચમકદમકવાળો હોય તો એનાથી બુરાઈઓ ફેલાય શકે છે એટલા માટે પહેરવેશ અથવા પર્દો સાદો હોવો જોઈએ.

તબકાત ઈબ્ને સઅદમાં મરવી છે કે હફસા બિન્તે અબ્દુર્રહમાન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પાસે બારીક ઓઢણી ઓઢીને આવ્યાં ઉમ્મુલ મુ'મિનીને એને જોતાં જ ફાડીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે શું તમને કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનો હુકમ ખબર નથી ? અને તેમણે બીજી ઓઢણી મંગાવી અને એમને આપી.





**ચોથી શરત** : એ છે કે લિબાસ એટલો તંગ અને ચુસ્ત ન હોવો જોઈએ કે જેનાથી ઔરતોના શરીરનો કોઈ હિસ્સો જાહેર થાય બલ્કે ઢીલો હોવો જોઈએ, કારણ કે લિબાસ પહેરવાનો મકસદ જ બુરાઈઓને છપાવવાનો છે ન કે બુરાઈઓને પૈદા કરવાનો.

**પાંચમી શરત** : એ છે કે કપડામાં ખૂશ્બૂ ન લાગી હોય. ઘણી હદીષોમાં આ હુકમ મૌજૂદ છે કે (જ્યારે મસ્જિદમાં જવાની રજા હતી ત્યારે) ઔરત જો મસ્જિદ જવા માટે નીકળે તો ખૂશ્બૂ વગેરેનો ઈસ્તેમાલ ન કરે. જ્યારે મસ્જિદ જવા માટે ખૂશ્બૂ લગાવવાની ઈજાઝત નથી તો બજારોમાં જવા માટે એની ઈજાઝત કેવી રીતે હોય શકે છે ?!

**છઠ્ઠી શરત** : એ છે કે ઔરતોનો પહેરેશ મર્દોના લિબાસ જેમ ન હોવો જોઈએ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએવી ઔરતોને ઘરોમાંથી બહાર કાઢી મૂકવાનો હુકમ આપ્યો છે કે જે મર્દો જેવો લિબાસ પહેરે.

**સાતમી શરત** : એ છે કે લિબાસ ગૈર મુસ્લિમ ઔરતોના લિબાસ સાથે મલતો જુલ્તો ન હોય, કારણ કે શરીઅતે ઈસ્લામિયાનો હુકમ એ છે કે મુસ્લિમ મર્દ અને ઔરત પોતાની ઈબાદત, તહેવાર, લિબાસ અને બનાવ શૃંગારમાં ગૈર મુસ્લિમોની મુશાબેહત (મળતાપણુ) ઈખ્તિયાર ન કરે. શરીઅતે ઈસ્લામિયાનો આ એક ઘણો જ અહમ કાનૂન છે.

**આઠમી શરત** : એ છે કે લિબાસ અથવા પર્દો એવો ન હોવો જોઈએ કે જે લોકોને પોતાની તરફ જોવાની દા'વત આપે એટલે કે વધારે ચમકદમકવાળો (ભડકીલો) ન હોય.

ઉપરની બધી શરતો પર અમલ કરવો કરાવવો દરેક મુસલમાનની જિમ્મેદારી છે.

પ્યારા સુન્ની ભાઈઓ ! ઈન્ડિયા ન્યૂઝ (**India News**) હિંદી તા. ૨ થી ૮ જૂન ૨૦૦૭ સુધી નસીમ અન્સારીનો એક લેખ જે 'બુરખાની અસલિયત' હતો તેમણે ઘણી બેહયાઈની સાથે પર્દા પર કલામ ઉઠાવી છે અને કુર્આન અને હદીષના સાફ સાફ ફર્માનોની વિરુધ્ધ જઈને પર્દાને જાહિલિયતનો એક પહેરવેશ છે તેમ કહ્યું. પર્દો અને લિબાસ પર તેમણે થોડી મુસલમાન ઔરતોને વાતોથી દલીલ આપી છે એમાં બંગલાદેશની બદનામ અને મલઊન ઔરત

તસ્લીમા નસરીનનો આ કૌલ પણ લખ્યો છે કે એક હજાર વરસ પહેલાં એક આદમીના ઝરીયે પોતાની જાતના ફાયદા માટે એ ફૈંસલો કરવામાં આવ્યો હતો કે ઔરતો પર્દો કરે, ત્યારથી કરોડો મુસ્લિમ ઔરતો આખી દુનિયામાં એનો ભોગ બનેલી છે. અને ફરી લખે છે કે તસ્લીમા નસરીન મુસ્લિમ સમાજનો એક એવો અવાજ છે કે જેને નઝર અંદાઝ નથી કરી શકતા. તે એવો બુલંદ અવાજ છે કે જેની દલીલો અને ઉચ્ચ ખયાલોને એક કૌમ કે આખો દેશ દબાવી ન શક્યો.

શાયદ એમ લાગે છે કે નસીમ અન્સારીએ તે મલ્ઊન સ્ત્રીની લખેલી આ કિતાબો 'લજ્જા અને દુઈન્ડતા' અને એક બંગ્લા લવાજમ 'પથ સંકેત' વાંચી નથી અને વાંચી પણ હશે તો તેને મો'મિનની નજરથી નહીં પઢી હોય. જેમ એ મલ્ઊન ઔરતો ઈસ્લામ, મુસલમાન, અલ્લાહ તઆલા અને તેના આખરી રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના વિરુધ્ધ અને તેમની શાનમાં એકવાર નહીં બલ્કે વારંવાર ગુસ્તાખી કરી છે.

શું તમે આવી મલ્ઊન અને બેઈજ્જત, બદ્નામ સ્ત્રીને મુસ્લિમ સમાજનો સાચો અવાજ સમજો છો જેણે પોતાની જિંદગી અલ્લાહ અને તેના રસૂલની શાન ગુસ્તાખી કરવામાં અને મુસલમાનોના દિલ તોડવામાં ગુજારી. માતમ કરવો જોઈએ આવી અક્કલ પર અને સમજ પર ! અને તમારું એવું કહેવું કે પર્દાવાળી ઔરતો વધારે બેઈજ્જતીની શિકાર થાય છે એ બિલકુલ ગલત છે. શું તમને ખુદાવંદે કુદુસનો આ ઈર્શાદ ખબર નથી ? અલ્લાહ ફર્માવે છે :–

يَآيُّها النَّبِىُّ قُلْ لِاَزْوَاجِك وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُوْمِنِيْنَ
يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا
يُوْزَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

ઉપરની આયતમાં પર્દાની હિકમત અને તેના ફાયદાનું બયાન છે કે તેનાથી એક નેક, શરીફ અને બાહ્ય ઔરત અને બેશરમ, બદ્કાર ઔરતના દરમ્યાન પહેચાન થશે. પર્દાથી સામાન્યતઃ ખબર પડે છે આ ખાનદાની ઔરત છે જેને છેડવાની કોઈની પણ હિંમત નહીં થાય, જ્યારે એના બદલામાં બેપર્દા ઔરત કે જે લોકોની બુરી નિગાહો અને બદ્કાર લોકોની છેડ઼છાડ઼ની શિકાર થશે.

થોડા ઘણા પ્રસંગો ટાંકી દઈને એવું યક઼ીન કરાવવું કે પર્દાવાળી ઔરતો સૌથી વધારે ઝિનાની શિકાર થાય છે તે તદ્દન ખોટું છે, જ્યાં સુધી આપણને





ખબર છે પર્દા વગરની ઔરતો સાથે છેડ઼છાડ઼ વધારે થાય છે.

હક઼ીક઼તમાં ગલતી તમારી નથી બલ્કે હક઼ીક઼ત એ છે કે મુસલમાનોના લાંબા આરામ અને એશ પસંદીના કારણે યૂરોપી કૌમોએ અઢારમી સદીના અંતમાં અને ઓગણીસમી સદીના શરૂમાં 'મુલ્ક ફતહ કરવા'ની જંગ શરૂ કરી દીધી. અને ધીરે ધીરે ઘણા મુસ્લિમ દેશો પર આ સૈલાબ ઉમટી આવ્યો અને મુસલમાન ગુલામીની ઝંજીરમાં ફસાઈ ગયા, અને જે લોકો પર ગુલામીનો દાગ ન લાગ્યો એ પણ એટલા બધા ડરી ગયા કે તેનો સામનો તો એક તરફ પણ ખૂદ પોતાના હોશ અને હવાસને ખોઈ બેઠા. એવી જ રીતે તેઓ યૂરોપી ચાલ ચલનને તરક્ક઼ીનું રાઝ સમજી બેઠા અને ઈસ્લામનો દરેક હુકમ તેમને તરક્ક઼ીની રાહમાં પથ્થર મહસૂસ થવા લાગ્યો ! એવી જ રીતે પશ્ચિમી વિચારધારાના હાથથી ઈસ્લામી ચાલચલન, તલાક અને પર્દો કોઈ પણ શરઈ હુકમ ન બચી શક્યો. યૂરોપે પર્દાને સૌથી વધારે નફરતની નિગાહોથી જોયો અને પોતાના અખબારોમાં એની ઘણી જ તિરસ્કૃત છબી પેશ કરી ઈસ્લામના અયબો અને ખામીઓમાં ઔરતોના પર્દાના મસ્અલાને ઘણો ઉછાર્યો જેનું અનિવાર્ય પરિણામ એ નીકળ્યું કે મુસલમાનોને શરમ લાગવા માડી અને તેમણે આ ઐબને મિટાવવા માટે કિતાબ તથા સુન્નતથી ધ્યાન હટાવી લીધું, કેમ કે ક્યાંથી પણ યૂરોપના નક઼્શે ક઼દમ પર ચાલવાની ઈજાઝત મળી જાય અને શરીઅતે મુતહ્હરા યૂરોપની અપ્રાકૃતિક જીવનશૈલીથી સહમત થઈ જાય, એના માટે તેમણે કિતાબો અને સુન્નતની ગલત તાવીલાત (અર્થઘટનો) કરી.

પશ્ચિમી તાકાતને એનું યક઼ીન હતું કે જ્યાં સુધી મુસલમાનોમાં ઈમાન તથા અમલોની રૂહ બાકી હશે ત્યાં સુધી તેમને હરાવી નહીં શકીએ. એટલા માટે તેમણે ત્રાસવાદના આક્ષેપની સાથોસાથ ઔરતોની આઝાદી માટે પણ મુસલમાનોના ખિલાફ સાઝિશો રચી કે ઈસ્લામે ઔરતોને કૈદ કરી ''નઊઝુબિલ્લાહ !'' જુલ્મ કર્યો છે.

## ★ ઔરતોની આઝાદીનો ફરેબ ★

ઈસ્લામ પહેલાંની જાહિલિયતે ઔરતને જે ઊંડા ખાડામાં નાખી દીધી હતી અને વર્તમાનકાળની જાહિલિયતે ઔરતને સ્ત્રી આઝાદીની ઢોંગી ચાલ ચાલીને જે ઝિલ્લત અને બદ્કારીથી લાચાર કરી છે તે કોઈથી પણ છુપાયેલુ નથી.

ઔરતને ઘરની ચાર દિવારીમાંથી કાઢી અર્ધનગ્ન કરીને, દુકાનો, બજારો, શો રૂમો, ઓફિસો, સિનેમા હોલો, ફેશન પરેડના પ્લેટફોર્મો સુધી લઈ ગયા જેનાથી તે પોતાનો વક઼ાર ખોઈ બેઠી અને આઝાદીના નામ પર મર્દોની વાસના ભૂખ્યી બુરી નજરની શિકાર બની ગઈ. ખૂદ પશ્ચિમી ક઼ૌમ ઔરતની આ ગુલામી જેને તે પોતે આઝાદી કહે છે તેનાથી તંગ આવી ગઈ છે, કારણ કે આ ખોટી આઝાદીના નતીજાઓ ઝિનાકારી, બદ્કારી, બિભત્સતા અને બેહયાઈના રૂપમાં જાહેર થઈ રહી છે.

ઈતિહાસ ગવાહ છે કે જિંદગીના કોઈપણ દૌરમાં ઔરતની ઈજ્જત અને પાકદામનીને આ રીતે ચેલેંજનો સામનો કરવો નથી પડયો જેવી રીતે આજના દૌરમાં ભર બજારે ઝિલ્લત અને બેઈજ્જતીનો સામનો કરવો પડે છે. પોતે ઈસાઈ અને યહૂદી પણ તૌરાત અને ઈન્જીલમાંથી એક પણ દાખલો બયાન નથી કરી શકતા જેમાં ઔરતને બેપર્દગીની સાથે ઘરમાંથી બહાર નીકળવાની ઈજાઝત આપી હોય.

પર્દાનો હુકમ ઉલમાએ કિરામે નથી આપ્યો જેવી રીતે કે આજકાલના લોકો કહે છે, પરંતુ આ તો ખુદાવંદે કુદુસનો હુકમ છે જે કુર્આન શરીફની આયતોથી સાબિત છે એનો ઈન્કાર અને એનાથી દૂર થવું અને બેપર્દગી માટે કહેવું મુસલમાનને તે કુફ્ર સુધી પહોંચાડી શકે છે.

આ બધી વિગતોથી આપણા માટે એ સમજવું બિલકુલ આસાન થઈ ગયું કે પર્દાનું કેટલું મહત્વ છે અને બેપર્દગીથી કેટલાં બધાં એવાં તબાહ અને બર્બાદ કરવાવાળાં પરિણામો ઉદ્ભવ પામે છે. *(કન્ઝુલ ઈમાન, જાન્યુઆરી–૨૦૦૮)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૦૮, અઝ : મુહમ્મદ અલ્તાફહુસૈન ચાંચવેલી)*





...પ્રકરણ : ૧૨

# બેપર્દગીની ભયાનક સજાઓ

પ્રિય વાંચકો ! મેં આપણી માંઓ, બહેનો તથા બેટીઓને સુધારણાની ભાવના હેઠળ પર્દા વિશે કંઈક લખવાની કોશિશ કરી છે.

ખરેખર આજકાલ આપણી ઈસ્લામી બહેનોમાં પર્દો ખતમ થઈ રહ્યો છે જાણે બેપર્દગીને કોઈ ગુનો સ્વીકારવા તૈયાર જ નથી જ્યારે કે બેપર્દગી હરામ છે. કુર્આનમાં આ વિશે સખત તાકીદ કરવામાં આવી છે : (તર્જુમો) : અને પોતાના ઘરોમાં જ રહો અને બેપર્દા ન રહો જેમ કે આગલી અજ્ઞાનતાની બેપર્દગી. *(કન્ઝુલ ઈમાન, પા. ૨૨)*

જોયું તમે ! કુર્આન સ્ત્રીઓને ઘરોમાં રોકાઈ રહેવા તથા બેપર્દગી ન કરવાનો હુકમ આપી રહ્યું છે, પણ અફસોસ ! આપણી માઓ અને બહેનો અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખૌફ રાખે, બેપર્દગીથી દૂર થઈ પોતાની કમજોરી તથા નાઝુક હાલત પર રહમ ખાય અને પોતાના કમજોર બદનને કબર તથા જહન્નમના અઝાબથી બચાવવાની ફિકર કરે.

અત્રે આપની ખિદમતમાં એક લાંબી હદીષના અમુક ભાગો પસંદ કરી સ્ત્રીઓના અમુક ધ્રુજાવી દેનાર સખત અઝાબોનો ખતરનાક મંઝર પેશ કરું છું, જેને વાંચો અને પોતાના દિલમાં રબનો ખૌફ પૈદા કરો.

## ★ બેપર્દગીની ખતરનાક સજાઓ ★

મૌલાએ કાએનત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે એકવાર હું બીબી ફાતિમા رضی اللہ عنہا સાથે સરકારની બારગાહમાં હાજર થયો, આકાએ નામદાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદસ આંખો અશ્રુભીની હતી. જ્યારે કારણ પૂછયું તો સરકારે ફર્માવ્યું કે મેં મેઅરાજની રાત્રે સ્ત્રીઓના અઝાબ નિહાળ્યા હતા આજે તે મન્ઝર ફરી યાદ આવી ગયો જેથી આંસૂ આવી ગયાં ! અર્ઝ કરી કે, હે અલ્લાહના મહબૂબ ! અમને પણ બતાવો કે આપે શું શું જોયું ? તો ઈર્શાદ ફર્માવ્યું કે મેં જોયું કે એક સ્ત્રી બાલોથી લટકેલ હતી અને તેનું દિમાગ ઉકળી રહ્યું હતું. (આ તે સ્ત્રીની સજા હતી જે પર પરૂષથી પોતાના વાળ ન છુપાવતી હતી.)

એક સ્ત્રીને જોઈ કે જીભથી લટકી રહી છે અને તેણીના બંને હાથો પીઠ પર બાંધી દેવામાં આવ્યા છે. આ સ્ત્રી પોતાના પતિને જીભ વડે તકલીફ આપતી હતી.

એક સ્ત્રીને જોઈ કે એ રીતે લટકાવવામાં આવી છે કે બંનેવ હાથ પગ કપાળ તરફ બાંધવામાં આવ્યા છે અને સાપ તથા વીંછી તેને વળગેલા છે. (આ પોતાના પતિની રજા વિના ઘરની બહાર નીકળતી હતી. અને હૈઝ તથા નિફાસથી પાકી (ગુસલ) ન કરતી હતી.)

માટે તે ઈસ્લામી બહેનો વિચાર કરે જે નીલ પોલીશ લગાડે છે. પ્યારી બહેનો ! યાદ રાખો કે નીલ પોલીશમાં સ્પ્રિટ (Sprite) હોય છે અને સ્પ્રિટ દારૂ છે જે સખત હરામ છે અને નીલ પોલીશ નખો પર ચોંટી જાય છે જેના કારણે ન તો વુઝૂ થાય છે અને ન તો ગુસલ.

વધુમાં આપણા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે કે એક સ્ત્રીને જોઈ જે પોતાનું જ શરીર ખાઈ રહી છે અને તેના નીચે આગ ભડકાવવામાં આવી રહી છે. (આ સ્ત્રી પર પુરૂષ માટે બનાવ શિંગાર કરતી હતી.)

એક સ્ત્રીને જોઈ જેનું શરીર આગની કાતરો વડે કાતરવામાં આવી રહ્યું છે. (આ તેણીઓની સજા છે જે પોતાનું શરીર અને બનાવ શિંગાર ગૈર મર્દોને બતાવતી હતી.)

એક સ્ત્રીને જોઈ કે તેનું માથુ સુવ્વરની જેમ અને ધડ ગધેડાની જેમ છે અને વિવિધ અઝાબો તેના પર થઈ રહ્યા છે. (આ જૂઠુ બોલનાર તથા એક બીજાની બુરાઈ કરનાર હતી.)

એક સ્ત્રીને જોઈ કે તે કૂતરાની જેમ છે અને સાપ તથા વીંછી તેના ગુપ્ત ભાગમાં આગળથી પેસી પાછળ નીકળે છે અને વળી ફરિશ્તાઓ આગના હથોડા વડે તેને મારી રહ્યા છે. (આ પોતાના પતિથી દુશ્મની રાખતી હતી.) *(દુર્રતુન્નાસિહીન)*

જિંદગી ખૂબ જ ટૂંકી છે ! પ્યારી બહેનો ! આ સજાઓને વારંવાર પઢો અને ખુદાના કહેરથી બચવાની તૈયારી કરો ! જીવન ઘણુ જ ટૂંકું છે, જોત જોતામાં ખતમ થઈ જશે, ટૂંક સમયમાં જ તમને લાડપણ કરનાર પોતાના ખભા પર ઉઠાવી કબરના અંધારામાં પહોંચાડી દેશે. અને જો અલ્લાહ અને



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

તેના રસૂલ નારાજ થયા તો કબર અને હશ્રની ખતરનાક સજાઓ અને ખૂબ જ સખત અઝાબ નહીં વેઠી શકાય. રબ તઆલા પોતાના ફઝ્લથી આપણા ગુનાહો માફ ફર્માવે અને આપણાથી રાજી થઈ જાય.

ખબરદાર ! ખબરદાર ! ખબરદાર !! જે રીતે પુરૂષોથી પર્દો છે એ જ રીતે માસી, ફોઈ, મામા, કાકાના છોકરાઓથી પર્દો કરવાનો હુકમ છે. એ જ રીતે દિયરનો પણ પર્દો જરૂરી છે, બલ્કે એની વધુ સખત તાકીદ કરવામાં આવી છે. એ જ રીતે મોઢે બોલેલ ભાઈ તથા પડોસી વગેરેથી પણ પર્દો છે, ત્યાં સુધી કે પીર તથા મુરીદનો પણ પર્દો છે. સ્ત્રી પોતાના ગૈર મહરમ પીર સમક્ષ બે પર્દા નથી જઈ શક્તી, બેપર્દા જવું હરામ ! હરામ ! અને હરામ છે.

જ્યારે કંઈક બહાર નીકળવું હોય તો માથાના વાળથી પગોના નખ સુધી એ રીતે પર્દો કરી નીકળે કે પોતાના શરીરના અંગોનું પ્રદર્શન ન થાય અને તેના ચઢાવ ઉતાર માલમ ન પડે. અને પર્દાનું કાપડ હરગિઝ આકર્ષક ન હોવું જોઈએ. સ્ત્રીનું પર પુરૂષના હાથે બંગડીઓ પહેરવું હરામ છે. રબ તઆલા સાચા અર્થમાં પર્દાની તૌફીક અર્પે. આમીન બિજાહિ ન્નબીય્યીલ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪, રજૂકર્તા :* મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી)

...પ્રકરણ : ૧૩

# ઈસ્લામી પર્દા વિરુદ્ધ

## યૂરોપનો સાંસ્કૃતિક આંતકવાદ !

વિશ્વસ્તરે એક હંગામો, એક શોર મચી રહ્યો છે, પાકિસ્તાન, ઈરાન, અમેરિકા, ફ્રાંન્સ અને યૂરોપમાં એક તોફાન ઉઠી રહ્યું છે જે પૂર્વને પશ્ચિમ અને ઉત્તરને દક્ષિણ બનાવવા તલપાપડ થઈ રહ્યું છે. એક બાજુ ઈસાઈ 'નન' પોતાના ધર્મનું પાલન કરી સ્કાર્ફ પહેરવા માટે આઝાદ છે, તો બીજી બાજુ એક મુસ્લિમ ખાતૂન જો પોતાને ઈસ્લામી પર્દામાં સુરક્ષિત સમજે છે તો તેણીને મહેણુ આપવામાં આવે છે, તેણીને કફન પહેરલી કહેવામાં આવે છે ! તેને જૂનાવાણી તથા રૂઢીચુસ્ત કરી ઠેકડી ઉડાવાય છે. મિડિયા થકી મુસલમાનોની સંસ્કૃતિ પર ટીકા કરવામાં આવે છે. આજે આ કોઈ એક દેશની વાત નથી પણ સમગ્ર ઈસ્લામી જગતનો મસ્અલો છે જેને સમગ્ર ઈસ્લામી જગત અનુભવી રહ્યું છે.

### ★ મિસરમાં પર્દાનો વિરોધ ! ★

પ્રગતિ અને રોશન ખયાલી (મોર્ડન વિચારશૈલી)ના પ્રચારક ક઼ાસિમ અમીને મિસરમાં સ્ત્રી આઝાદી માટે ઈ.સ. ૧૮૯૯માં એક કિતાબ ''તહ઼રીરુલ્ મર્અતે''ના નામથી પ્રસિદ્ધ કરી જેમાં તેણે દા'વો કર્યો કે ઈસ્લામમાં બેપર્દગીની મનાઈ નથી. મિસરમાં ઈસ્લામી સંસ્કૃતિને કચડી નાખવામાં આ કિતાબે શું ભાગ ભજવ્યો એ સંબંધે ઈસ્કન્દરયા યુનિવર્સિટીના પ્રોફેસર ડોકટર મુહમ્મદ હુસૈન પોતાની કિતાબ ''અત્તુજાહાતુલ વતનિય્યતે ફીલ્ અદબિલ્ મુઆસિરે''માં લખે છે, ''આ દુષ્પ્રચારના પરિણામે સ્ત્રીઓમાં બેપદર્ગી અને આઝાદીનું જે વલણ ઉત્પન્ન થયું તેનાથી ઈસ્લામી વિચારશૈલી ધરાવતા લોકો ગભરાઈ ગયા, ઔરતોના વિચારોમાં આવેલી ક્રાંતિ અને પૌરાણિક સભ્યતા તથા સંસ્કારિક્તા, બાપ અને પતિની અગ્રિમતા વિરુદ્ધ સ્ત્રીઓમાં બગાવતનો જે જઝબો ઉદ્ભવ્યો તેને તેમણે સખત નાપસંદ કર્યો, તેઓ પરેશાનીના





આલમમાં આશ્ચર્યથી વસ્ત્રોમાં થયેલ તબદીલી અને ઢીલાઢાલા, શરીર છુપાવે એવાં મિસરી લિબાસના બદલે ચુસ્ત અને તંગ (નગ્નતાભર્યા) પશ્ચિમી પહેરવેશોને નિહાળી રહ્યા હતા જે એટલી ઝડપથી પ્રચલિત થઈ રહ્યા હતા જેનું એમને પહેલાં અનુમાન ન હતું.'' *(મુસ્લિમ મમાલિક મેં ઈસ્લામિયત ઔર મગ઼રિબિય્યત કી કશ્મકશ, પેજ–૧૪૬, ૧૪૭)*

### ★ અફઘાનિસ્તાનમાં પર્દાનો વિરોધ ★

અફઘાનિસ્તાનમાં ૧૯૬૦ પૂર્વે ઈસ્લામી સંસ્કૃતિ પોતાની સંપૂર્ણ શાનથી સ્થાપિત હતી, પર્દાનો બા હયા રિવાજ અહીંયા હતો, પરંતુ ઈસ્લામી સંસ્કૃતિના દુશ્મનોની આંખોમાં કાંટો બની ખટકવા લાગ્યો અને તેમણે તેને નષ્ટ કરવાના પ્રયાસ કર્યા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (**Times of India**)નો યૂરોપિયન પત્રકાર રિચી કોલ્ડર જે ૧૯૬૩માં અફઘાનિસ્તાનની જશ્ને આઝાદીમાં ઉપસ્થિત રહ્યો હતો તે ૨૮ જુલાઈ ૧૯૬૩ના પ્રકાશનમાં લખે છે :–

''ત્રણ વર્ષ અગાઉ અહીંયાં (અફઘાનિસ્તાન)ની સ્ત્રીઓ પર્દામાં હતી તે સમયે આવા પ્રસંગોમાં તેમને બહાર નીકળવાની અનુમતિ પણ મળતી તો તેમને ચાદરમાં છુપાઈને આવવું પડતું જે માથાથી લઈ પગો સુધીની રહેતી અને નક઼ાબ તેમના ચહેરાને છુપાવી રાખતો જેમાં જોવા માટે જાળી લાગેલી રહેતી.''

હવે એ બધુ આ ક્રાંતિમાં ઝોંકાઈ ગયું છે, હજુ પણ ખુશીના પ્રસંગોમાં આવી સ્ત્રીઓ ઘણી જોવા મળે છે જે હવે અલગ પ્રકારના બુરખા પહેરે છે જેની તેમને હજુ આદત નથી પડી. પરંતુ હવે તેમને પોતાના ચહેરા ઉઘાડા રાખવાની આઝાદી મળી ગઈ છે અને હવે સ્ત્રીઓની એક મોટી સંખ્યા બેપર્દા થઈ ગઈ છે. *(હવાલો : આગળ મુજબ, પે–૩૫, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સૌજન્યથી)*

### ★ બુખારામાં પર્દાનો વિરોધ ★

મિસર અને અફઘાનિસ્તાનમાં જે ઈસ્લામી સંસ્કૃતિને ખતમ કરવામાં નથી આવી, બુખારામાં પણ **Western Culture** (પશ્ચિમી સંસ્કૃતિ)ને પ્રચલિત કરવાની કોશિશો કરવામાં આવી.

જેમ કે અફઘાનિસ્તાનના પડોશી દેશ બુખારામાં ૧૮ માર્ચ ઈ.સ. ૧૯૨૧માં એક મોટા સમારોહ પ્રસંગે ઈસ્લામી બુર્ખાઓના ઢગલાને આગ લગાડવામાં આવી, પર્દાને ત્યજવા મુસ્લિમ ઔરતો પર સખ્તી પણ કરવામાં આવી ! **આ પ્રસંગમાં પાંચ હજાર મુસ્લિમ ઔરતોએ વિરોધ કરી પર્દો ત્યજવાથી મનાઈ કરી તો તેમના માથેથી પર્દા ખેંચી ચુલામાં નાખી દેવાયા !** સગા સંબંધીઓના કહેવાથી છેવટે તેમણે બેપર્દા થવું પડયું અને જબરદસ્તી બુરખા ઉતારવાનું કાર્ય રૂસી સ્ત્રીઓએ કર્યું. પછી દર વરસે બળજબરી બુરખા ઉતારવાની અને પર્દો છોડાવવાની રસ્મ મનાવામાં આવવા લાગી. *(દૈનિક નવાએ વક્ત–મુલ્તાન, ૧૮ એપ્રિલ ૧૯૯૬)*

આ'ઝમ હાશમીએ પોતાના 'સફરનામાએ હિજરત'માં લગભગ આવા જ એક પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે, લખે છે :–

"બુખારાની સર્વ મોટી મસ્જિદોમાં એકવાર કોમ્યૂનિસ્ટ પાર્ટીએ જલ્સાનું આયોજન કર્યું જેમાં ત્યાંના સ્થાનિક લોકોને પોતાની પર્દાનશીન બહુ બેટીઓ અને બીવીઓ સાથે લાવવા માટે મજબૂર કરવામાં આવ્યા. હથિયારબંધ ફોજીઓ ઘરોમાં ઘુસી સ્ત્રી પુરૂષોને પશુઓ જેમ હાંકી લાવ્યા. મસ્જિદોના દરવાજાઓ પર બે બે કોમ્યૂનિસ્ટો ઊભો રહી સ્ત્રીઓના માથેથી બુર્કા, ચાદરો, ઓઢણીઓ ખેંચીને ઉતારીને મસ્જિદના સહનમાં ભેગી કરી રહ્યા હતા. રાતના દસ વાગ્યે સૌના સમક્ષ બુર્ખાઓ ઓઢણીઓના ઢગલાને આગ લગાડી દેવામાં આવી ! ત્યાર પછી તક્રીરો શરૂ થઈ, એક પછી એક કોમ્યૂનિસ્ટ પ્રવક્તાઓ ઈસ્લામી પર્દા વિરુદ્ધ ભડકાઉ તક્રીરો કરતા રહ્યા. એક બાશ્કરીસ્તાની યહૂદી કોમ્યૂનિસ્ટે પોતાના પ્રવચનમાં કહ્યું :–

"પર્દો પુરૂષોના અત્યાચારની નિશાની છે, હવે સ્ત્રીઓ આઝાદ થઈ ગઈ છે, તેણીઓ કાર્યાલયોમાં નોકરી કરી શકશે, ફરગ઼ાનના ગૈરતમંદવાસીઓ એ હક઼ીક઼ત સમજી ચૂક્યા છે. તેમની સ્ત્રીઓને આઝાદીની નેઅમત મળી ગઈ **હવે નિકાહ઼ અને તલાક઼ની ઝંઝટ નથી રહી, તેણીઓ પુરૂષોના જુલ્મથી આઝાદ અત્યંત આરામદાયક જીવન જીવી રહી છે."** *(ઉફ યે પાદરી, પેજ–૩૩૭, 'સમરકંદો બુખારા કી ખૂની સરગુઝશ્ત'ના હવાલાથી)*

## ★ ઈરાનમાં પર્દાનો વિરોધ ★

રઝા શાહ પહેલ્વીના રાજયકાળમાં ઈરાનમાં પર્દો પહેરવા પર પાબંદી





હતી. તેણે ઈ.સ. ૧૯૩૫માં પર્દા પર પ્રતિબંધ મૂકી દીધો. *(મિલ્લતે ઈસ્લામિયા કી મુખ્તસર તારીખ, ભાગ–૩/૨૨૨૬)*

આ તે જ જમાનો હતો જ્યારે અખંડ ભારતમાં ડોકટર ઈક઼બાલ અને અકબર ઈલાહાબાદી આ રોશન ખયાલીના વિરુદ્ધ હતા.

અકબર ઈલાહાબાદી લખે છે :–

**બે પર્દા કલ જો નઝર આઇં ચંદ બીબિયાં**
**અકબર ઝમીં મેં ગ઼ૈરતે ક઼ૌમી સે ગળ ગયા**
**પૂછા જો ઉનસે આપ કા પર્દા વો ક્યા હુઆ**
**કહને લગીં કે અક઼્લ પે મર્દોં કી પર ગયા**

અને ડોકટર ઈકબાલે કહ્યું :–

**ઉસ ક઼ૌમ કો તજદીદ કા પયગ઼ામ મુબારક**
**હૈ જિસ્કે તસવ્વુર મેં ફક઼ત બઝ્મે શબાના**
**લેકિન ! મુઝે ડર હૈ કે યે આવાઝસે તજદીદ**
**મશરિક મેં હૈ તક઼લીદે ફિરંગી કા બહાના**

## ★ તુર્કીમાં પર્દાનો વિરોધ ★

યહૂદીઓની કઠપુતલી 'કમાલ પાશા'એ તુર્કીને આધુનિક તુર્કી બનાવવાના બહાને ત્યાંની સંસ્કૃતિને જે રીતે કચડી નાંખી ઈતિહાસ તેનો સાક્ષી છે. તેણે તુર્કી ટોપી અને માથે ઓઢવાના દરેક વસ્ત્ર પર્દા, સ્કાર્ફને ગૈર ક઼ાનૂની ઠરાવી દીધા અને હેટને જરૂરી કરી દીધો ! એ જ તુર્કીની હાલની સ્થિતિ વિશે જાવેદ ચૌધરી પોતાની કોલમ ઝીરો પોઈંટમાં લખે છે :–

"મેડમ મર્વે"નો સંબંધ ફઝીલત પાર્ટી સાથે હતો, તેણી ઈ.સ. ૧૯૯૯ના ઈલેકશનમાં તુર્ક પાર્લામેન્ટની સભ્ય બની. 'મે'માં શપથ લેવાના પ્રસંગે તેણી માથે સ્કાર્ફ ઓઢી પાર્લામેન્ટ ગઈ. આધુનિક તુર્કીના ૭૬ વરસના ઈતિહાસની એક દુઃખદ ઘટના હતી, કારણ કે ૨૯ ઓકટોબર ૧૯૨૩માં જ્યારે તુર્કી આઝાદ થયું હતું ત્યારે કમાલ અતાતુર્કે અરબી લિપિ, ધાર્મિક શિક્ષણ અને અઝાન સાથે પર્દા પર પાબંદી લાવી મૂકી હતી. તેનું કહેવું હતું કે તુર્કીને પ્રગતિશીલ જોવા માટે આપણે તુર્કીને સેક્યુલર (બિનસાંપ્રદાયિક) સાબિત કરવું પડશે.

આજથી તુર્કીમાં સ્ત્રીનું ઉઘાડુ માથુ અને સેક્યુલરિઝમ (બિનસાંપ્રદાયિકતા) એક થઈ ચૂક્યાં છે. મે–૧૯૯૯માં મર્વેએ સ્કાર્ફ ઓઢી પાર્લામેન્ટમાં જઈ સેક્યુલરિઝમની તુર્ક ફિલોસોફીને ચેલેંજ કરી દીધી. એના પર પાર્લામેન્ટમાં ભૂકંપ આવી ગયો ! સેક્યુલર સભ્યોએ આસ્માન માથે ઉઠાવી લીધું તથા ત્યાંની સેક્યુરિઝમની ઝંડાધારી ફૌજે પણ મર્વેની હિંમતની ગંભીરતાથી નોંધ લીધી અને રાષ્ટ્રપતિ સુલેમાન ડેમ્રેલ મર્વેનું સભ્ય પદ તથા નાગરિકત્વ બંનેવ રદ કરી નાખ્યું ! એક સેક્યુલર સ્ટેટનો એક એવો આઝાદ નાગરિકથી બદલો હતો જે પોતાની મરજીપ્રમાણે જીવન જીવવા ઈચ્છતો હતો. ૨૯ ઓકટોબર ૨૦૦૩માં આ સ્થિતિ ફરી એકવાર સામે આવી, જ્યારે તુર્કો પોતાનો એંસીમો આઝાદી દિવસ મનાવી રહ્યા હતા. રિવાજ પ્રમાણે આ દિવસે રાષ્ટ્રપતિ પાર્લામેન્ટના સભ્યો અને ગવર્નમેન્ટ પદાધિકારીઓના સન્માનમાં એક દા'વતનું આયોજન કરે છે જેમાં અધિકારીઓની બેગમાં પણ હોય છે. પરંતુ આ વખતે તુર્કીમાં તૈયબ અર્દગાનની આગેવાની હેઠળ એક ઈસ્લામી જમાઅત જસ્ટીસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીની હુકૂમત હતી અને પાર્ટીના અધિક્તમ અધિકારીઓની બેગમો માથા પર સ્કાર્ફ બાંધતી હતી માટે સર્વ અધિકારીઓને નિમંત્રિત કરવું રાષ્ટ્રપતિ માટે મુશ્કેલ થયું, ઘણા વિચારવિમર્શ પછી તેણે અધિકારીઓને પોતાની બેગમોને સાથે ન લાવવા કહ્યું જેમાં તૈયબ અર્દગાન પણ આવી ગયા જેમની બેગમ માથે સ્કાર્ફ નાંખે છે, માટે જસ્ટીસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીએ આ સમારોહનો બહિષ્કાર કર્યો અને રાષ્ટ્રપતિ અહમદ નજાતથી રાજીનામુ આપવાની માંગણી કરી ! *(દૈનિક જંગ, લાહોર, ૮ નવેમ્બર–૨૦૦૩)*

ઈમ્પેક્ટ ઈન્ટરનેશનલ માસિક, માર્ચ–૨૦૦૧માં મેડમ મર્વેનું ઈન્ટરવ્યુ પ્રકાશિત થયું જેના અમુક અગત્યના મુદ્દા રજૂ કરવામાં આવે છે :–

**સવાલ** : જ્યારે આપ તુર્કીની પાર્લામેન્ટમાં સૌ પ્રથમ હિજાબની સાથે પ્રવેશ્યાં ત્યારે આપ શું વિચારી રહ્યાં હતાં ?

**જવાબ** : તુર્ક લોકશાહીના ૭૬ વર્ષીય ઈતિહાસનો આ પહેલો પ્રસંગ હતો જ્યારે એવી બે સ્ત્રીઓ જે પર્દો કરતી હતી તુર્ક પાર્લામેન્ટમાં સભ્ય બની. નસ્રીન અવનાલ બીજી એવી ખાતૂન પાર્લામેન્ટની સભ્ય હતી જેમને સ્કાર્ફ ઉતારવા પર મજબૂર કરવામાં આવી. સૌથી પ્રથમ હોવાના કારણે





ઘણો મુશ્કેલ પ્રસંગ હતો. જો કે હું સકાર્ફ પહેરતી સિત્તેર ટકા સ્ત્રીઓની આગેવાની કરી હતી પરંતુ દેશમાં એક અલ્પસંખ્યક લાબાં અરસાથી શાસન કરી રહી છે અને જે લોકો એનાથી સંબંધિત છે તેઓ મોડર્ન વિચારશૈલીવાળા સુસભ્ય લોકશાહીયુક્ત નથી કે એ લોકોનું સન્માન કરી શકે જેઓ તેમની જેવાં વસ્ત્રો નથી પહેરતા અને તેમની જેવી વિચારધારા નથી ધરાવતા. મને એમના વિરોધનું અનુમાન હતું પરંતુ એમનો વિરોધ આટલો ઉદ્ધત અને જાલિમાના હશે એની કલ્પના પણ ન હતી.

અન્ય એક સવાલના જવાબમાં એમણે કહ્યું :–

હવે હું એક માત્ર અંગત પ્રતિનિધિત્વ નથી કરતી પણ હું તુર્કીની મઝલૂમ જૂનવાણી પાબંદી સ્ત્રીઓની પોકાર છું જેમની સાથે માત્ર એટલા માટે આવો વર્તાવ કરવામાં આવી રહ્યો છે કે તેણીઓ પર્દો કરવા ઈચ્છે છે, **તેમને મજબૂર કરવામાં આવી રહી છે કે તેણીઓ પોતાના કેરિયર અને ધર્મમાંથી કોઈ એકને સિલેક્ટ કરે.** તેમની પોકાર સાંભળનાર કોઈ નથી, પાર્લામેન્ટના સભ્યની રૂએ હું તેમની પોકારને જ્યાં સુધી પહોંચી શકે પહોંચાડવા માંગું છું. *(તર્જુમાનુલ્ કુર્આન માસિક, એપ્રિલ–૨૦૦૧, લેખ : સ્કાર્ફ બમુકાબલા બંદૂક)*

## ★ ફ્રાન્સમાં પર્દાનો વિરોધ ★

ફ્રાન્સના ગૃહમંત્રી ચાર્લ્સ પાસ્કુવા અને વિધામંત્રી ફ્રેન્કુઈ બાયરોવ (Francois Bayrow)એ **સર્વ પબ્લિક સ્કૂલોમાં અભ્યાસ કરતી મુસ્લિમ વિદ્યાર્થીનીઓના પર્દો નાખવા પર પાબંદી લગાડી દીધી, ત્યાર બાદ સ્કાર્ફ ઓઢવાના કારણે તેમને સ્કૂલોમાંથી કાઢી મૂકવામાંઆવી, શિક્ષણનાં દ્વારા એમના માટે બંધ કરી દેવામાં આવ્યાં.** ફ્રાન્સિસી ગૃહમંત્રીએ પાર્લામેન્ટને જણાવ્યું કે ચિંતાનજક વાત એ છે કે ઈસ્લામી માન્યતાઓને આપણા સામાજીક રસ્મો રિવાજોનો ભાગ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## ★ એક આતંકવાદ જેનો વિરોધ કરવામાં નથી આવતો ! ★

ઈસ્લામી સંસ્કૃતિને કચડી નાખવા સમગ્ર વિશ્વના યહૂદી ઈસાઈઓએ પોતાનું સંપૂર્ણ બળ વેડફી નાખ્યું પરંતુ આ સાંસ્કૃતિક ત્રાસવાદના વિરોધમાં

કોઈ બુદ્ધિજીવી અને પ્રગતિના ચાહકે પોતાની કલમ કે ઝબાનથી તેની નિંદા ન કરી. યાદ રાખશો કે પર્દો ફ્રાન્સના સેક્લ્યુલર બંધારણના વિરુદ્ધ નથી. **અહીંયાં એ સવાલ પણ ઊભો થાય છે કે ફ્રાન્સમાં ઈસાઈ વિદ્યાર્થીઓ ક્રોસ અને યહૂદી વિદ્યાર્થીઓ માથે વિશિષ્ટ પ્રકારની ટોપીઓ કેમ પહેરે છે ?!**

પર્દા વિરુદ્ધ પશ્ચિમીઓ તથા તેમના અનુયાયીઓનું આવું કૂંણુ વલણ એટલા માટે છે કે પર્દો તેમની નાપાક વિચારશૈલી જેમ કે નગ્નતા, બિભત્સતા, ખેલ તમાશા, સંગીત, ફિલ્મ અને પારિવારિક ભંગાણના માટે અવરોધરૂપ છે. જાહેર છે કે જ્યારે સ્ત્રી બેપર્દા હશે તો તેના પર નાપાક નજરો પણ પડશે અને મિડિયા દ્વારા નગ્નતાનો ફેલાવો અને હુકૂમતો થકી ઝિનાકારીની પરમિટ જારી થશે તથા આઝાદી સાથે સ્ત્રી પુરૂષોની ભેળસેળનો માહોલ બનશે તો એનાથી જે પ્રકારના ફિત્ના ઉદ્‌ભવશે તેને દરેક સમજદાર સારી રીતે સમજી શકે છે. અને અપરિણિત કુંવારી માતાઓ તથા વિના માતા પિતાના સંતાનોના રૂપમાં જે ભયંકર પરિણામો જાહેર થશે તેના માટે યૂરોપનું ઉદાહરણ આપણા સમક્ષ છે.

આ ત્રાસવાદના ટેકામાં યૂરોપિયન કલમકારો જ નહીં અસંખ્ય આધુનિક ખ્યાલના મશરિકી (પૂર્વી) સાહિત્યકારો અને લેખકો પણ પોતાની ફરજ બનાવી રહ્યા છે ! આ કલમી મઝદૂરો માટે તો આટલું જ કહી શકાય છે :–

**કહાં મકામે સુખન ઔર કહા સિયાસતે શબ**
**કહાં યે અશ્ક કહાં તાજિરાને જશ્ને તરબ**
**કહાં રિજ્ઝ કી બુલંદી કહાં સિલે હુએ લબ**
**કહાં ઝમાનો મકાં ઔર કહાં ઈશ્કો અરબ**
**હુદૂદે શામો સહર સે નિકલ ગએ કુછ લોગ**
**ઝરા સી ધૂપ મેં આકે પિઘલ ગએ કુછ લોગ**

એ જ કલમી મઝદૂરોએ પ્રોપેગંડો કર્યો કે કલ્ચરનો સંબંધ ધર્મ સાથે નથી. એક મશહૂર પાકિસ્તાની સાહિત્યકારે લખ્યું :–

''મુસ્લિમ કલ્ચર નામની કોઈ ચીજ નથી ! પ્રત્યેક મુસલમાનનું કલ્ચર બીજાથી અલગ હોય છે, બેશક ! સર્વ મુસ્લિમ દેશોમાં ધાર્મિક માન્યતાઓ સમાન છે પરંતુ તેમનું કલ્ચર એક નથી થઈ શક્તું''. *(અહમદ નદીમ કાસમી, દૈનિક જંગ, ૧૫ ડિસેમ્બર–૧૯૯૧)*





આવા લોકોએ કલ્ચર તથા સંસ્કૃતિને જમીન સાથે સંબંધિત કરી જેનું પરિણામ એ થયું કે ઈસ્લામી ભાઈચારાનું પવિત્ર બંધારણ છિન્નભિન્ન થઈ ગયું. આ અફસોસનાક હકીકતનું દૃષ્ટાંત દર વરસે પાકિસ્તાનમાં જોવા મળે છે જ્યારે પ્રજાસત્તાક દિવસે પાકિસ્તાનના સિંધી મુસ્લિમો, સિંધી હિંદુઓ સાથે એકતા માટે કન્ટ્રોલ લાઈનની તરફ જાય છે પરંતુ બીજા રાજ્યોના પંજાબી, પઠાણ તથા મુહાજિરોનું અસ્તિત્વ તેમને પચતુ નથી ! આ એક અલગ વિષય છે.

અન્ય એક રોશન ખયાલ (બુદ્ધિજીવી) પોતાનો અભિપ્રાય આ રીતે વ્યક્ત કરે છે, વર્તમાન યુગમાં એક મહત્વનો સવાલ એ પેદા થાય છે કે જો કોઈ સમાજમાં ઓઢણી અને દુપટ્ટા વિના રસ્તામાં આવતી જતી બેપર્દા સ્ત્રીઓની છેડતી કોઈ નથી કરતું તો શું ત્યાં પણ નકાબ અને ઓઢણી અનિવાર્ય થશે ? હું તો એટલે સુધી કહી શકું છું કે કેટલાયે વિદેશી સુસભ્ય સમાજોમાં મુસ્લિમ સ્ત્રીઓ મેહરમ વિના કોઈ પણ ખૌફ અને ખતરા વગર લાંબા સફર કરી શકે છે અને કોઈ પર પુરૂષ સહયાત્રી તેણી તરફ આંખ ઉઠાવી નહીં જુએ.'' *(રોજનામા જંગ, જુલાઈ–૧૯૮૫, પ્રોફસર વારિષ મીર)*

પ્રોફેસર મીર સાહબના લખાણની ટીકા આપણે તો શું કરી શકીએ એ જ સમાચારપત્ર દૈનિક જંગની આ રિપોર્ટ વાંચો :–

**''અત્યારે સુસભ્ય દુનિયામાં દર ૪૫ સૅકન્ડ પછી એક સ્ત્રીને બેઆબરૂ કરી દેવામાં આવે છે.''** *(દૈનિક જંગ, ૧૨ નવેમ્બર, ૧૯૯૫)*

પર્દાની વિરોધી બેનઝીર ભુટ્ટો પણ આ વાતને સ્વીકારે છે :–

લખે છે : ''પ્રાથમિક કલાસમાં અમને બળાત્કારના ખતરા વિશે લેકચર આપવામાં આવતાં, રેડ કલ્ફમાં સાંભળીને ગભરામણ થતી હતી. મેં અમેરિકા આવતાં પહેલાં બળાત્કાર વિશે સાંભળ્યું પણ ન હોતું અને હવે આ ભયના કારણે અગાઉના ચાર વરસો દરમિયાન હું કદી રાત્રે એકલી ઘેરથી બહાર નથી નીકળી.'' *(દુખ્તરે મશરિક, બેનઝીર ભુટ્ટો, પેજ–૮૯)*

**આ લોકો ઈસ્લામી કલ્ચર અને સંસ્કૃતિને એટલા માટે મિટાવવા ચાહે છે કે ક્યાંક એમના હવસના બેકાબૂ નફસ જેમના માટે સ્ત્રી એક મોજ મજાની ચીજ સિવાય કાંઈ જ નથી એ તેણી એમના હાથોથી નીકળી ન જાય !** એમને સેક્યૂલર બંધારણની કોઈ ચિંતા નથી

**એમને તો પોતાની બદમસ્ત જવાનીની નાપાક ગંદી ખ્વાહિશોની ફિક્ર છે જે ઈસ્લામી કલ્ચરમાં શક્ય નથી.** ઈસ્લામી સંસ્કૃતિની પવિત્રતા કોણ નથી જાણતું ?! જેણે યૂરોપ જેવા નગ્નતાભર્યા માહોલમાં પણ સ્ત્રીઓને પવિત્રતા અપર્ણ કરી જેના યૂરોપમાં પુનરાગમનને આપણે જોઈ શકીએ છીએ. અહીંયાં અમુક દષ્ટાંતો રજૂ કરવામાં આવે છે કે કઈ રીતે યૂરોપિયન સ્ત્રીઓ માટે ઈસ્લામી સંસ્કૃતિ અને પર્દો વરદાનરૂપ થયો.

રોબર્ટ બ્રીફાલ્ટ લખે છે, "સિસ્લીની રાજધાનીમાં ત્રણ હજારથી વધુ કાપડ વણનારા હતા તેમની તૈયાર કરેલ અબાઓ, કુબાઓ તથા ચાદરો પર કુર્આનની આયતો પણ હોતી જેમને ઈસાઈ બાદશાહો અને પાદરીઓ ગર્વથી પહેરતા, સિસ્લીમાં ઈસાઈ ઔરતો નક઼ાબ પહેરતી હતી." *(યૂરોપ પર ઈસ્લામ કે એહસાનાત, પેજ–૧૨૫, ગુલામ જીલાની બર્ક)*

આગળ લખે છે :–

"ઈસ્લામી કલ્ચરે યૂરોપી જીવનશૈલીના દરેક પાસા પર પ્રભાવ છોડયો, તેમનાં વસ્ત્રો બદલાઈ ગયાં, રીત રિવાજો બદલાઈ ગયા, એમના બાંધકામમાં પૂર્વી પદ્ધતિ આવી ગઈ, સ્ત્રીઓને ઈજ્જત થવા લાગી અને તેણીઓએ વાસનાભરી નજરોથી બચવા માટે નક઼ાબ ઓઢી લીધો. *(પેજ–૧૫૦, રિહ઼્લતે ઈબ્ને ઉમરના હવાલાથી)*

"જે ઈસાઈ સ્ત્રીઓ શાહી મહલમાં પ્રવેશે છે તે મુસ્લિમ કનીઝોની નેકી, પાકીઝગી અને નમાઝથી પ્રભાવિત થઈ મુસલમાન થઈ જાય છે." *(પેજ–૧૫૨)*

હક઼ીક઼તમાં ઈસ્લામ દુશ્મનોને એ વાતનો ખતરો છે કે ક્યાંક ઈસ્લામ આલમી મઝહબ ન બની જાય અને યહૂદીઓ દુનિયા પર હુકૂમતનું જે દિવા સ્વપ્ન જોઈ રહ્યા છે તે વિખેરાઈ ન જાય. *('જામે નૂર' ઉર્દૂ માસિક, (દિલ્હી), ઓકટોબર–૨૦૦૮ના સૌજન્યથી)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૦૯, રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી, મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*





## ...પ્રકરણ : ૧૪

# ઈસ્લામી લિબાસ અને આજની યુવા પેઢી

પોશાક પહેરવો એ માનવ પ્રકૃતિ છે અને નગ્ન રહેવું તથા નગ્નતા પ્રદર્શિત કરવી એ જાનવરની પ્રકૃતિ છે. અથવા જંગલી માનવને પોશાકનું ભાન નથી હોતું તો ક્યાંક પાગલ બની ગયેલાને પોશાક પહેરવાનું ભાન નથી હોતું, એને મઅઝૂર ગણવામાં આવશે કે બીચારાને હોશ જ નથી, પણ જેઓ હોશવાળા છે હોશિયાર છે તેવાં નરનારીઓ પોતાના પોશાક પ્રત્યે હમેશાં સભાન હોય છે. દરેક ક઼ૌમની મૂળ સંસ્કૃતિમાં પોશાક વડે શરીરને યથાયોગ્ય ઢાંકવાનો રીવાજ ચાલ્યો આવ્યો છે, જો એમાં કમી થતી તો તેઓ લજાય મરતા, શરમથી પાણી પાણી થઈ જતા, ખાસ કરીને સ્ત્રીઓમાં ખૂબ શરમની ભાવના હતી. જ્યારે હઝ઼રત આદમ عليه السلام નો જન્નતી લિબાસ ઉતરી ગયો તો આપે જન્નતનાં પાંદડાં વડે પોતાના શરીરને છુપાવ્યું. જેમ કે કુર્આને પાકમાં છે : "એમને બેહકાવ્યા એટલે સુધી કે જન્નતી લિબાસ ઉતરી ગયો, શર્મગાહો ખુલી ગઈ અને પોતાના શરીરને જન્નતનાં પાંદડાં ઢાંકયાં." (સૂ. અઅ્‌રાફ, ૨૦–૨૧) જાણવા મળ્યું કે, અસલમાં લિબાસ પહેરવો એ "જન્નતીઓની સુન્નત" છે.

### ★ ઈસ્લામમાં કેટલું શરીર છુપાવવું ફ઼ર્ઝ છે ? ★

દરેક ક઼ૌમમાં લિબાસ તો પહેરાતો હોય છે પણ પોશાક પહેરવા છતાં પુરૂષ તથા સ્ત્રીઓનાં ઘણા છુપાવવાના અંગો ઉઘાડાં રહે છે. કેટલાક લોકો ચડ્ડી ચડ્ડા તથા લંગોટ પહેરે છે તો ક્યાંક ધોતી પહેરાય છે જેમાં ગુથણો, સાથળો ઉઘાડા રહે છે જે એક શરમજનક બાબત છે તથા સ્ત્રીઓમાં પણ ઉઘાડા હાથો, મસલ્સ, પીઠ, પેટ, સીનો, ગળુ વગેરે ઉઘાડુ રહી જાય છે જે પણ યોગ્ય નથી. ઈસ્લામમાં એટલો લિબાસ કે સતરે ઔરત થઈ જાય (ઢાંકવાની ચીજો છુપાઈ જાય) એ **ફ઼ર્ઝ** છે. પુરૂષે ડૂંટીથી ગુથણો નીચે સુધી પોશાકથી છુપાવવું **ફ઼ર્ઝ** છે અને **સ્ત્રીઓ**એ બંને હથેળીઓ તથા બંનેવ પગના પંજાઓ તથા ચહેરા સિવાય સર્વ શરીરને લિબાસથી છુપાવવું **ફ઼ર્ઝ** છે. અને એનાથી વધુ ઠંડી ગરમીથી બચવા છુપાવવું જાઈઝ છે. અને આ **ઈસ્લામનું સંસ્કારિક નિશાન** છે. મુસલમાને આ વાત ખૂબ સારી પેઠે સમજવી જોઈએ

અને કાફિરો તથા મુશ્રિકોની જેમ ગુથણો, જાંગો ખુલ્લી રહે એવો લિબાસ ન પહેરવો કે એ **હરામ** છે.

## ★ ઈસ્લામી લિબાસ શું શું છે ?! ★

કેટલાક બે ચોપડી ભણેલા ટાઈ કોટ પેન્ટના શોખિનો પોતે દરેક ક્ષેત્રે જાણે ખૂબ જ જાણકાર હોવાનો ડોળ કરનારા દંભી તથા ઘમંડી માણસો ક્યારેક દાવો કરે છે કે, ''કોણે કહ્યું કે ઈસ્લામી લિબાસ કુર્તો, ઝભ્ભો તથા લેંગો છે ? એવું કાંઈ ઈસ્લામમાં દર્શાવાયું નથી ! આ બધી મુલ્લાઓની ઉપજ છે, ગમે તેવો લિબાસ પહેરી શકાય છે....વગેરે.'' એવા લોકો માટે કુર્આન હદીષની રૂએ અમે દર્શાવીશું કે ઈસ્લામી લિબાસ શું શું છે ?

સાંભળો ! કુર્તો ઈસ્લામી લિબાસ છે અને અંબિયાએ કિરામ عليهم السلامનો પોશાક છે. કુર્આને પાકમાં રબ્બે કરીમનો ઈર્શાદ છે કે જ્યારે કિન્આનથી મિસર આવીને હઝરત યૂસુફ عليه السلامના ભાઈઓએ એ ખબર આપી કે તેમના પિતા હઝરત યાકૂબ عليه السلام નાબીના થઈ ગયા છે, તો હઝરત યૂસુફ عليه السلامએ પોતાના ભાઈઓને ફર્માવ્યું કે, ''મારો આ કુર્તો લઈ જાવ, તેને મારા પિતાના મોઢા પર નાખો તો તેમની આંખો ખુલી જશે.'' *(પારા–૧૩, સૂ. યૂસુફ, આ. ૯૨)*

આ પરથી જાણવા મળ્યું કે અલ્લાહના નબી યૂસુફ عليه السلام કુર્તો પહેરતા હતા અન્ય અંબિયાએ કિરામ ખાસ કરીને આપણા નબી કરીમ صلى الله عليه وسلمએ કુર્તો પહેર્યો છે.

ઉમ્મુલ મો'મિનીન હઝરત સલ્મા رضى الله عنها ફર્માવે છે : ''કપડાંમાં કમીસ હુઝૂરને પસંદ હતું.'' એટલે ખિસ્સાવાળો કુર્તો જે સીરવાની નીચે પહેરવામાં આવે છે. *(ક઼ાઝી અબ્દુસ્સલામ, લિબાસે રસૂલ صلى الله عليه وسلم, પેજ–૪૮)*

હુઝૂરે અન્વર صلى الله عليه وسلمએ બે લીલી ચાદરો પણ ઉપયોગમાં લીધી. પ્રતિનિધિમંડળોના આગમનના સમયે લીલા રંગની એ ચાદરો, તેહબંદ (લુંગી) ઉપયોગમાં લેતા હતા જે એક અરસા સુધી ખલીફાઓ પાસે મેહફૂઝ રહી. જ્યારે એ ચાદર જર્જરીત થઈ ગઈ તો ચારેવ તરફ લેસ (ધારી) લગાડવામાં આવી. *(અલવફા, પેજ–૨૭, સબલુલ્ હુદા વર્રશાદ, ભાગ–૭, પેજ–૩૧૨)* ઉપરાંત યમની ચાદર, ગાઢ લાલ રંગની ધારીદાર ચાદર, જોડી, ગાઢ લાલ





રંગની કાળી છપાઈવાળી ચાદરો, લાઈટ જાફરી રંગની, કાળી ચાદરો ઉપયોગમાં લેતા હતા. *(હવાલો : લિબાસે રસૂલ, પ્રો. મસ્ઊદ અહમદ)*

હુઝૂરે અન્વર صلى الله عليه وسلمને લીલો લિબાસ પસંદ હતો પણ સફેદ લિબાસ સૌથી અધિક પસંદ હતો. જેમ કે ઈર્શાદ છે : ''જોઈએ કે તમે સફેદ લિબાસ પહેરો, તમારા જીવતા લોકો સફેદ કપડાં પહેરે અને તમારાં મુડદાંને પણ સફેદ કફન આપો, કારણ કે એ તમારાં કપડાંમાં સૌથી બેહતર છે.'' *(શમાઈલે તિર્મિઝી, પેજ–૧૦૧, લિબાસે રસૂલ)*

પાયજામો અને સલ્વાર (લેંગો) જો કે આપે નથી પહેર્યો પણ તેને પસંદ કરેલ છે અને ખરીદેલ પણ છે. (ઈબ્ને માજહ, પેજ–૨૬૪) હુઝૂરે અન્વર صلى الله عليه وسلمએ અમામાનો ઉપયોગ કર્યો. ફતહે મક્કાના પ્રસંગે કાળો અમામો પણ શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليهના કથનાનુસાર મોટાભાગે સફેદ અમામો ઉપયોગમાં લેતા હતા. (મદારિજુન્નબુવ્વત, ૨/૧૦૪૮) હુઝૂરે અન્વર صلى الله عليه وسلمએ સાદો, સુથરો (સ્વચ્છ) લિબાસ પસંદ કર્યો, ખૂબ ઉમદા લિબાસ પહેર્યો અને થીંગડાવાળાં કપડાં પણ ઉપયોગમાં લીધાં. હુઝૂરે વિવિધ જભ્ભા પણ ઉપયોગમાં લીધા. *(લિબાસે રસૂલ, પ્રો. મસ્ઊદ અહમદ)*

વિસાલ મુબારકના સમયે આપ صلى الله عليه وسلمના શરીર મુબારક પર એક થીંગડાવાળી ચાદર અને લુંગી હતી. હઝરત આઈશા رضى الله عنهاએ ક઼સમ ખાઈને ફર્માવ્યું કે આપના શરીર મુબારક પર આ બે કપડાં મુબારક સિવાય કાંઈ ન હતું. *(મિશ્કાત શરીફ–૩૭૩, શરહે મુસ્લિમ, ૨/૬, અબૂ દાઊદ, ૨/૨૦૩)*

આ પરથી જણાય છે કે ''ઈસ્લામી લિબાસ'' રસૂલે પાક صلى الله عليه وسلمની પયરવીમાં તથા આપની પસંદ મુજબનો એ છે કે જેમાં કુર્તો, સલ્વાર, ખમીસ, લેંગો, જભ્ભો, તેહબંદ, અમામો, ચાદરો... વગેરે હોય.

## ★ સ્ત્રીઓનો લિબાસ ઈસ્લામી દષ્ટિએ ★

કુર્આને પાકમાં છે : ''અને પોતાનો શણગાર ન દેખાડો પણ જેટલો (ચહેરો અને હથેળીઓ) ખૂદ જ જાહેર છે અને દુપટ્ટા (ઓઢણીઓ) પોતાની ગરદનો પર નાખેલ રહો.'' *(સૂરએ અહઝાબ, ૨૨/૩)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليهએ દર્શાવ્યું છે કે, ''જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં (ફીટ નહીં) કપડાં

પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ (હાથો), કોંણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈપણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ ફાસિક઼ા (મહાપાપી) અને એમના પુરૂષો "દય્યૂષ" છે. એવા લોકોથી બચવું જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આખિર, ૨૨૪)*

સ્ત્રીનો ચહેરો સતરે અવરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરતના સમયે બહાર નીકળવાનું થાય તો ચહેરા પર પર્દો નાખી લેવો જરૂરી છે. જેમ કે કુર્આને પાકમાં અલ્લાહનો આદેશ છે : "હે નબી ! તમારી પત્નીઓ, પુત્રીઓ અને મુસલમાન સ્ત્રીઓને ફર્માવી આપો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ આપવામાં નહીં આવે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રૂકૂઅ–૫)*

## ★ સ્ત્રી કોનાથી પર્દો કરે, કોનાથી નહીં ?! ★

કુર્આનમાં આ પણ આદેશ છે : "અને પોતાનો શણગાર જાહેર ન કરે, પણ (સિવાય) પોતાના પતિ કે પોતાના પિતા, દાદા કે પતિના બાપદાદા કે પોતાના પુત્રો કે પતિના પુત્રો (બીજી પત્નીના) કે પોતાના ભાઈઓ કે ભત્રીજાઓ (ભાઈના પુત્રો) કે બહેનના પુત્રો કે પોતાના મઝહબની સ્ત્રીઓ કે પોતાની નોકરાનીઓ જે માલિકીપણામાં હોય અથવા તે બાળકો સમક્ષ જેમને સ્ત્રીની શરમની ચીજોની ખબર ન હોય." *(સૂ. નૂર, ૧૮/૧૦)*

એ જ પ્રમાણે દૂધના સંબંધો જેમ કે દૂધ બાપ, ભાઈ વગેરે સિવાય સર્વ નામેહરમો એટલે કે જેમનાથી સ્ત્રીનો નિકાહ જાઈઝ છે, જેમ કે દીયર, જેઠ બનેવી, માસા, ફૂવા, માસીનો છોકરો, મામનો છોકરો, કાકાનો છોકરો, ફોઈનો છોકરો, દૂરના સંબંધના કાકા, દાદા (સગા કાકા, દાદા નહીં) વગેરે સર્વ નામહરમ છે. એમનાથી પર્દો કરવો **ફર્ઝ** અને **સખ્ત ફર્ઝ** છે. નામેહરમ પીરથી પણ પર્દો ફર્ઝ છે. ખાસ કરીને એ લોકોથી જેમનાથી ફિત્નાનો વધારે ભય હોય જેમ કે બનેવી, દીયર, જેઠ વગેરેથી ખાસ પર્દો કરે કે હદીષમાં આવ્યું કે, "દીયર–જેઠ મૌત છે." *(હવાલો : પર્દો શા માટે ?)*

ઈસ્લામી પવિત્ર માહોલ માટે ઉપરોક્ત લખાણોમાં આપણા ખાલિક઼ તથા માલિક અલ્લાહ તઆલાના આદેશો ધ્યાનથી વાંચો, મનન કરો અને પ્રેમપૂર્વક





ઘરવાળાંઓને સમજાવી ફર્માંબરદાર મુસલમાન બનો.

## ★ વર્તમાન યુવા પેઢીનો આ છે દીદાર ! ★

પોશાક, પહેરવેશ, લિબાસ તથા ડ્રેસ જે કહો તેને પહેરવાનો મતલબ છે કે શરમના ભાગોને છુપાવવામાં આવે પણ આજના મોટાભાગના યુવાનો તથા યુવતીઓ ઈસ્લામી લિબાસ ત્યજીને એવા પોશાકો પહેરે છે કે સર્વ છુપાવવાનાં અંગો ઉપસી આવે છે ! આજની યુવાની પશ્ચિમી ક઼ૌમો, યૂરોપ તથા અમેરિકાની અય્યાશ પ્રજા કે જેમના જીવનનો હેતુ કેવળ બેલગામ મોજ, મજા, મનોરંજન, આંનદ માણવું છે, એ શરાબને પાણીની જેમ પીનારી ક઼ૌમ જેમને ત્યાં પાકી નાપાકી, હલાલ હરામમાં કોઈ ભેદ નથી એવી ભટકેલી ક઼ૌમનું અનુસરણ કરી રહી છે ! અત્યાર સુધી તો પેન્ટ શર્ટ કે જે ખુલતાં પણ સીવડાવીને પહેરવામાં આવતા હતાં, એ તો એવાં થઈ ગયાં કે જાણે મુસ્લિમોનો જ લિબાસ છે ! અંગ્રેજોની દૈન નથી ! અને તેને ઘણા અંશે શર્ટ પેન્ટમાં ખોસીને સીટના સાંધા દેખાડવાની ફેશન હતી, પણ હવે તો જિન્સ અને ટી શર્ટ અથવા ટૂંકા પાલવવાળા શર્ટ પહેરવાનું આમ થઈ ગયું છે જે ફીટો ફીટ સીલાઈવાળાં હોય છે, તેના પર જોકર જેવાં અનેક ખિસ્સાં તથા વિવિધ એમ્બ્રોઈડરી તથા જરીકામની ડિઝાઈનો, ક્યાંક **LOVE ME, KISS ME** જેવાં બિભત્સ લખાણો પણ તેના પર હોય છે, વળી તેમાંય હવે થીંગડાંવાળાં જિન્સ તથા રફૂ કરેલાં ફાટેલું હોય તેમ ફાટવાના ચીરા કે ઘસાઈને ફાટી ગયાં હોય તેવાં જિન્સના પેન્ટ પહેરી **"મુફલિસ દેખાવાની ફેશન"** નીકળી છે ! અને એવાં જિન્સ ખૂબ મોંઘા ભાવે ખરીદીને પહેરવામાં આવે છે.

અફસોસ ! હે મુસલમાન યુવાનો ! કોઈ આવારા હીરો કોઈ ચીજ પહેરી લે, તે તમને પહેરવાનું પણ નથી કહેતો ! છતાં તેની અદા અપનાવવામાં તમે ગર્વ સમજો છો ! અને કુર્આનમાં રબ તઆલા ફર્માવે કે, "અલ્લાહની ફર્માંબરદારી કરો અને રસૂલની ફર્માંબરદારી કરો." તેનું જાણે તમારી પાસે કોઈ મહત્વ જ નથી ! વળી ખૂદ રસૂલેપાક ﷺ ફર્માવે કે, "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે." આ ફર્માન પ્રતિ કોઈ આકર્ષણ નથી ! તો તમે કેવા આશિક઼ે રસૂલ છો ?!

જો કોઈ ખરેખર કપડાં ફાટી જતાં થીંગડાં મારીને એવી નિય્યતે પહેરે કે

રસૂલેપાક ﷺની સુન્નત છે તો તેને કેટલો મહાન સવાબ મળે ! તેને બદલે અહીં ટી શર્ટ, ચુસ્ત જિન્સનાં પેન્ટ પહેરવાં એ એક તો સુન્નત વિરુદ્ધ છે, ઉપરથી ફાસિકો ફાજિર હીરોના તરીકા અપનાવવા ફાટેલું પહેરવાને ફેશન સમજવું, થીંગડાવાળુ ફેશન ખાતર પહેરવું એ મેહરૂમી નથી તો શું છે ?! આ કેવી મુસલમાની છે ?! જો અલ્લાહે દૌલત આપી છે તો ઉમદા પોશાક શરીઅતના વર્તુળમાં રહી પહેરવો અને એ રીતે તેની નેઅમતને જાહેર કરવામાં વાંધો નથી પણ રબની આપેલી દૌલત વડે મુફલિસ જેવો દેખાવ કરવો એ ક્યાંની બુદ્ધિ છે ?! અને શું ખુદા નારાજ થઈ જાય તો તમને ખરેખર મુફલિસ બનાવી આપે એનો ડર નથી તમને ?!

### ★ આ ફોરવર્ડપણુ નથી પણ પછાતપણુ છે ! ★

વળી ઘણા જિન્સ એટલુ નીચુ પહેરે છે કે તેની મોરી વાળવામાં આવે તો અડધા પેન્ટ સુધી ઉપર આવે ! તો આવું પેન્ટ રસ્તે ઘસડતા ઘસડતા ચાલે છે જેમાં ધૂળ નાપાકી બધું જ લાગે છે, અને આવું પહેરવાને "એડવાન્સપણુ" (**Advanceness**) તથા "ફોરવર્ડપણુ" (**Forwardness**) ગણવામાં આવે છે.

હુઝૂરે અન્વર ﷺએ તેહબંદ (લુંગી) બાંધવા તથા સલ્વાર (લેંગો) પહેરવાના નિયમ શીખવાડયા કે તે ઘૂંટીઓથી ઊંચે રહે. હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ રિવાયત કરે છે :– "હુઝૂરે અન્વર ﷺએ મારી અથવા પોતાની પીંડલીનો હિસ્સો પકડીને ફર્માવ્યું, આ તેહબંદ (લુંગી–લેંગા)ની જગા છે (એટલે આ તેની હદ છે) જો તને એના પર સબ્ર નથી તો એનાથી નીચે કરી લે, અને જો એનાથી પણ સબ્ર નથી તો (જાણી લે) તેહબંદનો ઘૂંટીઓ પર કોઈ હક્ક઼ નથી." *(ઈબ્ને માજહ, પેજ–૨૬૪, લિબાસે રસૂલ)*

ઉપર જોયું તેમ પેન્ટની અતિશય લાંબી મોરી રાખવી એ ફુઝૂલખર્ચી છે અને ઉપરની હદીષ પણ ફુઝૂલખર્ચીથી રોકે છે, કેમ કે કુર્આને પાકમાં રબનું ફર્માન : "બેશક ! ઉડાઉ લોકો (ફુઝૂલખર્ચી કરનારા) **શૈતાનના ભાઈ** છે."

એટલા માટે શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના કથનાનુસાર **ફક઼ીહોની દષ્ટિએ** ઈજાર (પેન્ટ વગેરે)નું ઘૂંટીની નીચે સુધી લટકાવવું **હરામ** તથા તદન **બિદઅત** છે. સામાન્યતઃ એ જ લોકો સલ્વાર (પેન્ટ) વગેરે ઘૂંટીની





નીચે રાખે છે જેમને ભપકો (વટ) પાડવાનો હોય છે અથવા પોતાની સુન્નત વિરુદ્ધની આદતની સુધારણા કરવા નથી ચાહતા. જો એવું ન હોય તો ઘૂંટીથી ઊંચે રાખવામાં શું ખરાબી છે ?! અને ઘૂંટીથી નીચે જ શા માટે રાખે છે ?

ઈસ્લામના આગમન પહેલાં જાહિલિયતના જમાનામાં અરબોમાં એ ઘસેડવાવાળો રિવાજ હતો. એવા લોકોના બારામાં હુઝૂરે અન્વર ﷺ ફર્માવે છે : "જે કોઈ પોતાની ઈજાર (લેંગો, પેન્ટ) **ઘમંડ તથા ગર્વના કારણે** (મજબૂરી વિના) ઘસડીને ચાલશે, **અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના પર (રહમતની) નજર કરશે નહીં."** *(લિબાસે રસૂલ)*

મુસલમાનો ! ક્યા ભરમમાં જીવો છો ?! જો ક઼યામતમાં રબની રહમતથી મેહરૂમ રહ્યા તો ક઼યામતનો તથા જહન્નમનો અઝાબ કઈ રીતે ભોગવશો ?!

### ★ અલ્લાહે કોના પર લઅનત કરી છે ? ★

વળી યુવાનોમાં હાથમાં કડુ, લોકેટ તથા કાંડા પર કાળી, લાલ પીળી દોરીઓ* પહેરવાની તેમજ ગળામાં ચેઈનો કોઈપણ ધાતુની હોય તેને પહેરવાની ફેશન, વળી ક્યાંક કાનમાં હેરીંગ પહેરવાની ફેશન, સોનાની વિંટીઓના શોખ તથા ચાંદીની એકને બદલે અનેક વિવિધ ધાતુઓની વિંટીઓ પહેરવાના, સ્ત્રીઓ જેમ હાથે મેંદી લગાડવાના અભરખા.... વગેરે આ બધું **હરામ** તથા **નાજાઈઝ** તથા **મના** છે, કેમ કે શણગાર ફક્ત સ્ત્રીઓ માટે છે તે પણ પોતાના મેહરમો સુધી જ ખુલ્લો રાખી શકે. જ્યારે યુવાનોમાં આ બધી ચીજો સ્ત્રીઓ જેમ આમ થતી જઈ રહી છે. તથા યુવતીઓમાં પણ મર્દો જેમ જિન્સ ચુસ્ત પેન્ટ તથા ટી શર્ટ, બુશશર્ટ, ચુસ્ત કપડાં પહેરવાની ફેશન, વાળો ઉઘાડા રાખવાની તથા વાળો કટરાવી મર્દ જેવી સ્ટાઈલમાં જીવવાની ફેશન ચાલી નીકળી છે. તો એના વિશે રસૂલે પાક ﷺનું ફર્માન સાંભળી લો :–

સહીહ હદીષમાં હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ તે મર્દો પર લઅનત કરી છે જે સ્ત્રીઓ જેવું રૂપ ધારણ કરે છે અને તે સ્ત્રીઓ પર લઅનત કરી છે જે પુરૂષોની જેમ વેશ ધારણ કરે છે."

### ★ સલ્વાર (ઈજાર) પહેરનારીઓ માટે હુઝૂરની બખ્શિશની દુઆ ! ★

હે લોકો ! સ્ત્રીનું શરીર માથાથી પગ સુધી આકર્ષણનું પૂતળુ છે, એટલા

માટે શૈતાની નજરો તેને ન અભડાવી જાય જેથી તેને છુપાવવાની ખૂબ તાકીદ થઈ છે. આજે પર્દાનો માહોલ ન હોવાથી અસંખ્ય બુરાઈઓ, ઝિનાકારીના, અપહરણના, બળાત્કારના બનાવો દિન પ્રતિ દિન વધી રહ્યા છે.

અફસોસ કે ગૈર કૌમની સ્ત્રીઓ કુર્તા સલ્વાર પહેરવા લાગી છે ત્યારે મુસલમાન સ્ત્રીઓ શાદી વગેરે પ્રસંગે હિંદુ જેમ સાડીઓ પહેરવાનો શોખ કરવા માંડી છે, તો ટી શર્ટ જિન્સનાં પેન્ટો પહેરવાને ફખ્ર સમજવા લાગી છે. મારી બહેનો ! સાંભળો ! એકવાર આપ ﷺ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક સ્ત્રીનો પગ લપસ્યો અને તેણી ગબડી પડી. આપે પોતાનો મુબાક ચહેરો એ દિશા તરફથી ફેરવી લીધો. સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! તેણીએ સલ્વાર (ઈજાર) પહેરેલ છે. આપે ફર્માવ્યું, **"હે અલ્લાહ ! મારી ઉમ્મતની સલ્વાર (ઈજાર) પહેરનારી સ્ત્રીઓને બખ્શી દે.** હે લોકો ! ઈજાર પહેરો કે તમારાં અન્ય કપડાંની સરખામણીમાં એ શરીર વધુ છુપાવે છે, ખાસ કરીને સ્ત્રીઓના માટે."

એનું કારણ છે કે ગબડી પડવાથી તથા હરવા ફરવામાં ઈજારમાં બેપર્દાપણુ નથી થતું જ્યારે કે સાડીમાં બેપદર્ગીનો પૂરો ભય રહે છે.

આલમગીરીમાં છે :–

"ઈજાર પહેરવી સુન્નત છે અને એમાં સ્ત્રીઓ તથા પુરૂષોના માટે સર્વ કપડાં કરતાં અધિક પર્દો છે." *(હવાલો : પર્દો શા માટે ?)*

હે મારી બહેનો ! એક તરફ અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે, **"જે જે કૌમની જેવું રૂપ ધારણ કરશે તે તેઓમાંથી છે. તેનો હશ્ર ક્યામતમાં તેમની સાથે થશે."** તથા **"મર્દ જેવું રૂપ ધારણ કરનાર સ્ત્રી પર અલ્લાહની લઅનત છે."** એવું દર્શાવ્યું. તો વિચારો કે કેટલી સખત ચેતવણીઓ છે આ કે જેઓ કાફિર તથા ફાસિક્ કૌમો જેવો વેશ બનાવશે તેમનો હશ્ર તેમની સાથે થશે, એટલે તેઓ જહન્નમમાં જશે તેમની સાથે આ પણ જહન્નમમાં ફેંકાશે. અને અલ્લાહની "લઅનત" એટલે "અલ્લાહની રહમતથી બાકાત થવું" તો જે અલ્લાહની રહમતથી વંચિત થઈ જશે તે જહન્નમમાં નહીં જાય તો શું થશે ?! જેથી બહેનોએ ઈસ્લામી ઢબનો લિબાસ, ખુલતો, અપારદર્શક લિબાસ પહેરવો જોઈએ, પર્દો અપનાવવો જોઈએ.





હવે એ બહેનોના નસીબની વાત છે કે તેણીઓ આટલું વાંચ્યા પછી ઈસ્લામી ઢબનો લિબાસ પહેરી નબી કરીમ ﷺની ઉપર દર્શાવ્યું તેમ બખ્શિશની દુઆની હક્કદાર બને છે કે નાચનારીઓ જેવો પોશાક પહેરી અલ્લાહની લઅનતનો ભોગ બનવા તૈયાર થાય છે.

## ★ મા બાપ, ભાઈ, પતિ વગેરે જિમ્મેદારોની પકડ થશે ! ★

આજકાલ માં બાપો તથા અન્ય જિમ્મેદારો પતિ વગેરે જેમના હાથ નીચે પત્ની, પુત્રી, બહેનો હોય છે તેઓ હવે વિચારતા થયા છે કે **હવે ક્યાં બધું પાળીએ ! હવે તો જમાનો જ એવો છે ! બધે છૂટછાટ ચાલી રહી છે તો ભલે પત્ની, પુત્રીઓ.... વગેરે છૂટથી ફરતી !** બલ્કે પોતાની સામે નગ્નતાભર્યા પોશાકો તથા છૂટ્ટા વાળો તથા ચહેરા પર લટો લહેરાવવાની તથા લટકા ઝટકાવાળી નાઝ નખરાવાળી ચાલે હરતી ફરતી, બોયફ્રેન્ડો સાથે ફરવા જતી જુએ છતાં તેને રોકવા કે નસીહત કરવાની તસ્દી નથી લેતા, ન ઈસ્લામી તા'લીમથી તેમને પહેલેથી શણગારે છે કે પોતે કોણ છે તે સમજી શકે, ઈસ્લામનું મહત્વ તથા અલ્લાહ વ રસૂલના હુકમોની ગંભીરતાને સમજે. તો એવા લોકો સમજી લે કે તમારું કોઈ બહાનું ચાલશે નહીં. કુર્આનમાં છે : "હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના બીવી બચ્ચાંઓને જહન્નમની આગથી બચાવો !" વળી હદીષે પાકમાં છે : (ભાવાર્થ) : "ક્યામતના રોજ એક શખ્સ આવશે તેની પાસે પહાડો જેટલી નેકીઓ હશે. એટલામાં તેના કુટુંબીઓમાંથી તેની પત્ની આવશે. રબની બારગાહમાં અર્ઝ કરશે, હે રબ ! આ માણસે અમારી સાથે ખયાનત કરી અને અમારો હક્ક માર્યો કે અમને હરામ રોજી ખવડાવી અને દીનની વાતો ન શીખવી. તો રબ તરફથી હુકમ થશે અને એની નેકીઓમાંથી તેના હક્ક જેટલી નેકીઓ તેણીને આપી દેવામાં આવશે. ત્યારબાદ એ જ પ્રમાણે તેની ઔલાદમાંથી પુત્રો પુત્રીઓ આવીને ફરિયાદ કરશે ને તેમનો હક્ક લેતાં જશે, ત્યાં સુધી કે તેની પહાડો જેટલી નેકીઓ ખત્મ થઈ જશે તો તેમના ગુનાહો તે શખ્સના માથે નંખાશે અને છેવટે ફરિશ્તા તેને દોઝખમાં નાખશે અને એલાન થશે કે ફલાણાને તેનાં બીવી બચ્ચાંનો હક્ક મારવાને કારણે જહન્નમમાં નાખવામાં આવે છે !" તો આ પરથી મર્દો બોધગ્રહણ કરે. હદીષે પાકમાં છે : "દરેક શખ્સ તમારામાંથી હાકિમ છે અને દરેકને તેના હાથ નીચેનાંઓના વિશે પૂછવામાં આવશે."

જેથી દરેકે પોતાની જિમ્મેદારી સમજી માહોલ સુધારવા તથા તેને ઈસ્લામી ઢબનો રાખવા સતત કોશિશમાં રહેવું, નહીં તો જહન્નમની સજા તેણે પોતે પણ વેઠવી પડશે. વળી કેટલા તો સ્ત્રીઓના કહયાગરા, ડાહ્યાડમરા થઈ જાય છે ! તેવા લોકો માટે હદીષમાં આપ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ''તે પુરૂષો બર્બાદ થઈ ગયા જેઓ **સ્ત્રીઓના મુરીદ** બની ગયા !'' હઝરત હસન ફર્માવે છે : ''જે મર્દ ઔરતોની આજ્ઞા પર ચાલે છે તેઓને **જહન્નમમાં ઊંધે મોટે** નાખવામાં આવશે.'' સારાંશ કે પુરૂષો સ્ત્રીઓને ગલત માર્ગે જતાં રોકે અને નેક કામો તથા શરીઅત પર પાબંદીથી ચાલવા સમજાવે અને બહેનો પણ શરીઅતના માર્ગે ચાલે તો બંનેવ જહાનમાં ઈજ્જત પામશે. રબ તઆલા સૌને નેક તૌફીક઼ બખ્શે. (આમીન) *–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૦૯)*





**...પ્રકરણ : ૧૫**

# પર્દાના વિરોધી મુસલમાન

## પોતાના ઈમાનની જાંચ કરે !

આજે વિશ્વમાં વિશેષતઃ યૂરોપ અમેરિકામાં ઈસ્લામના ઝડપી ફેલાવાથી ગભરાઈ ઉઠેલા વિરોધીઓ કાંઈ ન થઈ શકતાં ઈસ્લામી નિશાનીઓ જેમ કે મસ્જિદના મીનારા, દાઢી, અઝાન વગેરેની પાછળ પડીને તેનો વિરોધ કરવા અવારનવાર હંગામા ખડા કરે છે, તે જ પ્રમાણે ઈસ્લામ પ્રતિ સ્ત્રીઓના આર્કષણથી ગભરાયને સ્ત્રીઓને ભડકાવવા માટે તેમની ઈજ્જતના રક્ષક ઈસ્લામી પર્દા વિરૂધ્ધ ગલત પ્રોપેગન્ડા કર્યા કરે છે અને દરરોજ વિવિધ દેશોમાં પર્દા પર પ્રતિબંધની ચર્ચાઓ ચાલી રહી છે. તો એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે તેઓ તો ઈસ્લામના નૂરથી, ઈમાનની દૌલતથી વંચિત જ છે જેથી એવું કરે એ સ્વભાવિક છે, પણ **આજકાલ કહેવાતા મુસ્લિમો ક્યાંક ક્યાંક પર્દા વિરૂધ્ધ બેવકૂફીભર્યી બકવાસ કરે છે** તો તેમને નસીહત માટે તથા પોતાની ભૂલોની તૌબાની દાવત સાથે અત્રે પર્દા વિશે કુર્આન હદીષ શું ફર્માવે છે તે રજૂ કરીએ છીએ. હિદાયત આપનાર અલ્લાહ છે.

આજકાલ સ્ત્રી આઝાદીના પોકારો ખૂબ જ ઉઠી રહ્યા છે. આ પોકાર એક તો પશ્ચિમી વિચારશ્રેણી ધરાવનાર ઈસ્લામના દુશ્મનો લગાડી રહ્યા છે અને બીજા પશ્ચિમી વિચારો ધરાવનાર તે નામચીન મુસલમાન સ્ત્રી તથા પુરુષો લગાડી રહ્યા છે જેમને ધર્મ તથા શરીઅતથી દૂર દૂર સુધી કાંઈ જ વાસ્તો નથી, જેમણે ન ધાર્મિક જ્ઞાન મેળવ્યું અને ન તો દીનદારોની સોહબત પામી, બસ ! મુસલમાનના ઘરમાં જન્મ પામ્યા અને પોતાને મુસલમાન કહેવા લાગ્યા. અંગ્રેજી ઢબનું જ્ઞાન મેળવ્યું અને તેને જ પોતાની જિંદગીમાં અપનાવી લીધું. જ્યારે પણ નજર ઉઠાવી દીનદારોને નિહાળ્યા અને ઉલમાથી સામનો થયો તો તેમનો તોર તરીક઼ો અને રહેણી કરણી જોઈ સમજ્યા કે આ કોઈ ઓર જ મખ્લૂક છે જે ક્યાં તો જમીન નીચે રહે છે ક્યાં તો આસમાન ઉપર

રહે છે ! જેવો કોઈ દાઢી અને ટોપીવાળાને જોયો તો પોતાનું મોઢુ બગાડવા લાગ્યા, અને વળી મોકો મળ્યો તો બેચાર શબ્દો પણ વ્યંગમાં કહી નાખ્યા. આવા જ નામના મુસલમાનો પોતાના નવા તોર તરીકા, ખોટા ખયાલો અને પશ્ચિમી ગુલામીના કારણે ઈસ્લામના અમુક પાયાના કાનૂનોનો પણ ઈન્કાર કરી નાખે છે અને તેમને ખયાલ પણ નથી આવતો કે તેઓ કોની સાથે મઝાક અને ઠઠ્ઠા કરી રહ્યા છે અને કોના હુકમોમાં હેરફેર કરવાનું વિચારી રહ્યા છે ?!

## ★ પર્દા વિશે કુર્આની હુકમો ★

ઈસ્લામના એવા જ અમુક કાનૂનોમાંથી એક "સ્ત્રી માટે પર્દો" છે. કુર્આની આયતો તથા મુકદ્દસ હદીષોથી સ્પષ્ટપણે ષાબિત છે કે સ્ત્રીએ પર્દામાં જ રહેવું જોઈએ. આથી અલ્લાહ તબારક વ તઆલા પોતાના પ્યારા નબી ﷺની પાક પત્નીઓને સંબોધન કરી ઈર્શાદ ફર્માવે છે : "અને પોતાના ઘરોમાં સ્થાયી રહો અને બેપર્દા ન રહો જેમ કે આગલી અભણતા (જહાલત)ની બેપર્દગી." *(સૂરતે અહઝાબ–૩૩, પા. ૨૨)*

આગલી અભણતા (જહાલત)થી મતલબ "ઈસ્લામ પહેલાંનો જમાનો" છે કે તે જમાનામાં સ્ત્રીઓ ખૂબ બની સંવરીને નીકળતી હતી અને પોતાની સુંદરતાનું પ્રદર્શન કરતી હતી જેથી પર પુરુષો તેણીઓને જોઈ તેમના તરફ આકર્ષાય અને વસ્ત્રો પણ એવાં પહેરતી જેનાથી શરીરનાં અંગો સંપૂર્ણપણે ન ઢંકાય. *(તફસીરે ખઝાઈન)*

જેથી આજે પણ જે સ્ત્રીઓ એવું કરે તે ફોરવર્ડ નહીં, પણ બેકવર્ડ કહેવાશે, એજ્યુકેટેડ નહીં જાહિલ (અજ્ઞાન, અભણ) કહેવાશે.

અહીં આયતમાં ખાસ સંબોધન અઝવાજે મુતહ્હરા (નબીની પાક બીવીઓ) માટે છે પણ આયતનો હુકમ સામાન્ય રીતે બધા જ માટે છે, દરેક મુસલમાન સ્ત્રી આ આયતના હુકમ હેઠળ દાખલ છે, **અને આ જ ઈસ્લામી સંસ્કાર છે કે એક મુસલમાન સ્ત્રી પર્દામાં રહે, પોતાની ઈજ્જત તથા શરાફતને ભર બજારમાં લીલામ ન કરતી ફરે.** માટે મુસલમાન બહેનો અને માઓને અપીલ છે કે જો તેઓ પોતાને મુસલમાન કહે છે તો કુર્આને મજીદના હુકમનું પાલન કરવાની ભરપૂર કોશિશ કરે, પશ્ચિમી રીત રિવાજ અને કાફિરો જેમ રહેણી કરણીથી પોતાને બચાવે કે એમાં જ દુનિયા





તથા આખિરતની ભલાઈ છે.

આ જ સૂરએ અહઝાબમાં આગળ રબ તઆલાનું ફર્માન છે : "હે અલ્લાહના નબી ! પોતાની પત્નીઓ, બેટીઓ તથા ઈસ્લામની સ્ત્રીઓ ને કહી આપો કે પોતાની ચાદરોનો એક ભાગ પોતાના મોઢા પર રાખે, આ એથી ખૂબ જ નજીક છે કે તેમને ઓળખી લેવામાં આવે (એટલે કે આ રીતે તેમનું મુસલમાન હોવું જાણી લેવાશે) તો તેમને સતાવવામાં નહીં આવે અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, ૩૩, ૪૯)*

એટલે કે કોઈ કારણસર મુસલમાન સ્ત્રીને બહાર નીકળવાનું થાય તો પોતાના માથા અને મોઢાને ચાદર વડે ઢાંકી લે જે તેમના મુસલમાન હોવાની ઓળખ છે, કાફિરા સ્ત્રીઓ જેમ બેપર્દા ન નીકળે.

## ★ મુસલમાન થઈને પર્દા વિરૂધ્ધ કોણ બોલશે ?! ★

ઈસ્લામના સ્પષ્ટ હુકમ અને અલ્લાહની સાચી કિતાબ **કુર્આને પાકના ખુલ્લા ફર્માન પછી પણ જો કોઈ આઝાદીની તલબ રાખે તો એનો ખુલ્લો અર્થ એ છે કે તેને અલ્લાહ અને તેના પ્યારા રસૂલ તથા કુર્આનનું ફર્માન કબૂલ નથી !** અને આ કોઈ સાચા મુસલમાનનું કામ નથી હોઈ શકતું. હા ! **કુર્આનના આટલા સ્પષ્ટ હુકમ પછી તે જ માણસ પર્દા વિરૂધ્ધ બોલવા અથવા વિચારવાની કોશિશ કરશે જે ઈસ્લામ તથા શરીઅતથી પોતાનો રિશ્તો તોડી ચૂક્યો હશે અને માત્ર નામનો જ મુસલમાન હશે.** અને આ વાત પણ કેટલી અસરકારક તથા સમજવા જેવી છે કે ઉપરોક્ત હુકમો પ્રથમ ખાસ અલ્લાહના પ્યારા નબી ﷺની પત્નીઓને સંબોધીને બયાન કરવામાં આવ્યા ! તો જ્યારે પ્યારા નબી ﷺની પાક પત્નીઓ માટે આ હુકમ છે તો પછી સામાન્ય મુસલમાન સ્ત્રી માટે કેટલો સખત હુકમ હશે ?! આ વાત પણ કેટલી સખત રીતે બયાન કરવામાં આવી છે, રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : અર્થાત **"જ્યારે અલ્લાહ અને તેના રસૂલ તરફથી મુસલમાન મર્દ તથા ઔરત વિશે કોઈ હુકમ આવી જાય તો તેમને પોતાના મામલામાં કોઈ જ ઈખ્તિયાર નથી હોતો, અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ ન માને તે સખત ગુમરાહીમાં છે."** *(અહઝાબ, ૩૩, ૩૬)*

હવે જે લોકો અલ્લાહ અને તેના પ્યારા નબી ﷺના હુકમ આગળ પોતાનો હુકમ ચલાવવા ઈચ્છે છે તેઓ ઉપરોક્ત આયતની રોશનીમાં પોતાનો હુકમ જાણી લે કે શું તેઓ સીધા રસ્તા પર છે અથવા સખત ગુમરાહીમાં છે ?!

## ★ મોમિન કુર્આનના હુકમનો વિરોધ નથી કરી શકતો ★

મારી ઈસ્લામી માંઓ તથા બહેનો એ પણ વિચારે કે ઈસ્લામ તથા કુર્આનનો કાનૂન પ્રથમ છે અથવા ફેશનના પૂજારીઓનો પોતે બનાવેલ કાનૂન પ્રથમ છે ? ઈમાનવાળા મર્દો તથા ઔરતોએ કેવું રહેવું જોઈએ, તેમની જિંદગીનો તરીકો શું હોવા જોઈએ, તો સ્પષ્ટ રીતે આનો હક્ક માત્ર અલ્લાહ તઆલાને જ છે જેણે કાએનાત (સૃષ્ટિ)ને પેદા કરી અને દરેક મર્દ તથા ઔરત તેની જ મખ્લૂક છે, એક માલિક જ પોતાની મમલૂક (પ્રજા) પર હુકમ ચલાવી શકે છે. જો કોઈ એવા દાવો કરે કે અલ્લાહ તઆલા અમારો ખાલિક તથા માલિક નથી તો તે માણસ મુસલમાન નહીં રહે. અને **જો ઈમાન સલામત છે તો કોઈ પણ મોમિન મુસલમાન પોતાને અલ્લાહની મિલ્કિયત તથા તેના હુકમના પાલનથી વંચિત તથા આઝાદ નહીં માને,** તો પછી આ મનમાની કઈ રીતે ચાલી શકે ?

કદાચ આઝાદીનો દાવો કરનારાઓ વિચારતા હોય કે પર્દો તથા હયા (શરમ)ના બધા હુકમો મોલ્વીઓના બનાવેલા છે, તો આ તેમની ભૂલ જ નહીં બલ્કે અજ્ઞાનતા તથા જહાલત છે, સૂરએ અહઝાબની ઉપરોક્ત આયતોને સામે રાખી દરેક માણસ કહી શકે છે કે આ અલ્લાહ તઆલાનો જ હુકમ છે તેની કોઈ મખ્લૂકનો હુકમ નથી. હવે કોઈ પણ મોમિન મોમિન રહીને કુર્આને પાકના હુકમનો વિરોધ નથી કરી શકતો.

## ★ પુરુષો નજરો નીચી રાખે ! ★

મુસલમાન સ્ત્રીઓને તો પર્દાનો હુકમ છે જ સાથો સાથ મુસલમાન મર્દો માટે પણ હુકમ છે કે જો કોઈ જરૂરત માટે મુસલમાન ઔરત બેપર્દા તેની સામે આવે અથવા કોઈ સ્ત્રી ખુલ્લે આમ બેપર્દા થઈ તેની સામે નીકળી આવે તો મુસલમાન મર્દો પોતાની નજરો જરૂર નીચી કરી લે, તેણીને ધારી ધારીને જુએ નહીં, તેણીની બેપર્દગીની મજા ન માણે, બલ્કે પોતે હયા (શરમ)ના પયકર બની જાય અને નજર જે શૈતાનનાં તીર છે તેની સંપૂર્ણપણે દેખરેખ





રાખે જેથી નિગાહો બેહકી ન જાય. આ વિશે પણ કુર્આને પાકનું સ્પષ્ટ ફર્માન સાંભળો : અર્થાત "મુસલમાન મર્દોને હુકમ આપો કે પોતાની નિગાહો નીચી રાખે અને પોતાની શરમગાહની હિફાઝત રાખે, આ તેમના માટે ખૂબ જ પાકી છે. બેશક ! અલ્લાહને તેમના કામોની ખબર છે. અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે પોતાની નિગાહો નીચી રાખે તથા પોતાની પારસાઈની હિફાઝત કરે." *(સૂરએ નૂર, ૨૪/૩૦, પા. ૧૮)*

## ★ સ્ત્રી પણ પર પુરુષોને ન જુએ ★

અહીં એ વાત સમજવાની છે કે આ હુકમ માત્ર પુરુષો માટે જ નથી બલ્કે ઔરતોને પણ પોતાની નિગાહો નીચી રાખવાનો હુકમ છે અને તેણીઓને હુકમ છે કે પર પુરુષો પર નજર ન નાખે, કારણ કે ઘણીવાર સ્ત્રીનું પુરુષને જોવું પણ મહાન ફિત્નાનું કારણ બને છે. યાદ રહે કે અહીં તે બધા જ પુરુષો મુરાદ લેવામાં આવ્યા છે જેમનાથી સ્ત્રી નિકાહ કરી શકે, એટલે કે જે નામહરમ છે ભલે ને નજીકના સગા સંબંધી હોય, કારણ કે મહરમ હોવું અલગ વસ્તુ છે અને સગા સંબંધી હોવું અલગ છે. દા.ત. સાળી માટે બનેવી નામહરમ છે, પિત્રાઈ ભાઈઓ, દિયર, જેઠ તથા તેમના પુત્રો, નણંદના પુત્રો, નણદોઈ, મસ્યાયો, મોરાઈઓ, ફોયાઈઓ વગેરે, તેમનાથી પર્દો જરૂરી છે, ભલે ને તે સગા સંબંધી છે. વળી પીરથી પણ પર્દો જરૂરી છે, જે પીર સામે બેપર્દા જશે એનો પીર બેપર્દા મળશે તો એવી છૂટ આપનાર પીર ફિસ્કમાં પડશે અને "ફાસિક પીર જ રહેશે નહીં !" ભલે લોકોમાં પીરે તરીકત તરીકે મશ્હૂર હોય !

ઉપરોક્ત આયત સૂરએ નૂર શરીફની છે જેની શરૂઆતમાં **ઝિનાની** સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ત્યાર પછી તે રસ્તાઓને બંધ કરવામાં આવી રહ્યા છે જેના કારણે માણસ ઝિના નજીક જાય છે. **કોઈપણ બદકારી તથા અત્યાચારની જડ બુરી નજર છે.** હદીષે પાકમાં તેને **શૈતાનના તીરોમાંનું એક તીર** કહેવામાં આવ્યું છે. એટલા માટે ઈસ્લામ પ્રથમ નજર પર પાબંદી લગાડે છે કે કોઈપણ નજર ખરાબ રીતે કોઈના પર ન ઉઠે, ન સ્ત્રી પરાયા પુરુષને જુએ અને ન તો પુરુષ સ્ત્રીને. ઘણીવાર સ્ત્રી પુરુષના ગુણો પર ફિદા થઈ જાય છે તો માણસનું તેના ચુંગલમાંથી નીકળવું મુશ્કેલ થઈ જાય છે. એટલા માટે જ તો ઈસ્લામે દરેકને એક બીજાને જોવા તથા

અડકવાથી રોક્યા છે.

### ★ દુનિયા મુસલમાન માટે કેદખાનુ ★

આ વાતો આઝાદીના નારા પોકારવાવાળાઓને એટલા માટે કઠણ લાગે છે કે હવે આઝાદીના નામ પર બેહયાઈ તથા બેશરમીને ખૂબ ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે, એટલે કે દરેક માણસ આઝાદ છે, મરજી મુજબ કાંઈપણ કરે, કોઈપણ માણસને બીજાને ગુનાહથી રોકવાનો કોઈ જ હક્ક઼ નથી. આનું જ બીજુ નામ અધર્મતા છે, એટલે કે માણસ દરેક પ્રકારના ધાર્મિક બંધનથી બિલકુલ મુક્ત તથા આઝાદ છે, અને આ સ્પષ્ટ કુફ્ર છે, પરંતુ પશ્ચિમી ખયાલો ધરાવનાર મુસલમાનો તેને અપનાવતા જઈ રહ્યા છે, કારણ કે આ બેશરમી તથા બેહયાઈ ઉપર આઝાદી તથા સ્વતંત્રતાનું લેબલ લાગેલ છે, પણ મુસલમાનોએ વિચારવું જોઈએ કે આ આઝાદી આપણા માટે કોઈ જ ફાયદામંદ નથી, આ આઝાદીના ના'રા તમને મઝહબથી પણ મુક્ત કરી દેશે અને અધર્મી બનાવી દેશે. આથી જ તો હદીષે પાકમાં છે કે, "દુનિયા એક મુસલમાનના માટે જેલ છે (જ્યાં કેદી આઝાદ નથી હોતો) અને કાફિર માટે જન્નત છે." કારણ કે તેના માટે હલાલ તથા હરામનો કોઈ જ પ્રશ્ન નથી હોતો. માટે આ આઝાદી પાછળ શૈતાનની ઘણી જ મોટી ચાલ છે, એટલે કે મુસલમાનોને ગુમરાહ કરી ઈસ્લામથી તેમનો રિશ્તો તોડવા ચાહે છે.

### ★ સ્ત્રીની મર્યાદાઓમાં તેની જ ભલાઈ છે ★

આજકાલ આઝાદીની કંઈક એવી ચર્ચાઓ છે કે દરેક માણસ બસ છૂટછાટ અને આઝાદી જ ઈચ્છે છે જ્યારે કે દરેક વસ્તુની કોઈ હદ તથા સીમા હોય છે જેમાં રહીને જ તે સારી લાગે, જ્યાં આઝાદી હોવી જોઈએ ત્યાં આઝાદીની ઈચ્છા બરાબર છે અને જ્યાં આઝાદી ખતરનાક હોય છે ત્યાં કોઈ પણ રીતે આઝાદી આપવામાં નહીં આવે. દા.ત. એક લેબર અને મજૂરને તેના કામના સમયમાં એટલી જ આઝાદી અને રજા આપવામાં આવશે કે તે પોતાની જરૂરી હાજતો પૂરી કરી શકે, પણ તેને એટલી છૂટછાટ આપવામાં નહીં આવે કે જ્યારે પણ તેની ઈચ્છા થાય તો કામ છોડી પોતાની ઈચ્છાઓ પૂરી કરવા નીકળી પડે, જ્યારે ઈચ્છા થાય કામ છોડી પોતાના મિત્રને મળવા ચાલ્યો જાય, અને જ્યારે ચાહે પોતાના ઘરની જરૂરિયાત પૂરી કરવા નીકળી પડે.





ખરેખર આઝાદીના નારા પુકારનારાઓ ઉપરોક્ત સંજોગોમાં મજૂરને ગમે તેમ ગમે ત્યારે પોતાની ઈચ્છાઓ પૂરી કરવાની આઝાદી તથા રજા નહીં આપે. અને જો આમ છૂટછાટ અને રજા આપવામાં આવે તો દુનિયામાં અવ્યવસ્થા ફેલાઈ જશે, જેથી આવી આઝાદી કરતાં પાબંદી વધુ બેહતર હશે.

સ્ત્રીનો મામલો પણ આનાથી કાંઈ અલગ નથી, એટલે કે ઉપરોક્ત વસ્તુને સ્વીકાર્યા પછી કોઈ પણ બુદ્ધિમાન એ વાતને નહીં નકારે કે સ્ત્રી જે એક ઘણી જ નાઝુક વસ્તુ છે તેને પણ અમુક હદીષમાં રહીને જ આઝાદી આપવામાં આવશે, એને એથી અધિક આઝાદી નહીં આપવામાં આવે. બધી જ હદબંદીઓ તોડી સંપૂર્ણપણે સ્ત્રી આઝાદીની વાત કરવી એ ખરેખર ઈન્સાફ વિરુદ્ધ છે અને આમાં સ્ત્રી સાથે હમદર્દી નહીં, પણ જુલ્મ તથા નાઈન્સાફી છે.

સ્ત્રી આઝાદ છે, શરીઅતની હદોમાં રહીને પોતાના ઘરમાં રહી જે ઈચ્છે તે કરે, જે ખાવાની ઈચ્છા થાય તે બનાવે, જ્યારે ઈચ્છા હોય કામ કરે અને મરજી થાય ત્યારે આરામ કરે તેણીને એની પણ આઝાદી છે કે મહરમ મર્દોમાંથી જેને ચાહે પોતાના ઘરમાં આવવાની રજા આપે અને જેને ઈચ્છે ન આવવા દે, પણ તેને આ વાતની છૂટ નથી કે પર પુરૂષો તથા પોતાના કોઈ પણ રિશ્તેદારોને ખુલ્લે આમ પોતાના ઘરમાં આવવાની રજા આપે, તેમની સાથે છૂટછાટથી વાતો તથા મસ્તી મજાક કરે, બેપર્દા તેમની સામે આવે. હા! શરઈ કોઈ જરૂરત હોય તો કોઈને આવવાની રજા આપી શકે છે અને તે પણ બની શકે ત્યાં સુધી પર્દા સાથે જ. દા.ત. ડોક્ટરને ઈલાજ માટે એ જ રીતે વિના કારણે ઘરમાંથી બહાર જવા, બાગ બગીચાઓમાં ફરવા તથા વિના કારણે લોકોની મુલાકાત વગેરેની રજા આપવામાં નહીં આવે. આપણા પ્યારા નબી ﷺનું ફર્માન છે, "સ્ત્રીની બેહતરીન મસ્જિદ તેણીના ઘરની ચાર દીવારી છે." *(તિબરાની, બયહકી, સહીહુલ બુખારી, ભા-૨૫, ૧૩૭, અત્તરગીબ લિલ મુન્ઝરી, ભાગ-૧, પેજ-૩૦૩)*

આ વિશેની બીજી ઘણીયે હદીષો છે જેને અહીં ઉલ્લેખ કરવાનો અમારો મક઼સદ નથી, આ રિવાયતોનો હેતુ માત્ર એટલો છે કે પ્યારા નબી ﷺએ સ્ત્રીઓને ઘરમાં નમાઝ પઢવાનો હુકમ કર્યો છે બલ્કે અમુક રિવાયતોમાં તો

છે કે સ્ત્રીનું ઘરમાં નમાઝ પઢવું મસ્જિદમાં નમાઝ પઢવાથી વીસ (૨૦) દરજા અફઝલ તથા બેહતર છે. *(જામેઉસ્સગીર, સલાતુલ મર્અહ)*

## ★ ખુશ્બુ લગાડી બહાર ફરનાર સ્ત્રી વિશે હુકમ ★

પ્યારા સહાબાએ કિરામ આ વાતમાં એટલા સખત હતા કે જે સ્ત્રી સુગંધ લગાડી આવતી તેને પાછી ઘરે મોકલી આપતા. એકવાર હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ પાસેથી એક સ્ત્રી પસાર થઈ જેના વસ્ત્રો ખુશ્બુના કારણે મહેકી રહ્યાં હતાં, આપે તેણીને પૂછયું ! હે અલ્લાહની બંદી ! તું ક્યાંથી આવી રહી છે ? તેણીએ જવાબ આપ્યો, મસ્જિદથી. આપે પૂછયું, તેં ખુશ્બુ લગાડી છે ? તેણીએ કહ્યું, હા ! આપે ફર્માવ્યું કે તું પાછી ઘરે જા અને ગુસલ કર, કારણ કે મેં અલ્લાહના રસૂલને ફર્માવતા સાંભળ્યું છે કે જે સ્ત્રી ખુશ્બુ લગાડી એ હાલમાં મસ્જિદથી નીકળે કે તેની ખુશ્બુ ફેલાઈ રહી હોય તો અલ્લાહ તઆલા તેણીની નમાઝ કૂબૂલ નહીં ફર્માવે, ત્યાં સુધી કે તેણી પરત ફરી જનાબતની જેમ ગુસલ ન કરી લે. એટલે કે પોતાના બદનથી ખુશ્બુની અસર ખતમ કરી લે. *(અબૂ દાઊદ, ૨/૫૭૫)*

તો જ્યારે મસ્જિદમાં નમાઝ માટે જવાનો આટલો સખત હુકમ હતો તો સામાન્ય મજલિસો, શાદીના ફંકશનોમાં તથા બજારોમાં બની ઠનીને, ખુશ્બુ લગાડીને જવું કઈ રીતે જાઈઝ થઈ શકે ?! એટલે કે જરૂરતથી જવું અને વિના જરૂરત તો જવું જ મના છે, જેમ કે એક રિવાયતમાં છે : "તે દરેક આંખ ઝાનિયા (વ્યભિચારી) છે જે સ્ત્રીને જોવા માટે ઉઠે અને જે સ્ત્રી ખુશ્બુ લગાડી મસ્જિદ પાસેથી પસાર થાય (અથવા જરૂરત માટે મજલિસમાં આવે) તે તેણી ઝાનિયા છે." *(તિર્મિઝી અને અબૂ દાઊદ, પેજ–૫૭૫, મિશ્કાત, પેજ–૯૬)*

કારણ કે સ્ત્રીનું ખુશ્બુ લગાડી ગૈર મર્દો પાસેથી પસાર થવું તેઓને પોતાના તરફ આકર્ષવાનું કારણ છે અને તેમની વાસનાને ભડકાવવું છે જે ગુનાહનું કારણ છે, અને જે વસ્તુ ગુનાહનું કારણ બને તે પણ ગુનોહ ગણાય છે. વળી સ્ત્રી તો આમ જ પસાર થઈ જાય તો પણ તેણીમાં એટલુ આકર્ષણ હોય છે કે માણસ તેણી તરફ ધ્યાનિત થઈ જાય છે અને શૈતાન ભડકાવે છે, તો જો ખુશ્બુ લગાડી, બની સંવરી, બેપર્દા થઈને તેણી નીકળે તો તેની હલાકત તથા નુકસાનનો અંદાજો કોણ લગાડી શકે ?! એટલા માટે જ તો હુઝૂરે અક્દસ





صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "સ્ત્રી છુપાવાની વસ્તુ છે, જ્યારે તેણી પોતાના ઘરેથી નીકળે છે તો શૈતાન તેણીને જુએ છે અને સ્ત્રી પોતાના રબથી નજીક તે સમયે હોય છે જ્યારે તેણી પોતાના ઘરની ચાર દિવારીમાં હોય છે. એટલે કે ફિત્નાથી જેટલી દૂર હોય છે એટલી જ રહમતે ઈલાહીથી નજીક હોય છે." અને ખરેખર સૌ જાણે સમજે છે કે આજે સ્ત્રી વિના રોકટોક અવનવા અંગ પ્રદર્શન કરતા ડ્રેસો પહેરી ગૈરો સાથે આઝાદીથી ફરતી થઈ ગઈ, સ્વચ્છંદતાથી ફરતી થઈ ગઈ જેનાં પરિણામો રોજબરોજ બહાર પડી રહ્યાં છે ક્યાંક લફરાં થતાં તલાકોના, ક્યાંક બળાત્કાર, ક્યાંક પત્ની ભાગી જવાના, પુત્રી ભાગી જવાના તથા ગર્ભ રહી જતાં આપઘાતના બનાવો બની રહ્યા છે. આ સમાજની બર્બાદી નથી તો શું છે ?!

## ★ મુસલમાન બેપર્દગીની વકાલત કરે તો એનુ ઈમાન ખતરામાં છે ★

આ રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી પણ મરવી છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہما થી મરવી છે.

ઉપરોક્ત રિવાયત તથા નબી صلی اللہ علیہ وسلم ના સ્પષ્ટ ફર્માનના હોવા છતાં કોઈ ઈચ્છા ધરાવે કે સ્ત્રીઓને ખુલ્લી છૂટછાટ આપવામાં આવે અને તેણીઓને બિલકુલ આઝાદ છોડી દેવામાં આવે જેથી તેણી જ્યાં ઈચ્છે જે રીતે ઈચ્છે ફરતી રહે. આ પશ્ચિમીઓની ઈચ્છા કહી શકાય પરંતુ ઈમાન તથા ઈસ્લામનો તકાઝો નહીં ગણાય. જો ગૈર ઈસ્લામી લોકો જેમનો ઈસ્લામ તથા શરીઅતથી કોઈ જ વાસ્તો નથી તેઓ આવી આઝાદી તથા છૂટછાટની માગણી કરે તો કોઈ તાજ્જુબની વાત નથી પરંતુ **આશ્ચર્ય તો તે મુસલમાન સ્ત્રી તથા પુરુષો પર છે જેઓ ઈસ્લામનું પણ નામ લે છે અને ઈસ્લામની ઈચ્છા વિરૂદ્ધ બેપર્દગી તથા છૂટછાટનો આગ્રહ કરે છે !** માણસ ગુનાહ કરે પરંતુ પછી શર્મથી પાણી પાણી થઈ જાય તો બહું અફસોસની વાત નથી, તેનાથી ઉમ્મીદ રાખી શકાય છે કે કાલે પોતાના ગુનાહથી તૌબા કરી લેશે. પરંતુ જે ગુનાહનો આગ્રહ કરવા લાગે અને તેને જ હક્ક સમજી લે તો પછી તેનું સીધા રસ્તા પર આવવું ઘણું જ મુશ્કેલ છે. આજનો તે સમાજ જે પોતાને જ્ઞાની તથા મોડર્ન (**Modern**) કહે છે તેમની ઈચ્છાઓ તથા આગ્રહ કંઈક આ જ પ્રકારના છે કે સ્ત્રીને સંપૂર્ણપણે આઝાદી આપવામાં

આવે. સ્પષ્ટ છે કે આ પણ તેમની અભણતાની ખુલ્લી દલીલ છે, કારણ કે માણસ જેના વિશે પોતાના ખયાલો બયાન કરવાની ઈચ્છા ધરાવતો હોય તો જરૂરી છે કે તેના વિશે જરૂરી જાણકારી પણ મેળવી લે. જેઓને ઈસ્લામની 'અલિફ' તથા 'બા'નું પણ જ્ઞાન નથી તેઓ ઈસ્લામ પર આક્ષેપો લગાડવાની કોશિશ કરી રહ્યા છે, જાણે તેઓ પોતે જ પોતાના હાથે પોતાના દીનનું ખૂન કરી રહ્યા છે અને પોતાના ઈમાનની બર્બાદીનો સામાન તૈયાર કરી રહ્યા છે. આજે કોઈ ડોક્ટર ન હોય અને ડોક્ટરોને સલાહ મશવરો આપે તો તેની સમજ તથા બુધ્ધિ પર ખેરખર લોકો ઠઠ્ઠા કરશે, પરંતુ આશ્ચર્યની વાત છે કે જેને દીનનું જ્ઞાન જ નથી તે દીન વિશે પોતાના ખયાલો જાહેર કરવા તથા તેને મનાવવા પોતાનો પેદાઈશી હક્ક઼ સમજે છે !

ખરેખર ઈન્સાન તથા દરેક મખ્લૂક઼ને અલ્લાહ તઆલાએ જ પેદા ફર્માવ્યા તથા તેમના માટે ક઼ાનૂન બનાવવાનો અધિકાર માત્ર તેને જ છે, ન તેનાથી વધુ કોઈ હિકમતવાળો છે અને ન તો તેના મુકાબલામાં કોઈ જ્ઞાનવાળો. તે જ બંદાઓને ઈલ્મ તથા હિકમતના ખજાનાથી માલામાલ કરે છે. તેણે ઈન્સાનોમાં મર્દ પણ બનાવ્યા તથા સ્ત્રીઓને પણ પેદા કરી અને બંને માટે અમુક હદો તથા સીમાઓ બનાવી ઈર્શાદ ફર્માવ્યો, "પુરુષ સ્ત્રીઓનો હાકેમ છે." તેનું જ ફર્માન છે, "મર્દના હાથમાં નિકાહની ગાઠ છે." એટલે કે જ્યાં સુધી ઈચ્છે પોતાના હાથમાં રાખે અને જ્યારે ઈચ્છે ખોલી આપે, મતલબ તલાક઼ આપે.

હવે કોઈ કહેવાતો બુદ્ધિજીવી અને એડવાન્સ કહેવાતો માણસ ઉપરોક્ત આયતોના સ્પષ્ટ હુકમ વિરૂદ્ધ પોતાની ફિલોસોફી ચલાવે તથા અક્કલના ઘોડા દોડાવે અને કહે કે, "સ્ત્રીઓ પણ હાકેમ છે અને તેણીઓને પણ તલાક઼નો હક્ક઼ છે, અને આમાં બંનેને બરાબરનો હક્ક઼ છે." તો આ તેની હલકી કક્ષાની બેવકૂફી અને છેલ્લા દરજાની અજ્ઞાનતાની દલીલ તથા પુરાવો છે, ભલે ને તે પોતાને ઘણો જ મોટો ફિલોસોફર સમજતા હોય.

## ★ ઈસ્લામી ક઼ાનૂન મોલ્વીઓના ઘડેલા નથી ! ★

એક મહાન ભૂલ પશ્ચિમી હવા લાગેલ લોકો એ કરે છે કે ઈસ્લામના પવિત્ર ક઼ાનૂનને મોલ્વીઓના પોતે બનાવેલ ક઼ાનૂન ગણાવે છે. જ્યારે કે ઈસ્લામ અલ્લાહનો પસંદીદા મઝહબ છે અને તેના ક઼ાનૂન રબના બનાવેલા ક઼ાનૂન છે, કોઈ માણસના બનાવેલા નથી. ખૂદ અલ્લાહના પ્યારા નબી ﷺએ જે





અહકામ બયાન ફર્માવ્યા તે પણ ખુદા તરફથી જ હતા. કુર્આને પાક સાફ ઈર્શાદ ફર્માવે છે : "અને તે કોઈપણ વાત પોતાની ઈચ્છાથી નથી કહેતા, તે માત્ર વહી છે જે તેમને કરવામાં આવે છે." *(અન્નજમ, ૫૩–૩)*

**તો જ્યારે ઈસ્લામના હુકમો અલ્લાહના ઉતારેલ ક઼ાનૂન છે ભલે તે કુર્આનથી હોય કે હદીષથી, તો તેમાં ચું કે ચા કરવાની કોઈ શક્યતા જ નથી. હવે જે આ હુકમો પર વાંધો ઉઠાવે છે જાણે તે પોતાના રબના હુકમો પર વાંધો ઉઠાવે છે અને જે રબના હુકમ પર વાંધો ઉઠાવે તે મુસલમાન કઈ રીતે રહી શકે ?!** હજુ ઘણીયે વાતો છે જે બયાન કરી શકાય, પરંતુ ઈમાન તથા સમજ ધરાવનાર માટે આટલું જ પૂરતું છે અને જેની પાસે આ બે વસ્તુઓ નથી તેના માટે દફતરોના દફતરો પણ બેકાર છે.

અલ્લાહ તઆલા પોતાના હબીબ ﷺના સદક઼ામાં સૌને સારી ઈમાની સમજ આપે અને ઈસ્લામી મા બહેનોને બેહયાઈથી દૂર રહી પર્દામાં રહેવાની તૌફીક઼ આપે. આમીન

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૧૦, લેખક : હઝરત અલ્લામા અબ્દુલ મુબીન નોઅ્માની–મુબારકપુર (યુ.પી.), અનુવાદક : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી, લેસ્ટર–યુ.કે.)*

## ...પ્રકરણ : ૧૬

*નાસમજો દિમાગમાં બાઝી ગયેલાં અજ્ઞાનતાનાં*
*તેમજ ઈસ્લામથી પૂર્વગ્રહનાં જાળાં દૂર કરે અને સમજે કે...*

# સ્ત્રી માટે સંપૂર્ણ પર્દો

**શરીઅતથી સાબિત છે અને છે જ !**

**નૂરે ખુદા હૈ કુફ્ર કી હરકતપે ખંદાઝન**
**ફૂંકોંસે યહ ચિરાગ બુઝાયા ન જાયેગા**

મને કેટલાક ભાઈઓએ જણાવ્યું કે ૧૯ નવે. ૦૬ના 'દિવ્ય ભાસ્કર'માં રસરંગ વિભાગમાં 'ગુણવંત શાહ' નામની કોઈ વ્યક્તિએ ઈસ્લામના હુકમ સ્ત્રીઓના પર્દાની વિરુધ્ધ પોતાના મનનું ઝહેર ઓક્યું છે. તો મેં કહ્યું કે ગુજરાતનો ગુણવંત શાહ હોય કે કે ઈંગ્લેન્ડનો મંત્રી જેક સ્ટ્રો હોય કે પ્રધાન મંત્રી ટોની બ્લેયર હોય કે કોઈ અન્ય વિધર્મી હોય, એઓ એવું લખે તથા બોલે એ સ્વભાવિક છે ! કારણ કે એમના ત્યાં સ્ત્રીઓ શરીર પ્રદર્શનમાં અને ફેશનમાં એટલી હદે કંટ્રોલ બહાર પહોંચી ચૂકી છે કે તેમની તેણીઓ સ્વચ્છંદતાની સઘળી સીમાઓ વટાવી ચૂકી છે અને શરમ તથા હયા તેમને ત્યાં એવી રીતે માતમ કરી રહી છે કે તેમના ત્યાં તેને કોઈ પૂછનાર જ નથી રહ્યું ! એમના ત્યાં બાપ તથા ભાઈ સામે પુત્રી તથા બહેન નગ્નતાભર્યા ડ્રેસો પહેરી ગૈર મર્દો સાથે ડાન્સ કરે છે અને પુત્ર સામે મમ્મી પર પુરૂષ સાથે નાચવામાં શરમાતી નથી. જ્યારે મુસલમાનોમાં હિંદ શું કે યૂરોપ શું ? દરેક જગાએ હજી પણ અસંખ્ય બાઈઝ્ઝત બાપર્દા જીવનારી નેક ખાતૂનો મૌજૂદ છે જેઓ ઈજ્જતભેર પર્દાની સાથે પોતાના શરીરોને, ચહેરાઓને ઢાંકીને એક સુસભ્ય તથા સુઘડ સમાજમાં શરમને સાચવીને જીવી રહી છે, જેથી પર્દાધારી નેક ખાતૂનોને ઈજ્જતભેર જીવતી જોઈને તેમને જલન થાય છે ! અને એ જ કારણે અવનવા તરંગી તુક્કા કરીને આવા શાહો કે ભટ્ટો અવારનવાર વર્તમાન પત્રોનાં પાનાંઓ પર પોતાની કુબુધ્ધિ તથા મૂર્ખતાનું પ્રદર્શન કરતા જોવા મળે છે.





સામાન્યથી સામાન્ય બુદ્ધિવાળો માણસ પણ સમજે છે કે દરેક સમાજમાં આજે જે કાંઈ ખરાબીઓ ફેલાઈ રહી છે, આડા વહેવારના તથા વ્યભિચાર તથા બળાત્કારના બનાવો બને છે, યુવતીઓની છેડતીના, યુવતીઓના ભાગી જવાના કે ભગાડી જવાના, કુંવારી માતાઓ બનવાના વગેરે જે બનાવો બને છે, વળી તેમાંથી લડાઈ, ઝઘડા, ખૂનો પણ થાય છે, તેનું કારણ સ્ત્રીઓનો શારીરિક નગ્નતા જાહેર કરતો વર્તમાન પહેરવેશ છે. એવા પારદર્શક તથા ચુસ્ત પોશાકો પહેરવામાં આવી રહ્યા છે કે યુવાનોની નિગાહો ફટકી જાય છે, અને પછી ન થવાની ખરાબીઓ જન્મ લે છે. એ જ વર્તમાન પત્રો લખે છે કે ટી.વી.એ પશ્ચિમની નગ્નતાભર્યી બિકીનીધારી કુસંસ્કૃતિને આપણા ઘરોમાં ઘૂસાડી છે જેના કારણે દરેક કૌમના સમાજમાંથી સુસંસ્કારો વિદાય લઈ રહ્યા છે અને બેહયાઈ તથા સ્વચ્છંદતા તથા વ્યભિચાર ફેલાઈ રહ્યો છે. સમાજની ઘણી સભ્ય વ્યક્તિઓ એના વિશે ચિંતાઓ પ્રગટ કરી રહી છે અને આ ખરાબીથી બચવા પોતાનાં મંતવ્યો રજૂ કરી રહી છે, તેવા સમયે આ સર્વ ખરાબીઓને જડમૂળથી ઉખેડવા માટે કોઈ અકસીર ઈલાજ હોય તો તે આ ઈસ્લામી પર્દો જ છે !

અને ખરાબીની શરૂઆત નજરોના ટકરાવથી, અને ચહેરાના હાવભાવોથી જ આગળ વધે છે, નજરો બહેકે છે તો દિલ બહેકે છે અને દિલ બહેકે છે તો પૂરું વજૂદ બહેકે છે અને એનું પરિણામ વ્યભિચારમાં પરિણામે છે. જેથી સ્ત્રીએ શરીર પર બુરખાની સાથે ચહેરો પણ ઢાંકેલો હશે તો કોઈ ફિત્નાને અવકાશ જ રહેશે નહીં. આટલી સામાન્ય વાત પણ એ મૂર્ખ લેખકને સમજમાં નથી આવતી ! અને સમજમાં ક્યાંથી આવશે ?! કારણ કે મનમાં મુસલમાન તથા ઈસ્લામ પ્રત્યે પૂર્વગ્રહ ભરેલો છે જેથી ન્યાયપૂર્વક ફેંસલો કરવા માટે તેમનું દિલ તથા દિમાગ ચાલશે જ નહીં ! એમનું કહેવું છે કે ટોપી, દાઢી, પર્દો વગેરે કોમવાદવર્ધક છે. સાચી વાત છે ! કે જેમના દિલમાં પાપ ભર્યું હશે તે ટોપી દાઢીવાળા તથા પર્દાવાળી સ્ત્રીને જોઈને તેમનાથી ધૃણા કરશે, જેમનું પોતાનું માનસ કોમવાદી હશે તેને જ આ ચીજો ખૂંચશે, તેનામાં રહેલ કોમવાદી માનસ જાગૃત થશે, નહીં તો ભલે ને કોઈ તેના ધર્મ પ્રમાણે ગમે તે પહેરવેશ પહેરે બીજા ધર્મવાળાને તેની સાથે શું લેવા દેવા છે ?! શું વરસોથી દરેક ધર્મવાળા પોતાના પહેરવેશ પહેરતા ન હતા ? દાઢી તથા પર્દો શું આજે નવો નીકળેલ છે ? તો ત્યારે કેમ આ કોમવાદ વકરતો ન હતો ? અને હવે

તમને એ જણાય રહ્યો છે ? મૂળ વાત એ છે કે ખામી પોતાનામાં છે !! એટલે આવી વાતો સૂઝે છે.

અને સાંભળી લો ! અફઘાનિસ્તાન અને તાલિબાન સુધી ન જાવ ! આપણે હિંદુસ્તાનમાં રહીએ છીએ તો પ્રથમ આપણી આસપાસના સમાજનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો ! કે જે મુસ્લિમ સ્ત્રીઓ પર્દો કરે છે, ચહેરો ઢાંકે છે તેમના પર પર્દો કરવા કોઈ જબરદસ્તી કરતું નથી ! પણ તેણીઓએ કુર્આનની સ્ત્રી મર્યાદાની તા'લીમને સારી રીતે સમજી લીધી છે અને સ્ત્રીની મર્યાદાઓને જાણી લીધી છે, તેથી સ્વેચ્છાએ જ બુરખા પહેરે છે અને પોતે સ્વેચ્છાએ જ ઈજ્જતદાર ખાતૂન તરીકે જીવવા માગે છે, મોડેલોની જેમ અર્ધનગ્ન થઈ ફરતી, શેરીઓમાં જાણે રેમ્પ કરતી હોય તેમ ચાલતી હરતી ફરતી મોડેલો જેમ જીવતી બેહયા સ્ત્રીઓ જેમ એ તેણીઓ બેઈજ્જતીની જિંદગી જીવવા નથી માંગતી. તો તમને એમાં શું વાંધો પડે છે ?!

અને સાંભળી લો કે ઈસ્લામ ધર્મના કાનૂન એ કોઈ એક બે સદી માટેના નથી કે તમે પંદરમી સદીની તથા એકવીસમી સદીની માનસિક્તાની વાત કરો, પણ ઈસ્લામના કાનૂન કયામત સુધીના સમય માટેના છે અને તેને હર દૌરમાં આસાનીપૂર્વક પાળી શકાય છે અને એને પાળવામાં સર્વની ભલાઈ જ ભલાઈ સમાયેલી છે. ઈસ્લામને તથા તેના કાનૂનોને દૂરથી ન જોયા કરો અને ઉપર છલ્લો અભ્યાસ કરી પૂર્વગ્રહ સાથે ન જુઓ ! બલ્કે ન્યાયપ્રિય દિલો દિમાગ હોય તો ધ્યાનપૂર્વક ચિંતનપૂર્વક અભ્યાસ કરશો તો તમારાં મંતવ્યો જરૂર બદલાઈ જશે. (ઈન્શાઅલ્ મૌલા તઆલા) અને જ્યારે તમને સમજ પડી જશે ત્યારે તમે પુરૂષોને બુરખો પહેરી પ્રેક્ટિકલ કરી જોવાનું કહેવાની મૂર્ખતા નહીં કરો !

હવે મારે મુસલમાન હોવાનાં દાવેદાર ભાઈ બહેનોને બે વાતો કહેવી છે તે એ કે, "જો સર્વ મુસ્લિમ સ્ત્રીઓ અલ્લાહ તથા રસૂલનાં, કુર્આન હદીષનાં ફર્માનો પર અમલ કરીને પર્દો કરતી હોત અને પુરૂષો સર્વ દાઢી રાખતા હોત તો આજે આ નાદાનોને એના વિશે કાંઈક કહેવાનો ચાન્સ જ ન રહેત. અફસોસ ! તમારી બેઅમલી અને કુર્આનના ફર્માનની વિરુધ્ધની જીવન પ્રણાલીએ, રસૂલે પાક ﷺની હદીષો તથા તેમના ફર્માનોથી ઉલ્ટી જીવનની પદ્ધતિએ આજે ગૈર કૌમના ઈસ્લામથી અજ્ઞાન માણસોને મુસ્લિમ કૌમ પર





તથા ઈસ્લામ પર કોઈ ન કોઈ ચીજને આડ બનાવીને ટીકા કરવાનો મોકો આપ્યો છે. પર્દાનો હુકમ કુર્આનથી જ છે, શું તમે કુર્આન નથી પઢતાં ? તેમાં નથી જોતાં ? ન જોયું હોય તો જાુઓ ! તમે નહીં જુઓ તો કોણ જોશે ?! અરે ! યૂરોપ, અમેરિકા વગેરે દેશોમાં કુર્આનનો અભ્યાસ કરીને ત્યાંના લોકો ઈસ્લામ સ્વીકારી રહ્યા છે, સાચા પાકા પાબંદ મુસ્લિમ બની રહ્યા છે, ગોરી સ્ત્રીઓ બાપર્દા થઈ રહી છે ! અને તમે મુસલમાનના ઘરે જન્મ લીધો છતાં કુર્આનને પઢવાથી સમજવાથી દૂર...! કુર્આનના આદેશથી ગાફેલ ! અફસોસ ! અફસોસ !

સાંભળો ! આ અગાઉ પણ એનો ઉલ્લેખ અમે કરી ચૂક્યા છીએ કે કુર્આનમાં પર્દા વિશે રબ તઆલાનું ફર્માન છે :–

**તર્જુમો :** "અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, આ. ૫૯, પારા–૨૨)*

શું આ કુર્આનનું ફર્માન નથી ? જ્યારે ત્યારના પવિત્ર દૌરમાં અતિશય નેક ખાતૂનો એટલે નબીની બીવીઓ, દીકરીઓ તથા તે દૌરની નેક મુસ્લિમ સ્ત્રીઓને ચહેરો ઢાંકવાનો આદેશ અલ્લાહે કર્યો તો **કયો મૂર્ખ એવો આગ્રહ સેવશે કે આજના સ્વચ્છંદી તથા ખરાબીના દૌરમાં હવે પર્દો કરવાની કે ચહેરો ઢાંકવાની જરૂર નથી ?** જેનામાં બુદ્ધિનો છાંટો પણ હશે તે પણ કબૂલશે કે ખરેખર આજના બેહયાઈભર્યા તથા ખતરનાક માહોલમાં તો અતિ વિશેષ જરૂરી છે કે સ્ત્રી પર્દો કરે તથા ચહેરો પણ ઢાંકે. પણ આ વાત કોણ સમજશે ? જેનામાં બુદ્ધિ હશે તે જ સમજશે અને તે જ અમલ કરશે.

આશ્ચર્યની વાત છે કે પર્દા વિરુધ્ધ ઝહેર ઓકનારાઓને ત્યાં ધાર્મિક તહેવારોમાં પણ એટલી આધુનિક્તા તેમણે સ્વીકારી લીધી છે કે સ્ત્રી પુરૂષો ભેગા મળીને ફેશનેબલ તથા અંગ પ્રદર્શન કરતાં ભડકાવનારા પોશાકો પહેરી શરીરની ખુલ્લી પીઠો પર, ખભા સુધી ખુલ્લા માંસલ હાથો પર ટેટુની ડિઝાઈનો કરી ખૂબસૂરતીનું પ્રદર્શન કરીને મોડી રાત સુધી ડાન્સ કરે, અને સઘળા તેની મજા માણે ! યુવાની હિલોળે ચઢે અને જોનારા આનંદ લૂંટે ! અને

દિવસો સુધી રાત રાતભર જાગીને યુવાન યુવાન છોકરા છોકરીઓ, મન ફાવે ત્યાં હરે ફરે અને ન કરવાનાં કામો કરે, અને જતા દહાડે એનાં માઠાં પરિણામો આવે ત્યારે માંબાપની તથા યુવતીઓની હાલત અકથ્ય થઈ જાય ! એવા અસંખ્ય બનાવો થતા રહે છે કે ક્યાંક કુંવારી માં બનનારીઓ આપઘાત કરે છે તો ક્યાંક ઉકરડામાંથી નવજાત શીશુ મળે છે ! તેનો ઉપાય શોધવાની એમને ચિંતા નથી અને વિના કારણે મુસ્લિમ સ્ત્રીના પર્દાને કે જે આ ખરાબીઓથી બચાવનાર છે તેને વારંવાર ચર્ચાના એરણે ચઢાવે છે. ફિકર તો એમણે પોતાના સમાજની કરવી જોઈએ કે આ ખરાબીઓ ક્યાં જઈને અટકશે !

અને શાહના લેખમાં કેટલીક મુસ્લિમ નામધારી સ્ત્રીઓ જેમ કે શબાના, નઝમા હેપ્તુલ્લાહ, બેનઝીર ભુટ્ટો વગેરેનો ઉલ્લેખ કરીને જણાવાયું છે કે, "તેણીઓ સાડીઓમાં શોભી રહી છે ! તેણીઓ બુરખો નથી પહેરતી.... વગેરે. તો શું એ તેણીઓ પાસેથી મુસ્લિમોએ ઈસ્લામ શીખવાનો છે કે પછી એમને ઈસ્લામની સમજ આપવાની છે ?! એ નાદાન સ્ત્રીઓ તો કુર્આનના હુકમોને અવગણીને કોઈ નાચનારી બની પોતાના હુસ્નને જાહેર કરીને નાણા કમાઈ રહી છે, તો કોઈકે રાજકરણમાં ઝંપલાવી લાખોનાં કૌભાંડો કર્યા છે તો કોઈકે એવા ગુનાહો કર્યા છે કે જેના કારણે દેશવટો ભોગવી રહી છે ! **આવી ખરડાયેલી છબીવાળી સ્ત્રીઓને કોણ આદર્શ બનાવી શકે ?! એ જ કે જેની મતી મારી ગઈ હોય.** અને એવી માર્ગ ભૂલેલી સ્ત્રીઓનું સમર્થન મુસ્લિમ પર્સનલ લોના બની બેઠેલા મેમ્બર કલ્બે સાદિક જેવા ગુમરાહ રાજકરણી, કહેવાતા મોલ્વી જ કરી શકે છે.

આવો ! કુર્આનમાં પર્દા માટે ક્યાં ક્યાં અને કેવા કેવા હુકમો છે તેઓ અભ્યાસ કરતા ચાલો :–

**તર્જુમો** : "અને પોતાનો શણગાર જાહેર ન કરે પણ પોતાના પતિ કે પોતાના બાપ દાદા કે પતિના બાપદાદા કે પોતાના પુત્રો કે પતિના પુત્રો (જે બીજી પત્નીથી હોય) કે પોતાના ભાઈઓ કે ભત્રીજાઓ કે બહેનના પુત્રો કે પોતાના મઝહબની સ્ત્રીઓ કે પોતાની દાસીઓ જે માલિકીપણામાં હોય અથવા તે બાળકો પર જેમને સ્ત્રીની શરમની ચીજોની ખબર ન હોય." *(સૂ. નૂર, પારા–૧૮, રુકૂઅ–૧૦)*





આ હુકમ કોઈ ટેમ્પરરી ન હતો, બલ્કે જેટલી મુસ્લિમ સ્ત્રીઓ કિયામત સુધી થશે દરેકને કુર્આન કહી રહ્યું છે કે, **ગૈર મર્દોથી "પર્દો કરો ! પર્દો કરો !"** છતાં મુસ્લિમ સ્ત્રીઓ ન માને અને પુરૂષો તેણીઓને પર્દા માટે ન સમજાવે તો એઓ બંનેવ કુર્આનના હુકમનો અનાદર કરનાર ગણાશે. મુસલમાનો! જરા ઠંડા દિલે વિચારો ! અલ્લાહથી વધુ તમારી ભલાઈ ચાહનાર કોણ છે ?! તે જ ફર્માવે છે કે, હે ઔરતો ! પર્દો કરો ! એમાં જ તમારી ભલાઈ છે.

જે મુસ્લિમ સ્ત્રીઓ બની ઠનીને શણગાર કરીને, સુંદર દેખાય તેવી સજી ધજીને પર પુરૂષો સમક્ષ પોતાનું હુસ્ન જાહેર કરવા માટે જાહેર સ્થળે નીકળે કે T.V. કે ફિલ્મના પર્દા પર ચમકે અથવા ટેનિસની ખેલાડી બની પોતાના સીના તથા જાંગોને જગત સમક્ષ જાહેર કરે કે મિનિસ્ટર બને કે વડા પ્રધાન બની જાય..... પણ શરીરની ખૂબસૂરતી લોકો માટે પ્રદર્શનમાં મૂકનાર સ્ત્રીઓ કોઈપણ હોય ભલે પોતાને તે તેણીઓ એજ્યુકેટેડ સમજે હોશિયાર સમજે પણ કુર્આનનો હુકમ એવી અંગ પ્રદર્શન કરતી સ્ત્રીઓને અજ્ઞાન, અનએજ્યુકેટેડ કહે છે. સાંભળો !: **તર્જુમો** : (ગૈરો સમક્ષ શણગાર જાહેર કરવો) "આ જાહિલોનો (અજ્ઞાનોનો) તરીકો છે જેને આ તેણીઓએ અપનાવી લીધો." *(સૂરએ અહઝાબ, આયત–૩૩)*

એટલે કે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની સ્થિતિ એક રમકડા જેવી હતી, તેણીને મનોરંજનનું સાધન જ સમજવામાં આવતું હતું, લોંડીઓ શણગાર કરીને વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી અને તેની આવક તેના માલિકો લઈ લેતા હતા. ઈસ્લામે જ આવીને સ્ત્રીને મુક્તિ અપાવી, તેણીને ઈજ્જત આપી, પતિ ઉપર પત્નીના હક્કો, ઔલાદ પર માંના હક્કો, બાપ પર પુત્રીના હક્કો લાગુ પાડી સ્ત્રી જાત પર અહેસાન કર્યું અને તેણીના શરીરના પ્રદર્શનને રોકી પર્દાથી તેણીને ઈજ્જત આપી. અને તેણીની પોતાની ઈજ્જત સચવાય રહે માટે કુર્આને હુકમ આપ્યો :–

**તર્જુમો** : "હે સ્ત્રીઓ ! ઘરોમાં જામીને બેસી રહો ! (એટલે કે શરઈ જરૂરત વિના ન નીકળો) અને જાહિલિયત (અજ્ઞાનતા, પછાતપણા)ના જમાના જેવો બનાવ શણગાર બનાવતી ન ફરો !" *(સૂ. અહઝાબ, રુકૂઅ–૧, આયત–૩૩)*

એટલે જે મુસ્લિમ સ્ત્રીઓ પોતે એજ્યુકેટેડ હોવાનો ભરમ રાખી ફેશનેબલ બનીને બેપર્દા ફરતી હોય તેવી તેણીઓ જો કુર્આન પર ઈમાન રાખતી હોય તો કુર્આનની આ આયતોનો ઠંડા દિલે અભ્યાસ કરે અને જ્ઞાની અને અજ્ઞાનીનો ફરક કુર્આનથી સમજે.

કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે કે :–

**તર્જુમો** : "અને મુસલમાન સ્ત્રીઓથી ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાના શિયળને સાચવે." *(સૂ. નૂર, પારા–૧૮, રૂ. ૧૦)*

અને સહાબાને કુર્આનમાં હુકમ થયો કે :

**તર્જુમો** : "જો તમે એમનાથી કોઈ ચીજ માંગો તો પર્દાની બહારથી માંગો, એમાં તમારી અને એમના દિલોની વધારે પવિત્રતા તથા પાકીઝગી છે." *(સૂ. અહઝાબ, પારા–૨૨, રુકૂઅ–૪, આયત–૫૩)*

આ છે કુર્આનમાં સ્ત્રીની પવિત્રતા તથા ઈજ્જતની સાચવણી માટેના પર્દાના હુકમોની એક ઝલક. જેનો સાર આ પ્રમાણે છે :–

જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં (ખુલતાં, ચુસ્ત નહીં !) કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીરને ઢાંકીને નીકળે કે મોં તથા હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમાંથી કોઈ પણ જાહેર કરીને નીકળે તે સ્ત્રીઓ "ફાસિકા" (ઉઘાડે છોગે ખુલ્લમ ખુલ્લા હરામ કામ કરનારી) અને એમના પુરૂષો "દય્યૂષ" છે, એવા લોકોથી બચવું જોઈએ. *(હવાલો : ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આખિર, પેજ–૧૨૯)*

જો કે સ્ત્રીનો ચહેરો સતરે અવરતમાં દાખલ નથી, પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો પર્દો નાખવો જરૂરી છે. જેમ કુર્આનમાં ખાસ એના માટે આદેશ થયો કે :–

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, આ. ૫૯)*

જ્યારે આટલા સ્પષ્ટપણે કુર્આનથી મોઢા પર નકાબ નાખવો (મોઢું





ઢાંકવું) સાબિત છે, તો પછી શા માટે કહેવામાં આવે છે કે, "કુર્આનમાં પર્દાનો હુકમ નથી ! મોઢું ઢાંકવાનો હુકમ નથી !" જાણો છો ! આ હુકમ તે પવિત્ર અતિ પાકીઝા સ્ત્રીઓને, નબીની પાક બીબીઓ, પુત્રીઓ તથા સહાબી સ્ત્રીઓને થયેલો અને તે પણ અતિ ફર્માંબરદાર હસ્તીઓ, ખૌફે ખુદાનાં પૂતળાંઓ સહાબાએ કિરામથી પર્દો કરવાના માટે થયેલો ! તો **આજના કળી યુગમાં જ્યાં લગભગ દરેક નજર આંખના ઝિનામાં પડવા તલસે છે તેવા દૌરમાં તો આ હુકમ અધિક જરૂરી બની જાય છે.**

કહેવાતી મુસ્લિમ નામધારી "ફાસિકા" સ્ત્રીઓ જેઓ પોતાના ચહેરા તથા શરીરને મેકઅપથી આકર્ષક બનાવી લોકો સમક્ષ રૂપાળી દેખાવા, લોકોને આકર્ષવાના કામો કરે છે તેવી નાલાયક સ્ત્રીઓના દાખલા આપી ઈસ્લામના પર્દા વિરુધ્ધ લખવું કે બોલવું એવું કામ બુદ્ધિનું દેવાળુ નીકળ્યું હોય તે જ કરી શકે છે.

કુર્આનના ફર્માનો ઉપરાંત રસૂલુલ્લાહ ﷺનાં ફર્માનોમાં હદીષોમાં જે સ્ત્રીઓ મેકઅપ કરીને સજીધજીને લોકો સમક્ષ પોતાને જાહેર કરે છે તેમના વિશે શું હુકમો છે તે પણ જાણી લો :–

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઔરત (સ્ત્રી) **ઔરત** છે, એટલે કે **પર્દામાં રાખવાની ચીજ** છે, જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે. એટલે કોઈ પરાયી સ્ત્રીને જોવું 'શૈતાની કૃત્ય' છે. *(તિર્મિઝી શરીફ)*

એક હદીષમાં છે કે, "જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો મારા પ્રતિ આકર્ષાય તો તે તેણી 'વ્યભિચારીણી' છે.

પુરૂષો માટે હુકમ છે કે, "જે મુસલમાનની પ્રથમ નજર કોઈ સ્ત્રીની સુંદરતા પર પડી ગઈ (વિના ઈરાદે) અને તેણે નજરો નીચી કરી લીધી તો અલ્લાહ તઆલા એને ઈબાદત બનાવી દે છે જેની મીઠાશ તે અનુભવે છે." *(પેજ–૨૭૦)* સ્ત્રી તરફ અચાનક વિના ઈરાદે પડેલી પ્રથમ નજર માફ છે, પછી પડતી નજર સખત ગુનોહ છે.

ફર્માવ્યું, "જેણે કોઈ સ્ત્રી પર વિચાર કર્યો અને કપડાંઓ જોયાં ત્યાં સુધી કે એના અંગોના ભાગો તેના સમક્ષ જાહેર થઈ ગયા તો તે જન્નતની ખુશ્બુ (પણ) મેળવશે નહીં." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, અવ્વલ–૮૪)*

એક હદીષમાં છે કે, "હઝરત ઉમ્મે સલમહ رضی اللہ عنہا થી રિવાયત છે કે,

હું અને હઝરત મૈમૂનહ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં, એવામાં (એક નાબીના સહાબી) હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ رضی اللہ عنہ સામેથી હુઝૂરની ખિદમતમાં આવી રહ્યા હતા. તો સરકારે (અમને બંનેને) ફર્માવ્યું કે, પર્દો કરી લો ! (હઝરત ઉમ્મે સલમા ફર્માવે છે કે) મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ? તે અમને જોઈ શકશે નહીં. ફર્માવ્યું, શું તમે બંનેવ પણ નાબીના છો ? શું તમે નહીં જુઓ !" *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)* એટલે કે,"પુરૂષને જેવી રીતે અજનબી ઔરતને જોવી જાઈઝ નથી એ જ રીતે સ્ત્રીએ અજનબી (નામહરમ) પુરૂષને જોવો પણ જાઈઝ નથી."

ચહેરા પર નકાબ (પર્દો) આટલા માટે જરૂરી છે કે બુરી નજરો પડવાથી કે બુરી નજરો કરવાથી બચી શકાય, અને સૌ જાણે છે કે ગુનાહોનું મૂળ નજરો બહેકવાથી જ શરૂ થાય છે. અને આ કુર્આન તથા હદીષથી સાબિત જ છે.

જેથી આવા અધુરીયા લેખકોએ કોઈ અન્યના ધર્મમાં પૂર્વગ્રહથી દખલગીરી કે ચંચૂપાત ન કરવો જોઈએ, નહીં તો જો સામેથી તેમની માન્યતાઓમાં રહેલી કેટલીયે મૂર્ખામીઓ જાહેર થવા લાગશે તથા ધર્મના નામે ચાલતાં નાણાનાં કૌભાંડો તથા ઝઘડા, સાધુઓ થકી સૃષ્ટિ વિરુધ્ધનાં કૃત્યોના બનાવો તથા સેક્સ કાંડો વિશે સવાલો થવા લાગશે તો તેમને માઠુ લાગશે ! શાંતિપ્રિય મુસ્લિમોની ખામોશીને કાયરતા કે બેવકૂફી ન સમજવી જોઈએ અને આવા અજ્ઞાનતાભર્યા ઢંગઘડા વિનાના તુક્કાબાજીવાળાં લખાણોથી બચવું જોઈએ. અને રાષ્ટ્રની પ્રગતિ માટેના અન્ય વિષયોમાં રસ લઈ સાચા દેશ પ્રેમી બનવું જોઈએ.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૬, તંત્રી લેખ)*





## ...પ્રકરણ : ૧૭

## હે બહેનો ! બંને જહાનમાં સુકૂન ચાહો છો ! તો પર્દો કરી લો !

મુસલમાન એટલે શું ? **ઈસ્લામનો અર્થ** છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની **ફર્માંબરદારી કરવી**, જેથી **મુસલમાન એટલે ફર્માંબરદાર.** પરંતુ અફસોસ કે આજે મુસ્લિમ સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો જણાશે કે જાણે કહેવાતા મુસલમાનો જ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની કરવાની જાણે હરીફાઈમાં ઉતર્યા છે ! ખાસ કરીને આજના યુવાન યુવતીઓ પોતાના જીવનનો આઈડિયલ કોઈ મોડેલ, હીરો, હીરોઈન, ક્રિકેટર કે ડાન્સરને બનાવે છે અને બસ એવો જ ડ્રેસ એવી જ અદાઓમાં જીવે છે. વિશેષતઃ યુવતીઓની જીવન પદ્ધતિ એટલી નિમ્ન કક્ષાએ ઉતરી ગઈ છે કે લગભગ કોઈ પ્રસંગ ગુનાહોની ગંદકીથી પાક નથી રહ્યો. ધાર્મિક પ્રસંગો અને ધાર્મિક સ્થળોએ જ્યારે સ્ત્રીઓ બેપર્દા ઘૂમી રહી છે તો દુનિયાવી પ્રસંગોની તો વાત જ શી થાય ?! શરમ તથા હયાનો સમાજમાંથી જાણે કે જનાઝો જ ઉઠી ગયો છે.

### ★ તે પાકીઝા મુસલમાન સ્ત્રીઓ આવી હતી ! ★

હે મારી બહેનો ! આવો ! મુસલમાન સ્ત્રીઓની શું શાન હતી, તેણીઓ કેવી શરમ તથા હયાવાળી હતી તેને જુઓ અને પોતાની જિંદગીને તેમની સાથે સરખાવો અને શરમાવો !

"એકવાર સરકારે દો આલમ ﷺ મસ્જિદથી બહાર નીકળી રહ્યા હતા તો જોયું કે રસ્તામાં પુરૂષ તથા સ્ત્રીઓ મિશ્ર થઈને ચાલી રહ્યાં છે, તો સ્ત્રીઓને સંબોધીને ફર્માવ્યું કે, **"પાછળ રહો ! અને રસ્તાની વચ્ચે ન ચાલો."** આપના આ ફર્માને આલીશાન પછી સ્ત્રીઓનો એ હાલ થઈ ગયો હતો કે **સ્ત્રીઓ ગલીના કિનારે એ રીતે અડીને ચાલતી હતી કે તેમનાં કપડાં દીવાલ સાથે ટીંગાઈ જતાં."** *(અબૂ દાઊદ શરીફ)*

સ્ત્રી પુરૂષોની ભેળસેળ એ સ્વભાવિકપણે ફિત્ના ફસાદનો સબબ છે. જેમ કે આપણા સમાજમાં મિશ્ર સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, ઓફિસો, ટ્યૂશન સેન્ટરો, કોમ્પ્યુટર ક્લાસિસ તથા ફેકટરીઓમાં સાથે કામ કરતાં મળતાં સ્ત્રી પુરૂષોમાં અસંખ્ય આડા વહેવારના દષ્ટાંતો જોવા મળે છે જેમાંથી લડાઈ, ઝઘડા, તલાક઼, આત્મહત્યા કે ખૂના મરકીના બનાવો પણ બને છે. એટલા માટે જ આપણા પ્યારા આક઼ા ﷺએ પુરૂષો સ્ત્રીઓની ભેળ સેળથી સખ્ત મનાઈ કરી. સીધી વાત છે કે આગ અને પેટ્રોલ ભેગુ થાય તો શું થાય ?!

હે પ્યારી બહેનો ! તે પાકીઝા બાપર્દા સહાબિયા સ્ત્રીઓને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ કેવળ ચાલવામાં અજાણતાએ પુરૂષોથી ભેગી થઈ ગઈ હતી તેમને પુરૂષોની પાછળ રહેવા તથા રસ્તાના કિનારે ચાલવાની સૂચના આપી અને તે પાકીઝા સ્ત્રીઓએ તેનું કેવું પાલન કર્યું કે તેમનાં કપડાં દીવાલ સાથે ટીંગાઈ જતાં હતાં ! જ્યારે આજે સોળ શણગાર સજીને બેપર્દા સ્ત્રીઓ પુરૂષો વચ્ચે પોતાના સૌંદર્યનું જાણે પ્રદર્શન કરતી ફરી રહી છે, ગૈર મર્દો સાથે એકાંતમાં મુલાકાતો થાય છે, કોલેજ ગાર્ડનમાં, કેન્ટિનોમાં કે બાઈકો પર નામેહરમો સાથે બેસીને ફરી રહી છે, હંસી મઝાક અને છેડછાઈ થઈ રહી છે. શું આ મુસલમાની છે ?!

### ★ જન્નતી ઔરતોની સરદારને આઈડિયલ બનાવો ! ★

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامનાં સાહબઝાદી હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا જેમને નબી કરીમ ﷺએ જન્નતી ઔરતોનાં સરદાર કહ્યાં છે તેમની શરમો હયાનો આલમ શો હતો તે જુઓ.

હુઝૂર અક઼દસ ﷺએ ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہاને ફર્માવ્યું કે, **સ્ત્રીના હક઼્ક઼માં સૌથી શ્રેષ્ઠ શું છે ?** તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, **"નામેહરમ પુરૂષ એને ન જુએ !"** તો આપે તેમને ગળી લગાડી લીધાં. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧૦, નિસ્ફ અવ્વલ, પેજ : ૨૮)*

આ જ હઝરત ફાતિમા رضی اللہ عنہاએ વસિયત કરી હતી કે મારા મૃત્યુ બાદ **મારો જનાઝો રાતના અંધકારમાં કાઢજો જેથી કોઈ ગૈર મેહરમની નજર મારા મૈયતવાળા જનાઝા પર પણ ન પડે !** આજે તો ફાતિમા





ઝહ્‌રા رضی اللہ عنہاની કહેવાતી કનીઝાઓ જીવતે જીવત અને જાણીબુઝીને પરપુરૂષોને નઝારો કરવાનુ જાણે દા'વત આપી રહી હોય એવું (અન) ડ્રેસિંગ કરીને ફરે છે !

### ★ હઝરતે ફાતિમાના નક઼્શે ક઼દમ પર ચાલનાર એક હયાવાળી સ્ત્રી ★

ફરહંગે આસિફિયા નામના મોટા શબ્દકોશના નામથી ઉર્દૂનો કોણ ભણેલો ગણેલો બેખબર છે ? એના લેખક એની પ્રસ્તાવનામાં પોતાના ઘરની અગનજ્વાળાનું રહસ્ય લખે છે કે ઈ.સ. ૧૯૧૨, ૮–ફેબ્રુઆરીની રાતનો આ પ્રસંગ છે અને લેખકની પત્ની એ સમયે સુવાવડમાં હતી.

જ્યારે અડધા જેટલુ ઘર સળગી ઉઠયું તો એના ધુમાડાઓ અને આગની લપેટોએ ઢંઢોળીને જગાડયાં... એટલામાં તેમનાં પત્નીને ખબર થઈ તો તે પહેલાં તો એકલી વરંડા સુધી આવી પછી પોતાના બાળકને લેવા અંદર ચાલી ગઈ. એને કેડમાં ઉઠાવીને બાથરૂમમાં આવીને ઉભી રહી. એ સમયે આગ લાગી જવાની બૂમ પડી ગઈ જેથી બે ચાર નજીકના પડોશીના આદમી આવી ગયા. મેં મારી પત્નીને કેટલીયવાર કહ્યું કે દરવાજામાં આવી જા! પણ આ જ જવાબ મળ્યો કે **"ગૈરપુરૂષોનો અવાજ આવી રહ્યો છે! હું કેવી રીતે આવું ?!"** આ હઠથી અમને એ સમયે ઘણો રંજ થયો.

ખૈર, તે આગ છેવટે કેવી રીતે ઓલવાઈ અને સુવાવડી બાઈ અને બાળકનો જીવ કઈ રીતે બચ્યો ? આ બધી કહાનીથી આપણને મતલબ નથી. આપણા કામની ચીજ તો લખાણનાં છેલ્લાં વાકયો છે. કેમ કે ખતરો કોઈ મામૂલી નથી, બિલ્કુલ જાન પર આવી બન્યું છે. પોતાની જાન પર પણ અને બાળ કની જાન પર પણ ! પતિ ખૂદ આઝાદી આપીને પુરૂષોવાળા ભાગમાં બોલાવી રહ્યો છે તેમ છતાં પણ પર્દાનશીન સ્ત્રીની ઈજ્જતપરસ્તીનો એ આલમ છે કે પોતાની અને પોતાના બાળકની જાન જવી મંજૂર છે ! બંનેનું આગના અંગારાઓમાં ભસ્મ થઈ જવું મંજૂર છે ! પરંતુ એ પસંદ નથી કે ઈજ્જત હયાની અતિશય અને ઉચ્ચ કક્ષાને કોઈ જરા જેટલી પણ આંચ આવવા પામે.

ઈસ્લામી સજ્જનતા તથા ઈજ્જત અને શરમનો આ પ્રસંગ સાચી

મુસલમાન સ્ત્રીઓનો કિરદાર છે. સળગી જવું મંજૂર પણ ગૈર પુરૂષોનો અવાજ સાંભળવો નામંજૂર ! આ બનાવને સામે રાખતાં આજકાલની મોડર્ન સ્ત્રીઓનો કિરદાર જોઈને એક સાચા મુસલમાનનું દિલ જલી ઉઠે છે. તેમને ઈજ્જત, સજ્જનતાની ખાતર સળગી જવું મંજૂર હતું અને આમને મેકઅપ કરીને બની ઠનીને બહાર બેપર્દા ફરીને જલાવવું મંજૂર છે. *(ઔરતોંકી હિકાયાત)*

આજે તો લગભગ સ્ત્રીઓ જાણીબુઝીને શોખથી પ્રદર્શન માટેની પૂતળી હોય તેમ બની ઠનીને પુરૂષોમાં બેપર્દા ફરે છે ! અને શાદીઓમાં કુમળી બાળકીઓથી લઈને આધેડ સ્ત્રીઓ સૌ મોડેલ જેમ સજીને ઓઢણીઓ ત્યજીને વાળો ફેલાવતી, લટોને લહેરાવતી વીડીયોમાં કેચ થવા માટે તલપાપડ થતી જોવા મળે છે ! અને આ બધું વીડીયો ઉતારનાર ફાસિક઼ તથા અન્ય પર પુરૂષો તો જુએ જ છે પણ તેમનાં મા બાપ, પતિ તથા ભાઈઓની રૂબરૂમાં થાય છે છતાં જાણે એને ગુનોહ જ નથી ગણવામાં આવતું એટલુ સામાન્ય થઈ ગયું છે. હે બહેનો ! તમારામાં થોડી પણ શરમ હોય તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એવી સ્ત્રીઓ માટે કયા શબ્દો વાપરે છે તેને સાંભળો અને ભલાઈ ચાહતી હોઉ તો પોતાની સુધારણા કરી લો !

## ★ પર સ્ત્રી પર પુરૂષને જોનાર વિશે રસૂલેપાક صلى الله عليه وسلمનું ફર્માન ★

ઈમામ તિર્મિઝીએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضى الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمનો ઈર્શાદ છે : ''દરેક (હવસ સાથે ગૈરને જોનારી) આંખ ઝિના કરનારી છે. **બેશક ! સ્ત્રી ખુશ્બૂ લગાડીને મજલિસમાં પસાર થાય તો તેણી ઝિના કરનારી (વ્યભિચારીણી) છે.''** *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૯૬)* એટલે કે જે ખુશ્બૂ ફેલાવી નામેહરમોના આકર્ષણનું કેન્દ્ર બને.

એક હદીષમાં છે કે, **''જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે.''**

જે સ્ત્રીઓ અર્ધનગ્ન પોશાક પહેરીને લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે તેમના માટે **અફસોસજનક વાત નથી કે પ્યારા મુસ્તફા صلى الله عليه وسلم તેણીને ઝાનિયા કહે છે** ! હવે તો તૌબા કરવી જ જોઈએ !





એક હદીષમાં છે કે, ''જોનાર પુરૂષ અને જેને જોવામાં આવે તે સ્ત્રી બંને પર **અલ્લાહ લા'નત** કરે છે.'' *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ર૭૦)*

હે પ્યારા ભાઈઓ ! બહેનો ! લા'નતી એટલે અલ્લાહની રહમતથી દૂર થનાર અને જે રબની રહમતથી દૂર થાય તો તેનો અંજામ શું થશે ?! હવે તેનો કોણ બેલી થશે ?! માટે બુરી નજરોથી બચો ! અને પર સ્ત્રીઓ પર પુરૂષોને તાકવાથી તૌબા કરી લો.

## ★ ઉઘાડા માથે રહેનારીઓ પર થતો અઝાબ ★

વળી આજે વાળોને ખુલ્લા ઉડાડવાની તથા મોઢા પર લતો લાવી મોડેલો જેવી એક્ટિંગ કરવાની ફેશન ચાલે છે. તો એવી સ્ત્રીઓ આ હદીષે પાક સાંભળીને બોધ લેશે ખરી ?!

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضى الله عنهما પોતાની કિતાબ ''અલ અસ્રાઉલ મેઅરાજ''માં લખે છે કે જ્યારે મેઅરાજની રાત્રે હુઝૂરે અકરમ عليه الصلوٰة والسلامએ **વાળોથી લટકેલી સ્ત્રીઓ** જોઈ **જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં** ! તો આપે હઝરત જિબ્રઈલ عليه السلامથી પૂછયું કે આ કોણ છે ? તો તેમણે કહ્યું, આ તે બે પર્દા સ્ત્રીઓ છે જેઓ ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી. *(હિજાઝ જદીદ, ફેબ્રુ. ૧૯૯ર)*

## ★ શરીર સાથે ચોંટી જાય તેવાં ફીટ કપડાં ન પહેરો ! ★

આજકાલ કાફિરોની દેખાદેખી યુવતીઓ એવાં કપડાં પહેરે છે જેમાં તેમના મસલ્સ ખુલ્લા ખભા સુધી દેખાતા હોય છે, તથા ટૂંકુ બારીક અને ફીટ ફોક કે ટી શર્ટ જેવું હોય છે જે સીટ તથા અંગ અંગનો ઘાટ જાહેર કરે છે, ગળા તથા છાતીનો કેટલોક ભાગ તો ખુલ્લો હોય છે ઉપરથી ફિટ કપડામાં તેની સુંદરતાનું પ્રદર્શન ગૈરો સામે કરવામાં આવે છે. આ વ્યભિચારીને દા'વત આપવું છે અને આવી સ્ત્રી ખુદાના ગઝબને નોંતરી રહી છે. હદીષે પાકમાં છે કે, **''આવી તેણીઓ ન જન્નતમાં જશે ન એની ખૂશ્બૂ મેળવશે, જ્યારે કે જન્નતની ખૂશ્બૂ આટલા આટલા (૫૦૦ વરસના અંતર) દૂરથી મેહસૂસ થતી હશે.''** *(સહીહ મુસ્લિમ શરીફ, ર/ર૦૫)*

ચુસ્ત ઈજાર કે પુરૂષો જેમ જિન્સની પેન્ટ તે પણ ફિટો ફિટ જે શરીરના

સર્વ વળાંકો, સાંધાઓ જાહેર કરે તેને પહેરશો નહીં બલ્કે ખુલતી સલ્વાર (ઈજાર) પહેરવામાં આવે. એકવાર રસૂલુલ્લાહ ﷺ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક સ્ત્રીનો પગ લપસ્યો અને તેણી ગબડી પડી તો આપે પોતાનો ચહેરો મુબારક એ દિશાએથી ફેરવી લીધો. સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! તેણીએ સલવાર પહેરેલી છે. તો આપે ઈર્શાદ ફર્માવ્યો, **"હે અલ્લાહ ! મારી ઉમ્મતની સલ્વાર પહેરનારી સ્ત્રીઓને બખ્શી આપ."** હે લોકો ! ઈજાર પહેરો કે તમારાં બીજાં કપડાંઓની સરખામણીમાં એ શરીરને અધિક છુપાવે છે, ખાસ કરીને સ્ત્રીઓ માટે.

તો ઈસ્લામની શાહઝાદીઓ ! પગો, જાંગો તથા સીટનો સંપૂર્ણ ઘાટ જાહેર કરે તેવો ચુસ્ત ચોંટેલો પહેરવેશ પહેરી **તમે કોને દેખાડવા નીકળો છો ?! સમજો** ! એનાથી તૌબા કરી લો અને ખુલતી ઈજાર પહેરો અને રસૂલેપાક ﷺની બખ્શિશની દુઆની મુસ્તહિક઼ બનો.

### ★ પર્દો ઓછામાં ઓછો કેટલા પ્રમાણમાં હોવો જોઈએ ? ★

જાડાં (એટલે શરીર ઝલકે નહીં તેવાં અપારદર્શક) અને ઘેરવાળાં કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય, વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે **સ્ત્રીઓ ફાસિક઼** (ખુલ્લમ ખુલ્લા હરામ કામ કરનારી) અને એમના **પુરૂષો દય્યૂષ** છે, એવા લોકોથી બચવું જોઈએ. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦/૨૨૪, નિસ્ફ આખિર)* દય્યૂષ જન્નતની ખુશ્બૂ પણ પામશે નહીં.

જો કે સ્ત્રીનો ચેહરો સતરે ઔરતમાં દાખલ નથી પણ **જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે.** જેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "હે નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

વિચારો ! જ્યારે તે પાક દૌરમાં અતિ પાક સ્ત્રીઓને, ઉમ્મતની માઓને ચેહરો ઢાંકવાનો આદેશ અલ્લાહે આપ્યો તો આજે તો આ ગંદા માહોલમાં





અતિ વિશેષપણે ચહેરો ઢાંકવો જરૂરી છે.

વળી કેટલીક બહેનોના ઉપર સુધી હાથો આખા ખુલ્લા હોય છે અને મોઢા પર કપડાનો ટુકડો ઢાંકી સમજે છે કે પર્દો કર્યો છે ! પણ આ તો એકદમ વિચિત્ર પહેરવેશ છે ! હાથો ઢાંકવા ફર્ઝ છે તેને પ્રથમ ઢાંકે. વળી કેટલીક બહેનો ફિટો ફિટ ઝભ્ભો પહેરે છે પછી મોઢા પર ફટકિયુ બાંધી દે છે, પાછળ વાળ ખુલ્લા હોય છે, છાતીનો ઉભાર તથા અન્ય અંગો ફિટ જભ્ભાથી સ્પષ્ટ જાહેર થતાં હોય છે. તો આ "ફેશનેબલ પર્દો" છે ! "ઈસ્લામી પદો" ખુલતો હોવો જોઈએ અને માથાથી પગ સુધી હાથો સમેટ શરીરને ઢાંકનાર હોય છે, જેથી બહેનો કાળજી લે. વળી નેટવાળી પારદર્શક તથા હાફ બાંયોવાળાં કપડાં તો કદી ન પહેરે.

### ★ પર્દો કરનારીથી અલ્લાહ કેટલો રાજી છે તે જુઓ ! ★

હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે એકવાર દુકાળ પડયો. લોકોએ ખૂબ દુઆઓ કરી પણ વરસાદ ન થયો. તો હઝરત મહબૂબે ઈલાહી શયખ નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ એ પોતાનાં વાલિદા મોહતરમાના પાકીઝા દામનનો એક દોરો પોતાના હાથમાં લઈને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, **યા અલ્લાહ ! عزوجل આ તે ખાતૂનના દામનનો દોરો છે જેના પર કદી પણ કોઈ નામેહરમ (પરપુરૂષ)ની નજર નથી પડી ! એના તુફૈલથી રહમતની વરસાદ વરસાવ !** હજી હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ **આ વાક્ય બોલી જ રહ્યા હતા કે એવામાં વરસાદ વરસવા લાગ્યો.** સુબ્હાનલ્લાહ ! *(અખ્બારુલ અખ્યાર, પેજ : ૪૦)*

હે મારી બહેનો ! એક પાકદામન સ્ત્રીના પહેરેલ કપડાના એક દોરાના વસીલાથી દુઆ કરતાં દુકાળ જેવી મહા મુસીબત ટળી જાય અને અસંખ્ય માનવો, પશુ, પંખીઓ વરસાદ થવાથી ચૈન તથા સુકૂનની જિંદગી જીવવા લાગે ! તો વિચારો કે ખૂદ તે પાકીઝા સ્ત્રીને અલ્લાહ બંને જહાનની કેવી નેઅમતોથી નવાઝશે ?! માટે સમજો ! આપણે મુસલમાન છીએ, આપણા પર એ અલ્લાહનું એહસાન છે કે આપણને ઈમાનની દૌલત નસીબ થઈ છે, તો પછી આપણે શા માટે કાફિર, ફાસિક઼, બેહયા ડાન્સરો, મોડેલો, હિરોઈનોનું અનુસરણ કરી જહન્નમમાં પડીએ ?! આપણે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના નક઼શે ક઼દમ પર ચાલીને બંને જહાનમાં સુકૂન કેમ ન પામીએ !

હે મારી બહેનો ! તમે રોજ અખ્બારોમાં વાંચો છો કે આવારગીને લીધે ફલાણી યુવતી પર તેના બોયફ્રેન્ડોએ સામૂહિક બળાત્કાર કર્યો, પછી તેવી સ્ત્રીઓ ક્યાંક સગળીને કે ઝહેર ખાઈને મરી જાય છે, ક્યાંક ઘરના પંખા પર ટીંગાઈને ગળે ફાંસો ખાય છે તો ક્યાંક રેલ્વે નીચે સૂઈ જાય છે તો ક્યાંક નદીમાં કૂદી પડે છે. જે આપઘાત કરે છે તેની સજા એ છે કે ક઼યામત સુધી એ એ જ રીતે મરશે અને જીવતો થશે ફરી મરશે અને ફરી જીવતો થશે, આમ ક઼યામત સુધી તેને સજા થતી રહેશે. જેથી તેવા લોકો ન દુનિયામાં ઈજ્જત કે ચૈન પામે છે ન આખેરતમાં પામે છે. માટે સમજો કે ઈસ્લામ જ હક્ક઼ છે અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના પર્દા માટેના હુકમો એ આપણી જ ભલાઈ માટે છે. જેથી દિમાગના સર્વ ભરમો ત્યજી દો અને ઈસ્લામી ઢબથી જીવો અને બંને જહાનમાં ઈજ્જતદાર બનો.

## ★ સ્ત્રીઓની આવારગીનો સબબ અને તેનો ઈલાજ ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ વાતને સમજતા પહેલાં આ હદીષે પાકને દિલના કાનો વડે સાંભળો ! :–

એકવાર એક છોકરી ઉમ્મુલ મો'મિનન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની પાસે ઘુંગરૂ પહેરીને આવી. આપે ઘુંગરૂનો અવાજ સાંભળતાં જ ઈર્શાદ ફર્માવ્યો કે, "એને મારી પાસે ન લાવશો જ્યાં સુધી કે ઘુંગરૂ ન કાપી લેવામાં આવે ! કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી મેં સાંભળ્યું છે કે જ્યારે ઘરમાં ઘંટડી ઘુંગરૂ (છમછમ અવાજવાળી) હોય એમાં ફરિશ્તા નથી આવતા." *(અબૂ દાઊદ, પેજ : ૫૧૮)*

**વિચારો ! કેવળ પગોમાં પાયલની ઝનકારવાળા ઘુંગરૂ પહેરવાથી ઘરમાં રહમતના ફરિશ્તા દૂર ભાગે છે તો જે ખૂદ પહેરે તે તો રબની રહમતથી વંચિત જ રહેશે ને !** એટલું જ નહીં, પણ **જે ઘરમાં કેવળ પાયલનો છમછમાટ જ નહીં પણ સંગીતના વિવિધ અવાજો સાથે પિક્ચરો, સીરીયલો, ડાન્સ તથા બહેચા સ્ત્રીઓની બેહયાઈનાં દૃશ્યો ટી.વી. પર ઈન્ટરનેટ પર ચાલતાં રહે તેમાં રહમતના ફરિશ્તા ક્યાંથી આવશે ?!** અને જ્યારે અલ્લાહની રહમત જ દૂર થઈ જશે **તો ઘરમાં મુસીબતો નહીં આવે તો શું આવશે ?** આપણી પુત્રીઓ,





સ્ત્રીઓ બહેયાઈનાં દૃશ્યો જોઈને તેનું અનુસરણ કરવા ઘર બહાર નહીં નીકળી પડે તો બીજું શું થવાનું છે ?! પછી જ્યારે મુસીબત આવી પડે ત્યારે માથે હાથ દેવાથી શો ફાયદો ! માટે હે મુસલમાનો ! હજી સમય છે, કોશિશ કરો, પોતે પણ દીનદારી અપનાવો, પંજવક્તા નમાઝની પાબંદી કરો, અને ઘરમાં પણ કરાવો, આવાં જે ગુનાહનાં સાધનો છે તેને હટાવી નાખો અથવા તેના પર કન્ટ્રોલ મૂકો અને ઈસ્લામની મહોબ્બત જાગે, રસૂલે પાક صلی اللہ علیہ وسلمની મહોબ્બત દિલોમાં જાગૃત થાય તેવાં બયાનો, નઅતો તથા મસ્અલા મસાઈલની સીડીઓ તથા કિતાબો ઘરમાં વસાવી દીની માહોલ પેદા કરો, **તમે કોશિશ કરો તો જરૂર અલ્લાહ તમારી મદદ ફર્માવશે અને આપણુ કલ્ચર જરૂર દીનદાર બનશે.** અને તમારી શક્તિભર સંપૂર્ણ કોશિશો છતાં ઔલાદ આવારા થશે તો તેની પૂછતાછ હવે તમને નહીં થાય. પણ જો તમે જ છૂટો દોર મૂક્યો હશે તો ઔલાદ જે ગુનાહો કરશે તેનો અઝાબ તમારા માથે પણ આવશે.

## ★ વ્યભિચારીઓ ! સાવધાન ! ખુદાના અઝાબથી ડરો ! ★

હે યુવાન ! યુવતીઓ ! હે મુસલમાનો ! આટલી વાતો વાંચીને પણ તમારું રુંવાટુ ફરક્તુ ન હોય અને તમે જહન્નમ તરફ દોડી રહેલા કાફિર, ફાસિક઼, હીરો, હીરોઈનો, મોડેલો, ડાન્સરો જેમ બેહયાઈપૂર્વક જીવવા માગતા હોઉ તો સાંભળી લો ! આ ક્ષણિક મજાઓની સજા આખેરતમાં શું છું ?

ઝિના (વ્યભિચાર) તે અતિ ખરાબ જુર્મ છે કે, દુનિયાનો કોઈ ધર્મ પણ તેને જાઈઝ નથી દર્શાવતો, ન તો કોઈ સુસંસ્કૃત સોસાયટી (સંસ્કારી સમાજ) તેના માટેની ઈજાઝત આપે છે. અને ઈસ્લામ ધર્મએ તો તેને બદતરીન જુર્મ (સૌથી વધુ ખરાબ ગુનોહ) ઠરાવતાં વ્યભિચારીને દુનિયામાં સખત સજાના અને આખેરતમાં જહન્નમની કઠિન સજાઓના હકદાર ઠરાવ્યા છે અને તેને હરામ ઠરાવતાં કુર્આન મજીદે ફર્માવ્યું કે : "અને ઝિનાની નજીક ન જાવ, યકીનન તે બેહયાઈ (બેશરમપણુ) છે અને **ઘણો જ ખરાબ** (બુરો) **રસ્તો** છે." *(પારા–૧૫, સૂ.બની ઈસ્રાઈલ, આયત.૩૨)* વિચારો ! **અલ્લાહ જેને ઘણો જ ખરાબ રસ્તો** કહે તેની ખરાબીનો અંદાઝો કોણ લગાડી શકે ?! અને છતાંય એ રસ્તે જાય તે કેવો મુસલમાન કહેવાશે ?! અલ્લાહની પનાહ !

બીજી આયતમાં આ રીતે ઈર્શાદ ફર્માવ્યો તથા જહન્નમના અઝાબની સખત ધમકી (વઈદ) ફર્માવી કે : ''(જન્નતી તેઓ છે) જેઓ વ્યભિચાર નથી કરતા અને જે એ કામ કરશે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ કયામતના દિવસે અને તે હમેશાં તેમાં ઝિલ્લત (બેઈજ્જતી)ની સાથે રહેશે.'' *(પારા–૧૯, સૂરએ અલફુર્કાન, આ.૬૮–૬૯)*

ફર્માને ઈલાહી છે : ''મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે.'' *(કુર્આન)* એટલે બુરી નજરો કરવાથી અને વ્યભિચારથી ખૂબ બચે.

અલ્લાહ તઆલાએ મુસલમાન સ્ત્રી પુરૂષોને હુકમ આપ્યો કે તેઓ હરામની તરફ ન જુએ અને પોતાની શર્મગાહોને હરામકારીમાં પડવાથી મહફૂઝ રાખે. એ પણ યાદ રાખશો કે આંખથી જોવું એ આંખનો ઝિના, હાથ મિલાવવા હાથનો ઝિના, પગોથી સ્પર્શવું કે ચાલીને ખોટા કામ માટે જવું પગનો ઝિના, કાનથી બિભત્સ સાંભળવું કાનનો ઝિના.... તેમ દરેક અંગથી ઝિના થતો હોય છે.

## ★ વ્યભિચારીનો ભયાનક અઝાબ ★

એ પણ રિવાયત છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ સુધી ઉપર આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે. *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે (અર્થ) : નાના મોટા, જાહેર છુપા કોઈ પણ ગુનાહની નજીક ન જાવ. *(કુર્આન)*

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ બોસો (ચુંબન) લેવો, બુરી નજરથી જોવું અને સ્પર્શવું, જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હાથ ઝિના કરે છે, પગો ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે, જેમ કે ઉપર દર્શાવ્યું.

## ★ વ્યભિચારીને આખેરતની સજા ★

રબ તઆલાનું ફર્માન છે કે : ''જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં





નાખવામાં આવશે.'' *(કુર્આન)*

'અષામ' ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢુ ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે.''

**હે લોકો ! આપણે આપણી જાત પર રહમ ખાવી જોઈએ અને આવા ખુદાનો ગઝબ વહોરનારા ગુનાહોથી માઈલો દૂર ભાગવું જોઈએ, ક્ષણિક આનંદ જહન્નમના હજારો વર્ષોના ભયાનક અઝાબમાં નાખશે ત્યારે હાય હાય કરવાથી કાંઈ જ વળશે નહીં. માટે હે વ્યભિચારીઓ ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો !**

શું તમે કદી નથી સાંભળ્યું કે તમારા પૈગમ્બરે રૂહી ફિદા ﷺ ફર્માવે છે : ''જેણે **ઝિના કર્યો** અથવા **શરાબ પીધી** તો અલ્લાહ તઆલા તેનામાંથી ઈમાનને એ રીતે કાઢી નાખે છે જેવી રીતે માણસ માથેથી કુર્તો કાઢી નાખે છે.''

શું તમને એ પણ ખબર છે ? કે : અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકથી નજીક હોય છે અને કોઈ મગફિરત (બખ્શિશ) તલબ કરે તેને બખ્શે છે. પરંતું તે સ્ત્રીને નથી બખ્શતો જે પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)નો નાજાઈઝ ઉપયોગ કરતી રહે.

## ★ શિર્ક પછી સૌથી મોટો ગુનોહ કયો ? ★

પ્યારા આકા علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, (અર્થ) : **શિર્ક પછી અલ્લાહની નજીક આ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી ઔરતના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી એટલે કે જાઈઝ, કાયદેસરની પત્ની નથી.**

એક ઠેકાણે ફર્માવ્યું (અર્થ) : **મુસલમાન થઈને તો કોઈ ઝિના કરી જ નથી શકતુ !**

''વ્યભિચારી મર્દ ઔરતને કયામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે **તેમના ચેહરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે.''**

**આજે પર્દા પાછળ છુપાઈ છુપાઈને મોઢાં કાળાં કરી લો ! કાલે કયામતના દિવસે આખી મખ્લૂકની સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે જ ખબર પડશે !** કેટલાક આધેડો તથા વૃદ્ધો પણ વ્યભિચારમાં પડેલા હોય છે તેઓ પણ વાંચે અને તૌબા કરે.

સાતેવ આસમાન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃદ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે. અને કયામતના દિવસે ઝિનાકાર મર્દ તથા ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ થશે.

**''જે શખ્સ કોઈ પરાયી સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.''**

મેઅરાજની રાત્રે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ જોયું કે, એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહયા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, **આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા તેની આ સજા તેમને મળી રહી છે.**

એક કલમો પઢનાર ઈન્સાનને, રસૂલે પાક ﷺ ના ચાહકને વ્યભિચારથી તૌબા કરવા માટે આટલી વાતો પૂરતી છે, નહીં તો ખુદાના ગઝબમાં સળગવાની તૈયારી રાખવી પડશે. અને ખુદાની કસમ ! એને સહન કરવાની શકિત તમારામાં નથી જ ! તો પોતાની આખેરતને સમારવા કાજે આજથી બુરી નજર કરવાથી તથા બુરા કુકર્મોથી તૌબા કરી લો.

અને દુનિયામાં પણ વ્યભિચારની એવી સજા કુર્આને નિશ્ચિત ઠરાવી છે કે, જો વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી અપરણીત હોય તો તેમને **સો કોરડાઓ મારવામાં આવે** અને તેમના પર જરાય દયાભાવના નહીં કરવામાં આવે.

અને જો વ્યભિચારી બંને જણ પરણીત હોય તો તેઓને **જાહેર મજમામાં પથ્થરો વડે મારી મારીને** ત્યાં સુધી પથ્થરમારો (સંગસાર) કરવામાં આવશે કે જેથી તેઓ મૃત્યુ પામે અને આ મુજરિમોની સાથે જરા પણ દયાભાવનાનો વર્તાવ કરવામાં આવશે નહી. જેથી જેઓ ઝિના કરે છે તેઓ સમજે કે જો ઈસ્લામી બાદશાહ હોત તો આ સજાઓ તેમને પણ થાત ! **પોતે**





**કોરડાના કે સંગસારીના પાત્ર છે જ !** ભલે અહીં બચી ગયા પણ ખુદાના દરબારમાં કોઈ બચી શકશે નહીં ! જેથી આજે જ તૌબા કરો.

અંતમાં બહેનોને વિનંતિ કે ઈસ્લામ પર ચાલવામાં જ નજાત છે, ઈસ્લામ પર ચાલવામાં જ ઈજ્જત છે, ઈસ્લામ પર ચાલવામાં જ સુકૂન છે. જે બાપર્દા હશે તેના પ્રતિ કોઈ બુરી નિગાહ કરશે નહીં અને અસંખ્ય ખરાબીઓથી તે બચી જશે. જેથી દુનિયાની ક્ષણિક રંગીનીઓથી દૂર રહી આખેરતની હમેશાંની ખુશીઓને પામવા માટે પર્દો અપનાવી લો એમાં જ સૌની ભલાઈ છે. રબ્બે કરીમ આપણને સૌને ઈસ્લામના કાનૂનો પર અમલ કરવાની નેક તૌફીક બખ્શે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુલાઈ–૨૦૧૨, તંત્રી લેખ)*

...પ્રકરણ : ૧૮

## છેડતી તથા બળાત્કારને રોકવાનો ઈલાજ

# ઈસ્લામી પર્દો !

"સ્ત્રી આઝાદી"નું રૂડુ રૂપાળુ નામ આપીને સ્ત્રીને પુરૂષોના હાથનું કેવું રમકડુ બનાવવામાં આવી છે તેના સમાચારો રોજ બરોજ સાંભળવા મળી રહ્યા છે. બલ્કે સ્ત્રીની ફજેતીને રોકવાને બદલે તેને ફિલ્માવીને ન્યુઝ ચેનેલોવાળા તેને જગતભર સામે લીલામ કરી પોતાનો ધંધો ચમકાવી રહ્યા છે ! આવા બનાવો ઠેર ઠેર હવે બની રહ્યા છે. ઈસ્લામી પર્દાને સ્ત્રી આઝાદીનો દુશ્મન કહેનારા અને તેને ગુલામીનુ પ્રતીક કહેનારા સ્ત્રી આઝાદીના નામે સ્ત્રીઓને કઈ રીતની આઝાદી તથા કેવીક ઈજ્જત તરફ દોરી ગયા છે તેનાં કેટલાંક દષ્ટાંતો એમનાં જ વર્તમાનપત્રોના હવાલાથી અત્રે રજૂ કરીએ છીએ તેને વાંચો અને વિચારો કે હવે તેઓ પોતે જે બોલી બોલી રહ્યા છે તેમાં જાણે અજાણે, મને કમને ઈસ્લામી પર્દાને સમર્થન કરી રહ્યા છે કે નહીં ?! આવો અત્રે અવારનવાર ઈસ્લામ તથા મુસલમાનો વિશે ગૈર ઈન્સાફીથી ઘસાતુ લખનાર દૈનિક પત્ર "ગુજરાત સમાચાર"ના તા. ૧૫–૭–૨૦૧૨ના "ન્યુઝ ફોકસ" કોલમના લેખની અમુક ઝલકીઓ જોઈ લઈએ. તેમાં ખૂદ તેમણે જ દર્શાવ્યું છે કે સ્ત્રી આઝાદીનાં આ દેશમાં કેવાંક ચિથરાં વેરાઈ રહ્યાં છે અને જાણે કે પરિસ્થિતિ કાબૂ બહાર જઈ ચૂકી છે.

### ★ આઝાદ બની ફરતી સ્ત્રીઓની લોંડી જેવી શરમજનક પજવણીની દાસ્તાન ! ★

ગૌહત્તિમાં સ્ત્રી આઝાદીની મજા માણી રહેલી એક સ્ત્રી મિની સ્કર્ટ પહેરીને ટહેલવા નીકળી હતી તેને ૨૦ જેટલા આવારા યુવાનોએ કેવી રીતે ગુલામડી જેમ રસ્તા વચ્ચે છેડતી કરીને નગ્ન કરી નાખી જેને હજારો લોકોમાં કોઈએ બચાવી તો નહીં પણ મીડિયાવાળાઓએ તેનું પિક્ચર ઉતારી જગતભરને ચેનલો પર દેખાડયું ! જેના વિશે વાંચો "ગુજરાત સમાચાર" લખે છે :–





*"ગૌહતિમાં ૧૭ વર્ષની સગીર કન્યાની લાજ જાહેરમાં લૂંટવામાં આવી તેને કારણે આખા દેશમાં રોષ અને ધિક્કારની પ્રતિક્રિયા દેખાઈ રહી છે. આ ઘટનાને કેમેરામાં કેદ કરી લેવામાં આવી અને ટીવીની ચેનલો ઉપર તેને વારંવાર દર્શાવવામાં આવી તેને લીધે તેની ગંભીરતા અને તીવ્રતા એકદમ વધી ગયા હતા, જેને કારણે પોલીસે પણ ઝડપી પગલાં ભરવા પડયાં હતાં. પ્રસાર માધ્યમોની તાકાતનો આ પરચો હતો. ગૌહતિની ઘટનાએ* ***સમાજશાસ્ત્રીઓને વિચારતા કરી દીધા છે કે આપણા સમાજને આ શું થઈ ગયું છે*** *કે એક સાથે ૨૦ યુવાનો જાહેરમાં આવું ધૃણાસ્પદ કૃત્ય આચરવામાં ગર્વ અનુભવે છે, જેનો ખ્યાલ ટીવીની ચેનલો ઉપર દર્શાવવામાં આવતા ફૂટેજથી આવતો હતો. હક઼ીક઼તમાં રવિવારે ગૌહતિમાં જે ઘટના બની તેવી ઘટનાઓ ભારતનાં મહાનગરોમાં નિયમિત બનતી આવી છે. માટે જ તેનાં કારણોમાં ઊંડા ઉતરવાની આવશ્યક્તા છે."*

### ★ "સ્ત્રી આઝાદી" સૂત્રનાં ચિથરાં ઉડાડતા અન્ય બનાવો ★

એ જ દૈનિક પત્ર "ગુજરાત સમાચાર"ની એ જ કોલમમાં આગળ દર્શાવ્યું છે :–

*"ભારતના આર્થિક પાટનગર ગણાતા મુંબઈ શહેરમાં ઈ.સ. ૨૦૦૬ના ૩૧મી ડિસેમ્બરની મધરાતે ગૌહતિની ઘટના કરતાં પણ વધુ શરમજનક ઘટના બની હતી. મુંબઈના પ્રસિદ્ધ ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી કરવા આશરે એક હજાર લોકોનુ ટોળુ એકઠું થયું હતું અને શોરબકોર મચાવી રહ્યું હતું. આ ટોળામાં એક ૧૮ વર્ષની યુવતી પણ હતી, જે પોતાના બોયફ્રેન્ડ સાથે નવા વર્ષની ઉજવણી કરવા આવી હતી. આ યુવતીએ મિની સ્કર્ટ પહેર્યું હતું. ઉજવણીની ધમાલમાં આ યુવતીને કોઈએ ધક્કો માર્યો એટલે તેણે વિરોધ કર્યો. યુવતીને પાઠ ભણાવવા ૭૦ થી ૮૦ યુવાનો એકઠા થઈ ગયા અને તેનાં કપડાં ઉતારવા લાગ્યા. યુવતીના બોયફ્રેન્ડની પિટાઈ કરી તેમણે તેને અલગ પાડી દીધો. યુવતી "બચાઓ ! બચાઓ !"ની ચીસો પાડતી રહી પણ કોઈ તેની મદદે આવ્યું નહીં. આંખોમાં શયતાની આનંદ સાથે તોફાની યુવાનોએ તેને સંપૂર્ણ નગ્ન કરી નાખી. આ ઘટનાની કોઈએ ફિલ્મ પણ ઉતારી લીધી. બધુ પતી ગયા પછી પોલીસ આવી અને યુવતીને બચાવી લીધી. જે ગેટ વે ઉપર આશરે એક હજાર લોકો*

આ ધૃણાસ્પદ ઘટના નિહાળી રહ્યા હતા, તેમાંના કોઈએ યુવતીને બચાવવાની હિંમત કરી નહીં.

ગેટ વે ઓફ ઈન્ડિયાની ઘટનાના બરાબર એક વર્ષ પછી મુંબઈના પોશ ઈલાકા ગણાતા જુહુની ફાઈવ સ્ટાર હોટેલ જે. ડબલ્યુ મેરિયટની બહાર આવા જ પ્રકારની ઘટના બની હતી. બે યુવકો પોતાની ગર્લફ્રેન્ડો સાથે ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી કરવા મેરિયટ હોટેલમાં ગયા હતા. હોટેલની બહાર જેમની પાસે ફાઈવ સ્ટારમાં પાર્ટી કરવા જેટલા રૂપિયા નહોતા એવા સેંકડો લોકો રસ્તા ઉપર પાર્ટી કરવા એકઠા થયા હતા. મોડી રાત્રે લગભગ ૧.૪૫ કલાકે બે યુવકો અને યુવતીઓ મેરિયટ હોટલમાંથી બહાર નીકળ્યા ત્યારે આશરે ૪૦ તોફાની યુવાનોના ટોળાએ આ યુવતીઓની છેડતી કરવા માંડી અને તેની બાબતમાં ગંદી કોમેન્ટ કરવા માંડી. યુવતીઓએ અને તેમના બોયફ્રેન્ડોએ તેનો વિરોધ કર્યો એટલે ટોળુ તેમની ઉપર તૂટી પડયું. તેમણે યુવતીઓનાં કપડાં ફાડી નાખ્યાં. અને તેમના બોયફ્રેન્ડોને માર માર્યો. જોતજોતામાં ટોળુ વધી ગયું અને બીજા લોકો પણ આ બદમાશ યુવાનો સાથે જોડાઈ ગયા. અડધા કલાક પછી પોલીસ આવી અને યુવતીઓનો છૂટકારો થયો.''

આ હતા મુંબઈ નગરીના શરમજનક બનાવો. આવો ! હવે પટણા તથા દિલ્હીના અમુક બનાવોની ઝલક જોઈ લઈએ. ''ગુજરાત સમાચાર''ના એ જ લેખમાં આગળ છે :–

''બિહારની રાજધાની પટનામાં પણ ઈ.સ. ૨૦૦૯ની ૨૪મી જુલાઈએ આ પ્રકારની ઘટના બની હતી. પટનાના એક્ઝિબિશન રોડ ઉપર આવેલી રેસ્ટોરન્ટમાં એક ૨૦ વર્ષની યુવતી પોતાના પુરૂષ મિત્ર સાથે બેસીને નાસ્તો કરી રહી હતી. અચાનક એક યુવાન આવ્યો અને તેણે યુવતી ઉપર મોબાઈલ ચોરી કરવાનો આરોપ મૂક્યો. યુવતીએ ઈન્કાર કર્યો એટલે યુવાને તેના શરીરની ઝડતી લેવા માંડી. યુવતીએ ભાગવાની કોશિશ કરી એટલે યુવાન તેની પાછળ દોડયો. હવે તમાશો રસ્તા ઉપર ચાલુ થયો. તમાશો જોવા લોકોનું ટોળુ એકઠું થઈ ગયું. આ ટોળાંની સામે યુવાને યુવતીને નગ્ન કરી, પણ તેનો વિરોધ કરવા કોઈ આગળ આવ્યું નહીં. તેમાનાં એકે પોતાના મોબાઈલ વડે આ ઘટનાની મૂવી ઉતારી લીધી. આ પ્રકારની ઘટનાઓને અટકાવવાને બદલે તેને ફિલ્મ ઉતારવામાં બહાદુરી સમજનારા લોકોની માનસિક્તા પણ



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

તપાસવાની જરૂર છે.

ભારતના પાટનગર દિલ્હીમાં સ્ત્રીઓની છેડતીની અને બળાત્કારની ઘટનાઓ નિયમિત બનતી રહે છે. દિલ્હીમાં શ્રીમંતોના એવા નબીરાઓ વસે છે, જેમની પાસે પૈસા છે અને પાવર છે. તેમને સ્ત્રીઓની છેડતી કરવામાં અને કાયદાઓનો ભંગ કરવામાં કોઈનો ભય નડતો નથી, કારણ કે તેમને ખબર છે કે ગુનો કરીને પણ તેઓ છટકી જવાના છે. દિલ્હી નજીક આવેલાં ગુરગાંવમાં આ વર્ષના ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી વખતે જ એક શરમજનક ઘટના બની હતી. ગુરગાંવના એક પોશ મોલની અંદર એક પબ આવેલું છે. આ પબમાં નવા વર્ષની પાર્ટી ચાલી રહી હતી.

કેટલાક લુખ્ખા યુવાન મોલની બહાર નવા વર્ષની ઉજવણી કરવા ટોળે વળ્યા હતા. રાતના લગભગ એક વાગ્યે એક યુવતી તેના બોયફ્રેન્ડ સાથે આ પબમાં પાર્ટી કરીને બહાર આવી રહી હતી ત્યારે કેટલાક યુવકોએ તેની સામે અભદ્ર કોમેન્ટ કરી હતી. યુવતીના બોયફ્રેન્ડે તેનો વિરોધ કર્યો એટલે તેની મારપીટ કરવામાં આવી હતી. એકલી પડી ગયેલી યુવતી ઉપર ૨૦ યુવાનોએ બળાત્કાર કરવાની કોશિશ કરી હતી અને તેનાં કપડાં ફાડી નાખ્યાં હતાં. આ યુવાનોએ યુવતીનું અપહરણ કરવાની કોશિશ પણ કરી હતી, પણ ત્યાં પોલીસ આવી ચડી હતી.

દિલ્હી શહેર હવે મહિલાઓ માટે અસલામત બની ગયું છે. અહીં રાત્રે આઠ વાગ્યા પછી એકલી સ્ત્રી સડક ઉપર નીકળવાની હિંમત કરતી નથી. તેમાં પણ જે સ્ત્રીઓ કોલ સેન્ટરમાં કે હોસ્પિટલમાં નાઈટ ડયૂટી કરતી હોય તેમને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવામાં જોખમ વધી રહ્યું છે. મોડી સાંજે દિલ્હીના શ્રીમંત નબીરાઓ પોતાની એક એસયુવી કાર લઈને મોજ કરવા નીકળે છે. તેઓ કોઈ એકલી યુવતીને બસ સ્ટેન્ડ ઉપર બસની રાહ જોતી જુએ તો તેને લિફ્ટ આપવાના બહાને કારમાં ખેંચી લે છે અને ચાલતી કારે તેના ઉપર બળાત્કાર ગુજારીને તેને રસ્તા ઉપર છોડી દે છે. દિલ્હી શહેરના બગીચાઓમાં રાતના સમયે પ્રેમી યુગલો એકાંતમાં બેઠા હોય તેની પાસે તેઓ પહોંચી જાય છે અને યુવતીઓની છેડતી કરે છે. આ દુષ્કૃત્ય પાછળ એવી માનસિક્તા કામ કરી રહી હોય છે કે આ યુવતીઓ લૂઝ કેરેક્ટરની હોવાથી સજાને પાત્ર હોય છે. આ સજા કરવાના નામે તેઓ પોતાની વિકૃત વાસનાને સંતોષી લેતા હોય છે. આ કાર્ય ટોળામાં થતું હોવાથી તેમને

*પકડાઈ જવાનો ડર પણ રહેતો નથી."* (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)

## ★ કહેવાતા સ્ત્રી આઝાદીના દૌરમાં સ્ત્રી બીજા લગ્ન પણ ન કરી શકે ! ★

સંજોગોવસાત પતિ મૃત્ય પામે અથવા છૂટાછેડા થઈ જાય તો સ્ત્રી ઈજ્જતની જિંદગી ત્યારે જ જીવી શકે છે કે તેની રક્ષા કરનારો તેનો ધણી હોય. નહીં તો એવી એકલી સ્ત્રીને શંકાની દષ્ટિએ લોકો જોતા હોય છે અથવા તેને ફસાવતા હોય છે. અહીં જે પ્રસંગ રજૂ થયો છે તે કોઈ સામાન્ય સ્ત્રીનો નહીં પણ "આસામ વિધાન સભાના સભ્ય"નો છે. જો કહેવાતા સ્ત્રી આઝાદીના આ યુગમાં ઉઘાડે છોગે જ્યારે આવા હોદ્દાધારીની આ સ્થિતિ થાય તો સામાન્ય વિધવાઓ કે ત્યક્તાઓની શું હાલત થતી હશે ? લો જોઈ લો ! એ જ દૈનિક પત્ર લખે છે :–

*"હજી ૧૫ દિવસ પહેલાં જ ગૌહાટીમાં આસામની વિધાનસભાનાં કોંગ્રેસી મહિલા સભ્ય શ્રીમતી રૂમી નાથની જાહેરમાં પિટાઈ કરવામાં આવી હતી. અને તેમનાં કપડાં ફાડી નાખવામાં આવ્યા હતાં.*

*રૂમી નાથનો ગુનો એટલો હતો કે તેણે બીજાં લગ્ન કર્યાં હતાં. રૂમી નાથ પોતાના બીજા પતિ સાથે એક હોટેલમાં બેઠી હતી ત્યારે સેંકડો લોકોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું અને રૂમી નાથને અને તેના પતિને મારવા લાગ્યું હતું. તેમાના કેટલાક દારૂ પીધેલી હાલતમાં હતા. તેમણે રૂમી નાથનાં કપડાં ફાડી નાંખ્યાં હતાં અને તેની ઉપર બળાત્કાર કરવાની કોશિશ કરી હતી. રૂમી નાથ ગર્ભવતી છે એ વાતની પણ તેમણે પરવા નહોતી કરી. રૂમી નાથ ઉપર હુમલો કરનારા લોકો એવા હતા કે જેમને આ બીજા લગ્નથી કોઈ ફરક પડતો નહોતો. તેઓ સમાજની નીતિમત્તાનો ઠેકો લઈને ફરનારા લોકો હતા. આવા લોકો દરેક સમાજમાં હોય છે."* (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)

ઈસ્લામમાં વિધવાએ લગ્ન કરવા અયબ નથી, બલ્કે એની ઈજાઝત આપી અને એને મુસ્તહસન તથા મુસ્તહબ (સારુ કામ) બલ્કે કેટલાક સંજોગોમાં વાજિબ (અનિવાર્ય) ઠરાવેલ છે. જેમ કે વિધવાના ભરણ પોષણની સમસ્યા હોય અથવા યુવાનીના કારણે ગુનાહમાં પડવાનો કે કોઈના હુમલાનો ભય હોય. ગમે તેટલા પતિ મૃત્યુ પામતા જાય પણ તેણી નિકાહ કરી શકે છે.





એમાં કાંઈ ગુનોહ કે શરમની વાત નથી, શરમ તો વ્યભિચારી થવામાં છે !

એ જ "ગુજરાત સમાચાર"માં અંતમાં લખ્યું છે :–

*"પુરૂષોએ પોતાની આ રૂગ્ણ માનસિક્તા બદલવાની જરૂર છે. સ્વતંત્રતાનો આનંદ લૂટવા ઘરની બહાર નીકળનારી પ્રત્યેક સ્ત્રીએ આવી માનસિક્તા ધરાવતા પુરૂષોથી પોતાનું રક્ષણ કરવાની સતર્કતા રાખવાની અને બહાર નીકળતી વખતે સાવધાની વર્તવાની જરૂર છે."* (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)

શું આ દૈનિક પત્રની જણાવેલી આટલી જ વાત સ્ત્રીની ઈજ્જતની રક્ષા માટે પૂરતી છે ? શું એમની આટલી ટકોરથી પુરૂષો સુધરી જશે ? અને સ્ત્રીઓ પોતાનુ રક્ષણ કરવા કઈ રીતની સતર્કતા તથા સાવધાની રાખે એ તો બતાવ્યું નથી ! આવો, આવી ફજેતીઓ રોકવાનો ઈલાજ ઈસ્લામે શું દર્શાવ્યો છે તેનો અભ્યાસ કરીએ. જો એના પર અન્ય ધર્મીઓ પણ અમલ કરી લે તો સ્ત્રી ફજેતીની તથા બેઈજ્જતીની આવી શરમજનક ઘટનાઓનો દુનિયામાંથી ખાતમો થઈ શકે છે.

## ★ સ્ત્રીની ઈજ્જતની રક્ષા તથા તેણીનુ મહત્વ દર્શાવતા ઈસ્લામી હુકમો ★

ઉપરોક્ત લખાણમાં આપે જોયું કે તે વર્તમાન જગત જે આમ તો પોતે "સ્ત્રી આઝાદી"ની બૂમો પાડે છે પણ સ્ત્રીની સરેઆમ કેવી બેઈજ્જતી કરી રહ્યું છે તેનો ચિતાર જોઈ લીધો. આવો ! હવે આઝાદી કોને કહેવાય અને ઈજ્જત કઈ રીતે સચવાઈ તેના સૌની બુદ્ધિમાં સમાય તેવા નુસ્ખા તથા હુકમો જોઈ લો. આજે સૌ સમજે છે કે આપણા સમાજની દીકરીઓ તથા સ્ત્રીઓ શરીર પ્રદર્શન કરતા પશ્ચિમી બેહયા કૌમની ફેશન ધરાવતા ડ્રેસો પહેરીને નીકળે છે અને કોલેજો, કલબોમાં, બજારોમાં આવરગીથી ફરે છે અને પરપુરૂષોની ઝેરીલી નજરોનું કેન્દ્ર બને છે, પોતે પણ સ્ત્રી આઝાદીના નશામાં પર પુરૂષોથી નજરો લડાવે છે, બોયફ્રેન્ડનું રૂપાળુ નામ આપી નાલાયક યુવાનો સાથે ગમ્મતો મશ્કરીઓ કરે છે. હાથો મિલાવે છે, જોડે ફરવા નીકળે છે જેના પરિણામે છેલ્લે ઝિના થાય છે અને તેનાં ભયાનક પરિણામો પણ ઉદ્‌ભવે છે એમાં આત્મહત્યા કે ઝઘડા બલ્કે હુલ્લડો તથા ખૂનામરકી પણ થાય છે. આ છે કહેવાતી સ્ત્રી આઝાદીનું પરિણામ ! પણ આ ખરાબીઓથી સમાજને પવિત્ર

તથા સુકૂનવાળો રાખવા માટે કુર્આનમાં રબ તઆલાનો આદેશ છે કે :–

"જ્યારે તમે એમનાથી કોઈ સામાન માગો તો પર્દાની પાછળથી માગો, આ તમારા અને એમનાં **દિલોના માટે અધિક સાફ સ્વચ્છ રીત** છે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૪)*

દિલ બહેકે છે, દિલમાં શૈતાની ખયાલ આવે છે ત્યાર પછી જ સર્વ ગુનાહનાં કામો પ્રતિ માણસ આગળ વધે છે. પણ **ઈસ્લામે દિલ પર જ પહેરો બેસાડી આપ્યો કે પર્દા પાછળ સ્ત્રી રહે તો ન નજર મળે ન દિલ બહેકે ન ખરાબી જન્મ આપે ન સ્ત્રીની બેઈજ્જતી થાય ન સમાજમાં ઝઘડા, ફસાદ, આત્મહત્યા કે ખૂનામરકી જન્મ પામે. કેટલો પ્યારો આદેશ છે !** કાશ ! કે દુનિયા એના પર અમલ કરી લે તો જગભરતમાં અમ્નોશાંતિ જોવા મળે. આજે નાજાઈઝ લફરાંઓના કારણે ઠેરઠેર આત્મહત્યા તથા ખૂનો કરવાના તથા ઝઘડાઓ થવાના સમાચારો આ જ વર્તમાનપત્રોમાં આપણે જોઈએ છીએ કે નહીં ?!

## ★ સ્ત્રીનો ફેશનેબલ ડ્રેસ જ પુરૂષોને ઝિનાનું નિમંત્રણ આપે છે ! ★

ઉપરોક્ત કુર્આની હુકમ પ્રમાણે સ્ત્રી પર્દાની અંદર રહેવાને બદલે શણગાર કરીને ઘરેથી નીકળી પડે છે તો ઘરેથી નીકળી ફરી ઘરે પહોંચતાં સુધી હજારો બુરી નજરોનાં ઝેરીલાં તીરોનો તેણી સામનો કરતી રહે છે, તેનાથી ગભરાવા શરમાવાને બદલે મનમાં મલકાય છે કે હું કેટલી સુંદર લાગુ છું કે લોકો મને તાકી રહ્યા છે ! અને આવી સ્ત્રીઓ કોઈક શૈતાનના હાથોમાં ક્યારેક જઈ પડે છે તો ગુનાહોના સમંદરમાં ભરતી લાવી દે છે અને અલ્લાહના અઝાબને રજીસ્ટર્ડ કરાવી લે છે અને પછી ઉપરોક્ત જણાવ્યા તેવા ખતરનાક બનાવોનો શિકાર પણ બને છે. એવું ન બને એટલે જ **સ્ત્રીઓને રબ તઆલાનો આદેશ** થયેલો છે કે : "અને પોતાનો શણગાર ન દેખાડો, પણ જેટલો (ચહેરો અને હથેળીઓ સિવાય સર્વ ઢાંકે માથુ, વાળ, ગળુ વગેરે પગ સુધી) આપો આપ જ જાહેર છે અને ઓઢણીઓ પોતાની ગરદન પર રાખેલી રહે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૩)*

અને પરાયા પુરૂષો સમક્ષ જરૂરત પૂરતુ જવાનુ થાય કે પસાર થવાનુ





થાય તો **ચહેરો પણ ઢાંકી લે** જેમ કે **રબનું ફર્માન** છે, "હે નબી ! પોતાની પત્નીઓ, પુત્રીઓ તથા મુસલમાન સ્ત્રીઓને કહી દો કે **પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ : ૫)*

ભાઈઓ તથા બહેનો ! સ્ત્રીને ઈસ્લામે ગુલામડી નથી સમજી બલ્કે મહત્વની ચીજ તથા ઈજ્જતને પાત્ર સમજી છે ત્યારે જ તો તેની ઈજ્જત બચાવવાના આવા આદેશો થઈ રહ્યા છે. **આઝાદી એને કહે છે કે ઈન્સાન સુકૂનથી જીવન જીવી શકે, અહીં તો એવી આઝાદી છે કે નગ્ન થઈને હરો ફરો ને જિંદગીમાં ભયાનક મુસીબતો વહોરો ! અને ચૈન સુખને બદલે હમેશાંની ઉલઝનો વહોરો ! કેટલીક બહેનો કાંઈક કારણસર મોંઢે કપડુ બાંધે છે જ્યારે હાથો ખુલ્લા, ફીટો ફીટ કપડાં હોય છે જે લોકોમાં અધિક આકર્ષણ ઊભુ કરે છે !** તો આ પર્દો નથી પણ પોતાની ઓળખ છુપાવવાની બુકાનીધારી જેમ એક રીત છે ! તો એનાથી તૌબા કરે અને ઈસ્લામી સંપૂર્ણ પર્દો અપનાવે.

## ★ સ્ત્રી ઈજ્જત ચાહતી હોય તો અવાજ પણ ધીમો રાખે ★

વળી આજકાલ મોર્ડન યુવતીઓ નખરાં સાથે જોર જોરથી વાતો કરીને લોકોને આકર્ષે છે. આમેય સ્ત્રીના અવાજમાં આકર્ષણ હોય છે જેનાથી દિલના રોગી એ પ્રતિ જોવા લલચાય છે. અને આ રીતે ગુનાહનો માર્ગ મોકળો બને છે. એટલે આ ખરાબીઓને ઉગતી દાબી દેવા માટે **સ્ત્રીઓને રબ તઆલાનો આદેશ** થયો : "જો અલ્લાહથી ડરતી હોઉં તો નઝાકતથી (નખરા સાથે) વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૧)*

આશ્ચર્યની વાત છે કે જેમને જોરથી બોલવાની છૂટ છે તે પુરૂષો વાતો કરશે તો ધીમી કરશે અને જેમને ધીમેથી બોલવાનો હુકમ છે તે સ્ત્રીઓ હમેશાં મોટાભાગે જાહેરમાં પણ જોર જોરથી વાતો કરે છે ! જ્યારે કે રસૂલે પાક ﷺનું પણ ફર્માન છે કે, "કાનોનો ઝિના સાંભળવું અને જીભનો ઝિના વાતચીત કરવું છે." આ હુકમો બુરાઈના નિકંદન માટે છે અને સારા સુઘડ

હયાવાળા પવિત્ર સંસ્કૃત સમાજના ઘડતર માટે જ છે. ફિક્હમાં હુકમ છે : "યુવાન પરસ્ત્રીનો અવાજ સાંભળવો નાજાઈઝ છે. હા ! શરઈ જરૂરત હોય, જેમ કે ગવાહી વગેરે તો સાંભળવો જાઈઝ જ નથી બલ્કે કદીક વાજિબ તથા જરૂરી થઈ જાય છે." *(અલ્બરીકહ શરહુત્તરીકહ, પેજ : ૧૧૯૨, પર્દો શા માટે ?)*

## ★ તમામ માનવોને પોશાક વિશે ઈસ્લામનું માર્ગદર્શન ! ★

આજે સ્ત્રીઓ સીધા માણસની પણ વાસના ભડકાવનારા નગ્નતાવાળા અવનવા ડ્રેસો પહેરીને ફરતી થઈ ગઈ છે જેથી ઉપર દર્શાવ્યા તેવા બનાવો વધવા માંડયા છે પણ એને રોકવા **ઈસ્લામ શું ડ્રેસ કોડ આપે છે** તે જુઓ ! **સમગ્ર માનવોને સંબોધીને રબ તઆલા ફર્માવે છે :-**

"હે આદમની ઔલાદ ! મેં તમારા તરફ એક પોશાક ઉતાર્યો જે તમારી શરમની જગાઓને છુપાવે અને એક તે જે તમારી શોભા થાય, અને પરહેઝગારીનો પોશાક ભલો છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે ક્યાંક તેઓ નસીહત માને." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, રુકૂઅ : ૧૦)*

એટલો પોશાક ફરજ છે કે જેનાથી સતર (છુપાવવાનાં અંગો) ઢંકાઈ જાય અને ગરમી તથા ઠંડીની તકલીફથી બચે, અને એનાથી વધારે જેને શણગારનો હેતુ હોય, અલ્લાહની આપેલ નેઅમતને જાહેર કરવામાં આવે તે મુસ્તહબ છે. *(બહારે શરીઅત, ૧૬/૩૮)*

જે અંગોને છુપાવવું ફર્ઝ છે એને ઔરત (છુપાવવાની ચીજ) કહે છે. સ્ત્રી માટે અગાઉ વર્ણવ્યું તેમ **ચહેરાનું ચોકઠુ** અને **હાથની હથેળીઓ સિવાય સર્વે અંગો છુપાવવાનો હુકમ** છે. અને જરૂરતના સમયે ચહેરો પણ છુપાવે." **પુરૂષના માટે ડૂંટીની નીચેથી ગુથણો સુધી** ઔરત (છુપાવવાની જગા) છે. એમાંથી લોકો સામે કોઈ ભાગને શરઈ કે તબઈ જરૂરત વિના ખોલવું **હરામ** છે. **આજકાલ પશ્ચિમી બેહયા ફાસિક્ લોકો જેમ યુવાનોમાં પણ ચડ્ડા તથા ખૂબ ટૂંકા પેન્ટ પહેરવાની પશ્ચિમી ફાસિક્ કૌમ જેવી ફેશન ચાલી નીકળી છે જેમાં કેટલાક ફખ્ર તથા બહાદુરી સમજે છે. જેનાથી કેટલાકમાં તો ડાયરેક્ટ જાંગો દેખાય છે તો કેટલાકમાં ઉઠવા બેસવામાં તથા સ્કૂટર કે મોટરમાં બેસવામાં જાંગો**





**ખુલી જાય છે કે ખુલવાની શક્યતા રહે છે.** પણ સાંભળો ! **જાંગો ખોલવી હરામ છે** જેના વિશે અલ્લાહના રસૂલ ﷺ શું કહે છે :

૧. હઝરત જરહદ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "શું તને ખબર નથી જાંગ શરમની જગા છે !"

૨. હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "હે અલી ! પોતાની જાંગ જાહેર ન કરો અને કોઈ જીવંત કે મુર્દાની જાંગ ન જુઓ." *(મિશ્કાત, સુનને અબૂ દાઊદ)*

૩. મુહમ્મદ બિન જહશથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક વૃદ્ધની પાસેથી પસાર થયા અને એની જાંગો ખુલ્લી હતી તો આપે ફર્માવ્યું, "હે વૃદ્ધ ! તમારી જાંગોને છુપાવો ! કેમ કે જાંગ છુપાવવાની ચીજ છે !" *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૨૬૯)*

આ પરથી **ચડ્ડા તથા ફેશનવાળા ઊંચા પેન્ટ પહેરનારા યુવાનો તેમજ લુંગીને લંગોટ જેમ બાંધનારા વડીલો બોધ લેશે ?!** ઈન્શાઅલ્લાહ !

## ★ પુરૂષો સ્ત્રી જેવો અને સ્ત્રીઓ પુરૂષ જેવો દેખાવ ન બનાવે, નહીં તો..?! ★

આજકાલ પુરૂષો જેમ જિન્સ પેન્ટ પહેરવું, ટી શર્ટ, હાફ બાંય કે બાંય વિનાનું પહેરવું, વાળ કપાવવું....વગેરે સ્ત્રીઓમાં ચાલી નીકળ્યું છે, તો એવી ભાયડાછાપ સ્ત્રીઓને સાવધાન કરવા ઈસ્લામી આદેશો જોઈ લો ! તેમજ સ્ત્રીઓ જેમ દેખાવ બનાવનારા પુરૂષો, જેમ કે દાઢી મૂંડાવવી, કાનમાં રીંગ પહેરવી, ગળામાં સોના, ચાંદી કે અન્ય ધાતુની ચેઈન પહેરવી, હાથોમાં બંગડીઓ, લોકીટ વગેરે પરોવી શણગાર કરવો... વગેરે કરનારા પુરૂષો પણ ઈસ્લામી આદેશ વાંચે અને બોધગ્રહણ કરે.

૧. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : અલ્લાહના રસૂલ ﷺ એ સ્ત્રી જેવા બનનારા પુરૂષો અને પુરૂષ સમોવડી બનનારી સ્ત્રીઓ પર **લઅનત** મોકલી. (લઅનત એટલે રબની રહમતથી દૂર થવું)

૨. બીજી રિવાયતમાં છે : રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રીઓ જેવો દેખાવ અપાવનારા પુરૂષો તથા પુરૂષો જેવો દેખાવ અપનાવનારી સ્ત્રીઓ પર **લઅનત** મોકલી છે. *(રિયાઝુસ્સાલિહીન, બહવાલા બુખારી-૬૨૫)*

૩. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એ પુરૂષ પર જે સ્ત્રીઓનો પોશાક પહેરે અને એ સ્ત્રી પર જે પુરૂષોનો પોશાક અપનાવે **લઅનત** મોકલી છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૨૧૨)*

૪. પુરૂષોની સરખામણીથી બચવા ઓઢણીઓમાં પણ સાવધાનીનો હુકમ ફર્માવ્યો. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا રાવી છે : નબી صلی اللہ علیہ وسلم એમની પાસે તશરીફ લાવ્યા અને તેણી દુપટ્ટો ઓઢી રહ્યાં હતાં. આપે ફર્માવ્યું એક જ આંટો મારો ! બે આંટા ન મારો ! *(૨/૨૧૪)* કારણ એ હતું કે એમાં પુરૂષોના અમામા જેમ ન થઈ જાય. જેમ કે આજકાલ કેટલીક બહેનો માથા પર ઓઢણી અમામા જેમ કામ કરતી વેળા વિંટી દે છે તો એનાથી બચે.

ઈસ્લામમાં આ સર્વ બાબતોની પાબંદી એટલા માટે જ છે કે શરમો હયા સમાજમાં બાકી રહે અને કોઈ ફિત્નો ફસાદ ઉભો ન થાય અને એક સુકૂનવાળો સમાજ અસ્તિત્વ પામે.

## ★ આ વાતો ઈસ્લામે ૧૪૦૦ વરસો પહેલાં બતાવી છે ! ★

આપે દૈનિક પત્ર "ગુજરાત સમાચાર" તા. ૧૫–૭–૨૦૧૨ના હવાલાથી ગૌહતિની યુવતી પર ૨૦ યુવાનોના જાહેરમાં બળાત્કારની ઘટના વાંચી એના પ્રત્યાઘાતરૂપે "રાષ્ટ્રીય મહિલા પંચ"ના અધ્યક્ષ મમતા શર્મા (ન્યુ દિલ્હી)એ પણ કહેવું પડયું કે, *"આઝાદીના ૬૩ વરસો પછી આ પહેરો કે તે ન પહેરો એમ કહેવું યોગ્ય નથી. તમને (બહેનોને) અનુકૂળ આવે તેવો પોશાક પહેરો, પરંતુ સાથે સાથે યોગ્ય કાળજી પણ રાખો.* ***પશ્ચિમનું આંધળુ અનુકરણ (એટલે નગ્નતાવાળો પોશાક પહેરવો) કરવાથી આપણી સંસ્કૃતિને જ નુકસાન પહોંચશે અને આવી ઘટનાઓ બનશે."*** *(ગુજરાત સમાચાર, તા. ૨૧–૭–૨૦૧૨)*

જો કે એમના આ નિવેદનનો પણ ખૂબ જ વિરોધ થયો હતો ! જેવી રીતે કે ન્યૂયોર્કમાં બનતી બળાત્કારની ઘટનાઓ રોકવા બાબતે ત્યાંના પોલીસ કમિશ્નરે એકવાર યુવતીઓને પોતાનો પોશાક વ્યવસ્થિત પહેરવા રિકવેસ્ટ કરી હતી તો તેના વિરુદ્ધમાં પૂરા અમેરિકા બલ્કે દિલ્હી વગેરેમાં પણ નગ્નતાભર્યા પોશાકો પહેરી યુવતીઓના સંગઠનોએ રેલીઓ કાઢી અને તેનો



વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ

વિરોધ કરી તેમની પાસે એ નિવેદન પાછુ ખેંચાવી માફી મંગાવી હતી ! એટલે હવે સ્થિતિ એવી થઈ ગઈ છે કે **સારી વાત કહેવી ગુનો છે નગ્ન ફરવું ગુનો નથી !**

જો કે હિંદુસ્તાનમાં ઈન્દોર ખાતે રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષ મમતા શર્માના નિવેદનના સમર્થનમાં મધ્ય પ્રદેશના ઉદ્યોગ મંત્રી કૈલાશ વિજય વર્ગીયએ આ શબ્દો કહ્યા હતા : *"સ્ત્રીઓની સલામતી અને તેમને મળતો આદર તેઓ શું પહેરે છે અને કેવી રીતે વર્તે છે એના પર આધાર રાખે છે. મહિલાઓનો પહેરવેશ અને વર્તન ભારતીય સંસ્કૃતિ મુજબ હોવો જોઈએ. સ્ત્રીઓની ફેશન, રહેણીકરણી અને આચરણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોવું જોઈએ. સ્ત્રીઓએ એવાં કપડાં ન પહેરવાં જોઈએ કે જેથી લોકો તેમની સાથે દુર્વ્યવ્હાર કરવા પ્રેરાય.* ***સ્ત્રીઓએ એવા પોશાક પહેરવા જોઈએ કે જેથી લોકોમાં તેમના પ્રત્યે આદર જન્મે.*** *કમનસીબે સ્ત્રીઓ ઉત્તેજક પોશાક પહેરે છે અને પરિણામે સમાજ ગેર માર્ગે દોરાય છે." (ગુજરાત સમાચાર, તા. ૨૩–૭–૨૦૧૨)*

કહો ! શું આ જાણ્યે અજાણ્યે ઈસ્લામી પર્દાને સમર્થન છે કે નથી ?! ભાઈઓ તથા બહેનો ! જો નિષ્પક્ષપણે ઈન્સાફથી ઈસ્લામી કાનૂનો તથા હુકમોનો અભ્યાસ કરવામાં આવે તો દિમાગ રોશન થઈ જશે અને કહેવું પડશે કે ખરેખર જો ઈસ્લામી આદેશોને અનુસરવામાં આવે તો સ્ત્રીઓ કશાય ભય વિના સ્વતંત્રતાથી હરી ફરી શકે છે અને સમાજની સર્વ ખરાબીઓ દૂર થઈ શકે છે.

## ★ ઈસ્લામના હુકમોની આ ખૂબીઓ બીજે ક્યાંય જોવા નહીં મળે ! ★

દુનિયાના માહોલને તથા સમગ્ર સમાજને ખરાબીઓથી બચાવવા માટે ઈસ્લામે જડમૂળથી વ્યભિચારની ખરાબીને દૂર કરવા તથા તેને પ્રવેશતી જ અટકાવવા માટે કેટલા ઉમદા આદેશો આપ્યા છે ! જુઓ કુર્આનમાં રબનું ફર્માન છે :–

"મુસલમાન પુરૂષોથી ફર્માવી દો કે **પોતાની નજરો નીચી રાખે** અને **પોતાની શર્મગાહોની હિફાઝત કરે,** આ એમના માટે ઘણુ સુથરુ છે. બેશક ! અલ્લાહને એમનાં કામોની ખબર છે." *(પારા : ૧૮, રુકૂઅ : ૧)*

એક જગા પર આ પ્રમાણે ઈર્શાદ છે : ''બેશક ! કાન, આંખ, દિલ સૌની પૂછતાછ થશે.'' *(સૂરએ અસ્રા)*

એક ઠેકાણે ઈર્શાદ છે : **''અલ્લાહ જાણે છે નજરોની ચોરીને અને દિલમાં છુપાયેલ વાતોને.''**

સારાંશ કે **પરસ્ત્રીનો ચહેરો જોવો પણ જાઈઝ નથી તો બીજા અંગોને તાકવાં કેટલા અંશે હરામ થશે અને અલ્લાહ કેટલો એનાથી નારાજ થશે ?!** તે વિચારો ! કેવળ ગવાહ કે ક઼ાઝી માટે અને નિકાહ કરવા ઈચ્છનાર માટે ચહેરો જોવાની ઈજાઝત છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, નિસ્ફ આખિર)*

માણસની નજરો જ સૌ પ્રથમ સ્ત્રીની નજરો સાથે ટકરાય છે અને દિલોમાં ખોટ હશે તો આપસમાં આકર્ષણ જન્મતાં મામલો ઝિના સુધી પહોંચે છે અને પછી તેમાંથી સામાજિક ખરાબીઓ તથા અજંપા અને અશાંતિ ઉભી થાય છે, **જેથી જ નજરો પર ઈસ્લામે પાબંદી લગાડી** છે. જુઓ સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની રિવાયત નક઼લ થયેલ છે : ''મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી **અચાનક નજર પડવાના** વિશે સવાલ કર્યો તો આપે હુકમ આપ્યો કે **નજર ફેરવી લો.''** *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૨૬૮)*

મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ તથા દારમીએ હઝરત બુરીદા رضی اللہ عنہની રિવાયત નક઼લ કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ફર્માવ્યું, ''હે અલી ! એક નજરના પછી બીજી નજર ન જુઓ ! **પહેલી નજર (ઈરાદા વિનાની) માફ** છે પણ **બીજીવાર જોવાની રજા નથી.''** *(પેજ : ૨૬૯)*

એક હદીષમાં છે : ''વળી એકબીજાને જોનાર જોવડાવનાર પરપુરૂષ પરસ્ત્રી બંને પર અલ્લાહ લઅનત ફર્માવે છે. તેમજ ફર્માને રસૂલ છે કે, ''જેણે કોઈ સ્ત્રીનો વિચાર કર્યો અને એનાં કપડાંઓને જોયાં ત્યાં સુધી કે તેનાં અંગોના ભાગો તેની સમક્ષ જાહેર થઈ ગયાં તો તે **જન્નતની ખૂશ્બૂ પામશે નહીં.''** *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, નિસ્ફ આખિર)*

હવે અંતમાં બદ્ નઝરથી બચનારાઓ વિશે પણ ખુશખબરીઓ સાંભળી લો અને તેના હક્ક઼દાર બનવા જરૂર કોશિશ કરો.





હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરફુઅન્ હદીષે કુદ્સી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે અલ્લાહે ફર્માવ્યું, **''નજર ઈબ્લીસનું એક ઝહેરથી બુઝાવેલ તીર છે ! જે મારા ડરથી એને ત્યજી દે છે એના બદલે એવું ઈમાન અતા કરું છું જેની મીઠાશ તે પોતાના દિલમાં અનુભવે છે.''** *(તિબ્રાની, હાકિમ, અલ બરીકા, પેજ : ૧૧૯૭)* આ મહાન ખુશખબરી પરાયી સ્ત્રીઓની તરફ નજર કરવાથી બચનારાઓ માટે છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત છે : ''ક઼યામતના દિવસે દરેક આંખ આંસૂ વહાવશે, પણ **તે આંખ જેણે અલ્લાહની હરામ કરેલી ચીજો ન જોઈ,** તે આંખ જે અલ્લાહના રસ્તામાં જાગતી રહી, અને તે આંખ જેના થકી ખુદાના ડરમાં માખીઓનાં માથાં જેટલાં આંસૂં ટપક્યાં.'' (આ આંખો અઝાબથી રડશે નહીં.) *(અલ્બરીકા શરહુત્તરીકા–૧૧૯૮)*

બીજી હદીષમાં ખુશખબરી છે. હઝરત મુઆવિયા બિન જુન્દા رضی اللہ عنہથી આ ફર્માને રસૂલ નક઼લ થયેલ છે : ત્રણ વ્યક્તિઓ એવી છે **જેમની આંખો ક઼યામતના દિવસે જહન્નમને જોશે નહીં :–**

(૧) જેણે અલ્લાહની રાહમાં રાત્રે જાગરણ કર્યું. (૨) જે આંખે અલ્લાહના ડરમાં આંસૂં વહેવડાવ્યાં. (૩) **જેણે પોતાની આંખોને હરામ ચીજોને જોવાથી રોકી રાખી.** *(૧૧૯૯)*

## ★ અંતમાં વિનંતિ : હજી સમય છે તૌબા કરી લો ! ★

હે મુસલમાનો ! હે આશિક઼ે રસૂલ હોવાના દાવેદારો ! ભાઈઓ ! બહેનો ! આ ઈસ્લામની પાકીઝગી છે ! **કોઈ ગૈર અપનાવે ન અપનાવે પણ તમે તો અપનાવો !** તમે અલ્લાહ વ રસૂલને ચાહનારા છો અને ખરેખર તમારો દાવો સાચો છે તો પછી તમે કયા મોઢે તેમના હુકમોની અવગણના કરીને બદ્નઝરી તથા બેહયાઈ અને ઝિનાખોરી પ્રતિ જઈ રહ્યા છો ! તમારી ઈમાની ગૈરત કેમ મુર્દા થઈ ગઈ ! હે મુસલમાનો ! આમ લોકોના સમૂહમાં કે જાહેર, છુપા સ્થળોએ તેમજ ટી.વી. પર મોબાઈલ પર ગંદા દશ્યોથી નજરો તથા દિલો દિમાગને ખરાબ કરીને જહન્નમ ન વહોરો. હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! હું આજીજીભરી વિનંતિ કરું છું કે તમે અલ્લાહ વ રસૂલ

عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَને ચાહો છો તો તેમની બારગાહમાં રડી રડીને પાછલા ગુનાહોની તૌબા કરી લો કે જેમાં બંને જહાનની ભલાઈ જ ભલાઈ છે.

અંતમાં આ પણ જાણતા ચાલો કે તમે કોઈની બૈરી દીકરી પર હાથ નાખશો તો કોઈ તમારી બૈરી દીકરીને ખરાબ કરી જશે.

## ★ તમે પાક દામન રહો તો તમારી દીકરીઓ સ્ત્રીઓ પણ રહેશે ! ★

આજકાલ ઈન્સાન પોતે તો આઝાદ રહીને દિલ તથા નજરની તૃપ્તતાનો સામાન પામવા ઈચ્છે છે પણ એની એ ઈચ્છા રહે છે કે મારી પત્ની પર્દામાં રહે ! પોતે બીજાઓની ઈજ્જતને લૂટીને પોતાની ઈજ્જત આબરૂની સલામતીનો ઈચ્છુક રહે છે. પણ એને ખબર નથી કે કુદરતનો કાયદો છે કે જેવી કરણી તેવી ભરણીના પ્રમાણે એની પણ ઈજ્જત બીજાઓના હાથોથી રક્ષિત નથી રહેતી. જો પોતાની ઈજ્જતની સલામતી ઈચ્છતા હોઉ તો બીજાઓની ઈજ્જતનું રક્ષણ કરવું પડશે. જેવું કે ફર્માને રસૂલ છે : ''તમે પોતે પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પાક દામન રહેશે. માતા, પિતાના ફર્માબરદાર રહો તો તમારાં બાળકો ફર્માબરદાર રહેશે.'' *(બરીકહ શરહુત્તરીકહ, પેજ-૧૧૨૧)*

દય્લમીમાં હઝરત અલી رَضِیَ اللهُ عَنْهُની રિવાયતથી ફર્માને રસૂલ નક્લ થયેલ છે : ''ઝિનાથી બચો કેમ કે એનાથી પત્નીઓની લિઝ્ઝત ખતમ થઈ જાય છે. તમે પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પણ પાકદામન રહેશે. ફલાણા કબીલાના પુરૂષોએ ઝિના કર્યો તો એમની સ્ત્રીઓ પણ બદકાર થઈ ગઈ.''

''નુઝહતુલ મજાલિસ''માંથી એક હિકાયત અત્રે રજૂ કરીએ છીએ જેનાથી આ હદીષોની સચ્ચાઈ જાહેર થઈ જશે.

એક નેક સ્વભાવની અને પાકબાઝ સ્ત્રીનો પતિ સોની હતો. એના ઘરમાં પાણી ભરવા માટે એક માણસ નક્કી કરેલ હતો જે ત્રીસ વર્ષથી એના ઘરે આવીને પાણી ભર્યા કરતો હતો પણ કદી એણે આ ચારિત્ર્યવાન સ્ત્રીની તરફ આંખ ઉઠાવીને પણ જોયું ન હતું. એક દિવસની વાત છે કે તે પાણી લઈને ઘરે





આવ્યો તો તેણે તે ચારિત્ર્યવાન સ્ત્રીનાં કાંડાંઓ પકડીને પોતાની તરફ ખેંચી. સ્ત્રીએ કાંડાંઓ છોડાવ્યાં અને અંદર દોડીને દરવાજો બંધ કરી લીધો જેથી તે ચાલ્યો ગયો. જ્યારે તેનો પતિ ઘરે આવ્યો તો સ્ત્રીએ કહ્યું : આજે ચોક્કસ આપનાથી કોઈ ગુનોહ થઈ ગયો છે ! પતિએ કહ્યું કે બીજો તો કોઈ ગુનોહ નથી થયો પણ એક સ્ત્રી આજે મારી પાસે કંગન ખરીદવા આવી હતી. હું એનાં નાઝુક અને ખૂબસૂરત કાંડાંઓ પકડીને બેસબ્ર થઈ ગયો અને એનાં કાંડાંઓ પકડીને એને મારી તરફ ખેંચી. તેણી પોતાનાં કાંડાંઓ છોડાવીને ત્યાંથી દોડી ગઈ.'' નેક સ્ત્રીએ પતિની આ વાત સાંભળીને કહ્યું : ઠીક છે ! હે મારા પતિ ! તમારી આ જબરદસ્તીનો બદલો તમારી પત્નીથી લેવામાં આવ્યો ! જેવું કે તમે બીજાની પત્નીની સાથે વર્તન કર્યું, તો તમારી પત્નીની સાથે એ જ પ્રમાણે કરવામાં આવ્યું.''

સવાર થઈ તો તે જ નોકર એ સ્ત્રીની પાસે આવીને પોતાની અયોગ્ય હરકત પર શર્મિંદા થઈને માફી માંગવા લાગ્યો. ચારિત્ર્યવાન સ્ત્રીએ કહ્યું : એમાં તારી ભૂલ નથી, મારા જ પતિની નિય્યત બગડી ગઈ હતી ! *(ઔરતોંકી હિકાયાત)*

રબ્બે કરીમ સૌને ઈસ્લામના પાકીઝા હુકમો પર અમલ કરવાની નેક તૌફીક઼ બખ્શે. (આમીન)

*(હવાલો : બરકાતે ખ્વાજા-માસિક, સપ્ટેમ્બર-૨૦૧૨, તંત્રી લેખ)*

## ....પ્રકરણ : ૧૯

## વિશ્વમાં પ્રસરતુ બેહયાઈનું ક઼ાબૂ બહાર પુર !

દરેક સમાજ તથા સંસ્કૃતિમાં શરમ, હયા તથા સંયમી સમાજ વ્યવસ્થાને મહત્વ આપવામાં આવતુ રહ્યું છે. પહેલાંના જમાનામાં કોઈ વ્યક્તિ સમાજના શરમ હયાના નીતિ નિયમો બહાર જતી તો તેની ટીકા થતી, ક્યાંક સમાજ બહાર તેને કરી દેવામાં આવતી. પણ ક્રમે ક્રમે બેશર્મી તથા નાલાયકીનું સામ્રાજ્ય એ રીતે વધતું ગયું કે પશ્ચિમી દેશો તથા અમેરિકા વગેરેમાં પૂરો સમાજ બેહયાઈના પુરમાં ખેંચાઈ ગયો અને હવે એ પુરનાં પાણી **T.V., Internet** થકી વિશ્વભરમાં ખૂબ ઝડપભેર ફેલાઈ રહ્યાં છે જેનાથી દરેક સભ્ય સમાજે બચવા ઉપાયો કરવા જોઈએ. દરેક ઘરવાળાં શરમ હયા બાળકોને, યુવાન દીકરા દીકરીઓને સમજાવે તથા એ પ્રમાણે જીવે તો આખો સમાજ શરમ તથા હયાવાળો બની જશે. જો દરેક પોતાના ઘરને સુધારી લે તો આપોઆપ સમાજ સુધરી જશે.

જેવી રીતે નાદાન બાળક દીવાના પ્રકાશ તરફ આકર્ષાયને દીવાને પકડવા ઘસડાયને નજીક જાય છે તો તેની મા તેને પકડી રાખે છે જેથી બાળક રડવા લાગે છે, તેને આ પાબંદી ગમતી નથી, પણ મા એની ભલાઈ સમજે છે જેથી તેને રોકે છે. એ જ પ્રમાણે રબ તઆલા માનવોની ભલાઈના ખાતર જ બેહયાઈના માર્ગે કે જેમાં તેની બર્બાદી જ છે, જેથી એ તરફ જતાં માનવીને રોકવા હુકમો આપે છે.

જેથી જ ઈસ્લામ ધર્મમાં શરમ તથા હયાને ઈમાનનો હિસ્સો દર્શાવ્યું છે એટલું મહત્વ એનું છે. અને સર્વની સામાન્ય બુદ્ધિ એ વાતને સ્વીકારે છે કે શરમ તથા હયા સાચવીને જીવવામાં જ મનની શાંતિ, સર્વ પ્રકારની સલામતી સમાયેલી છે અને પશ્ચિમી બેશર્મોનું અનુસરણ જિંદગીને અવ્યવસ્થિત તથા માનસિક, આર્થિક તથા શારીરિક બીમારીઓનું ઘર બનાવી દે છે અને એના રવાડે ચડી કુકર્મોના અંતે કેટલાય યુવાનો અને ખાસ કરીને યુવતીઓ આપઘાત કરતી આપણે જોઈ જ રહ્યા છીએ. ઈસ્લામે સ્ત્રીને શરમનાં અંગો ઢાંકવાનો તથા પુરૂષોને નિગાહોને પણ નીચી રાખવાનો હુકમ આપ્યો છે કે જેથી ઝિના કે બળાત્કાર સુધી વાત પહોંચે જ નહીં. બેહયાઈમાં તણાય ગયેલા યૂરોપ





અમેરિકીઓની હાલત જાણવા આવો નીચેના લખાણને વાંચી લો અને તેનાથી ચેતીને તમારા સમાજને બચાવો.

પોતાની રીતે પોતાની ઈચ્છા મુજબ જીવન વ્યતિત કરવાની આઝાદીના હક્કનું સૂત્ર આજકાલ આખા વિશ્વમાં એટલા જોર શોરથી પોકારવામાં આવી રહ્યું છે કે જો કોઈએ તેની વિરુદ્ધ કોઈ સત્ય તથા વાસ્તવિક વાત પણ કહી તો એની ખૈર નથી ! અફસોસજનક વાત એ છે કે આ પ્રકારની સર્વ આઝાદીઓનો નારો સામાન્યતઃ સ્ત્રીઓ તરફથી પોકારવામાં આવે છે અને તેણીઓને જ સૌથી અધિક ગુલામી તથા પોતાના પર લાગુ થતી પાબંદીઓનો એહસાસ સતાવી રહ્યો છે. અસલમાં કેટલાક બેશર્મોએ પોતાની બેહયાઈને યોગ્ય ઠરાવવા માટે તેમજ મોજ મજા, સ્વચ્છંદતા તથા ભરપુર નાણા કમાવા માટે નિત નવા તરીક઼ા અપનાવવા માંડયા છે અને માનવ અધિકાર તથા આઝાદીના પ્રદર્શન તથા સ્વતંત્ર જીવન પદ્ધતિના નામ પર આ અમલને સ્વીકાર પાત્ર બનાવવાની કોશિશ કરવામાં આવી રહી છે, જેને આધુનિકથી આધુનિક સમાજમાં પણ લોકો સ્વીકારવા તૈયાર થતા નથી જોવા મળતા.

અસલમાં થોડાક દિવસો અગાઉની વાત છે કે અમેરિકામાં સ્ત્રીઓની વધતી જતી બેહયાઈ તથા નગ્નતાપૂર્ણ ફેશનોના કારણે સ્ત્રીઓ સાથે થનારા છેડતી તથા બળાત્કારના વધી રહેલા બનાવોના પર સમીક્ષા કરતાં ન્યૂયોર્ક સિટીના પોલીસ ઓફિસર મીકાઈલ સંગૂનીતીએ એ નિવેદન આપ્યું હતું કે :–

"આજે સ્ત્રીઓની છેડતી તથા બળાત્કાર સંબંધે જે જુર્મો થઈ રહ્યા છે અને તેમની ઈજ્જત તથા આબરૂને જે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે, તો તેનું મોટુ કારણ એ છે કે સ્ત્રીઓ ખૂબ જ અયોગ્ય ડ્રેસ પહેરી રહી છે એટલા માટે સ્ત્રીઓએ જોઈએ કે જ્યારે તેણીઓ બહાર નીકળે તો એવો (ભડકાવનારો) લિબાસ પહેરવાથી બચે જેનાથી બેશર્મી છલકાતી હોય જેથી તેણીઓને છેડતી કે બળાત્કારનું નિશાન બનાવવામાં ન આવે."

પોલીસ ઓફિસરના આ નિવેદને એક ક઼યામત ખડી કરી આપી. બીજા જ દિવસે યોર્ક યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓએ અતિશય બેહયા સ્ટાઈલમાં એક વિરોધ પ્રદર્શનનું જુલૂસ કાઢયું અને એનું નામ "છીનાળની ચાલ" રાખવામાં આવ્યું ! અમુકે પોતે પહેરેલા ટી શર્ટ પર લખ્યું કે, **"This dress is not for rap !"** અને એ દર્શાવવાની કોશિશ કરવામાં આવી કે, "અમે નગ્ન થઈ ઘુમીએ, જેવો ફાવે તેવો લિબાસ પહેરીએ, લિબાસ પહેરીએ કે ન

પણ પહેરીએ ! એના પર કોઈને વાંધો ન હોવો જોઈએ. આ વાંધો ઉઠાવનારા સ્ત્રી સ્વાતંત્ર્યના વિરોધીઓ છે. અને જે લોકો સ્ત્રીઓ સાથે બળજબરી કરે છે તેમણે સ્ત્રીઓ પ્રતિ જોવાને બદલે પોતાના દિમાગની બેહયાઈ તરફ જોવું જોઈએ.'' બિચારા પોલીસ ઓફિસર પર એટલુ સખત દબાણ કરવામાં આવ્યું કે તેણે પોતાનું નિવેદન પરત લેવામાં જ ભલાઈ સમજી.

યોર્ક યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓ થકી કાઢવામાં આવેલ ''છીનાળની ચાલ'' જુલૂસ તેના વિષય તથા સ્ટાઈલ તથા તૌર તરીક઼ાઓના કારણે આખા વિશ્વની સ્ત્રી આઝાદી માટે અવાજ ઉઠાવનારી બેહયા સ્ત્રીઓની સંસ્થાઓમાં એટલુ પ્રિય બન્યું કે અમેરિકાથી લઈને ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, બ્રિટન તથા અન્ય પશ્ચિમી દેશોમાં આ વિષય હેઠળ રંગબેરંગી જુલૂસો કાઢવામાં આવ્યાં.

હિંદુસ્તાન પણ હાલમાં દુનિયાના એડવાન્સ દેશોથી ખભે ખભા મિલાવવાની કોશિશમાં લાગેલું છે અને ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિ તથા તરીક઼ાઓનું અનુસરણ કરીને ખૂબ જ જલ્દી એ પ્રગતિ પામેલ દેશોની હરોળ માં આવવા ચાહે છે અને એના કારણે અહીં પણ સ્ત્રી આઝાદી તથા સ્ત્રીને સમાન હક્ક઼નો નારો બુલંદ કરવામાં આવી રહ્યો છે. પ્રથમ તો સજાતિય સંબંધને કાયદેસર કરવાની ચળવળ ચલાવવામાં આવી. કહેવાતા બુદ્ધિજીવીઓ (ખરેખર ડફોળો !) ની સંસ્થાઓએ એના સમર્થનમાં પણ સૂત્રો પોકારવાં શરૂ કરી આપ્યાં અને આપણા ઉદાર દિલ લીડરોએ તેને સ્વીકારવાનું એલાન કરતાં તેને કાયદેસર સ્વરૂપ આપી દીધું, ત્યાર બાદ હવે આ નારો બુલંદ કરવામાં આવ્યો છે. ફરક એટલો છે કે અમેરિકામાં એના સમર્થનમાં જ્યારે જુલૂસ કાઢવામાં આવ્યાં તો તેનું નામ ''છીનાળની ચાલ'' રાખ્યું હતું અને અહીં એનો હિંદી તર્જુમો કરીને તેને ''બેશર્મી માર્ચ'' (બેહયાઈભરી કૂચ)નું નામ આપવામાં આવ્યું.

સર્વ ખરાબીઓ છતાં હિંદુસ્તાનમાં હજી પણ આપણી પૂરાણી સંસ્કૃતિની હુંફ બાકી છે એટલા માટે અહીં ''બેશર્મી માર્ચ'' કાઢનારી યુવતીઓએ પોતાની સ્ટાઈલો તથા લિબાસ વગેરેથી એ બેશર્મી તથા નગ્નતાનું પ્રદર્શન તો ન કર્યું જે હિંદુસ્તાનથી બહારના સરઘસોમાં જોવા મળ્યું હતું પણ પ્રવચનો તથા માંગણીઓમાં બિલકુલ તે જ બોલી બોલવામાં આવી અને પુરૂષોની ગંદી માનસિક્તાને જ સંપૂર્ણપણે બેશર્મી તથા બેહયાઈનો મૂળ જિમ્મેદાર ઠરાવવામાં આવી.





પશ્ચિમી બેહયા સંસ્કૃતિના પ્રતિનિધિઓ વિશ્વભરમાં એને ફેલાવવામાં વ્યસ્ત છે અને હવે તો તેમની એલચી કચેરીઓ પણ વ્યવસ્થિતપણે આ કાર્ય કરી રહેલ છે. પાછલા દિવસોમાં પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકી એલચી કચેરી તરફથી સજાતિય સંબંધના સમર્થનમાં ન કેવળ પ્રોગ્રામ કરવામાં આવ્યો બલ્કે પ્રેસ કોન્ફરન્સ થકી તેનો પ્રચાર પણ કરવામાં આવ્યો અને સજાતિય સંબંધની ચળવળની મજબૂતી વધારવા માટે પોતાના સમર્થનનું કાયદેસર એલાન પણ કરવામાં આવ્યું. દિલ્હીમાં પણ ''બેશર્મી માર્ચ''માં એલચી કચેરીની બેશર્મ યુવતીઓની એક ખાસ્સી સંખ્યા મૌજૂદ હતી જે પોતાની નગ્નતાના થકી આ ચળવળની રંગતમાં વધારો કરી રહી હતી અને ખૂબ બેધડક અંદાઝમાં આ ચળવળને મજબૂતી પહોંચાડવાની કોશિશ કરી રહી હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ બેશર્મી જુલૂસની ફક્ત ગોઠવણમાં જ કેવળ એ એલચી કચેરીઓ અમલી રીતે પોતે રોલ અદા કરી રહી ન હતી બલ્કે દરેક પ્રકારની આર્થિક મદદ તથા આયોજનના માર્ગદર્શન માટેનો રોલ ભજવી રહી હતી.

દિલ્હીમાં કાઢવામાં આવેલ ''બેશર્મી મોરચો'' મીડિયાની દિલચસ્પીના કારણે પૂરા દેશમાં જોવા તથા સાંભળવામાં આવ્યો અને આ પ્રોગ્રામના મૂળ હેતુનો પયગામ હિંદભરમાં પહોંચાડવાની કામયાબી હાંસલ કરવામાં આવી. પરંતુ જંતર મંતર (દિલ્હી) ખાતે થનારા આ પ્રદર્શન પ્રતિ આકર્ષણનો અંદાજો એનાથી લગાડી શકાય છે કે આ ''બેશર્મી માર્ચ''માં જેટલી છોકરીઓ શરીક હતી એના કરતાં આ ''બેશર્મી માર્ચ''ને જોવાવાળા યુવાનો તથા આમ લોકો, ફોટોગ્રાફરો વગેરે શહેરીઓ ત્યાં મૌજૂદ હતા. આ જુલૂસ જંતર મંતરથી નીકળીને પાર્લામેન્ટ સ્ટ્રીટ પર જઈને ખત્મ થઈ ગયું અને ત્યાંથી અમુક લોકો જંતર મંતર પર આવીને બેસી ગયા. છોકરીઓ જેને સ્કૂલ કોલેજોએથી લાવવામાં આવી હતી તે થોડી જ વારમાં પોતપોતાના ઘરે ચાલી ગઈ. *(નઈ દુન્યા–દિલ્હી)*

આવા ગંભીર સમયે મુસલમાનોની દીની ફરજ બને છે કે આ પ્રવાહમાં પોતાની ઔલાદ ન ખેંચાય જાય તેના માટે ભરપુર કોશિશ કરે અને ઘરનો માહોલ નેકીઓવાળો, નમાઝોની પાબંદીવાળો તથા દીની આદાબથી ભરપુર રાખે અને ખરાબીઓથી ઘરના માહોલને બચાવે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓકટોબર–૨૦૧૧)*

## ...પ્રકરણ : ૨૦

# આગલી શરીઅતોમાં ઝિનાની સજાઓ

શરીઅતે મુહમ્મદીમાં ઝિનાની સજા એ છે કે, ઝિના કરનાર પરણિત હોય તો સંગસાર કરવામાં આવશે. અને અપણિત હોય તો ૧૦૦ કોરડાની સજા કરવામાં આવશે. આ સજાની સામે જે કૌમો વિરોધ ઉઠાવી રહી છે તેઓ ખૂદ જુએ કે તેમના મઝહબમાં ઝિનાની સજાઓ શું રાખવામાં આવી છે !

ભૂતકાળના ઈતિહાસોમાં ઉલટાવી સુલટાવીને જોશો તો એક ચીજ સ્પષ્ટ જોવા મળશે કે દરેક કૌમ તથા મિલ્લત જ્યાં સુધી ઈન્સાની ફિતરત પર રહી ઝિના ફિતરી તૌર પર તેમની દ્રષ્ટિમાં એક અતિ ખરાબ ગુનો રહ્યો. સભ્ય લોકોથી લઈને જંગલોમાં વસેલા કબીલા આ બાબતે ગવાહી આપશે અને તેના માટે સખતથી સખત સજાઓની સાબિતી પૂરી પડશે. આગમાં સળગાવી દેવુ, જીવતા જમીનમાં દાટી દેવું, બોટીઓનાં ચિથડાં વેરી કાઢવાં જંગલવાસી લોકોની સંસ્કૃતિમાં મળે છે. એ જ પ્રમાણે ફિતરત સાથે સંકળાયેલ મઝહબોમાંથી કોઈ એવો નોંધપાત્ર તબકો નથી જે ઝિનાની બુરાઈ અને તેની નફરત પાત્ર હૈસિયતને ન માનતો હોય અને તેમનામાં ઝિનાના ગુનાની સજા ન હોય. એ જુદી વાત છે કે દીનો તથા મિલ્લતો (કૌમો) જ્યારે ફાસિદ (બુરી) સંસ્કૃતિની ચમકદમકમાં આવ્યા તો પોતાનો ફિતરી (પ્રાકૃતિક) વકાર ગુમાવી બેઠા અને જેમ જેમ નફસાની તથા શૈતાની વ્યવસ્થાનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ ફિતરતની પકડ ઢીલી પડી ગઈ ત્યાં સુધી કે જુર્મની ફેશનનો પોશાક મળી ગયો.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે કે :–

''પાછલી શરીઅતોમાં કત્લની સજા કેસાસ (ખૂનનો બદલો ખૂન) ઝિનાની સજા સંગસારી અને ચોરીની સજા હાથ કાપવો નિશ્ચિત હતી. આ ત્રણેવ સજાઓ આસ્માની શરીઅતોમાં ક્રમસર ચાલી આવે છે. તમામ અંબિયા عَلَيْهِمُ السَّلَام અને તેમની ઉમ્મતોનો તેના પર ઈજમાઅત તથા ઈત્તેફાક છે. *(હુજ્જતુલ બાલિગા, ભાગ–૨, પેજ–૪૫૦)*





શાહ સાહબ આગળ જતાં લખે છે :–

અને યહૂદીઓની જયારે શૌકત જતી રહી અને સંગસારી પર તેનો કાબૂ ન ચાલ્યો તો તેમણે તજબિય્યા અને તસ્મીમને (ઝિના કરનાર સ્ત્રી પુરૂષને મોઢુ કાળુ કરીને અવળા ગધેડા પર બેસાડીને લોકોમાં ફેરવી બેઈજ્જત કરવાનુ) ચાલુ કર્યું. વર્તમાન યહૂદી સાહિત્યમાં ઝિનાનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે :–

''જો કોઈ શખ્સ કોઈ કુંવારીને જેની મંગની ન થઈ હોય તેને ફોસલાવીને તેની સાથે સંભોગ કરે તો એ જરૂર તેને મહેર આપીને તેનાથી શાદી કરે. પરંતુ જો તેનો બાપ હરગિઝ રાજી ન થાય કે તે તે છોકરીને તેને આપે તો કુંવારીઓના મહેરના પ્રમાણમાં તેને રોકડા આપે.'' *(કિતાબુલ ખુરેજ, બાબ–૨૨, આયત ૧૬–૧૭)*

એ જ હુકમને કિતાબ ઈસ્તિષ્ના‌માં થોડાક જુદા શબ્દોમાં બયાન કરવામાં આવે છે અને નિશ્ચિત કરી દેવામાં આવેલ છે કે છોકરીના બાપને ૫૦ મિષ્કાલ દંડ રૂપે અદા કરવામાં આવે. (ઈસ્તિષ્ના, પ્રકરણ–૨૨, આયત ૨૮–૨૯)

અને જો કોઈ આ જ જુર્મ કાહિન (ધાર્મિક વડા)ની પુત્રી સાથે કરે તો તેને ફાંસી આપવામાં આવશે અથવા તેને જીવતો સળગાવી દેવામાં આવશે. *(AVERY MARNS, P. 319-320)*

જો કોઈ બીજાની પત્ની સાથે એટલે કે પોતાના પડોશીની પત્ની સાથે ઝિના કરે તો ઝાની તથા ઝાનિયહ્ બંનેને જરૂરથી મારી નાખવામાં આવે. *(અહબાર, બાબ–૨૦, આયત–૧૦)*

જો કોઈ મર્દ કોઈ પતિવાળી સ્ત્રી સાથે ઝિના કરતો પકડાય તો તે બંનેને મારી નાખવામાં આવશે. *(ઈસ્તિષ્ના, બાબ–૨૨, આયત–૨૨)*

જો કોઈ કુંવારી છોકરી કોઈનાથી સંબંધિત થઈ ગઈ અને કોઈ બીજો તેણીને શહેરમાં પામીને તેણી સાથે સંભોગ કરી લે તો તમે તેઓ બંનેને તે શહેરના ફાટક (દરવાજે) કાઢી લાવજો અને સંગસારી કરી આપજો કે જેથી તેઓ મરી જાય. છોકરીને એટલા માટે કે તેણે શહેરમાં હોવા છતાં ચીસો ન પાડી અને પુરૂષને એટલા માટે કે તેણે પોતાના પડોશીની પત્નીને નાપાક કરી. પણ જો તે માણસને તે જ છોકરી જેનો સંબંધ થઈ ચૂકયો હોય કોઈ મેદાન કે ખેતરમાં મળી જાય અને તે માણસ બળાત્કાર કરે તો ફકત તે આદમી જ જેણે સંભોગ કર્યો તેને મારી નાખવામાં આવે પણ તે છોકરીને કાંઈ ન

કરશો." *(ઈસ્તિષ્ના, પ્રકરણ–૨૨, આયત–૨૨)*

યુહન્ના, પ્રકરણ–૮, આયત ૧–૧૧માં છે :–

"હઝરત ઈસા મસીહ عليه الصلوٰة والتسليم ની પાસે એક સ્ત્રીને લઈને મારતા ઘસેડતા લોકો આવ્યા અને આપને કહ્યું કે આ વ્યભિચારિણી (ઝાનિયા) છે; એના પર સજા લાગુ પાડો. આપે હાજરજનોને કહ્યું કે તમારામાંથી જે પાક દામન હોય તે આગળ વધીને એને પથ્થર મારે. એ સાંભળીને એક એક કરીને સૌ ત્યાંથી જતા રહ્યા. કેવળ આપ તથા તે સ્ત્રી રહી ગઈ. આપે તેને નસીહત કરી, તૌબા વ ઈસ્તિગફાર કરવા સમજાવી અને રવાના કરી દીધી. (યુહન્ના)

ઈસાઈઓએ ! આ પ્રસંગ અને એ પ્રકારના અમુક અન્ય કથનોને પાયો બનાવીને ઝિનાના જુર્મના બારામાં હઝરત ઈસા મસીહ પ્રતિ ગલત માન્યતાઓ સંબંધિત કરી છે. અને હદ (સંગસારી કે કોરડાની સજા)ના બદલે ઝિનાની સજાના બારામાં અલગ માર્ગ કાઢયો છે. તે લોકોના ખયાલમાં અપરણિત પુરૂષનુ અપરણિત સ્ત્રી ઝિના કરવું ગુનો તો છે પણ એવો ગુનોહ નહીં કે જેમાંથી કોઈને એના માટે કોઈ સજા આપવામાં આવે. હા ! એ સ્થિતિમાં જુર્મ જરૂર છે કે ઝાની સ્ત્રી તથા પુરૂષમાંથી કોઈ શાદીશુદા હોય અથવા બંને પરણિત હોય. પણ તેની સજા એના સિવાય શું છે ? કે ઝિના કરનાર સ્ત્રીનો પતિ ઝાની પાસેથી દંડ વસૂલ કરે. અને વળી જો તે પોતાની ઝાનિયા પત્ની સાથેથી અલગતા અપનાવે તો જીવનભર રાહિબ (બ્રહ્મચારી) બનીને રહે. અને એ જ પ્રમાણે ઝાનીની  પત્ની કરે કે બદકાર પતિથી અલગ થવા ચાહે તો પરિણામ સ્વરૂપે તેણીએ જીવનભર રાહિબા બનીને રહેવું પડશે.

આ અભ્યાસથી અંદાઝો લાગે છે કે ઝિનાની બુરાઈ માનવની પ્રગતિના પ્રારંભિક યુગથી જ ફિતરતની સંસ્કૃતિનું અંગ રહી અને ખુદાની મખ્લૂકને સીધી રાહ પર લગાડનારા ઉમ્મતના અંબિયા તથા મુરસલીન તથા સુધારકોએ પોત પોતાની કૌમો તથા મિલ્લતોને આ બદતરીન (સૌથી ખરાબ) જુર્મથી બચાવવાનુ જતન પણ કર્યું છે. પરંતુ ખુદા દુશ્મન ગૃપ (તબકો) આ ખુદાઈ પૈગામ પહોંચાડનારાઓની તાલીમાતમાં કાટ છાટ અને ફેરફાર તથા ઘાલમેલ કરીને તેને પોતાના સ્વરચિત માળખામાં ઢાળવાની અથાગ કોશિશ પણ કરતા રહ્યા છે. સ્થિતિ એટલે સુધી પહોંચી કે ઈલ્હામી તાલીમાતનો સુંદર ચહેરો આવા ગર્દો ગુબારમાં ફેરવાઈને રહી ગયો.





## ★ પૂરાણી સંસ્કૃતિઓમાં જુર્મ તથા સજા ★

યુનાની સંસ્કૃતિ, રોમની સંસ્કૃતિ, જૂની મિસ્રી સંસ્કૃતિ અને હિંદુસ્તાની પૂરાણી સંસ્કૃતિમાં જ્યાં જ્યાં તમે જોશો ઝિના એક ભયાનક જુર્મના રૂપમાં જોવા મળશે અને દરેક કૌમે (જાતિએ) પોતાની ચઢતીના યુગમાં એના પર સખત સજાઓ આપી છે. એ જુદી વાત છે કે એ સંસ્કૃતિઓમાં કોઈ બીજાની પત્ની સાથે ઝિનાને જ સખત જુર્મ સમજવામાં આવતો હતો.

મિસ્રના લોકો પોતાના દૌરમાં ઝાની તથા ઝાનિયાને એ રીતે સજા આપતા હતા કે ઝાનીને લાઠીઓ વડે મારતાં મારતાં પૂરો કરી દેતા હતા. અને ઝાનિયા સ્ત્રીનુ નાક કાપી લેતા હતા. અને એ જ પ્રકારની સજાઓ બાબિલ, અશૂર અને પૂરાણા ઈરાનમાં નિશ્ચિત હતી.

પૂરાણા હિંદુસ્તાનમાં ઝાનીને લોખંડના પલંગ પર સૂવડાવીને બાંધી દેતા હતા અને તેને આગમાં સળગાવી દેતા હતા અને સ્ત્રીને કૂતરાઓ પાસે ફાડી કરાવીને ટૂકડા ટૂકડા કરાવી દેતા હતા. રોમી તથા યુનાની કાનૂનો પુરૂષોને એ અધિકાર આપતા હતા કે જો તેઓ પોતાની પત્નીઓને કોઈને ઝિના કરતી જોઈ લે તો તેઓ તે તેણીઓને કત્લ કરી શકે છે, નહીં તો જુર્મના બદલામાં ઝાની પુરૂષ પાસેથી માલી દંડ વસૂલ કરી શકે છે. પણ પછી આગળ જતાં કૈસર ઓગસ્ટસે તેમાં ફેરફાર કર્યો અને કાનૂન બનાવ્યો કે ઝાની પુરૂષની અડધી મિલ્કત ઝપ્ત કરીને તેને દેશમાંથી તડીપાર કરવામાં આવે અને સ્ત્રીની અડધી મહેર રદ કરીને અને તેણીની પણ ૧/૩ સંપત્તિ કબજે કરી લેવામાં આવે પછી તેને પણ તડીપાર કરવામાં આવે. ત્યાર પછી જ્યારે કુસ્તુન્તીનનો દૌર આવ્યો તો તેણે તેના સ્થાને નવો કાયદો આપ્યો કે ઝાની અને ઝાનિયા બંનેને મૌતની સજા આપવાની શરૂ થઈ. એ જ પ્રમાણે અન્ય બાદશાહોના યુગોમાં ઝિનાની સજામાં ફેરફાર થતો રહ્યો.

હિંદુ ધર્મ જે ઊંચ નીચના ભેદભાવમાં અનોખો છે તેણે પણ ઝિનાની બુરાઈને સ્વીકારી છે. તેના માટે સજાઓ નિશ્ચિત કરવામાં આવી છે પણ તે જ નીચ ઊંચનો ફરક તેના કાનૂનની એ કલમોમાં પણ જોવા મળે છે.

મનુએ પોતાના ધર્મ શાસ્ત્રમાં લખ્યું છે કે :–

"પોતાની જાતિની કુંવારી છોકરી સાથે વ્યભિચાર કરનાર જો તેણીની રાજીખુશીથી ઝિના કરે છે તો તેના પર કોઈ સજા નથી. છોકરીનો બાપ જો

ચાહે તો ઝાની તેને બદલો આપીને તે છોકરી સાથે શાદી કરી લે. હા ! છોકરી કોઈ ઉચ્ચ જાતિ સાથે સંબંધ ધરાવતી હોય અને પુરૂષ નીચી જાતિનો હોય તો છોકરીની સજા એ છે કે તેને ઘરમાંથી કાઢી મૂકવી જોઈએ અને પુરૂષનાં અંગો કાપી નાખવાં જોઈએ. *(મનુના ધર્મશાસ્ત્ર અધ્યાય, ભાગ–૮, શ્લોક ૩૬૫, ૩૬૬)*

ઈન્સાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ ઈઠેકસ, સંપાકદ જેમ્સ હેસ્ટીકીન્સ ક્રાઈમ્ઝ એન્ડ પનીશમેન્ટના હેઠળ આ જ વિષય પર વિસ્તારપૂર્વકની માહિતી સાથે એ પણ નોંધેલ છે કે :–

પૂરાણા યુગમાં ભૂલથી ખૂન થાય તથા ઈરાદાપૂર્વક થાય તેમજ અન્ય રીતે થતા ખૂનમાં ફરક કરવામાં આવતો ન હતો. તેમ છતાં પોતાના કબીલાની બહાર ચોરી તથા કત્લને સારું જાણતા હતા. અલબત્ત, જો બદલો લેવાનો ડર હોતો તો બુરુ સમજવામાં આવતુ હતુ. આગળ જતાં જ્યારે સંસ્કારીતાનો ખયાલ પેદા થયો તો કબીલાની અંદર તથા બહાર દરેક જગાએ તેની બુરાઈને સ્વીકારી લેવામાં આવી. (તેમાં આગળ જતાં લખ્યું છે) આરોપીની માલદારી તથા ગરીબીના કારણે સજામાં ભેદભાવ કરવામાં આવતો હતો. અલબત્ત બાદના જુર્મોમાં કત્લની સજા આપવામાં આવતી હતી. બીજીવાર ચોરી કરવામાં આંગળીઓ કાપી લેવામાં આવતી હતી અને ત્રીજીવાર ચોરી કરવામાં જાનથી મારી નાખતા હતા. કેટલાક કબીલાઓમાં જૂઠી સાક્ષી આપવા પર જીભ કાપી લેવામાં આવતી હતી. પરંતુ સામાન્ય દસ્તૂર હતો કે અંગોને નુકસાન પહોંચાડવામાં કેસાસ (બદલો) ગુના સમાન (ખૂનનો બદલો ખૂન, હાથ કાપે તેના હાથ કાપવા એ મુજબ)નો રિવાજ હતો.

કેટલાક કબીલાઓમાં જાદૂ, ખૂન, મહરમો સાથે ઝિના, ધર્મથી ફરી જવું, બગાવત, ઝિના અને ચોરીની સજા જાનથી મારી નાખવાની હતી. કત્લની સજાના વિવિધ તરીકા રિવાજ પામેલા હતા જેમાં અમુક ખૂબ જ ધૃણાજનક અને ભયાનક હતા, દા.ત. છાતીમાં ભાલો મારીને મારી નાખવું, આગમાં સળગાવી દેવું, ઊંચાઈ પરથી ફેંકી દેવું.... વગેરે.

સ્ત્રીઓની બેઈજ્જતી અને તેમના હક્કોની પાયમાલીના બારામાં તેમાં છે :–

''......કબીલાઓમાં સ્ત્રીઓને પુરૂષની મિલ્કત ગણવામાં આવતી હતી. એટલા માટે ઝિનાને એક પ્રકારની ચોરી સમજવામાં આવતું હતું. અને અમુક





કબીલાઓમાં તો પર સ્ત્રીને કેવળ હાથનો સ્પર્શ કરવાથી મૌતની સજા થતી હતી. અમુક કબીલાઓમાં ઝિનાના મુજરિમ પુરૂષને કત્લ કરી દેતા હતા અને ઝાનિયા સ્ત્રીના ચહેરાને કદરૂપો કરી દેતા હતા, અને વારંવાર ઝિનાના જુર્મમાં પડનારી સ્ત્રીને કત્લ કરી દેતા હતા.....''

ઈન્સાઈકલોપીડિયાના સંપાદક એના અનુસંધાનમાં ચીનના પૂરાણા કાનૂનોનો ઉલ્લેખ કરતાં લખે છે કે, ''ચીની સંસ્કૃતિમાં કત્લ, ઝિના, ચોરીના માટે મજબૂત (સખત) કાનૂનો લાગુ થતા હતા. કોરડા મારવાની સજા પણ ચાલતી હતી જે બૈદ (એક પ્રકારનુ ઝાડ તેની નેતર જેમ સોટી)થી આપવામાં આવતી હતી. ચીની લોકો બૈદ (નો કોરડો) મારવામાં એટલા નિષ્ણાત હતા કે જો ચાહતા તો ત્રણ જ કોરડામાં મુજરિમની ચામડી છોલી કાઢતા અને ન ચાહતા તો હજાર કોરડાઓથી પણ શરીરને કોઈ નુકસાન ન થતું. ખૂન, ડાકૂગીરી, બગાવત, બનાવટી સિક્કા બનાવવા અને આગ લગાડવાની સજા મૌતની નિશ્ચિત હતી. બાર વરસથી ઓછી છોકરીઓ સાથે ઝિના અને મીઠાની દાણચોરી કરવાની સજા પણ મૌતની નિશ્ચિત હતી. સજાનો એક તરીકો એ પણ હતો કે આરોપીને પિંજરામાં બંધ કરી દેતા હતા, શરીફ શકિતશાળી લોકોને સખત સજા આપવામાં આવતી ન હતી. સ્ત્રીઓને કૈદમાં પૂરવાની સજા આપવામાં આવતી હતી, જો કે પરણિત સ્ત્રી ઝિના કરે તો પતિને ઈજાઝત હતી કે તેને કત્લ કરી દે. *(ઈન્સાયકલોપીડિયા ઓફ રીલીજિયન એથેકસ, ભાગ–૪)*

કૌમો તથા મિલ્લતો (જાતિઓ) પર જ્યાં સુધી ઈલ્હામી તથા આસ્માની હકીકી તાલીમાતની અસર રહી ત્યાં સુધી તેમનામાં જુર્મની બુરાઈ ઓળખવા તથા સજાઓમાં શરીઅતોના પ્રમાણે ફૈસલાઓનો સંકલ્પ બાકી રહ્યો. હઝરત ખાતમુન્નબિય્યીન સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમનના સમયે માજી શરીઅતો તથા માજી અંબિયાઓની તાલીમાતનુ હકીકી ઉજાસ દુનિયામાં કયાંય મૌજૂદ ન હતું. આસ્માની કિતાબો અને સહીફાઓમાં ફેરફાર કરવામાં આવી ચૂકયા હતા અને ખુદાઈ કાનૂનો જે પયગંબરોના થકી અર્પણ થયા હતા તે ફાસિદ (ગંદી) સંસ્કૃતિઓના અંબાર નીચે દબાઈ ગયા હતા. એટલા માટે જરૂરત હતી કે સુન્નતે ઈબ્રાહીમી, શરીઅતે મૂસ્વી અને ઈસા મસીહનો પૈગાર તેમજ સર્વ અંબિયા તથા રસૂલોની તાલીમોને પરિપૂર્ણતાના

રંગમાં રજૂ કરીને દુનિયાના અસ્તિત્વ સુધીના માટે અમ્નો શાંતિનો માર્ગ દેખાડનારી જાત (હસ્તી) જાહેર થાય. જેથી રહ્‌તુલ્ લિલ્ આલમીન બનીને સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા જેમના પર ખુદાની આખરી કિતાબ કુર્આન નાઝિલ થઈ. અંતિમ તથા સંપૂર્ણ ધર્મ ઈસ્લામ ધર્મ કયામત સુધીના માટે જિન તથા ઈન્સાનના માટે જામેઉલ ઉસૂલ (સંપૂર્ણ કાનૂનોવાળો) બનાવવામાં આવ્યો.

યહૂદ તથા નસારાએ ઈલાહી કાનૂનોને વિકૃત કરી નાખ્યા. હુઝૂર ખાતિમે પયગંબરાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેને નવેસરથી જીવતા કર્યા. સુનને ઈબ્ને માજહ્‌માં હઝરત બરાઅ્થી રિવાયત છે : તેમણે ફર્માવ્યું :–

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક યહૂદીની પાસેથી પસાર થયા જેનું મોઢું કાળુ કરીને મારવામાં આવ્યા હતા. આપે યહૂદીને બોલાવીને પૂછયું, શું તમે ઝાનીની સજા તમારી કિતાબમાં આવી જુઓ છો ? તેમણે જવાબ આપ્યો કે, હા ! આપે તેમના આલિમોમાંથી એક શખ્સને બોલાવ્યો અને ફર્માવ્યું, તમને ખુદાની કસમ છે ! તે જાતની જેણે મૂસા علیہ السلام ને તૌરાત અર્પણ કરી. શું તમે તમારી કિતાબમાં ઝાનીની હદ (સજા) આ પ્રમાણે જોઈ છે ? તેણે જવાબ આપ્યો, નહીં ! જો તમે કસમ ન આપત તો હું તમને ન જણાવત ! અમે અમારી કિતાબમાં ઝાનીની સજા રજ્મ (સંગસારી) પામીએ છીએ.

પરંતુ જ્યારે અમારા શરીફ લોકોમાં (ભદ્ર સમાજમાં) ઝિનાની અધિકતા થવા લાગી અને ઈજ્જતદાર લોકો ઝિના કરવા લાગ્યા તો અમે તેમને છોડી દેતા અને નબળો માણસ ઝિના કરતો તો તેના પર હદ (સજા) લાગુ કરતા. છેવટે અમે મળીને એવો મશ્વરો કર્યો કે કોઈ એવો તરીકો હોવો જોઈએ ઉચ્ચ તથા નીચ પર સમાન રીતે લાગુ કરી શકાય. તો અમે રજ્મ (સંગસારી)ના સ્થાને મોઢાને કાળુ કરવું અને કોરડા મારવાનુ શરૂ કર્યું." રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"યા અલ્લાહ ! જે કાનૂનને તેમણે મુર્દા કરી દીધો હતો હું તેને સૌથી પ્રથમ જીવંત કરું છું અને આપે તેને સંગસાર કરવાનો હુકમ આપ્યો, તો તેને સંગસાર કરવામાં આવ્યો. *(સુનને ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૦૭)*

કેસાસ (ખૂનનો બદલો ખૂન)ના હુકમો તૌરાતમાં મૌજૂદ હતા. કુર્આન મજીદે પણ એની ગવાહી આપી છે :–





"અને અમે તૌરાતમાં તેમના પર વાજિબ કર્યું કે જાનના બદલે જાન, આંખના બદલે આંખ અને નાકના બદલે નાક અને કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને ઝખ્મોમાં બદલો છે. *(સૂ. માઈદહ્, ૪૫/૫)*

ઈનસાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ એથેકસમાં છે :–

"યહૂદીઓમાં કેસાસ (ખૂનનો બદલો ખૂન...વગેરે) હતો દિયત (વળતર) ન હતી. જાનના બદલે જાન, કાનના બદલે કાન, આંખના બદલે આંખ, દાંતના બદલે દાંત, હાથના બદલે હાથ અને પગના બદલે પગનો કાનૂન ચાલુ હતો. જાણી જોઈને ખૂન તથા ભૂલથી ખૂનમાં ફરક કરતા ન હતા." *(ઈન્સાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ એથેકસ, ભાગ–૪)*

## ★ તોહમત (આરોપ) ★

ઈમાન અને શરાફતના માહોલમાં ઈજ્જત તથા આબરૂ (ચારિત્ર) મહાન ચીજ છે. પાકીઝા આદતોવાળી (સંસ્કારવાળી) જિંદગીઓ સાફ તથા પાક ઉજળા દામન જેવી હોતી હતી. હવે જો તેના પર કોઈ બુરા દિલવાળો આક્ષેપ લગાડીને ગંદી જાહેર કરવાની હિંમત કરે તો એ બદતરીન કૃત્ય છે. શરીઅતની બોલીમાં કોઈ પણ મુસલમાન આકિલ, બાલિગ, પાકદામન પુરૂષ તથા સ્ત્રી પર ઝિના જેવા ધૃણાત્મક કાર્યની તોહમત લગાડવાને **કઝ્ફ** કહે છે.

આ નાપાક હિંમત રબ તઆલાને પણ સખત નાપસંદ છે. એટલા માટે સુબ્બુહ તથા કુદુસ પરવરદિગારે પોતાના પાક બંદાઓ પર આવો ધૃણાત્મક આરોપ લગાડનારાઓના માટે ૮૦ કોરડાઓની સજા નિશ્ચિત કરી છે.

સૂરએ નૂરમાં છે : "અને જેઓ પારસા (પાક) ઔરતો પર ઐબ લગાડે અને પછી ચાર દાર્શનિક પૂરાવા ન લાવે તો તેમને ૮૦ કોરડા મારો અને અને તેમની સાક્ષી કદી ન માનો અને તેઓ જ ફાસિક છે પણ જેઓ એના પછી તૌબા કરી લે અને સુધરી જાય તો બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ નૂર, ૫–૪/૨૨)*

ઉલમાનો એ વાત પર ઈત્તફાક (એકમતિ) છે કે આયતે કરીમામાં જો કે કેવળ ઔરત ઈલ્ઝામ લગાડવાની સજા વર્ણવી છે પણ કોઈ પુરૂષ ઉપર પણ એવો આરોપ લગાડવામાં આવે તો તેની પણ એ જ સજા છે. અહીં

**'મુહસનાત'**ના શબ્દનો ઉલ્લેખ કરવાનુ કારણ એ બન્યું કે શાને નુઝૂલની બુન્યાદ ઔરત હતી. કોઈ સચરિત્ર પાકદામન સ્ત્રી પર ઝિનાનો આક્ષેપ લગાડનારાઓ પર આ ત્રણ ભારે સજાઓ આપવામાં આવશે :–

(૧) ૮૦ કોરડા મારવામાં આવશે. (૨) તેને મરદૂદુશશહાદહ્ (તેની ગવાહી હમેશાં માટે અમાન્ય) ઠરાવી દેવામાં આવશે. (૩) તે ફાસિક ગણાશે

હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હદ્દે કઝફ (જૂઠો આરોપ લગાડવાની સજા) માંગણી કરવા પર નિર્ભર છે. જેના પર આક્ષેપ લગાડવામાં આવ્યો તે જો માંગણી ન કરે તો કાઝીએ (ન્યાયાધીશે) હદ લગાડવી (શિક્ષા આપવી) જરૂરી નથી.

**મસ્અલા** : માંગણીઓ હક્ક તેને છે જેના પર તોહમત લગાડવામાં આવી છે જો તે જીવંત હોય, જો તે મરી ગયો હોય તો તેના પુત્ર પૌત્રને પણ છે.

**મસ્અલા** : ગુલામ પોતાના માલિક પર અને બેટો બાપ પર **કઝફ** એટલે પોતાની પર ઝિનાની તોહમત લગાડવાનો દાવો નથી કરી શકતો.

**મસ્અલા** : કઝફ (તોહમત)ના શબ્દો એ છે કે તે સ્પષ્ટપણે કોઈને કહે કે "હે વ્યભિચારી" અથવા એવું કહે કે "તુ તારા બાપનો નથી" અથવા તેના બાપનું નામ લઈને કહે કે "તુ ફલાણાનો પુત્ર નથી" અથવા તેને "વ્યભિચારીનો પુત્ર" કહે અને તેની મા પવિત્ર હોય તો કહેનાર **કાઝિફ** (જૂઠો આરોપ લગાડનાર) થઈ જશે અને તેના પર (કઝફ) તોહમતની શિક્ષા લાગુ પડશે.

**મસ્અલા** : જો અપરણિત પર ઝિનાનો આરોપ લગાડયો દા.ત. કોઈ ગુલામને યા કાફિરને અથવા એવા શખ્સને જેનું ઝિના કરવું કદી સાબિત ન હોય તો એના પર હદ્દે કઝફ (૮૦ કોરડાની સજા) સાબિત નહીં થાય બલ્કે તેના પર **તઅઝીર** સાબિત થશે અને આ તઅઝીર ૩ થી ૩૯ સુધી શરીઅતે નક્કી કરેલ હાકિમની તજવીજના પ્રમાણે કોરડા મારવું છે. એ જ પ્રમાણે જો કોઈએ ઝિના સિવાય અન્ય કોઈ ફુજૂરની (ખરાબ કાર્ય)ની તોહમત લગાડી અને પારસા (પવિત્ર) મુસલમાનને "હે ફાસિક !", "હે કાફિર !", "હે ખબીષ !", "હે ચોર !", "હે બદકાર !", "હે હિજડા !", "હે લૂતી !", "હે ઝિન્દિક !", "હે અધર્મી !", "હે દય્યૂષ !", "હે શરાબી !", "હે વ્યાજ ખાંઉ !", "હે બદકાર સ્ત્રીના બાળક !", "હે હરામઝાદા !" આ પ્રકારના





શબ્દો કહયા તો પણ **તઅઝીર** વાજિબ થશે." *(ખઝાઈનુલ ઈરફાન, સૂ. નૂર, આ. ૪–૫)*

ઈમાની અને ઈસ્લામી હયા એક પાકીઝાતરીન ચીજ છે જેની જલ્વાગરી દીનના પાયાઓમાં સામેલ છે અને બેહયાઈ, બિભત્સપણુ એ શૈતાની હથિયારો છે જે લોકો તથા કૌમને તબાહી સુધી પહોંચાડી આપે છે. આપે વિચાર્યું કે કઝફ હદ (શિક્ષા) થકી રબ્બે કાયનાત માનવ સમાજમાં દિલ તથા જીભની પાકીઝગીના કયા નૂરાની ઝરૂખાઓને ખોલવા ચાહે છે અને પાકબાઝ, સુટેવોવાળી સુથરી જિંદગીના સમાજમાં આક્ષેપ તથા તોહમતની નાપાક નાલીઓ ખોલનારાઓને ૮૦ કોરડાઓની સજા આપીને દિમાગો તથા વાણીઓને કયા માર્ગે લગાડવા ચાહે છે ? એ જ માર્ગ પર જે ઈસ્લામનો હેતુ, અમ્નો સલામતી તથા ઈન્સાનને મહાન ઈન્સાનિયત પર પહોંચાડનારો છે.

આવો ! એના અનુસંધાનમાં એક અન્ય કુર્આની આયત તિલાવત કરીએ. રબ્બુલ આલમીન عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો :–

"જે લોકો પસંદ કરે છે કે બેહયાઈ ફેલાય તે લોકોની અંદર જેઓ ઈમાન લાવ્યા તેમના માટે **દર્દનાક અઝાબ** છે, **દુનિયા** તથા **આખેરતમાં.** અને અલ્લાહ તઆલા (હકીકતને) જાણે છે જે તમે નથી જાણતા." *(સૂ. નૂર, ૧૯/૨૪)*

કોઈના પર લગાડેલા ઈલ્ઝામનો પ્રચાર જેનો કોઈ તહકીકી સબૂત ન હોય એ પણ રબ તઆલાને હદ દરજા નાપસંદ છે અને સ્વચ્છંદતા અને બેહયાઈની વાતોનો ફેલાવો કરવો સાચા ઈમાનવાળાઓનો તરીકો નથી. રબ તઆલા એવા લોકોને દુનિયા તથા આખેરતમાં **દર્દનાક અઝાબ** આપશે.

વર્તમાનકાળના કહેવાતી આઝાદીના માહોલમાં રહીને લોકો ઈન્સાની કદરો (માનવ સન્માન)ને ભૂલતા જઈ રહ્યા છે. માણસનો માણસ સાથેનો ખુદા વાસ્તેનો સંબંધ અર્થહિન સમજાવા લાગ્યો છે. જીભ, લખાણ તથા નીત નવા તરીકાઓથી ફાસિદ તથા મુફસિદ જઝબાતને (ગંદી ભાવનાઓને) ઉશ્કેરવાની અને નગ્નતા ભરી સ્વચ્છંદતા અને નાગાં કામોમાં જોર શોરથી હિસ્સો લેવાનુ કામ ફેશન બની ગયું છે ! પણ ઈલાહી તાલીમાત પર ગેહરી નજર નાખો તો આ સર્વ ખતરનાક તથા તબાહ કરનાર કાર્યો છે જે માનવને માનવની ઉચ્ચતાએથી ફેંકવા માટે છે. આ સર્વ તે તૌર તરીકા છે જેને કુર્આની બોલીમાં **"ખુતુવાતિશ્શૈતાન"** એટલે શૈતાનના પગલાં ઠરાવવામાં આવેલ છે.

બુખારી તથા મુસ્લિમમાં રિવાયત છે : રસૂલ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''સાત ખતરનાક ચીજોથી બચો ! અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક કરવો, જાદૂ કરવો, કોઈ નિર્દોષને કત્લ કરવો, વ્યાજ ખાવું, યતીમનો માલ ખાવો, જેહાદના મેદાનેથી ભાગી જવું, પાક દામન અજાણ ઈમાનદાર સ્ત્રી પર તોહમત લગાડવી.''

હઝરત હુઝૈફા રિવાયત કરે છે : રસૂલ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''કોઈ પાકદામન સ્ત્રી પર આક્ષેપ લગાડવો સો વરસની ઈબાદતોને બર્બાદ કરી નાખે છે.'' *(રવાહુત્તબરાની)*

પાક દામનો પર આક્ષેપ રબ તઆલાને એટલા અંશે નાપસંદ છે કે આક્ષેપ લગાડનારાઓને **દુનિયા** અને **આખેરતમાં સખત અઝાબની** ધમકી સંભળાવે છે અને તેને કિયામતના દિવસથી ડરાવે છે જ્યારે આ ધૃણાત્મક મુજરિમની જીભો તથા હાથ પગો ખૂદ તેની વિરૂધ્ધ ગવાહી આપશે અને તેમના જુર્મોની દર્દનાક સજા સંભળાવવામાં આવશે.

રબ ફર્માવે છે : ''જે લોકો આક્ષેપ લગાડે છે પાકદામન ઔરતો પર જેઓ અજાણી છે ઈમાનવાળીઓ છે તેમના પર ફિટકાર છે દુનિયા તથા આખેરતમાં અને તેમના માટે **મહાન અઝાબ** છે. તેઓ યાદ કરે તે દિવસને જ્યારે ગવાહી આપશે તેમની વિરૂધ્ધ તેમની જીભો, તેમના હાથ અને તેમના પગ, તે અમલો પર જેને તેઓ કર્યા કરતા હતા, તે દિવસે પૂરેપૂરો આપશે અલ્લાહ તઆલા તેમને બદલો જેના તેઓ હકદાર છે. અને તેઓ જાણી લેશે કે અલ્લાહ તઆલા જ બરાબર ફેંસલો કરનાર દરેક વાત ઉઘાડી કરનારો છે.'' *(સૂ. નૂર, ૨૩ થી ૨૫/૨૪)*

## ★ બેશરમી અને તેનો પ્રચાર ★

માનવ સમાજમાં બુરાઈ તથા અસભ્યતાના જુર્મો ફેલાવવા એ બદતરીન જુર્મ છે. એનું દ્રષ્ટાંત એવું જ છે જેમ કે કોઈ શહેરમાં પાણીનો પૂરવઠો પહોંચાડવાનો એક જ ભંડોળ હોય અને તેમાં કોઈ ઝેર મિલાવી દે તો તે પાણી વાપરનારા સર્વે નુકસાનમાં પડશે અને ખૂદ ઝેર મિલાવનાર પણ બચી





નથી શકતો. આજે આપણે જોઈએ છીએ કે સેકસી પુસ્તકો, મેગેઝિનો તથા ફિલ્મી પેપરોનો ખૂબ જ ફેલાવો થઈ રહ્યો છે. ઈન્સાની જઝબાત (માનવ ભાવનાઓના) સોદાગરો આ સઘળો કારોબાર દૌલત પ્રાપ્ત કરવા માટે કરે છે અને મામલો ત્યાં સુધી પહોંચ્યો છે કે નફસાનિયતના શોલાઓ ભડકી ભડકીને શહેરો તથા દેશોને પોતાની લપેટમાં લઈ રહ્યા છે !

શરમજનક તસ્વીરો, પુસ્તકો અને ફિલ્મોના આ સોદાગરો વાસ્તવિકમાં માનવ પેઢીની તબાહીના ચળવળકારો છે એટલા માટે કે જે તબકામાં મનની વાસના સંતોષવા સિવાય અન્ય કોઈ હેતુ સંસ્કારની બુનિયાદો પર બાકી નથી રહેતા તે જિંદગીના મેદાનમાં તદ્દન ખોખલો થઈ જાય છે. ખુદા તથા શૈતાન બે વિવિધ પ્રકારની રાહોમાંથી આ શૈતાની માર્ગ છે. બેહયાઈની ચળવળ શૈતાની ચળવળ છે.

રબ તઆલા મુસલમાનોને સાવધાન કરે છે :–

''હે ઈમાનવાળાઓ ! ન ચાલો શૈતાનના ડગલે ડગલે અને જે ચાલે છે શૈતાનના ડગલે ડગલે તો તે હુકમ આપે છે (પોતાના અનુયાયીઓને) બેહયાઈનો અને બુરા કામનો.'' (સૂ. નૂર, ૨૧/૨૪)

અને શૈતાની જોર અમુક વખતે એટલુ મજબૂત થઈને ઉઠે છે કે દુનિયાની મુકદ્દસ શખ્સિયતો (પવિત્ર હસ્તીઓ)ને પણ પોતાના કમીનાપણાનું નિશાન બનાવવાનુ પણ નથી ચૂકતા. જેમ કે ઈસ્લામનો ઈતિહાસ તથા ખૂદ કુર્આને પાક ગવાહ છે કે મુકદ્દસતરીન રસૂલ સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અહલે બૈત (હઝરત આઈશા) પર એ કાળા દિલોવાળાઓએ કીચડ ઉછાર્યો અને આ મુનાફિકપણાની ચળવળે આગળ વધીને કેટલાયે નેક સહાબીઓના દિમાગોને પણ ખરાબ કર્યા અને પોતાના પક્ષમાં લીધા.

વિચારવાની વાત છે કે ઉમ્મહાતુલ મોમિનીન (ઉમ્મતની માઓ) رضی اللہ عنہم જેમના પાક તથા પવિત્ર દામનથી દુનિયાને પવિત્રતા તથા પાકદામનીની ખૈરાત વહેંચાઈ, જેમના દૂધથી અધિક સફેદ આંચલમાં ચમકતા સિતારાની ચમક છે અને કિયામત સુધી થનારી મરયમ સિફત મોમિનાઓ જેમની કનીઝાઓ (બાંદીઓ) થશે, તેમની પર તોહમત લગાડવાની હિંમત કેટલી મોટી હતી ! પણ જે કાળા દિલોવાળાઓએ આ ગંદી હિંમત કરી તેઓ દુનિયા તથા આખેરતમાં બેઈજ્જત થયા અને ઉમ્મુલ

મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની પાકીઝગી તથા પાકદામનીનો ખુત્બો કલામુલ્લાહના ઝબાનથી હમેશાં પઢવામાં આવશે. ઈબ્ને માજહ્‌, બાબ હદ્દે કઝફમાં ખૂદ તેમની રિવાયત મૌજૂદ છે :–

"જ્યારે મારી પવિત્રતામાં નિર્દેશમાં આયત નાઝિલ થઈ તો રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ખુત્બો આપવા માટે મિમ્બર પર ઉભા થયા અને આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો અને કુર્આનની આયત તિલાવત ફર્માવી પછી નીચે ઉતર્યા અને બે પુરૂષો તથા એક સ્ત્રી પર હદ્દે કઝફ (તોહમતની સજા) લાગુ કરવાનો હુકમ કર્યો તો તેમના પર સજા લાગુ કરવામાં આવી." *(સુનને ઈબ્ને માજહ્‌, ભાગ–૧, પેજ–૧૧૦)*

"હુજ્જતુલ્લાહુલ બાલિગા"માં હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી કઝફ (તોહમતની શિક્ષા)ના નિયમો અને તેની સજાની હિકમત પર આ પ્રમાણે રોશની નાખે છે :–

તોહમતમાં બે વાતોનું સંગમ થાય છે, એક તો દીનમાં કમજોરી બીજું મકઝૂબ (જેના પર તોહમત લગાડવામાં આવે)ની સાથે અદાવત. અને આ બંને ખાસિયતોનું મુસલમાનોની એક જમાઅતમાં જમા થવું શકય નથી. શાયદ એટલા માટે આદિલ પર બસ કરવામાં નથી આવ્યું. એટલા માટે કે અદાલત તમામ હક્કોમાં વિશ્વસનીય છે. માટે વિરોધાભાસની કોઈ અસર જાહેર ન થાત અને અધિકતાની ગણત્રી ગવાહી માટે બે અથવા એથી વધુ રાખવામાં આવી. અને હદ્દે કઝફ (આક્ષેપની સજા) ૮૦ કોરડા નિશ્ચિત કરવામાં આવ્યા, એટલા માટે કે ઝિનાથી તેનો ગુનો ઓછો છે. *(પેજ–૬૨૨)*

એમાં પણ શારીરિક તથા નફસાની બંને પ્રકારની તકલીફો એ રીતે ભેગી થઈ ગઈ કે કોરડાની સજા પછી હમેશાંના માટે તેની ગવાહી અસ્વીકાર્ય ઠરી.




## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં દીને ઈસ્લામની વિરૂધ્ધ તથા સુન્નિયતની વિરૂધ્ધ દિન પ્રતિ દિન અવનવા ફિત્ના, નીત નવા સ્વરૂપે માથુ ઊંચકી રહ્યા છે. ગુમરાહીનું પુર આંધીની જેમ ઉમટીને આપણા ઉંબરાઓમાં અથડાઈ રહ્યું છે, ગુનાહોના પ્રદૂષણે સમગ્ર વાતાવરણને ભરી દીધું છે, એવા નાઝુક સમયે "બરકાતે ખ્વાજા" (માસિક) એ આંધીઓ સામે દીન ઈમાનને ટકાવી રાખવા એક મજબૂત કિલ્લા સમાન છે તથા ગુનાહોના પ્રદૂષણને ફેંદીને નેક અમલોની સુવાસ ફેલાવવા તનતોડ કોશિશમાં લાગેલ છે.**

### ★ સુન્ની મુજાહિદોને વિનંતિ ! ★

**દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે નવા ગ્રાહકો બનાવીને તેમનાં લવાજમો અમને રવાના કરતા રહો. આ રીતે દીને હક્કની કલમી જંગને મજબૂત કરવામાં સહભાગી બની દીનના સિપાહીની હરોળમાં નામ નોંધાવી દો ! જેનો મહાન બદલો અલ્લાહ તઆલા તરફથી તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં મળશે.**

### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૫/– |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– |
| ★ વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/– |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/– |
| ★ આજીવન | રૂા. | ૪,૦૦૦/– |
| ★ વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| ★ વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |

–લિ. **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧, ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧